ચારિત્ર.

(મે. ડાયરેક્ટર સાહેબે શાળામાં ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કર્યું છે.)

ચારિત્ર.

રચનાર

મણિલાલ નભુભાઇ દ્વિવેદી.

મુ. નડીઆદ.

यथा चतुर्भिः कनकं परीक्ष्यते
निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते
त्यागेन शीलेन गुणेन कर्मणा ॥

(આવૃત્તિ ચોથી.)

(પ્રત ૧૫૦૦.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

માધવલાલ નભુભાઇ દ્વિવેદી.

મુ. નડીઆદ.

અમદાવાદ.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

સને ૧૯૧૫. સં. ૧૯૭૧

મૂલ્ય રૂ. ૧-૦-૦.

પ્રસ્તાવના.

જેને આપણામાં " સાખ, " " આબરૂ, " પ્રતિષ્ઠા " કહે છે તે શું છે અને શાથી આવે છે એ વિષયમાં અનેક જનના અનેક પ્રકારના વિચારો હોય છે, ને કોઈ સારાં લુગડાંલત્તાં પહેરી, શિષ્ટ કહેવાતા લોકોમાં ફરવામાં, કોઈ ચાર મહોટા કહેવાતા લોકો બોલાવે બેસારે તેમાં, કોઈ ધનાઢ્યતામાં, કોઇ કીર્તિમાં, કોઈ મીઠાં વચનથી કે વિદ્યા ભરેલી વાણીથી છેતરી અંદરથી સ્વાર્થ સાધવામાં, અનેક વાતમાં હોંશીઆરી માને છે. દુનીયાંના કુટિલપણામાં ડાહ્યા થયેલા લોક તેને હોંશીઆરી, પક્કાઈ, વહેવાર, કુશલતા, ગમે તે નામથી વખાણતા હશે, પણ તે બધું ચારિત્ર નથી; તેનાથી " સાખ " બંધાતી નથી. ચારિત્રનો સંતોષ એકાન્તમાં તેમ જનકોલાહલમાં, ધનમાં તેમ ધૂલમાં, સુખમાં તેમ સંકટમાં, કોઇ અપૂર્વ પ્રકારનો રહે છે, ને જીવનને આ જગત્માં સર્વત્ર આનંદરૂપ બનાવે છે. આ ચારિત્ર તે શું છે ? શાથી બધાય છે ? એ આદિ પ્રશ્નોનો સાદો વિચાર કરી આપવા આ પુસ્તક મેં રચ્યું છે. ચારિત્ર એટલે શું એ પ્રશ્નનું અતિસૂક્ષ્મ ઉત્તર આ પુસ્તકના મુખપૃષ્ટ ઉપર મૂકેલા શ્લોકમાં* સારુ આપ્યું છે. પુરુષ ચારિત્રવાન્ છે એ કેમ જણાય ? સુવર્ણ સુવર્ણ છે એ કેમ જણાય ? સોનાને કસોટીએ ઘસો તો ઘસારો પણ સોનારૂપેજ થશે; છીણીથી કાપો તો કાપ પણ સોનારૂપેજ દેખાશે; તાપમાં તાવો તો પણ સોનાનો રંગ તેનો તેજ રહેશે; ઘણથી ટીપો તો પણ સોનું તે સોનુંજ–નહિ ભાગે કે નહિ વેરાય. એમજ ચારિત્રવાન્ પુરુષ જે કાંઇ આપશે તે પણ અતિ ઉદારભાવથી આર્દ્રતા સાથે ચારિત્રરૂપજ આપશે; ગમે તેવી વિપત્તિમાં તેનું ચારિત્ર વધારે દીપશે; કામ પાડી જુઓ, ગમે તેવી વિકટ વાતમાં ઉતારો પણ તેનું ચારિત્ર પ્રસિદ્ધ થયાં જશે.

પ્રખ્યાત સ્માઇલ્સે " કેરેક્ટર " નામે એક લોકપ્રિય અંગ્રેજી ગ્રંથ લખ્યો છે, તે ઉપરથી આવો ગ્રંથ રચવાની મને કલ્પના થઈ છે, અને તેના ગ્રંથમાંથી કેટલોક ઉપયોગી ભાગ પ્રસંગે પ્રસંગે મેં લીધો છે, તથા પ્રકરણોનાં મથાળાં [છેલા પ્રકરણ વિના] તેના ધોરણ પ્રમાણેજ મેં બાંધ્યાં છે. " બાલવિલાસ " નામે એક ગ્રંથ બાલકોના ઉપયોગમાં આવે

* એ શ્લોકના ચતુર્થ ચરણમાં ગણદોષ છે પણ સારો પાઠ મળી શક્યો નથી. નવીન કરતાં આર્ષ ભાવે છે.

તેવી ઢબથી અને તેવા વિષયવિભાગથી મેં રચ્યો છે, ને તેમાં જે કહ્યું છે તે કરતાં વધારે આ ગ્રંથમાં મારે કહેવાનું રહેતું નથી, તથાપિ તેના તેજ વિષયને ટુંકામાં, જુદીજ રચનાથી અને ચારિત્ર એટલે શું ? એ એક પ્રશ્નના સમગ્ર ઉત્તરરૂપે, આ ગ્રંથ પકવ વયનાં સ્ત્રીપુરુષોના ઉપયોગ માટે હું પ્રસિદ્ધ કરૂછું તેમાં કાંઈ પુનરુક્તિ થતી નથી એમ મારૂં માનવું છે. વળી “ બાલવિલાસ ” માં ધર્મ વિષયે પણ વિવેચન છે જ્યારે આમાં તે નથી, એટલે આ ગ્રંથ સર્વ સામાન્ય, સર્વોપયોગી પણ છે એ સ્પષ્ટજ છે.

નડીઆદ. } મ૦ ન૦ દ્વિવેદી.

અનુક્રમણિકા.

चारित्र.

પ્રકરણ ૧.

ચારિત્ર.

मनसिवचसिकायेपूण्यपीयूषपूर्णास्त्रिभुवनमुपकारश्रेणीभिःपूरयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्यानित्यंनिजहृदिविकसंतःसन्तिसंतःकियन्तः ॥

ચારિત્ર આ જગતનો વ્યવસ્થાપક નિયમ છે. મર્ત્યસ્વભાવની અમર્ત્યભાવના ઉચ્ચ ચારિત્રના સ્વરૂપમાંથી જણાઇ આવે છે. શુદ્ધ ચારિત્રવાળાં મનુષ્ય સર્વ સ્થિતિમાં તેમની પ્રમાણિકતાથી, ઉચ્ચાભિલાષી, શુદ્ધ વાસનાથી, સર્વ કોઇના ઉપર એક પ્રકારનું વશીકરણ કરે છે. એવાનાં વચન માનવાનું મન થાય છે, એવાંના ઉપર વિશ્વાસ આવે છે, એમના ઉપર શ્રદ્ધા બેસે છે, એવાંનું અનુકરણ કરવાની વારંવાર ઇચ્છા થાય છે. વિશ્વમાં જેટલી જેટલી વાર્તા શ્રેષ્ટ ગણાય છે, જેને જેને લીધે મનુષ્યજાતિનું કલ્યાણ સિદ્ધ થાય છે, તે બધીનાં રક્ષક આવાં સજ્જન છે.

યદ્યપિ બુદ્ધિના વૈભવથી આશ્ચર્ય પેદા થઈ આવે છે, તથાપિ માનને પાત્ર તો સદા ચારિત્રજ થાય છે. બુદ્ધિ કેવલ વિચારકૌશલ્યનોજ ચમત્કાર છે, ચારિત્ર દ્રાવક પ્રેમભાવનો પુત્ર છે; ને વિશ્વમાં સર્વને વશ કરનાર તો પ્રેમજ છે. બુદ્ધિમાન્ માણસો જનમંડલરૂપ શરીરનું મસ્તક છે, ચારિત્રવાળાં તે શરીરનું હૃદય છે; અને બુદ્ધિમાનને લોકો વખાણે છે, પણ ચારિત્રમાનને સદા આધીન રહે છે. શુદ્ધ ઉત્કૃષ્ટતાને પામવું એ તો સર્વના હાથમાં નથી, એમાં તો કોઈ સબલ પ્રભુપ્રસાદનીજ અપેક્ષા છે. વળી સંસારની વિકટ જાલ એવી છે કે તેમાંથી ઉત્કૃષ્ટતાએ પહોંચવાનો માર્ગ કાપી કાઢવાનું સામર્થ્ય પણ, મનમાં ઇચ્છા છતાં, થોડાંનેજ પ્રાપ્ત થાય છે. તંત્ર આવું છતાં પણ સર્વે પોતપોતાના નાના આવાસમાં ચારિત્રથી, પ્રામાણિકબુદ્ધિથી, ને સુવાસનાથી, સર્વેનું કલ્યાણ ઇચ્છી રહી શકે તેમ છે. સર્વે પોતપોતાનું કર્તવ્ય સિદ્ધ કરી શકે તેમ છે. આવી રીતે કર્તવ્યમાં ન ચૂકવું એજ જીવિતનું ફલ છે, ચારિત્રનું ઉચ્ચસ્વરૂપ છે. આમ વર્તન રાખવામાં ચમત્કૃતિ પેદા કરે છે તેવું સાહસ કાંઇજ નથી, પણ સાહસિક થઈ–દ્રવ્ય, અધિકાર કે કીર્તિ પામી–સર્વને આશ્ચર્ય પમાડી પ્રસિદ્ધ

થવું એ પ્રતિજીવના ભાગ્યમાં હોતું નથી. માણસનું શુદ્ધ આચરણ તેના નિત્યકર્મમાંજ જણાય છે, ને ત્યાંજ તેને પોતાનું કર્તવ્ય કરવાની આવશ્યકતા છે. આવી કર્તવ્યબુદ્ધિથી મનુષ્ય ઘણું સુખ ભોગવી શકે છે, સારી પદવી પામે છે. સાધારણ ગુણ એજ માણસને નિત્યના વ્યવહારમાં કામના છે. ઘણા ઉપયોગના તેજ ગુણો છે કે જે સંસારમાં ઘડીપળ કામ આવે છે વિદ્વાન્ લોક ખરૂં કહે છે કે કેવલ સાહસિક બુદ્ધિનાં ભવ્ય પરાક્રમમાંજ સુખ સમજનારની વૃત્તિનો આધાર ઘણો કાગો હોવો જોઇએ; કાંતો નિર્બલતા કે વિશૃંખલતા ઉભયમાંનું એક હોવું જોઇએ, વાસ્તવિકરીતે તો સામાન્ય ગુણો અને ડહાપણ એજ વધારે ટકે છે, વધારે કામ આવે છે, ને વધારે સુખ પેદા કરે છે. રામ જેવા મહાત્માના ગુણોના સ્મરણમાં તેમની તેમના પિતાપ્રતિ વૃત્તિ, તેમની માતાપ્રતિ ભક્તિ, તેમની પત્નીપ્રતિ અભિન્નપ્રીતિ, એ તેમના રાજગુણો કરતાં વિશેષ બહાર તરી આવે છે. આમ સામાન્ય માણસો સાહસિક બુદ્ધિનાં પરિણામ પાછળ ન દોડતાં સામાન્ય વિષયો સામાન્ય સદ્ગુણોથીજ, પોતાનું કર્તવ્ય એ પોતાનું સર્વસ્વ સમજી, સાધ્યાં જાય તો તેટલામાંજ તેમનું ઘણું ઉત્કૃષ્ટ ચારિત્ર બંધાય ને જે અપૂર્વ હેતુથી તેમનું આ કર્મલોકમાં આવવું થયું છે તે હેતુને તે ઉત્કૃષ્ટ રીતે સંપાદન કરતાં જાય.

ચારિત્રને વિદ્યા કે જ્ઞાનના વૈભવ સાથે કાંઈ સંબંધ નથી. શાસ્ત્રોમાં વારંવાર વિદ્યા અને ધર્મને જુદાં જુદાં સમજાવ્યાં છે, ને જ્યાં જ્યાં ધર્મસાધન કહ્યું છે ત્યાં ત્યાં પ્રેમવૃત્તિને પ્રધાન ગણી છે. જ્ઞાનમાં પણ અપરોક્ષજ્ઞાન જેથી સર્વમાં સમાન પ્રેમભાવનો વિચાર સ્થિર બને તેને મોક્ષરૂપે બતાવ્યું છે. અર્થાત્ ચારિત્રને ને વિદ્યાને ઝાઝો સંબંધ નથી. વિદ્યા શબ્દ સામાન્યરૂપેજ અત્રે સમજવો; જે પરાવિદ્યા છે તેમાં તો સર્વે વાતનો સમાવેશ છેજ. જેને સામાન્યરીતે, વિદ્યા, જ્ઞાન, ભણતર કહેવાય છે, બુદ્ધિકૌશલ્ય ગણાય છે, તેને ને ચારિત્રને લેશ પણ સંબંધ નથી. એમ એક અંગ્રેજ વિદ્વાન્ કહે છે કે "ચારિત્રની એક મુઠ્ઠી વિદ્યાના એક મણની બરાબર છે" એવાં ઘણાં ઉદાહરણ મળેલાં છે કે જેમાં કહેવાતા વિદ્વાન્ લોક ઘણામાં ઘણી સ્વાર્થ પરાયણ બુદ્ધિવાળા ને તેથી પરશ્લાઘા ને પરસ્તુતિમાં પેટ ભરનારા જણાયા છે. કોઈ અરાઢે પુરાણ, છએ શાસ્ત્ર, ને બધાંએ ધર્મશાસ્ત્ર ભણી વિશેષમાં વળી મોહોટો એમ. એ, કે બી. એ., થયો હોય તોપણ પ્રામાણિક બુદ્ધિ, સદ્વર્તન, સત્યશીલતા, અને કર્તવ્ય સંબંધે કોઈ હલકામાં હલકા ગા-

મડીઆ કરતાં પણ ઉતરતી પંક્તિનો હોય. શ્રી શંકરાચાર્યે પણ વિદ્યાનો આડંબર અને પાંડિત્ય તે તો ભુક્તિ માટે છે, મુક્તિ માટે નથી, એમ કહેલું છે. રાવણ ચારે વેદનો મોઢે પાઠ કરતો પણ રાક્ષસ હતો; ઔરંગજેબ મહોટો પંડિત હતો પણ તેના જેવો દગાખોર તથા પિતૃદ્રોહી ભ્રાતૃદ્રોહી બીજો કોઈ થયો નહિ હોય, ચાણાક્ય મહા સમર્થ વિદ્વાન્ છતાં હજારનાં ગળાં કપાવતો. સરવોલ્ટર સ્કોટને કોઇએ કહ્યું કે વિદ્વાનોને ઘણું માન ઘટે છે ત્યારે તેણે કહ્યું કે " માફ કરો ભાઈ! એમજ હોય તો આ વિશ્વ કેવું નિર્માલ્ય ને દુઃખદ થઇ રહ્યું હોય, મેં તો મહાપંડિતો કરતાં કેવલ ગામડીઆઓને મોંઢે વધારે સદ્વર્તન અને વધારે સાભિપ્રાય પ્રેમ નિરખ્યાં છે. "

એજ રીતે દ્રવ્યનો પણ ચારિત્ર જોડે કાંઈ સંબંધ નથી. કદાપી એમ તો થાય છે કે દ્રવ્ય ચારિત્રને બગાડનારૂં કારણ થઈ પડેછે. દ્રવ્ય અનીતિ, વિષયાસક્તિ, વ્યસન એવાં એવાંને ઘણો નિકટ સંબંધ છે. આત્મસંયમન કરવાને અસમર્થ, અથવા ઉગ્ર મનોવૃત્તિવાળાં માણસને હાથ દ્રવ્ય, ઉલટું પાશરૂપ કે લોભાવનાર જાલરૂપ થઈ પડે છે—આથી ઉલટીજ વાત તપાસીએ તો ગરીબાઇને ચારિત્ર સાથે સારો બનાવ જણાશે, કોઇ માણસ પાસે ઉદ્યોગ, કરકસર, ને પ્રમાણિકતા વિના બીજું કાંઈ ન હોય તોપણ તે શુદ્ધ ચારિત્રવાળા મનુષ્યત્વનું અધિકારી ઠર્યાવિના નહિ રહે, 'નિર્ધનકો ધન રામ' એમ જાણી ધર્મે વર્તે છે તે કોઇવાર પણ પ્રેમધર્મથી ચૂકી અનીતિમાં પડતાં નથી, ને ચારિત્રની મહત્તા ભોગવી મોહોટા પાદશાહથી પણ ઉંચે ચઢી જાય છે. મૃચ્છકટિકમાં ચારૂદત્ત જેવા ગરીબ બ્રાહ્મણે પણ પોતાની કર્તવ્યબુદ્ધિથી કેવી સારી ઉદારતા, સત્યતા, પ્રેમશીલતા, એકનિષ્ઠા સાચવ્યાં છે! તે સજ્જનને પોતાનાં દ્રવ્ય કે વૈભવના નાશની ચિંતા થઇ નથી, પણ પોતાનું ઘર क्षीणार्थमित्यतिथयः परिवर्जयंति ! દ્રવ્યહીન થયું તેથી અતિથીઓ આવતા નથી તેની થઇ છે!! યુરપદેશમાં આધુનિક સમયમાં પ્રચલિત જે ક્રિશ્ચિઅનધર્મછેતેને હાલના સુધરેલા રૂપમાં આણનાર સમર્થ મહાપુરૂષ લ્યુથર એવો ગરીબ હતો કે પોતાનું ગુજરાન ખેતર ખેડીને કે ઘડીઆલ બનાવીને ચલાવી લેતો. મીરાંબાઈ જેવીને રાજ્યગાદીનું સુખ ગયું ને ખાવાનું પણ પૂરૂં ન મળવા લાગ્યું જનાં હરિનામ વિસર્યું નહિ ! એવાંને તો તેમનું ચારિત્ર એજ ધન છે.

ધારેલા કર્મમાં નિષ્ટા રાખી ચાલ્યા જવામાંજ ઘણીવાર બહુ જય મળે છે; પણ તે નિષ્ઠા પોતાની શક્તિનું ખરૂં અનુમાન કરીને ઠરાવેલી હોવી જોઇએ; તથા પોતે જે સત્ય માનતા હોઇએ તે નિયમથી વિરૂદ્ધ ન હોવી જોઇએ. આમ થવાથી માણસ સંસારમાં સીધુ પાર પડે છે, અને તેના ઉત્સાહમાં અતુલ્ય વૃદ્ધિ થાય છે. સત્ય એજ આપણા ધર્મ કર્મનો કર્તવ્યનો ને બધા વિશ્વનો આધાર ગણાય છે. કોઈ માણસનું એવું કર્તવ્ય નથી કે તેણે ગમે તેમ કરીને ડાહ્યાં થવું, મહોટાં થવું કે ધનવાન થવું; પણ એવું તો અનિવાર્ય કર્તવ્ય છે ને છે કે સર્વેએ સત્યતા પરતો રહેવું જ. સત્યતાનું જે સ્વરૂપ આપણા ધ્યાનમાં હોય તેના વિષે અમુક નિયમો બાંધી તેને વશ રહેવુંજ. નિયમવિનાનું માણુસ એ સુકાનવિનાના વહાણ જેવું જાણવું. જે એવું માણસછે તેને કાંઇ પણ બંધન નથી, કોઇની સ્પૃહા નથી, કોઇ ઉપર શ્રદ્ધા નથી, કોઇ વાતમાં પ્રેમ નથી. એકવાર મુંબઇથી કોઇ બારીસ્ટર અમદાવાદમાં કેસ લડવાને જતો હતો. જરા હતો જ્ઞાનપર પ્રીતિવાળો એટલે વચમાં ભરૂચમાં કોઇ મહાત્માની વાત કાનપર આવેલી તેને મળવા ઉતર્યો. જઇને મહાત્માને વંદન કરી પ્રશ્ન કર્યો, કે તત્ત્વજ્ઞાન વિષે કાંઇ કહો તો મહાત્માએ કહ્યું કે તમને તેમાં શું ફલ છે, તમે કેવલ મારા શબ્દોપર ટીકા કરવા માંડશો; કેમકે તમારે સત્ય નિયમો સમજવા ની ઇચ્છા નથી. બારીસ્ટરે કહ્યું કે મહારાજ જો એમ કરવા બેશીએતો ખાઇએ શું, આપની પેઠે લોકોપર બેશીએ ત્યારે; અને ગાડીઘોડા સર્વને રામરામ કરવા પડે. મહાત્માએ કહ્યું મારે એવા કચરાનું કામ શું, વાસ્તવિક જોતાં તો મારા કરતાં તમે વધારે ગરીબ છો. મારે કોઇની સ્પૃહા નથી, તમારે સર્વની છે. મારાવિષે કોઇ શું ધારે તેની હું ગણુના કરતો નથી. હું કોઇને યાચતો નથી. તમારા ગાડી ઘોડાને બદલે મારી પાસે છે તો માટી પણ તે સત્યનિયમ સત્યજ્ઞાન, સત્યબુદ્ધિ, એ છે. તમને તમારો વૈભવ ઓછો પડે છે, મને તો મારે છે તેટલું પણ ઘણું પડે છે.

કુશલતા ઘણાનામાં હોય છે, તેમ બુદ્ધિ પણ કાંઇ અતિ વિરલ નથી; છતાં કુશલતા અથવા બુદ્ધિ ઉપર આપણને પૂર્ણ વિશ્વાસ આવે છે? જો કુશલતા, બુદ્ધિ, ઉભય, સત્યનિષ્ટ* હોય, તોજ. નહિ તો નહિ. સત્યનિષ્ટાએજ સર્વનું મન વશ કરી શકેછે, સર્વમાં માનને પાત્ર કરે છે. માણુસ પંડે સારો છે એમ તો તે સત્યનિષ્ટ હોય ત્યારેજ કહેવાય છે. આવી સત્યનિષ્ટા તેના વ-

* સત્યનેજ જોડાઇ રહેનાર.

તેનમાં જણાઈ આવે છે. સત્યનિષ્ઠા એટલે વિશ્વાસ પામવાનિ યોગ્યતા;એથી જ સર્વને એમ નિશ્ચય થાય છે કે અમુકના ઉપર આધાર રાખવા જેવુંછે. કોઇ મનુષ્ય સત્યનિષ્ટ છે એમ સિદ્ધ થયું કે તે વિશ્વમાં ઘણા ઉપયોગનું થઈ ચૂકયું–તે કહે કે મને અમુક વાત માલુમ છે તો તે તેને માલુમ છેજ; તે કહે કે હું અમુક કામ કરીશ, ત્યારે તે કરવાનું તેને સામર્થ્યછે ને તેતે કરેછેજ આમ વિશ્વાસને પાત્ર થવાથી, મનુષ્યને, સર્વનુ માન પામી વિના અંતરાય, વિશ્વમાં ફરવાનો 'પાસ'–પરવાનો–મળે છે. સાધારણ વ્યવહારમાં તો આ ગુણના જેટલો બીજા કોઇ પણ ગુણનો ઉપયોગ નથી. બુદ્ધિમાનને નથી મળતું તેવું માન આવાં ચારિત્રવાળાને મળે છે. હરિશ્ચંદ્ર જેવા મહાત્માની વાત સ્મરણમાં રાખી,વિચારીએ તો મન કર્મ વાણીની એકતા એજ સત્યનિષ્ઠા જણાશે. આપણા દેશનું તો તે નાક છે, વ્યાપાર રોજગારમાં અમુક શેઠનાં વચનપરજ લાખોનાં લેવડ દેવડ થાય છે–પણ નથી અપાતું કે લેવાતી 'રીસીટ'–પાવતી–કે કાંઈ! સામાન્ય કુશલતા અને સાવધાની સમેત જો સત્યનિષ્ઠા હોય તો માણસનો ઘણો ભારબોજ પડેછે, ને વિદ્વાનોને પણ નથી પ્રાપ્ત થતું તેવું માન તેમને પ્રાપ્ત થાયછે. જે માણસ વિશ્વાસને પાત્ર નથી તે માણસજ નથી–પછી નાની વાતમાં કે મ્હોટી વાતમાં. એક વિદ્વાન્ તથા કુલીન ગ્રંથકાર પાસે તેનો નોકર જઇ પગાર માટે ઉતાવળ કરવા લાગ્યો, ત્યારે તેના શેઠે જરા મરોડમાં કહ્યું કે પગાર ક્યાં નાશી જવાનો છે, પણ તમે મારી સાથે આ પ્રમાણે બોલો છો તે તમે મર્યાદા ભુલી બોલો છો. ચાકરે જવાબ દીધો કે શેઠસાહેબ, માફ કરજો, તમારી મારી વચ્ચેનો તફાવત મને સારી પેઠે માલુમછે, તમે કુલથી તથા વિદ્યાથી મારા કરતાં ઉંચાછો,પણ સદ્વાસના, પ્રમાણિકતા, અને સત્યશીલતામાં હું તમારાથી ઉંચોછું!

માણસનું ચારિત્ર બાંધવાનાં અનેક કારણ હોયછે; આપણે મ્હોટા રાજા ન હોઇએ, ધનાઢય ન થઇ શકીએ, કોઈ મહાપરાક્રમથી સર્વનું લક્ષ આપણા ભણી વાહ! વાહ! વાહ! કરાવી ન ખેંચી શકીએ–કેમકે એ બધું તો પ્રારબ્ધને આધીન છે, પણ આપણા અંતરમાં સદ્વાસના પેદા કરવી, ને તેને અનુસરવું, એતો આપણાજ હાથમાં છે. એમ કરવામાં કશા પણ બાહ્ય સાધનની અપેક્ષા નથી, માટેજ તે કર્મ કેવલ પોતાને આધીન છે. બાહ્યના પ્રસંગો પણ વૃત્તિનું ચાલન વાલન કરી શકે છે, પણ પાછું ઠેકાણે આવી જવું એ આત્મનિષ્ઠ લોકોને સહજછે. કોઇએક કૃત્ય, છેક ઉભા થઇ થૂકવા જવા

જેવું, કે કોઇએક વિચાર, એવાં થતાં નથી કે જેની કાંઇને કાંઇ છાયા આપણી વૃત્તિમાં ન પડે. માટે સત્સંગ, સદ્વિચાર, ઇત્યાદિની આવશ્યકતાછે; પણ એવી નિર્બલતા નજ રાખવી કે ગમે તેવી નજીવી પણ કોઇ વાતને આધીન થઇ પડાય, નાની સરખી સોપારીનો કટકો ખાવા જેવી પણ એવી ટેવ ન હોવી જોઇએ કે તે કટકાવિના અમુક કાલે નહિજ ચાલે, આનુજ નામ દુર્વ્યસન એજ માણુમને માણસપણામાંથી દૂર કરેછે. આત્મસંયમનના જે વિચારછે તેમાં એવું વ્યસન લાગે તો ઇષ્ટ છે, પણ જેથી તે માર્ગમાંથી ચલાય એવા કોઇ વિચાર કે વિષયમાં મન આસકત થવું ન જોઇએ. આપણે પથરો લઇને ફેંકીએ તો તે ભૂમિને અથડાઈ સામો ઉછળે છે, આનું નામ આઘાત ને પ્રત્યાઘાત; જેમ જડ પદાર્થોમાં આઘાત સામો પ્રત્યાઘાત હોયજ છે, તેમ વિચારમાં, તર્કમાં, વૃત્તિમાં, સંગતિમાં સર્વમાં જાણી લેવું. ઘણીવાર તો આટલેથીજ પતતું નથી, પણ પ્રત્યાઘાતદ્વારા જાગેલો વિચાર—તાદૃશ થવા ભણી વળે છે—તે વિચારને અનુકૂલ પ્રત્યક્ષ કર્મ કરાવે છે—ને માણુસ તેમ કરવા પશુવત્ દોરાય છે ! આમ થવાનું નામ ઘણુા લોક પ્રારબ્ધ માની બેશી રહે છે, પણ તે આત્મસંયમનનો નિયમ જાણુતાં નથી, તેમનાં માબાપે, તેમના ગુરુઓએ, તેમને તે બતાવ્યો નથી ! વિશ્વમાં શ્રમ વિના શું પ્રાપ્ત થાય છે? ચારિત્ર સંપાદન કરવામાં પણ શ્રમની ઘણી અપેક્ષા છે. અવિચ્છિન્ન[1] આત્મનિરીક્ષણુ, આત્મશિક્ષણુ, અને આત્મયમન એટલાં અનુક્ષણુ[2] ચાલ્યાં જવાં જોઇએ. આત્મનિરીક્ષણુ એટલે મેં શું કર્યું, કર્યું તે ઠીક કે નહિ, હવે તેમ કરાય કે નહિ, ઇત્યાદિ વિચાર; તે પછી અતઃપર આમજ કરવું એવો નિર્ણય તે આત્મશિક્ષણુ; અને તદનંતર તેથી ઉલટું કરવાની ઇચ્છા થાય તેને મંદ પાડવી કે નિર્મુલ કરવી એ આત્મયમન આ ત્રણુ વૃત્તિવડે ઘણા લોક મહાત્માના પદને પામ્યા છે અને પ્રભુપ્રસાદમાં અવિચ્છિન્ન રમે છે. આત્માજ માણુસનો શત્રુ છે ને મિત્ર છે आत्मैवह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः । એમ શ્રી ગીતાજીમાં કહ્યું છે તે, ને આ વિષયને મથાળે છે તે હવે યથાર્થ સમજાશે. યથાર્થ માન ચારિત્રનેજ ઘટે છે. આપણાં મહારાણીશ્રીના ભર્તાનો એવો નિયમ હતો કે શાલામાં ઇનામ આપવામાં ઘણામાં ઘણા બુદ્ધિમાન્ વિદ્યાર્થીને પ્રથમ પંકિતમાં ન ગણુવો પણ જે ઘણો આત્માર્પણુ કરવાવાળો, ચારિત્રવાળો અને ઉચ્ચાભિલાષી હોય તેને પ્રથમ ગણુવો.

---

૧ કદાપિ બંધ ન પડે તેવું. ૨. ક્ષણે ક્ષણે.

ચારિત્રનું શુદ્ધ સ્વરૂપ મનુષ્યના વર્તનમાં—આચારમાં—પ્રકટ થાય છે. ચારિત્રનું વાસ્તવિક સ્વરૂપ એવું જણાય છે કે તે અમુક વ્યક્તિના[૧] માનસિક નિશ્ચયને, ધર્મ, નીતિ, અને બુદ્ધિની મર્યાદામાં રહી તાદશ કરી બતાવવાનો પ્રયત્ન છે. પોતાનો માર્ગ નિશ્ચય કરી, તે પર ચારિત્રવાળાં મનુષ્ય દઢતાથી ચાલ્યાં જાય છે; ને તે પછી લોકોક્તિ[૨] ઉપર લક્ષ ન આપતાં, કેમકે લોકોક્તિ કરતાં પોતાના સત્યનિષ્ઠ આત્માની ઉક્તિ તેમને વધારે વહાલી છે. પણ તેવાં કશી ઉદ્ધતાઈ કરતાં નથી, પોતાનો નિશ્ચય સાચવતાં પારકાંને અપમાન કે હાનિ પહોંચાડતાં નથી—છતાં સર્વથા સ્વતંત્રજ રહે છે ગમે તે માણસ અનાદર કરો તો ભલે, પણ તેવાં માણસ સર્વદા પોતાના નિશ્ચયથી ન ચાલતાં સ્પષ્ટવાક[૩] તથા સત્યશીલ રહ્યાંજ કરે છે.

માણસ ઉત્સાહી હોય તો, અમુક નિશ્ચયને વળગી ચાલી શકે, પણ ઉત્સાહની સાથે જો સનાતન શુદ્ધકર્તવ્યબુદ્ધિથી પ્રેરિત સત્યનિષ્ઠા, પ્રામાણિકતા અને પ્રેમભાવ ન હોય તો તે ઉત્સાહ નકામો છે. જરાસંધ કે દુર્યોધન કે રાવણ જેવા રાક્ષસોનો ઉત્સાહ શું ન્યૂન હતો—પણ એકે મહાત્મા કૃષ્ણનો વધ કરવો ધાર્યો, બીજાએ નિર્દોષ પાંડવોનું રાજ્ય છીનવી લીધું, ને ત્રીજાએ પરસ્ત્રી હરણ કરી રાજ્યપાટસહિત જીવ ખોયો. રાક્ષસ, અથવા સેતાન તે કોણ? અતિશય ઉત્સાહ તથા ચપલતા—પણ સત્યનિષ્ઠા, ધર્મપ્રવણતા કે પ્રેમભાવ નહિ; જુઓ આપણા રામ, હરિશ્ચંદ્ર, ધર્મ, નિમિ, રંતિદેવ, ઈત્યાદિ; સાંપ્રતકાલમાં વિચારો પૂજ્ય રજપૂત શૂરાનાં પરાક્રમ! ઉત્સાહ—અતુલ ઉત્સાહ વીર્ય—પણ એકનિષ્ઠા અને સત્યપ્રેમ! એમનાં નામ અમર છે. સામા વિચારો મુસલમાનને કે જૂના મરાઠા રાજાઓને. ઉત્સાહ નિઃસીમ ઉત્સાહ, પણ ધર્મ, સત્ય, પ્રેમ, નહિ, ગમે તેમ પણ કાર્ય સંપાદન કરવાનોજ નિયમ! પશ્ચાત્ય દેશનો સુધારો પણ શું છે? ધર્મ, સત્ય, પ્રેમભાવવિનાનો ઉગ્ર ઉત્સાહજ—એનુંજ નામ કેવલ રાજસીવૃત્તિ. અત્રે જેનું વર્ણન કરીએ છીએ તેજ સત્વવૃત્તિ; કોઈ લોક એમ જાણે છે કે કાંઈ કર્યા વિના નિવૃત્તિમાં પડયા રહેવું એ સત્વવૃત્તિ, પણ તે તો તામસીવૃત્તિ છે.

ઉત્સાહ ઉપરાંત, કર્તવ્ય, સત્ય ને પ્રેમ એજ ચારિત્રનાં ખરાં રૂપછે. ન્યાયબુદ્ધિ તેવાં મનુષ્યનું જીવિત છે. ઘરમાં, લોકમાં, સર્વમાં, ન્યાયબુદ્ધિથી-

૧ કોઇ એક માણસ. ૨ લોકનું બોલવું—સ્તુતિ, નિંદા, ઇત્યાદિ. ૩ હોય તેવી ચોખ્ખી વાત કહી દે તેવાં.

જ તે વર્તે છે. વિલાયતનો પ્રખ્યાત સ્વર્ગવાસી પ્રધાન ફૌક્ષ ઘણી ઉચ્ચવૃત્તિનો પુરુષ હતો. એક વેપારી તેની પાસે પોતે લખી આપેલી નાણાંની ચીઠી લઇને ઉઘરાણી માટે આવ્યો, તે પ્રસંગે ફૌક્ષની સમક્ષ રૂપીઆ પડેલા હતા, છતાં તેણે તેને થોડા દિવસ થોભવા કહ્યું; વેપારીએ કહ્યું કે આ રૂપીઆ છે તેમાંથી મને આપો, ત્યારે ફૌક્ષે જવાબ આપ્યો કે એ તો એક માણસે ફક્ત મારા વચન ઉપરજ રૂપીઆ ધીર્યા છે તેને આપવાના છે, કેમકે જો હું અત્યારે મરી જાઉં તો આ રૂપીઆ મેળવવાનું તેની પાસે કાંઈ સાધન નથી, પણ તમારા હાથમાં તો દસ્તાવેજ છે. આ સાંભળતાંજ પેલા વેપારીએ દસ્તાવેજ ચીરી નાંખ્યો અને કહ્યું કે હું પણ તમારા વચનપરજ તમને ધીરૂં છું, ત્યારે તો, ફૌક્ષે કહ્યું, રૂપીઆ તમે લેઈ જાઓ કેમકે તમારૂં દેવું વધારે જૂનું છે.

આમ ચારિત્રવાળાં મનુષ્ય ન્યાયયુક્ત, પ્રેમયુક્ત, કર્તવ્યબુદ્ધિયુક્ત, સત્યયુક્ત, ઉત્સાહયુક્ત, હોય છે. ચારિત્રવાળાં મનુષ્ય સર્વત્ર ઉપકારદૃષ્ટિ રાખે છે. વિદ્વેષ કે ગર્હાની વૃત્તિમાં તે ઉતરતાં નથી, અને જેમ સર્વ સહન કરવામાં તેમ સર્વથા પરકલ્યાણ સાધવામાં આત્માર્પણ પરાયણ રહે છે. આવાં ચારિત્રવાળાં મનુષ્યના ઉપર સર્વને વિશ્વાસ હોય છે, અને તેમના ચારિત્રનો પાસ સર્વને લાગે છે. ઔરંગઝેબ સામેના યુદ્ધમાં પાછું ભાગતું લશ્કર જોઇને સામંતો શું જુઓછો, કરી તૂટી પડેલા રજપૂતોના શબ્દ તો રણભૂમિપરજ રહ્યા છે, પણ વિજયનો ધન્યવાદ, મુસલમાનોને સ્થાને, તેમને મળ્યો છે. લશ્કરી અમલદારોની છાયામાં આખાં લશ્કર મરણનો સ્વીકાર કરે છે તે આવાજ કોઇ બલને લીધે, શિવાજીના ભગવા ઝુંડાની પાછળ હિંદુઓ મરણે જતા એ પણ એજ પ્રતાપ ! એ—આત્માર્પણ—કોઈ પદાર્થ પુરૂષને માટે, પોતાનું એવુ જે જે કહેવાય તેનું અર્પણ—એજ દેશભક્તિ ! સાંપ્રતકાળમાં પ્રસિદ્ધ દાદાભાઇ નવરોજજી જેવાના નામની પાછળ લાખો લોક ઉભા થયા છે. નાનાના એકલાના નામેજ ચોખુટ હિંદુસ્તાનને સળગાવી મૂક્યું હતું !

ચારિત્રમાં પેદા થયેલાં વિચાર અને કર્મ એ, માણસને અમરપણું આપવાવાળાં છે. આપણા મહાત્મા ઋષિમુનિનાં વચનો આજ પણ આપણા લોહીમાં પ્રવેશ કરી રહ્યાં છે ને તેમનાં નામ આપણને વીસરવા દેતાં નથી. રામ, કૃષ્ણ, અર્જુન, હરિશ્ચંદ્ર, જેવાના કે પ્રતાપ, શિવાજી, મેદનીરાયનાં નામ સાંભળી આપણે તેમનાં કૃત્યો સ્મરણ કરી તદનુસાર વર્તવા ઉઠીએ

છીએ. આવા ઉચ્ચ વિચારવાળાં અને ઉચ્ચ કર્મવાળાં મનુષ્યથીજ વિશ્વ-નિયમો બંધાયાં જાય છે, ને ધર્મનીતિનાં નિત્ય તથા અનિત્ય સ્વરૂપ ઘડાતાં ચાલે છે. મહાજનો પોતાની સત્તાની છાયા વર્ષોનાં વર્ષ પર્યંત ચાલે તેવી રીતે પોતાના સમયથી સ્થાપતા જાય છે. બુદ્ધ, શંકર, વલ્લભ, રામાનુજ, કબીર, સહજાનંદ, મહમદ, ક્રાઈસ્ટ, એવાં અગણિત નામ આવા વિચારની પુષ્ટિમાં ગણી શકાય તેમ છે. આમ અમુક વ્યક્તિની સત્તાથી જનસમૂહને અસર થાય છે એ ખરૂં છે, પણ ઘણીવાર સામાન્ય સમૂહની સમજણ મહાત્માઓને પોતાનાં કર્મમાં અટકાવી પાડે છે. આપણામાં જુદાં જુદાં પુરાણ વગેરે પ્રવર્તવાનું, તથા ઘણા સંપ્રદાયને પંથ થવાનું આ પણ એક કારણ છે. કહેવાય છે કે સહજાનંદ મૂલ અદ્વૈતાનુયાયી છતાં, સમયની પ્રતિકૂલતાને લીધે દ્વૈત બોધ આપતા થયા.

આખા દેશની સાખ—નીતિથી કે ચારિત્રથી બંધાયલી પ્રતિષ્ઠા—આવા વિરલ મનુષ્યના સદ્વર્તનપર ટકતી નથી. તેમ આમ થોડા માણસને સ્વાધીન રહેવાથી દેશમાં રાજ્યાધિકાર થોડાકને હાથ જાય એટલે જુલમ થવાનો સંભવ આવે છે. માટે સર્વ લોકોનામાં જેમ ચારિત્રની વાસના દૃઢ બંધાય તેમ સર્વથા સુખ પ્રાપ્ત થઇ, સમગ્ર પ્રજાની પ્રતિષ્ટા પણ વધેછે. કોઇ દેશમાં ગમે તેવા સમર્થ વિદ્વાનો કે શોધક થતા હોય, પણ જ્યાં સામાન્ય લોકનો ઇશ્વર માત્ર સોનું, કે કાપડજ છે, ત્યાં જરૂર અધમતા હોવી જોઇએ એ કરતાં તો ભલાં વહેમી લોકનાં દેવ દેવલાં, કે તે દેવ દેવલાં પણ મનુષ્યને જરૂરના અમુક સદ્ગુણોનાંજ રૂપ હોવાથી લોકને સન્માર્ગે દોરનાર થઇ પડે! આમ પ્રતિસ્થાનની મહત્તા તેના ધર્મથી, આચારથી કે થોડા મહાપુરુષોના વિચારથી નથી, પણ પ્રતિવ્યક્તિના ચારિત્રથીજ છે.

આખી પ્રજાઓને, પણ એક એક વ્યક્તિની પેઠે પોતાના ઉચ્ચકુલનું તથા પ્રાચીન પરાક્રમી ઇતિહાસનું અભિમાન હોય છે; ને તે ઉપયુક્ત છે. એમ ન હોવાથી ઘણી અધમ સ્થિતિએ પહોચાય છે. અમે પ્રખ્યાત જ્ઞાની તથા પરાક્રમી પૂર્વજોના બાલક છીએ, એમનુંજ લોહી અમારામાં છે, એ બુદ્ધિવડેજ પ્રજાના તેમજ માણસોનાં પરાક્રમ અને માહાત્મ્ય વધેછે. સમયની અધમતા અને નિર્બલતાને અટકાવવામાં આવા વિચાર પ્રબલ સાધન થયા છે. પ્રખ્યાત દાક્તર આર્નોલ્ડે ફ્રાન્સમાં રેવોલ્યુશનને નામે ચાલતી મારામારી ને કાપાકાપીના પ્રસંગે યોગ્ય કહ્યું હતું કે "ફ્રાન્સની પ્રાચીન

તવારીખ અભિમાન ઉત્પન્ન કરે તેવી ન હોવાથીજ આ કષ્ટ પ્રાપ્ત થયુંછે" આ બધી વાત લક્ષમાં લેતાં દેશાભિમાનનું તાત્પર્ય સમજાશે. પોતે પૂર્વથીજ જેવાં મહાન હોય તેવાં થવું, તથા પરાક્રમ પ્રેમભાવ, ધર્મનિષ્ઠા પ્રદર્શિત કરવાં, ને તે નિશ્ચયમાં પાછાં ન હઠવું, એ ખરો દેશાભિમાન ગણાય; નહિ તો હું હિંદુ ને ફલાણો મુસલમાન, માટે માર મુસલમાનને ને સાચવ હિંદુને, એનું નામ દેશાભિમાન, એ તો કેવળ અયોગ્ય સમજ છે. કુલ, જાતિ, ઇત્યાદિ અભિમાનનું પણ સૂક્ષ્મ સ્વરૂપ, આવાજ પ્રકારનું છે. પ્રાચીન મહત્તાને પૂજ્યબુદ્ધિથી સ્મરવાને લીધે આપણામાં તેવી મહત્તા રહે તથા આવે એજ ઉદ્દેશ એ સર્વમાં પ્રધાન છે. તે સમજતાં નામમાત્રથી કુલ જાત્યાદિ માનવાં એ ખોટા દેશાભિમાન સરખુંજ છે, ચારિત્રથી વિરુદ્ધ છે. ખરૂં અભિમાન પોતાની પ્રાચીન વાત સ્મરણ કરી પૂર્ણ આત્માર્પણમાં મંડવામાં છે, પછી દેશ અર્થે, ગામ અર્થે, કે કુટુંબ અર્થે પ્રેમભાવનુંજ રૂપાંતર દેશાભિમાન આદિ છે, પણ જે અર્થમાં તે સમજાય છે એ તો વેરભાવનુંજ સ્પષ્ટ રૂપ છે.

આમ દેશની, પ્રજાની, જનમંડલની, કુટુંબની, સર્વની મહત્તા અને સુખસંપત્તિ પ્રતિવ્યક્તિના ચારિત્ર ઉપર નીભે છે. ચારિત્ર એજ સર્વ મહત્તાનું રહસ્ય છે.

પ્રકરણ ૨.

ગૃહસંસ્કાર.

दाराधीनस्तथा स्वर्गः पितॄणामात्मनश्च ह ॥

ચારિત્ર બંધાવાની મ્હોટી શાલા ઘર છે. સારુ કે નઠારૂં ચારિત્ર માણસનામાં ત્યાંથીજ ઉપજી આવેછે; કારણ કે આખા જીવતરને અમુક ધોરણે ચલાવવાના નિયમોનાં બીજ ત્યાંથીજ માણસના મનમાં રોપાય છે તે મરણ પર્યંત ફળ્યાં જાયછે. કોઇ કહેછે કે માણસનું ચારિત્ર તેની રીતભાતથી જણાઇ આવેછે; કોઇ કહે છે તેની બુદ્ધિથી. પણ વધારે યોગ્ય તો એજ છે કે તેનું ચારિત્ર તેના ગૃહસંસર્ગની મર્યાદાપરથી નક્કી થાય છે; કેમકે ગૃહસંસ્કારમાં મન, બુદ્ધિ, રીતભાત સર્વનો સમાવેશ થાય છે.

લોકવ્યવહારની નીતિનાં પ્રમાણ પણ એજ મૂલમાંથી પેદા થાય છે,

રાજ્યતંત્રને નિભાવનાર કાયદા પણ ગૃહસંબંધનુંજ પ્રતિબિંબ છે. નાનાં બાલકના મનમાં ગમે તેવા વિચારનાં ઝીણામાં ઝીણાં બીજ નાંખ્યાં હોય તે મહોટપણે ફૂલી ઉઠે છે ને લોકવ્યવહાર, રાજ્યતંત્ર, સર્વમાં નિયમરૂપ થઇ પડે છે, આ ઉપરથી સમજવાનું છે કે જે લોકને નાનાં બાળકનું શિક્ષણ પોતાને સ્વાધીન છે તેઓ કેટલા જવાબદાર છે તથા કેવી અનુકૂલતા ભોગવે છે. ગૃહસંસ્કાર સામાન્ય રીતે જોતાં સર્વમાં પ્રથમ છે ગૃહમાં પ્રતિવ્યક્તિને જુદી જુદી શિક્ષા મળે છે, ને આવી શિક્ષા પામેલી અનેક વ્યક્તિ મળી કુટુંબ, મંડલ, ગામ, રાજ્ય, બંધાય છે. નાનાં બાલક ગૃહની સીમા ઓલંઘી જનમંડલની સીમામાં પ્રવેશ કરે છે તે પણ આવાજ ક્રમથી. આ પ્રમાણે રાજ્ય કહો, સુધારો કહો, કે ગમે તે સુવિચારણાનું રૂપ વિચારો, પણ ગૃહસંસ્કાર એજ સર્વનું મૂલ સમજાશે. જે પ્રમાણે આખા દેશમાં પ્રતિગૃહનો સંસ્કાર તે પ્રમાણે તે દેશની નીતિ, રીતિ, બુદ્ધિ, મહત્તા.

ઇશ્વરદત્ત પ્રસાદવાળાં મહાનુભાવ મનુષ્યોને પણ સંસર્ગનો સંસ્કાર નથી લાગતો એમ નથી. જન્મ પામે તે સમયે સર્વ કેવલ અસહાય હોય છે, ને તેથી જેવા સંસર્ગમાં હોય તેવામાંથીજ મન અને તન ઉભયનું પોષણ પામે છે. આ સંસારમાં આવી પડીએ છીએ ત્યારથીજ આપણ સર્વને કોઈ ને કોઈ રીતિની શિક્ષા મળતીજ ચાલે છે. બાલકને નિશાળે મુકવાનો વખત આવ્યો નથી, સાતમું વર્ષ થતાં તેનાપર વધારે દેખરેખ રખાશે, હાલ તો ભલે ગમે તેમ લાડ કે તોફાન કરે, વા આયાના હાથમાં ગમે ત્યાં ફરી નાને મોઢે ન ઘટે તેવા બોલ બોલતાં શીખી વડીલોનું વહાલ પામે, આવા વિચાર સુધરેલા કહેવાતા દેશોમાં પણ સામાન્ય રીતે પ્રસરેલા રહે છે. लालयेत्पंचवर्षाणि । એ આપણે વારંવાર સાંભળીએ છીએ. પણ આ બધો વિચાર કરવામાં વીસરી જવું ન જોઇએ કે બાલકને શીખવાનું સામર્થ્ય પાંચ કે સાત વર્ષ પછી જ આવે એવો નિયમ નથી. શીખવું એ શબ્દનો અર્થ એમ નથી કે સરકારી નિશાળમાં જઇ એકડેએકથી માંડી ચોપડી લઈ ભણવા માંડવું. શીખવાનું તાત્પર્ય—એકડે એકથી માંડીને છેક બી. એ. કે એમ. એ. સુધીનું પણ અવલોકન કરવાની શક્તિને વધારી સંસારના ભિન્નભિન્ન સંસર્ગમાંથી શુભાશુભ નિર્ણય કરી ચારિત્ર ગ્રહણ કરવાનું છે. આ કામ પુસ્તકમાં જોયાથી, કે મેહેતાજી પાસે પાઠ સાંભળ્યાથી, કે નેતરનો માર ખમે તેવો કઠિન બરડો થયા પછી, થવા માંડે એવો નિ-

યમ હોયજ નહિ, ને તેથીજ બાલક જ્યારથી અવતરે છે ત્યારથીજ આ પ્રકારનું શિક્ષણ તો લેવા માંડે છે. બાલકોને અનુકરણ કરવાની જેટલી શક્તિ હોય છે તેટલી બીજા કોઇને હોતી નથી માટે તેમની આગળ પાછળના પ્રત્યેક સંસર્ગથી બાલકોના મનમાં એવી એવી પ્રતિમાઓનો આભાસ પડે છે કે જે આગળ જતાં સજીવ થઈ વૃદ્ધ થયેલાં બાલકદ્વારા બોલે છે, ને લોકવ્યવહારને અમુક રીતિનું વલન પકડાવી શકે છે. બાલ્યાવસ્થામાં પડેલા આવા પ્રતિમારૂપ આભાસ ઉપર વયોવૃદ્ધ થતાં ગમે તેવા રંગ પૂરાઓ, ગમે તેવા અલંકાર ચઢો, પણ જે તેની મૂલ આકૃતિ તે કદાપી બદલાતી નથી તે આકૃતિનો જે નાક કે કાન વાંકો હશે તે ઠેઠસુધી તેવોજ રહેશે. '**બાલક** એ માણસનો **પિતા** છે' એવું પ્રખ્યાત અંગ્રેજ કવિ **વર્ડસ્વર્થ** કહેછે તે ખરૂં છે. આપણામાં કહેવત છે કે પુત્રનાં લક્ષણ પાલનામાંથી જણાય તે પણ આ વિચારસંકલના ઉપરથી સહજ સમજાઇ જશે. જે જે વૃત્તિઓ આપણામાં ઘણો કાલ થયાં રોપાયલી જણાય છે, અને આપણા સર્વ વર્તનમાં ખસતી નથી, તેનું મૂલ તપાસીએ તો ઘણું ઉંડુ જણાશે—છેક આપણા ઘરમાં હશે, ગૃહસંસ્કારમાં હશે.

જન્મ પામતાં બાલક એક નવીન સૃષ્ટીમાં આવે છે, આવતાંજ ચોપાસા જોયાં કરે છે, જોતે જોતે અવલોકે છે, તે અવલોકતાં વિચારે ચઢે છે, તેમ કરતાં નવા નવા તરંગ બાંધી તેમનો મનમાં સંગ્રહ કરે છે. આ બધું થવાના સમયમાં બાલકને દોરનાર તથા સમીપ રહેનાર વડીલો જો વિચારવાન્ હોય તો બાલકના અભ્યાસમાં, વિચારમાં, તરંગમાં, ચારિત્રમાં સર્વમાં ઘણાં ચમત્કારિક ફલ નીવડે છે. પ્રખ્યાત તત્ત્વવેત્તા લોર્ડ બ્રુહામ કહેછે કે ૧॥ વર્ષથી તે ૨॥ વર્ષનું વય થતામાં બાલક જેટલું શીખે છે તેટલું તેની આખી જીંદગીમાં શીખતું નથી. મનને સંસ્કાર પામવાની યોગ્યતા બાલકપણમાં ઘણી હોય છે. નાની સરખી ચીનગારી આખો ભડકો કરી દેવા તે વેલે બહુ સમર્થ હોય છે. તે વેલે આવતા વિચારો સ્વચ્છ આરસીમાં પ્રતિબંબ પામતા હોય તેમ સ્પષ્ટરૂપે સમજાય છે; ને ફોટોગ્રાફની આરસીપર જેમ પડયા હોય તેમ તાદૃશ છાપ, પાછળ મૂકતા જાય છે. પ્રખ્યાત કવીશ્વર સ્કોટના મનમાં, તેને લખતાં વાચતાં પણ આવડતું ન હતું તે પહેલાં, એની માતાના ઉછંગમાં સાંભળેલાં દેશી ગાયનોમાંથી કાવ્યચિત્ર પડેલું તે આખરે 'કવીશ્વર' રૂપે પ્રતિફલિત થયું. બાલકના મનમાં જે વાત પ્રથમ પહેલીજ ઠસે છે તે ઘણો સમય ટકે છે. તેના અવતારમાં તેણે પ્રથમ અનુભવેલો આનંદ, કે શોક કે જય, પરાજય, તે ઉપરથી એની બાકીની જીંદગીની ભૂમિકા બંધાય છે. જે કાલમાં

આ બધી વાત બનતી ચાલે છે તેજ પ્રસંગમાં–વૃત્તિ એટલે મિજાજ, ઇચ્છા ટેવ, લાગણી, ઊર્મિ, ઇત્યાદિ સમૂહ પણ ઘડાતો ચાલે છે. યદ્યપિ માણસ પોતે પોતાની સ્વશક્તિથી પોતાનું વર્તન ચલાવવાને અથવા પોતાની વૃત્તિને ખીલાવવાને સમર્થ છે તથાપિ બાલ્યાવસ્થામાં તેની વૃત્તિને જે વળ આસપાસના સંબંધોથી ચઢે છે, તે કદાપિ ઉતરતો નથી. ઉગ્રમાં ઉગ્ર મનોબલવાળા જ્ઞાનીને પણ એવે સ્થલે રાખો કે જ્યાં સર્વદા વિઘ્નજ આવ્યાં કરતાં હોય, સુખનો લેશ પણ ન હોય, અનીતિનો ભંડાર હોય, અને લુચ્ચાઈ, ઠગાઈનાજ વ્યાપાર ચાલતા હોય–તો તે પણ ધીમે ધીમે આ બધી પશુબુદ્ધિના રૂપથી લેપાશે. તો અસહાય, અપક્વ, અને અનનુભવી બાલક, જેનું મન ગમે તે સંસ્કાર પામવા તૈયારનું તૈયારજ છે, તેનેઆવા સ્થલમાં રાખ્યું હોય તો બાકીજ શું ? વિઘ્ન, અનીતિ, અને જંગલીપણામાંથી કોઇવાર પણ દયાલુ, નીતિમાન્ ને પ્રેમી જીવ પેદા થનારજ નથી.

આવાં બાલકો જ્યાં ઉછરે છે તે ઘર જેવાં હોય તે ઉપર તે બાલકના ભવિષ્યનો આધાર રહે છે. ઘરની વ્યવસ્થા જેવી નીતિમાન્, ન્યાયપુરઃસર, પ્રેમમય, અને આનંદમય હોય તેવીજ બુદ્ધિ બાલકના મનમાં પ્રેરાવાની અને તેજ પ્રમાણે વય વધતાં તેના સંસ્કાર ખીલી નીકળી પોતાના પૂજ્ય માતપિતાનું તેને અનુકરણ કરાવનારા. આવા ગૃહમાંથી પેદા થયેલાં બાલક વિશ્વનાં ભૂષણરૂપ નીવડે છે એથી ઉલટા જે રાક્ષસ વિશ્વને દૂષિત કરે છે તે પણ તેવાંજ ગૃહના પરિણામ છે. જેવા જેવા સંસર્ગ બાલકને થાય છે તેવા તેવા સંસ્કાર તેને પડે છે. એક ગ્રીક પંડિતે કહ્યું છે કે તમારા પુત્રને ઉછેરવા સારુ તમે તમારા ગુલામને સાંપશો તો તમે એક ગુલામને બદલે બે ગુલામ બનાવશો એજ પરિણામ આવશે. આપણા આજકાલના કહેવાતા મહોટા લોકો પણ આમ એકના બે ગુલામ વારંવાર બનાવ્યાં જાય છે એ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. ડાહીનાં ઘેલાં ને ઘેલીનાં ડાહ્યાં જે કહેવાય છે તે પણ આજ આધારે. સીપાઇ, ચાકર, ખવાસ વગેરે હલકા લોકમાં ઉછરનાર બાલક—પછી રાજાનો હો કે શેઠીઆનો હો કે ગમે તેનો હો—એક સીપાઇ કે ચાકર કે ખવાસ જેવોજ થવાનો; એથી ઉલટું સારા સહવાસમાં ઉછરનાર સારો થવાનો. આ પ્રમાણે જે ગૃહસંસર્ગના સંસ્કારથી બાલકોનું જીવતર રચાય છે તે ગૃહની યોગ્યાયોગ્યતા ઉપરજ સર્વ આધાર ઠરેછે. એ ગૃહનાં અધિષ્ઠાતા જેવાં હોય તેવું તે ગૃહ

નીવડે છે, ને તે પ્રમાણે તે ગૃહના સંસ્કાર તેમાં વસનારને લાગે છે—માટે ગૃહનાં અધિષ્ઠાતા નીતિમાન્ ભક્તિમાન્ ધર્મિષ્ઠ અને ન્યાયી હોવાં જોઇએ એમ ઠરે છે.

બાલકની દૃષ્ટિએ જે જે વિષય ચઢે છે તેનું અનુકરણ તેનાથી સ્વાભાવિક રીતે થઇજ જાય છે. પ્રતિવસ્તુ તેને અનુકરણ કરવાની પ્રતિમારૂપ થઇ પડે છે; આચારમાં, ઇંગિતમાં,[1] વાણીમાં, પ્રકૃતિમાં, વૃત્તિમાં, બાલ્ય એજ ખરો જરૂરનો સમય છે. તે સમયે સહવાસથી કરી બાલક જુદા જુદા રંગ લેછે શિક્ષણ તો નિરંતર સર્વને અપાયાં જાય છે, પણ પ્રત્યેક નવો શિક્ષક જૂના શિક્ષકના કરતાં, ઘણું થોડું શીખવી શકે છે, તે એટલે સુધી કે જો આપણે આખા જીવિતને શિક્ષણની શાલારૂપ માનીએ તો આખી પૃથ્વીનું પરિક્રમણ કરી આવનાર પોતાના બાલપણામાં શીખ્યો હશે તે કરતાં આ પરિક્રમણથી ઓછું શીખે છે એમ નક્કી જણાય. આમ હોવાથી બાલકની દૃષ્ટિ આગળ સારાં દૃષ્ટાન્ત નિરંતર રાખવાની ઘણી આવશ્યકતા છે. ચારિત્ર પણ એજ માર્ગે બંધાય છે. બાલકની દૃષ્ટિએ જે પ્રતિમા રાત્રિદિવસ તાજી રહ્યાં કરે છે તે તેની માતાનીજ છે.

યોગ્ય માતા સો શિક્ષક કરતાં પણ અધિક છે. કુટુંબમાં માતા, એ સર્વ હૃદય અને સર્વ ચક્ષુને આકર્ષણ કરનારી છે. એનું અનુકરણ પ્રતિક્ષણ થયાંજ જાય છે. કહેવા કરતાં કરવાની રીતિની અસર માણસ ઉપર સત્વર થાય છે. ઉપદેશ કરવા કરતાં તેમ કરી બતાવવું વધારે શ્રદ્ધા પેદા કરવાવાળું નીવડે છે. વાણી વિનાનો સિદ્ધ ઉપદેશ કરવાનો એજ માર્ગ છે, જે ઘરમાં બોલાતાં ઉપદેશનાં વચન, વર્તનદ્વારા પ્રતિક્ષણ ભાંગવામાં આવે છે, તે ઘરમાં ઉછરનાર બાલક કદાપિ ચારિત્રવાળું થતું નથી, નિરંતર એવુંજ બનેછે કે બાલકનું લક્ષ કૃતિ ઉપરજ જાય છે, ઉપદેશ ઉપર—વાણી ઉપર—નહિ, વાણીગત ઉપદેશ સમજવાનું સામર્થ્ય તો બહુ પાકું વય થયા પછી આવે છે; પણ પ્રત્યક્ષ આચારને જોઇ સમજી લેવાની શક્તિ છે તે બાલ્યથીજ હોય છે. કૃતિ ને ઉપદેશવચન અન્યોન્યથી વિરુદ્ધ હોય તો લાભ નથી થતો એટલુંજ નહિ પણ ઘણી હાનિ થાય છે; એ રીતિનું અનુકરણ કે લક્ષ કરનાર, નીચમાંનું નીચ દુર્વ્યસન—નામરદાઇનું પ્રથમ લક્ષણ ઠગાઇ શીખે છે, એવચની થઇ વાણીમાં સર્વને ઉડાવતાં શીખે છે. બાલક પણ માણસની વાણી અને કૃતિની એકતા વિષે જોઇને સંકલના બાંધી શકે છે, ને માબાપના વર્તન ઉ-

[1] શરીરના અવયવના હલાવવા ચલાવવામાં.

પર નિરંતર ધ્યાન આપી તે ઉપરથી પોતાના વિચાર બાંધે છે.

અનુકરણ કરતે કરતે સમજવામાં પણ ન આવે એવી સૂક્ષ્મ રીતે માણસની વૃત્તિ બંધાવા માંડેછે, ને દીર્ઘકાલે સંપૂર્ણ રીતે દૃઢ થઇ નીવડે છે. બાલકની દૃષ્ટિ નિરંતર તેની માતા ઉપરજ ઠરેલી રહેછે કારણ કે તેજ તેના પિતાના કરતાં, તેની પાસે વધારે સમય હોય છે. ઘરછે તે સ્રીનું રાજ્ય છે; ત્યાં તેનો અધિકાર નિરંકુશ પ્રવર્તે છે, તેની નાની પ્રજા ઉપર તેનો અધિકાર સારી પેઠે ચાલે છે, ને તે૦પણ નાના મ્હોટા પ્રતિપ્રસંગે તેનાજ મોં સામું જુવેછે. માતાના આચાર વિચારપરજ તેમનું ધ્યાન જાય છે, માતાનુંજ તેઓ અનુકરણ કરેછે, નાના કુમળા ઝાડના છોડની છાલમાં એક બે ઝીણા આંકા ચપુવડે પાડયા હોય તો તે, જેમ જેમ ઝાડ વધતું જશે તેમ તેમ વધીને મ્હોટા થતા જશે. બાલકના મનમાં જે કાપા પડે છે તેનું પણ આમજ સમજવું. ઉમરે પહોચતાં તેજ ઝીણા ઘસારા મ્હોટા ઘાબા જેવા થઇ રહેછે ને બાલકના ચારિત્રનું સ્વરૂપ દર્શાવી આપે છે, આ પ્રમાણે બાલકોદ્વારા તેમની માતાજ ફરીથી જીવતી થાય છે, એની વૃત્તિ વાણી સર્વની છાયા તેમનામાંજ જણાયછે. માતાનો સ્નેહ એ કોઈ ઇશ્વરી યોજના છે. તેના ઉપરનો પ્રેમ સર્વને સહજછે; ગમે ત્યારે—સુખમાં—દુ:ખમાં—ગમે તે વયમાં—પણ—બાલકો માતા ઉપરજ દૃષ્ટિ કરેછે, નથી તે આવતાં દુ:ખની વીટબનામાંથી છુટવાની સલાહ લેવા માટે, કે વિપત્તિની વિષમ વેદનાથી મુક્ત થવાની સહાય્ય માટે, પણ કેવલ પ્રેમ, સ્નેહ, મમતાના મૃદુભાવથી પોતાનું દુ:ખ વીસરવા કે સુખને અધિકાધિક દીપિત કરવા માટેજ માતા આગળ આવે છે.

સ્રીઓનું જે યોગ્ય ગૃહરાજ્ય છે તે યથાર્થ રીતે ચાલે, તો તે ઉપરજ આખા દેશની ઉન્નતિનો આધાર છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ કે અયોગ્યતા નથી; ઉન્નતિનો મુખ્ય અંશ સ્રી જાતિએ કરેલા સંસ્કારથીજ બંધાય છે. મનુસ્મૃતિમાં પણ કહેછે કેયત્રनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्रदेवताः । જ્યાં સ્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવતાઓ રમે છે, આમ કહેવાનું તાત્પર્ય પણ એજછે કે સ્રીને પોતાના યોગ્યવિભાગમાં પૂર્ણ અધિકાર આપી કામ કરવા દીધું હોય તો બહુ સારાં ફલ થઇ, આખા દેશની ઉન્નતિ સુધીમાં પણ તેની અસર ફેલાયછે. પ્રતિગૃહની માતાના ખોળામાં રમતું નાનુંબાલક એ ભવિષ્યની પ્રૌઢપ્રજાનું બીજછે; ને જે રીતે આ બીજ કેળવાશે તે રીતિની આખા દેશની પ્રજાની સ્થિતિ થશે; માણસની વૃત્તિ ઘડવાના કામમાં સ્રીની સ-

માનતા કરી શકે તેવો બીજો શિક્ષક નથી. ચારિત્રનું ઐાન્નત્ય એજ દેશોન્નતિનું ચિન્હ છે. એ ઉન્નતિ કરવામાં સ્ત્રીઓનો મુખ્ય ભાગ છે. જેમ ગૃહ, વ્યવહાર, દેશ, તેમણે રોપેલાં ચારિત્રબીજથી ફાલતાં વૃક્ષ ફૂલે પ્રફુલ્લ અને પરિતૃપ્ત થાયછે, તેમ ઉત્તમ ધર્મવાસના પેદા થઇ, પરલોક સુધારવામાં પણ તેનાં તેજ ચારિત્રબીજ ઉપયોગી છે. આમ પોતાનું તેમ પોતાના પૂર્વજોનું કે ભાવિ પ્રજાનું સર્વનું ઐહિક અને આમુષ્મિક શ્રેય સ્ત્રીઓનેજ હાથ છે.

दाराधीनस्तथा स्वर्गः पितॄणामात्मनश्च ह ।

સ્ત્રીઓ નિરંતર પ્રેમદ્વારા શિક્ષણ આપે છે. પુરુષ એ જનમંડલનું બુદ્ધિસ્થાન–મન છે; પણ સ્ત્રી તેનું પ્રેમસ્થાન–હૃદય છે. પુરુષ એ જનમંડલનો નિર્ણેતા છે, સ્ત્રી તેને રસાર્દ્ર કરી પ્રવર્તાવનાર છે, પુરુષ જનમંડલનું બલછે, પણ સ્ત્રી તેનુ લાવણ્ય, આભુષણ તથા સુખ છે. સ્ત્રીઓની બુદ્ધિ પણ તેમના પ્રેમદ્વારાજ બહાર પડે છે. આમ યદ્યપિ પુરૂષો બુદ્ધિના અધિષ્ટાતા છે, તથાપિ સ્ત્રીઓજ માણુસની રસભાવનાને કેળવે છે–રસભાવનામાંથીજ ચારિત્ર બંધાય છે, પુરુષનું માનપૂર્વક સ્મરણ થયા કરેછે. સ્ત્રીના ઉપર અભિન્ન પ્રેમભાવથી લીનતા થાય છે. પુરુષ આપણને જે વાતની શ્રદ્ધા કરાવી શકે છે તે વાત ઉપર સ્ત્રી આપણો પ્રેમ બેસાડી આપે છેઃ–આમ સ્ત્રીદ્વારાજ આપણે ચારિત્રના સ્વરૂપને પામીએ છીએ.

ગરીબમાં ગરીબની ઝુંપડીમાં પણ આવી સન્નારી અધિષ્ટાત્રી હોય તો આનંદ, સુખ, સમૃદ્ધિ, ચારિત્ર સર્વે સહજમાં પ્રાપ્ત થાય છે. આબાલ વૃદ્ધ સર્વને સારુ ગૃહ એ સારામાં સારી શિક્ષણ લેવાની શાળા છે. ત્યાંજ સર્વે, પ્રસન્નતા, ધૈર્ય, આત્મસંયમન, સહાયશીલતા, અને કર્તવ્યતાનાં સ્વરૂપ સમજી અનુભવે છે. એજ સ્થળે વિનય, વિવેક, સર્વ ભણાય છે. આમ માતાને આધીન હોઈ સારાં ગૃહ તેજ સારા ચારિત્રને ઉછેરનારાં નીવડે છે.

જેમ સન્નારીના અધિષ્ટાતાપણામાં રહેલા ગૃહમાં ઉછરેલાં બાલક ઘણા ઉત્તમ પ્રકારનાં નીવડે છે, તેમ અસન્નારીની છાયામાં ઉછરતાં બાલકનો ભવ ખરાબ પણ થાય છે. જે નારી જાતે કુછંદી, વઢકણી, અસંતોષી, અભણ છે તેનાં બાલક સારાં નીવડનાર નહિ. તેમનામાં તેમની માતાનીજ છાયા પડવાની, અને પાછળની વયમાં ગમે તેટલા સુશિક્ષણના નિર્મલ જલથી પણ તે ધોવાની નહિ. વિલાયતની એક પ્રખ્યાત 'મીલ' ના 'રીપોર્ટ' પરથી જણાય છેકેતેમીલના કારભારીઓએ એવો નિયમ રાખ્યો હતો કે તેમાં

રહેવા આવનાર માણસની માતાવિષે માહીતી મેળવ્યા પછી તેને દાખલ કરવો. જ્યારે વેપાર રોજગારના ધંધામાં હીસાબે લેખાય તેવી રીતે માણુસના ચરિત્રનો આંકડો તેની માતાના વ્યવહાર પરથી ઠરી શકે છે ત્યારે સમજાશે કે માતાની અસર બાળક પર કેટલી હોવી જોઇએ. એટલે સુધી પણ સિદ્ધ રીતે અનુભવાય છે કે બાપ ગમે તેવો નઠોર હોય, પણ મા સુશીલ ને યોગ્ય હશે તો બાળક સારાં નીવડશે, પણ એથી ઉલટું બાપ ગમે તેવો સારો છતાં મા નઠારી હશે તો બાલક સારાં નીવડવાનાં નહિજ.

સ્ત્રીઓ જે કામ કરે છે, જન મંડલની જે અપ્રતિમ સેવા કરે છે તે ગુપ્ત રીતે ને લોકની દૃષ્ટિએ ચઢયા વિનાજ થયાં જાય છે છતાં પણ કોણુ કહી શકશે કે તે કશું કરતી નથી? તેમનાં બાવલાં ઉભાં કરવામાં આવ્યાં નથી, તેમની પૂજા ઘેર ઘેર થઈ નથી, તેમની વાહ વાહ ગવાઈ નથી, પણ તેમનાં કામ, એ બધું જેના જેના વિષયે થયું છે, તે સર્વ કરતાં મ્હોટાં છે. ખરી વાત છે કે કોઇ સ્ત્રી 'વ્યાકરણું ભાષ્ય' કે 'શાકુન્તલ' કે 'માઘ'ની રચનારી થઇ નથી; ખરી વાત છે કે કોઇ સ્ત્રીએ 'રાવણુ' કે 'જરાસંધ' કે 'કંસ' ને માર્યા નથી, કે સમુદ્રમાં સેતુ' બાંધ્યા નથી; ખરી વાત છે કે તેમણે ભૂગોલ, ખગોલ, કે રસાયણુ શાસ્ત્રના શોધ કર્યા નથી, પણ તેઓએ આ સર્વ કરતાં ઉત્તમ અને મહત્તમ કામ કરેલું છે, કેમકે તેમનાજ ખોળામાંથી એ બધું સાધનારાં પુરુષોનાં બલ ઉદ્દભવ્યાં છે, તેમનાજ પ્રેમામૃતથી ચારિત્રવાળાં સ્ત્રીપુરુષ પુષ્ટ થયાં છે—તેજ સર્વ કરતાં મ્હોટી કરામત છે!

પતિનું વચન પાલવા માટે વાત્સલ્ય પ્રેમનો ઉત્કટ ભોગ આપતી કૌશલ્યાની પ્રેમાર્દ્ર કર્તવ્યપરાયણુતાજ રામના મૃદુ પણુ પરાક્રમયુક્ત વીરભાવનું બીજ નથી એમ કોણુ કહી શકશે? અમેરીકાની સ્વતંત્રતા સ્થાપનાર જ્યોર્જ વોશીંગટન, આખા યુરોપને ઉથલપાથલ કરનાર નેપોલીઅન બોનાપાર્ટ, ઈંગ્લંડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપનાર ક્રોમવેલ, પંડિત વર લોર્ડ બેકન, તથા લોર્ડ બ્રુહામ, પ્રખ્યાત જર્મન કવિરાજ ગેટી, શીલર, તેમજ અંગ્રેજ કવિ સ્કોટ, એ સર્વેની માતા ઘણી શ્રેષ્ઠ હતી, એમ ઇતિહાસમાંથી જણાય છે; અને તેમની મહત્તા એ તેમની માતાની સદ્દાસનાનુંજ ફલ હતું, એમ સિદ્ધ થાય છે. સમર્થ ધર્મ પ્રવર્તકોમાં પણુ માતાની શુદ્ધ છાયા જણાઇછે. કૌશલ્યા અને યશોદાના ઉછંગમાંથીજ કૃષ્ણુ ને રામ નીવડયા

છે, તેમના પિતા દશરથ તથા નંદને આજ કોઈ ઝાઝું સંભારતુ નથી, પણ તેમની માતાનાં તો ઘેર ઘેર પૂજન થાય છે. ક્રીશ્ચીઅન ધર્મ ચલાવનાર ક્રાઇસ્ટના પિતાનું નામ સુદ્ધાંત પ્રસિદ્ધ નથી, કેવલ તેની માતા 'મરીઅમ' અથવા મેરી તે ધર્માનુયાયીની પૂજા પામે છે. શૂરા રજપૂતો, જે યુદ્ધમાં પડી કેશરીઆં કરતા તે તેમની માતાના ધાવણનું વીર્ય હતું. યુદ્ધથી પરાઙ્મુખ થયેલા પુત્રનું મોં ન જોનાર માતા ખરા પ્રેમથી, ધર્મથી, શૌર્યથી યુક્ત હોવીજ જોઇએ! આપણા દેશના મુસલમાન પાદશાહમાં અકબરની માતાની છાયા અકબરમાં હતી એમ કહેવાય છે, અને શિવાજીએ પણ મુસલમાનને નિર્મૂલ કરવાનું પાન પોતાની માતાના દૂધમાંથી કર્યું હતું એમ જણાય છે. આમ માતાની સચ્છાયા સર્વત્ર પ્રસિદ્ધ છે. આથી ઉલટા દાખલા પણ ઘણા છે. પ્રસિદ્ધ કવિ લોર્ડ બાયરનની માનો સ્વભાવ કરડો તથા ખરાબ હતો, ને તેનીજ છાયા એ કવિના ચીડીયા તથા ક્રોધી સ્વભાવમાં નિરંતર જણાતી. લોકોમાં જે વાત ચાલે છે કે કોઇ ફાંશીએ ચઢનાર પુત્રે પોતાની માતાને પાસે બોલાવી તેનો કાન કરડી ખાધો હતો તે પણ આ સિદ્ધાંતનાજ ઉદાહરણરૂપ જાણવી.

આ પ્રમાણે સર્વથા ગૃહની, કુટુંબની, ગામની, દેશની, સર્વની ઉન્નતિનું મૂલ સન્નારીરૂપ શુદ્ધ માતા એજ છે.

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર ઠરે છે, ને સારી માતાથી સારાં પરિણામ અને નઠારીથી નઠારાં પરિણામ પણ અનુભવાય છે. ત્યારેસિદ્ધ થાયછે, કે માતાની સુબુદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરૂષને સુશિક્ષણની જેવી ને જેટલી અપેક્ષા છે, તેવી અને તેટલીજ અપેક્ષા સ્ત્રીઓને છે. જેથી એકની બુદ્ધિ સ્ફુરિત થઇને વ્યવહારમાં કામ આવે છે તેથીજ બીજાની પણ થઇ જેટલીજ ઉપયુક્ત થાયછે. સ્ત્રીઓને પોતાનાં કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ, તથા સર્વ વ્યવહારમાં દૂરદર્શીપણું, એએ ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેને ઘણો ઉપયોગ છે. છતાં સ્ત્રીપુરુષના વ્યાપાર સ્વભાવિક રીતેજ જુદા હોવાથી સ્ત્રી પુરુષનું શિક્ષણ અમુક વય સુધી એક હોઇ શકે, પણ પછી જુદું પડવુંજ જોઇએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જેજે દેશ પાયમાલ થાયછે, તેતે દેશમાં સ્ત્રીશિક્ષણ ઉપર લોકો ધ્યાન ન આપવાથી તેમ થયું છે, માટે

ઓની ઉન્નતિમાંજ સર્વની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સન્માતાની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઇએ.

આ પ્રકારે યોગ્ય માતાઓ જે ઘરમાં હોય, તે ઘરના સંસ્કાર બાલકનામાં અતિ ઉત્તમરૂપે જડાય છે, અને મ્હોટપણે ચારિત્રરૂપે સ્પષ્ટ થઈ, એવા મનુષ્યદ્વારા સંસારને દૃષ્ટાન્તરૂપ થઈ પડે છે. ચારિત્રનુ નિદાન ઉત્તમ ગૃહસંસ્કાર છે, ને તેનો આધાર માતા ઉપર છે.

પ્રકરણ—૩.

સમાગમ અને અનુકરણ.

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
कीर्तिं च दिक्षु वितनोति तनोति लक्ष्मिम् ।
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

ગૃહસંસ્કારજન્ય શિક્ષણનો થોડા સમયમાં છેડો આવે છે; એટલેથીજ બાલક કે મનુષ્યની કેળવણી પૂરી થતી નથી. યદ્યપિ ગૃહથી થતા સંસ્કાર આમરણ છુટી શકતા નથી; તથાપિ અમુક વય થતાં ગૃહસંસ્કાર કરતાં બહારની અસર વધારે સબલપણે પ્રવર્તવા લાગે છે; અને વૃત્તિ બાંધવામાં સમર્થ સાધનરૂપ થઇ નીવડે છે. બહારનાં એવાં સર્વ સ્થલમાં શાલા એ પ્રથમ છે. ત્યાંજ નાની નાની સોબતો જે પરિણામે સ્નેહ કે મૈત્રીનું રૂપ ધારણ કરે છે તે બંધાય છે. ઘર બહારનાં માણસો સાથે સંબંધમાં આવતાં તેમના અનુકરણથી તથા દૃશ્ય વ્યવહાર ઉપરથી મનોવૃત્તિના ચિત્રપટમાં વિવિધ રંગ આપણે ન જાણીએ તેમ પણ ભરાતા જાય છે. નાનાં કે મ્હોટાં ને વિશેષે કરીને નાનાં અનુકરણ કર્યા વિના રહેતાં નથી. જેમ આપણી આસપાસના પદાર્થોમાંથી શરીર પોષણ આકર્ષે છે, તેમ આસપાસના સંબંધોમાંથી મન પણ વિવિધ વૃત્તિઓનું અનુકરણ સહજ કર્યા કરે છે, આમ થયા વિના રહેતુંજ નથી. ગમે તેમ અજાણતાં પણ સ્વાભાવિક રીતેજ આપણાં સોબતીઓનાં ચાલ, વાણી, આચાર, અને તેમની વિચાર પદ્ધતિ સુદ્ધાંત પણ આપણી રીતભાતમાં પ્રવેશ પામ્યા વિના રહેતાં નથી.

માણસ અનુકરણ કરનારૂંજ પ્રાણી છે. અનુકરણ થાય છે, તેની આપણને ખબર રહેતી નથી. ઘણીવાર આપણે અનુકરણથી શીખેલી વાતોને આપણી પોતાની બુદ્ધિએજ શોધી કાઢી હોય એમ માની ખુશી થઇએ છીએ, પણ અનુકરણ બહુ ગુપ્ત રીતેજ ચાલ્યાં કરે છે. નબળાંમાં નબળાં માણસ પણ પોતાનાં સહવાસમાં આવનારને કાંઇક અર્પણ કર્યા વિના રહેતાં નથી, તો સર્વંકષ * સબલ સ્વભાવ અને દઢ મનોબળ તથા તીવ્ર બુદ્ધિવાળાનું તો કહેવુંજ શું ? એક વિદ્વાન્ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં ઘરડાં થયેલાં સ્ત્રી પુરૂષ એવાં એકેકના સરખાં થઈ ગયાં હોય છે કે સ્વભાવે જુદાં હોય એમ ઓળખી પણ ન શકાય. આધેડ માણસનું જ્યારે આમ છે ત્યારે બાળકોમાં તેવી અસર સવિશેષ પ્રવર્તે ને તેમની વૃત્તિ અનુકરણ તથા દૃષ્ટાન્તથી ઘડાયાં કરે એમાં શી નવાઇ !

વસ્તુગતિજ એવી છે કે પોષણ પામી વૃદ્ધિ થવાના સમયમાંજ વૃત્તિ બંધાવાનાં સાધન ખરી અસર કરી શકે. જેમ જેમ વર્ષ થતાં જાયછે તેમ તેમ દૃષ્ટાન્ત અને અનુકરણદ્વારા પડેલી નજીવી ટેવો સ્વભાવરૂપે બંધાઈ જાય છે, અને આપણને માલુમ ન પડે તે પહેલાં તો આપણને છેક પોતાને વશ કરી લે છે. ગ્રીસદેશના પંડિત પ્લેટોએ એક બાળકને કાંઇ રમત રમવા માટે ઠપકો દેવા માંડયો, ત્યારે બાળકે કહ્યું કે તમે એક નજીવી વાત માટે મને ઠપકો દો છો ! પ્લેટોએ ઉત્તર આપ્યું કે " ટેવ પડી જશે, તે નજીવી નથી, ભાઈ, માટે કહું છું " આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે ખરી નીતિની કેળવણી એનું નામ કે જેનાથી સર્વ પ્રકારની કુટેવને સ્વભાવ રૂપ થઇ જતી અટકાવવાનું દઢ મનોબળ પ્રાપ્ત થાય. આવી કેળવણી કોઈ પ્રકારની દઢ શ્રદ્ધા વિના મળતી નથી અને તે શ્રદ્ધા પ્રાપ્ત થવા માટે તત્વબોધની અત્યંત અપેક્ષા છે, માટેજ એ બોધ અને નીતિ એવો સંબંધ ધરાવે છે કે તાત્વિક બોધ વિનાની, હાલની આપણી શાળાઓની શિક્ષણ પદ્ધતિ, નીતિ પાછળ ગમે તેટલાં વલખાં મારે છે, પણ નાસ્તિકતા, ઢોંગ અને મનની ચંચલતા વિના બીજું પરિણામ બતાવી શકતી નથી.

યદ્યપિ અનુકરણ તથા દૃષ્ટાન્તનું વૃત્તિ ઘડાવામાં આટલું બધું બળ છે, તથાપિ એમ ન સમજવું કે સર્વદા તેમજ કર્યાથી વૃત્તિ ઘડાય. પોતાનામાંજ પ્રતિભાશાળી પુરુષ દઢ આત્મસંયમન અને સ્વતંત્ર આચાર કરવાનાં બીજ ધ-

* સર્વને કબજે કરી શકે તેવો.

રાવે છે, જે વડે, તે ધારે તે માર્ગે પોતાની વૃત્તિને દોરી શકે અને પોતાના આખા જીવતનો એક નિશ્ચયરૂપ માર્ગ ઘડી લેતાં પોતાને અનુકૂલ એવી સંગતિ પણ શોધી અને ગખી શકે પુરષાર્થ એ પરમ શ્રેયસ્કરછે. દઢ પુરુષાર્થથી જે ધારે તે પ્રાંમ થાય, કદાપિ ભૌતિક સ્થલ જગતના વિષયપરત્વે તેમ ન થાય, પણ વૃત્તિમાં તો પુરુષાર્થજ પ્રબલ છે,જેઓ પુરુષાર્થહીન છે અર્થાત્ જેમનાં મન અને સ્વભાવ નિર્બલ છે, તેઓજ નિશ્ચયવિનાના હોવાથી દાસની પેંઠ બીજાનું અનુકરણ કરવામાં અને પોતાની ભિન્ન ભિન્ન વૃત્તિઓથી આમ તેમ રખડવામાં પોતાનો જન્મારો ગુમાવેછે. કહેવત છે કે માણસની સોબત તેનો સ્વભાવ જણાવે છે समानशीलव्यसनेषु सख्यम् એ ખરૂં છે, ને તેટલા માટેજેજે માણસ જેની સોબતમા હોય તેવાજ તેના ગુણ હોવા જોઇએ. સદાચારી માણસો દુરાચારીને મળતાં નથી, નીતિવાન્ અનીતિવાન્‌ને મળતાં નથી નીચબુદ્ધિનાં માણસોમાં ભળવું એ નીચબુદ્ધિ જણાવે છે. અને એવી સંગતમાં વારંવાર રહેવાથી આપણી વૃત્તિ પણ નીચત્વને પામે છે જગતમાં પગલે પગલે મળી આવે છે તેવાં સામાન્ય સ્વાર્થબુદ્ધિનાં માણસોનો પરિચય પણ આપણામાં શુષ્કતા, મંદતા, દયાશૂન્યતા અને અતડાપણાવાળી સ્વાર્થબુદ્ધિ જાગ્રત્ કરી ખરાં પુરુષાર્થ અને ઉદારતાથી આપણને દૂર કરી બહુ હાનિદાયક નીવડે છે. મન પાધરૂં જ નીચે માર્ગે વળે છે, હૃદય સંકોચાવા લાગે છે, અને ધર્મનીતિની વૃત્તિ નબળી પડી જઈ બધો સ્વભાવ નિર્બલ, અનિશ્ચયવાળો, અને સમયાનુસાર સ્વાર્થ સાધનાર થઇ જાય છે. આમ થવાથી ખરી મહત્તા અથવા ઉદારવૃત્તિથી માણસ કેવલ વિમુખ થઇ રહે છે પોતાના મનમાં સ્વાર્થ સાધીને એમ માને છે કે હું ઠીક ફાવ્યું, ફલાણા એમજ કરેછે તેમ મેં પણ ઠીક પેચ કર્યો, પણ પોતાની વૃત્તિ નીચત્વને પામી, અંદરથી જે ગુપ્ત હાનિ કરી પરિણામે પોતાને ભ્રષ્ટ કરનારી છે તેનુ ભાન રહેતુ નથી, આટલા માટે જુવાન મનુષ્યોએ સર્વદા પોતાના કરતાં વધારે ઉચ્ચસંગ શોધવો; અને તેનુંજ અનુકરણ કરવા પ્રયત્ન કરવો. આપણા કરતાં વધારે બુદ્ધિમાન્ ચારિત્રવાળાં, અને વધારે અનુભવી માણસના સંગથી આપણું મનોબલ વધેછે, અને આપણા લોહીમાં એક પ્રકારની સ્વાભાવિક પ્રેરણા તેમના જેવા થવાની ઉઠી આવે છે, આપણે આપણા વિચારો તેમની બુદ્ધિથી સુધારી શકીએ છીએ, અને તેમના ડહાપણનાં એમ સભાગી થઇએ છીએ. સત્સમા-

ગમ સર્વદા લાભકારકછે, સત્સંગવિના કાંઈ સારુ ફલ થતું નથી. સ્વામીનારાયણના ધર્મવાળા એક સત્સંગનીજ મહત્તાને મુખ્ય માની પોતાના પંથનાને 'સત્સંગી' એ નામથી ઓળખે છે, નહિ કે તેમના પંથ બહારના લોક કુસંગીછે, પણ તેઓ પોતે સત્સંગનેજ મોક્ષનું દ્વાર માને છે. महत्सेवांद्वारमाहुर्विमुक्तेः । એમ શ્રીમદ્દભાગવતમાં પણ કહ્યુંછે. સત્સંગથી આપણી કાર્યસાધનશક્તિમાં વધારો થાય છે, આપણા મનોનિશ્ચય સુદૃઢ જડાય છે, આપણો પુરુષાર્થ ઉચ્ચતાને પામે છે, આપણામાં ધર્મબુદ્ધિનો ઉદય થવાથી દયા, પ્રેમ, ઉદારતાનો માર્ગ જડે છે, ને આ લોકમાં સુખરૂપે રહી, પરમપદને પહોચાય છે. છતાં જેને સત્સંગની અસર ન થાય તેનું દુર્ભાગ્ય ! ! ને તેવો સંગ ન શોધે તેનું તેથી પણ મહોટું પાપ ! ! બધા ધર્મબોધકો, બધા તત્ત્વજ્ઞાનીઓ, સર્વદા પોકારી કહે છે " સાધુનો સંગ કરો " સદ્ગુરુ પાસે સર્વદા જવું, તે વિના જ્ઞાન નથી, તે વિના જ્ઞાન નથી, એમ જે વારંવાર શાસ્ત્રો પોકારે છે તે આવા સબલ અને સહેતુક વિચારથીજ, ગુરુના ગુલામ કરી, અનાચારમાં પ્રવર્તાવવા નહિ.

સમાગમમાં ન રહેતાં કેવલ વિરાગવૃત્તિ ધારણ કરી એકાન્તમાં રહેનારને મહા હાનિ થાય છે. આશ્રમની વ્યવસ્થાએ અનુસરી યોગ્યકાલે એકાન્તવાસ —અનુભવથી વાસનાનાશ થતાં— ગ્રહણ કરવાથી બહુ લાભ છે, પણ એકાએક જેને દુર્ભાગ્યે એકાન્તમાં પડી રહેવાનું પ્રાપ્ત થાય તેના જેવાં હતભાગ્ય કોઇ નહિ. સમાગમથી સ્વપરાયણ હૃદય સંકોચ તજી વિસ્તૃત થવા માંડેછે ને એમ ધર્મબુદ્ધિનો માર્ગ રચાય છે. આવા અનુભવનો જેને લાભ મળ્યો નથી તેને બહુ હાનિ થાય છે. સંસારનાં આકર્ષણોમાં દૃઢ રહેવાય ત્યારેજ ખરૂ ચારિત્ર બંધાય છે, નહિ તો એકાન્તમાં પડી રહેનાર ચારિત્રનું ડોળ કરે તે મિથ્યાજ; અને તેને અનુભવવિના પ્રાપ્ત થયેલો એવો આશ્રમ પણ નિષ્ફળ તથા હાનિકારકજ.

સત્સમાગમનું ફલ એવું છેકે કોઈ એક અનુકૂલ પ્રસંગે થયેલી સહજ સૂચના કે બોધનાં વચન માણસના આખા જીવિતને ફેરવી નાખેછે. પ્રત્યેક ધર્માચાર્યના વૃત્તાન્તમાં આપણે આવી વાતો નિરંતર સાંભળીએ છીએ અજામેલ જેવા મહાપાપી પણ એમજ તરી ગયાછે. માબાપ કે કોઇ બીજાના એકજ સદુપદેશરૂપ વચનબાણથી લાખો મહાપુરુષો ઘરબાર તજી ચાલી નીકળી મહાપદને પામ્યા છે. કોઇ કોઈ માસ્તરો, મ્હેતાજી, કે શિક્ષકોના બોધ

અને આચારની અસર ઘણા નઠારા વિદ્યાર્થીઓને શ્રેષ્ટ પંક્તિના કરી મૂકે છે.

દૃઢવૃત્તિવાળાં માણુસ એટલુંજ સાચી શકે છે એમ નહિ, પણ તેમની વિદ્યમાનતાજ આસપાસનાં માણુસમાં તેમની વૃત્તિનો અંશ જાગ્રત કરી સર્વને કામે લગાડી દેછે. ઉત્સાહી માણુસો પોતાનો ઉત્સાહ સામાનામાં પ્રેરી શકેછે. સાહસિક લોક પોતાના અનુયાયીને સાહસમાર્ગે ઝટ દોરી જાય છે, વીર પુરુષો આખા દેશના દેશ પોતાની પાછળ દોરી મહોટાં રાજ્ય સ્થાપે છે. આ ઉપરથી સમજવાનું છે કે પ્રતિવ્યક્તિની જીવિતપદ્ધતિ એ બધા વિશ્વને એક દૃષ્ટાન્તરૂપ હોઇ, સારે કે નઠારે માર્ગ દોરે છે. માટે પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે કે તેણે જેમ બને તેમ પોતાના જીવિતથી સારુ દૃષ્ટાંત ઉભું થાય તે માટે કાળજી કરવી. ચારિત્રવાળાં એટલે સર્વનું ભલુ ઇચ્છનાર સરલ સ્વભાવનાં માણુસ સદ્‌ગુણના દૃષ્ટાન્ત રૂપ છે, અને દુર્ગુણને પાછો હઠાવનાર પ્રદીપરૂપ છે. ભલાઇ સર્વદા પ્રીતિ સંપાદન કરી શકે છે. જેનામાં એ ગુણ છે તે સર્વ ઉપર રાજ્ય ભોગવે છે.

કોઇ મહાનુભાવસ્વરૂપનું દર્શનમાત્રજ તેના ઉપર પ્રીતિ કરાવવાને અને તેના અનુરક્ત દાસ થવાને આપણને પ્રેરે છે, એવી ચારિત્રની શક્તિ છે. તેમનામાં રહેલાં ઉદારતા, ધૈર્ય, ભલાઇ એ સર્વને આપણે તુરતજ નમી પડીએ છીએ, કોઇ મહાવતારની છબી પણ થોડા બલથી પ્રેરે છે એમ નજાણવું. તે આપણા સામી હોય ત્યાં સુધી જાણે આપણને કોઇ અવર્ણ્ય ઉત્સાહ રહ્યાં કરે છે, અને તે છબીની સજીવ પ્રતિકૃતિનાં સ્વભાવ અને નીતિથી વિરુદ્ધ કાંઇ આચારમાં, તેની સમક્ષ, પડતાં આપણને લાજ આવે છે. અહો ! ચારિત્રની કેટલી અસર છે કે મરણ પછી એક છાયામાત્રમાં પણ આટલું બલ તે આરોપે છે. એવુંજ બલ કેવલ નામસ્મરણમાં છે. રાતદિવસ જે લોક રામ, કૃષ્ણ શિવ, એવા મહાત્મા કે દેવનાં નામ તલ્લીન હૃદયથી રટયાં કરે છે, તેમને બહુ સારી હૃદયશુદ્ધિ પ્રાપ્ત થઇ સન્માર્ગ જડેજ છે.

આવી રીતે મહામાનને પાત્ર થઇ પોતાનું નામ સદાચારના ગુપ્ત મંત્ર રૂપે મૂકનાર મહાત્માને કોણ નહિ માને ? એવા મહાત્મા, બીજાનામાં પોતાના ગુણ પ્રેરે છે એટલુંજ નહિ, પણ પોતાના જેવાજ બીજાને કરી દે છે. એવાના ઉપર મનુષ્યમાત્રનું ચિત્ત આકર્ષાય છે. ઉદાર વૃત્તિના સન્મનુષ્યોની સાશ્ચર્ય-ભક્તિ, આપણા મનને ઉચ્ચભાવ આપે છે, અને સર્વ ધર્મ નીતિની અભિવૃદ્ધિને પ્રતિકૂલ એવી જે સ્વપરાયણતા તેમાંથી છોડાવે છે. એવાંના સ્મરણથી જાણે આપણી આસપાસ નવીજ હવા ઉભી થાય છે, ને તેટલી વાર તો આપણો આત્મા કોઇ ઉચ્ચસત્વને પામ્યો લાગે છે.

માણુસની સાશ્ચર્યભક્તિ કોના ઉપર છે, એ જાણુનાંજ તેની વૃત્તિનું અનુમાન કરી શકાય છે. ઉદાર માણુસો ઉદારનાજ ભક્ત હોઇ તેને વખાણે છે. નીચલોક નીચનીજ સાશ્ચર્ય ભક્તિમાં ભળેલા રહે છે,સ્વાર્થી લોક સ્વાર્થીનેજ શોધે છે. યુવાવસ્થામાં આ સાશ્ચર્યભક્તિની ટેવ બહુ સબલ હોય છે, ને જેમ જેમ મ્હોટપણુ આવતું જાય છે તેમ તેમ અમુક પ્રકારના એકજ સ્વભાવમાં માણુસ બધાઇ જાય છે, ને તે પછી કોઇનુ પણુ વર્તન આશ્ચર્ય પમાડવાને કે ભક્તિ કરવાને યોગ્ય છે એવુ તેની દૃષ્ટિમાં આવતું નથી. 'ન બહુ ' એજ તેનો નિશ્ચય થઇ પડે છે. માટે જે સમયે માણુસની પ્રકૃતિ સંસ્કાર પામવા જેવી કુળી હોય, તેજ સમય મહાનુભાવ મનુષ્યોની સાશ્ચર્યભકિતની ટેવ બહુ સબલ હોય છે, ને જેમ જેમ મહોટપણુ આવતું જાય છે તેમ તેમ અમુક પ્રકારના એકજ સ્વભાવમાં માણુસ બંધાઇ જાય છે, ને તે પછી કોઇનું પણુ વર્તન આશ્ચર્ય પમાડવાને કે ભકિત કરવાને યોગ્ય છે એવુ તેની દૃષ્ટિમાં આવતું નથી. ' ન બહુ ' એજ તેનો નિશ્ચય થઈ પડે છે. માટે જે સમયે માણુસની પ્રકૃતિ સંસ્કાર પામવા જેવી કુળી હોય, તેજ સમય મહાનુભાવ મનુષ્યોની સાશ્ચયભકિત તેમને લગાડવી એ બહુ લાભકારક છે, ' ન બહુ ' એવો જે નિશ્ચય છે તે બહુ નીચ વૃત્તિનો સૂચક છે, અને જે માણુસે એ વૃત્તિ પ્રાપ્ત કરી છે તેણે પોતાના સ્વભાવનો એક સારામાં સારો અંશ ગુમાવ્યો છે, અને નીચત્વ તથા મૂર્ખત્વમાં પડતાં અટકવાનું સારુ સાધન તેને હાથથી ગયું છે. પુરાણુ આદિમાં કહેલા મહાપુરુષોના ચરિતપર જેને શ્રદ્ધા નથી, જેઓ જુનું એટલુ ખોટું એમ લઇ બેઠાં છે, તે આ ' ન બહુ ' ના વર્ગનાં છે, અને તેમને તેમ કરવાથી પોતાની વૃત્તિમાં ઘણી હાની છે.

સામાના ગુણુ જોઇ પ્રસન્ન થવુ અને તે માન્ય કરવા એ ઉદાર બુદ્ધિની નિશાની છે. દાકટર જોન્સને કહ્યુંછે કે "સામાના ગુણુને માન્ય કરી શુદ્ધ બુદ્ધિથી વખાણુવાના ગુણ જેવો બીજો એકે ગુણુ નથી કે જેથી ઘણામાં ઘણા મિત્રો મળી શકે. " એ ગુણુ ઉદારતા, સ્પષ્ટવકતૃત્વ, સહૃદયતા, અને પ્રસન્નતાનો વાચક છે !! પણુ સાંકડા અને નીચ મનનાં માણુસ ખરા દિલથી કોઈની સ્તુતિ કરી કે સાંભળી શકતાં નથી. તેઓ મહાત્માઓને કે કોઈ મહાત્માઓને સાશ્ચર્યભકિતથી પૂજી શકતાજ નથી, પણુ તેમાં તેમનેજ હાનિ છે. નીચ માણુસ સ્તુતિ કરે તે પણુ નીચ રીતેજ. કૂતાના દેડકાને કૂવા જેટલુંજ જગત્ છે. ઘણામાં ઘણા તિરસ્કારને યોગ્ય તો એવાં માણુસ છે કે જે બધાંની ઉપર ટીકા કરવા તૈયારજ હોય છે. આવાં માણુસ

બીજાએ સારામાં સારા કામમાં પણ પ્રાપ્ત કરેલા જયથી પોતાનેજ કાંઇ અપમાન પહોચી ગયું હોય એમ માને છે,તેમા વળીતે જય પામનારપોતાનાજધંધાનો હોય તો તે તેના ભોગજ મળે. આવાં ટીકા કરનાર, જય પામનાર જો નિષ્ફલ થયો હોય કે કાંઇ ભુલથી ન ફાવી શક્યો હોય તો તે માટે તેને ક્ષમા આપવા તત્પર હોય છે પણ જો નિર્વિઘ્ને પાર પડ્યો હોય તો સહન કરી શકતાંજ નથી !! આ બધો નીચ વૃત્તિનો ધધો છે. આવી બુદ્ધિવાળાં ઉદ્ધતાઇ ભરેલા નિર્લજ્જ પણાનેજ કે ગમે તે માર્ગે જય મેળવનાર દુર્ગુણોની યુક્તિનેજ, વખાણી, કે સારી ગણી શકે છે. આવાં માણસો મહાત્માઓની કોઇ નાની મ્હોટી ખામીઓ શોધી કાઢીનેજ પોતાનું મન વાળે છે, ને પોતે પણ એક મહાપુરુષ છે એમ માની છેતરાયાં જાય છે આ ઉપરથીજ કોઈ પંડિતે કહ્યું છે કે " જો મહાત્માઓ કવચિત્ કવચિત્ ચૂક કરતા ન હોત, તો બીચારા નીચ લોકો ભુખે મરત ' નીચ માણસોજ સામાના ગુણ કરતાં દોષ ઉપર દૃષ્ટિ નાખે છે. આપણા પ્રખ્યાત કવીશ્વર નર્મદાશંકર લાલશંકરે જે દેશસેવા બજાવી છે, જે પરાક્રમ દાખવી સર્વને ઉત્તેજિત કર્યાં છે, ગૂજરાતી ભાષાને જે ઉચ્ચ પદે પમાડી છે, એ તેના ગુણને ભુલી જઇ કેટલાક લોક તેના નિરાધાર કુટુંબને મદદ કરવાને પ્રસંગે તેના અપલક્ષણો ઉપર આણે છે, એ આવી બુદ્ધિનો તાજો દાખલો છે. બોલીંગબ્રોક નામના રાજકાર્ય પુરુષ આગળ મહાયોદ્ધા માર્લબરોની કોઈ કુટેવ કોઇએ કહી ત્યારે બોલીંગબ્રોકે જવાબ આપ્યો કે "એ એવો મહોટો પુરુષ હતો કે એનામાં એ અપલક્ષણ હતુ તે હુ વિસરી ગયો છુ " આનુ નામ ખરી ઉદારતા !

જીવતાં કે પરલોકમાં ગયેલા મહાનુભાવ મનુષ્યોની સાશ્ચર્યભક્તિથી તેમના ચરિત્રનુ અનુકરણ કરવાની થોડી ઘણી ઇચ્છા થઇ આવે છે. ગ્રીસ દેશનો પ્રખ્યાત રાજપુરુષ થેમીસ્ટોકલીસ પોતાના સમવયસ્કના પરાક્રમો સાંભળી બહુ ઉશ્કેરાયો હતો અને પોતાના દેશની સેવામાં પોતે પણ તેવું પરાક્રમ કરવુ એમ લઈ બેઠો હતો મારેથાનનુ યુદ્ધ થયુ ત્યારે એને મહાગ્લાનિ થઇ, અને તે કહેતો કે 'મહાયોદ્ધા મીલ્ટાયડિસની વિજય પતાકા મને નિદ્રા આવવા દેતી નથી" થોડાંજ વર્ષમાં તેણે આથેન્સની સેવા બજાવતાં ઈરાનના શહનશાહની નૌસેનાને અર્ટિમીસીયમ તથા સાલામિસના યુદ્ધમાં પરાસ્ત કરી સ્વમનોરથ સંપૂર્ણ કર્યો. એજ દેશનો પ્રખ્યાત ઇતિહાસ લખનાર થુસીડિડિસ હીરોડોટસ નામના લેખકનો રચેલો ઇતિહાસ સાંભળતાં રોયો હતો, ને પરિણામે પોતે પણ સમર્થ ઇતિહાસ કર્તા થયો હતો.

એવીજ રીતે મહાવક્તા ડીમોસ્થનીસે પોતાનું વક્તૃત્વ પ્રાપ્ત કર્યું હતું; જેમ આવાં સજીવ શુભ દૃષ્ટાન્તથી શુભ વાસના પેદા થઈ તે માહાત્મ્ય પમાડનાર નીવડે છે, તેમ કોઇ તેવા મહાત્મ્યના પ્રથમાવલોકનથી પણ તેવીજ વાસના પ્રગટ થઇ તેવાં મહાન્ પરિણામે પહોચેલી જાણી છે. રફેલ નામના પ્રસિદ્ધ ચિત્રકારનું 'સેન્ટ સીસીલીઆ'નું ચિત્ર જોતાંજ કોરેજીઓ ચમકી ઉઠયો કે "હું પણ ચિત્રકારજ છુ કે નહિ !" ને પોતાના કાર્યમાં વિજયી થયો. એજ પ્રમાણે ગ્રંથાદિનું પણ સમજવું.

જ્યારે અનુકરણ અને દૃષ્ટાંતના પરિણામ આ પ્રમાણે ચારિત્રની ઘટનાને ઉપયુક્ત છે, ત્યારે ઇતિહાસ અને જીવન ચરિત્ર લખવાની પણ કેટલી અગત્ય છે તે સહજ સમજાશે. ઇતિહાસ એટલે લડાઇઓ અને વર્ષની સાંકળ ગોખવી તે નહિ, પણ દેશની સ્થિતિ, રીતિ, રીવાજ, લોકબુદ્ધિ, રાજકીય વ્યવસ્થા, ને તેપરથી ધીમે ધીમે રાજ્ય તથા સંસારના બદલાતા રંગ, એનું તાદશ વર્ણન; તેમજ જીવનચરિત, પણ તે નહિ કે જેમાં મુખ્ય મુખ્ય બેચાર સારી નરસી વાતોપર ટીકા કરી વાહવાહ કરીને ઉડાવી દેવું, પણ તેજ કે જેમાં તે વ્યક્તિના આચાર, વિચાર, રહેણી, સર્વની તેમ તેની નાની મ્હોટી ટેવોની થોડી થોડી વાત મુખ્ય બીનાની સાથે આવી તેનું ચારિત્ર કેમ ઘડાયુ હતું તથા કેવું હતુ તે યથાર્થ જણાય. આવાં ઐતિહાસિક પ્રસિદ્ધિ પામેલાં સ્ત્રી પુરુષ પણ આપણને સબલ રીતે શુભ વાસના પ્રેરે છે ને સન્માર્ગે દોરે છે. ઉચ્ચવૃત્તિ એ એક સનાતન પ્રવાહ છે, કાલક્રમથી તે તૂટતો નથી, વર્ષ પ્રતિવર્ષ કે યુગ પ્રતિયુગ તે વહેતો વહેતો નવાં નવાં ઉચ્ચ વૃત્તિવાળાં સ્ત્રીપુરુષરૂપ વૃક્ષને સિંચી ઉછેરી, તેમનાં ફૂલના રસથી પુષ્ટ થઇ, મસ્તને મસ્ત વહ્યોજ જાય છે. ઈશ્વર આપણને પણ તે પ્રવાહ પુષ્ટ કરવાનાં સાધન બનાવે !!

પ્રકરણ ૪.

પ્રવૃત્તિ.

अजरामरवत् प्राज्ञो विद्यामर्थंच चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, તેમાંથી ધર્મનું યથાર્થ જ્ઞાન વિદ્યાવિના

થતું નથી, અર્થ કામ, પણ,વિદ્યા વિના સધાતા નથી, માટે ડાહ્યા પુરુષે સર્વદા, વિદ્યા સંપાદન કરવાને, તથા ચારે પુરુષાર્થમાં ઉપયોગી, અર્થ તે પ્રાપ્ત કરવાને, મંડયા રહેવું. પણ તેમ મંડતાં કદાપિ પણ, ધર્મ અને મોક્ષના વિચારથી અળગા થવું નહિ; સર્વદા મરણને ભય રાખી, ધર્મોક્ત રીતિએ પ્રવૃત્તિ રાખી મોક્ષ ઉપર દૃષ્ટિ કરીને ચાલવું વિદ્યા અને અર્થ (દ્રવ્ય) પ્રાપ્ત કરવામાં કોઇ દિવસ કંટાળવુ નહિ, આપણે તો મરી જવું છે, શામાટે માથું ફોડવું એમ ધારવુ નહિ. જાણે આપણે અમર હોઇએ એમજ શ્રમ કર્યા જવો. તેવીજ રીતે ધર્મ અને મોક્ષના વિચારમાં પણ પ્રવૃત્ત થતાં, ઘરડા થઇશું ત્યારે કરીશું એવી વાર ન લગાડવી, જાણે આજને આજજ મોતે આપણી ચોટલી પકડી હોય એમ સમજી, એ બે વિચાર પણ નિરંતર કર્યા જવા એમ નિવૃત્તિમાર્ગના વિચારથી નિયમમાં રહી, સર્વદા પ્રવૃત્તિપરાયણજ રહેવું. એક ક્ષણ પણ પ્રવૃત્તિ વિના ગાળવી નહી, અને આપણે કદાપી મરવાનાં નથી એમ સમજીનેજ પ્રવૃત્તિથી જે જે પ્રાપ્ત કરી શકાય તે કર્યાં જવું. આવી પ્રવૃત્તિવિનાનું જીવિત વ્યર્થ છે.

પ્રવૃત્તિથી કરીને કાર્યસાધક ચારિત્ર ઘડાતું ચાલે છે; સહનશીલતા અનુવૃત્તિ, સયમ, અવધાન, ઉદ્યોગ, અને ધૈર્ય, એટલા સદ્ગુણોને પ્રવૃત્તિ ઉપજાવે છે, તથા ખીલાવે છે, અને મનુષ્યને પોતાના વિશેષકાર્યમાં કુશલ કરી, સામાન્યવ્યવહારમાં પણ કુશલ કરે છે. પ્રવૃત્તિ એજ આપણો સ્વભાવ છે, એ સ્વભાવથીજ માણસો તેમજ દેશો ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતાને પામતાં ચાલે છે જ સર્વ કોઇને કોઇ પ્રકારે પ્રવૃત્તજ રહે છે, તનથી, મનથી, કે ઉભયથી; પણ પ્રવૃત્તિવિનાનું કોઇ છેજ નહિ. જીવિતને સુખમય કરવાનો માર્ગ પ્રવૃત્તિજ છે, પ્રવૃત્તિ, શ્રમ, ઉદ્યોગ ઘણીવાર ભાર જેવાં લાગે છે, કોઇએ કરેલા દંડ જેવાં કડવાં જણાય છે, પણ એજ ખરુ આભુષણ છે, ને ખરી પ્રતિષ્ટાનું નિદાન છે. એના વિના કાંઇ થતું નથી, એનાથીજ મનુષ્યની જે મહત્તા છે તે પ્રાપ્ત થઈ છે, અને નવા નવા સુધારા અને શોધથી સુખનો ઉદય થયો છે. જો પ્રવૃત્તિ બંધ પાડીએ તો માણસ તુરત જ જંગલી થઈ, પરમાર્થે મુવાં જેવાજ થઇ રહે. માણસને જે ખરુ ભાર રૂપ છે, દંડરૂપ છે, તે આલસ્યજ છે. પ્રવૃત્તિ નહિ. જેમ કાટથી કરીને ધાતુ ખવાઇ જાય છે, તેમ મનુષ્યની ધાતુમાત્રને આલસ્ય ખાઇ નાખે છે, ને તેને નિર્વીર્ય કરે છે.

પ્રવૃત્તિ એટલે સારી પ્રવૃત્તિ, એમ તો સમજાયુંજ હશે. આળસુ થઇ

પડયા પડયા મઝા કરવી ને આનંદ માનવો એ પણ પ્રવૃત્તિજ છે, એમાંજ લોકો મ્હોટાઇ માને છે, પણ સમજવું જોઇએ કે ખરી મહોટાઇ ખરી કુલીનતા, એના એદીપણામા નથી. પણ સખ્ત ઉદ્યોગવાળી સત્પ્રવૃત્તિમાં છે. આલસ્યવિના એવી એક પણ વૃત્તિ આપણામાં ભાગ્યેજ હશે, કે જેને, આપણા ઉપર ચઢી બેસતાં અટકાવવા માટે, આપણે બહુ બહુ સાવધ રહેવું પડે આખા જગતને ફરી આવેલા એક મુસાફરને, ઇંગ્લંડમાં કોઇ વિદ્વાને પુછયું, કે દુનીઆમાં બધાં માણસ સામાન્ય રીતે શાને ચહાયછે? ત્યાને તેણે ઉત્તર આપ્યુ, કે આલસ્યને રાજા તથા રંક, વિદ્વાન તથા મૂર્ખ, સુધરેલા તથા જંગલી, સર્વને, શ્રમવિના ફલ મળતું હોય તો ભોગવવાની બહુ ઇચ્છા હોય છે. પણ શ્રમવિના કાંઇ મળતુ નથી; ને ઉલટુ આલસ્યમાં પડવાથી હાનિ થાય છે આલસ્ય આપણને સ્વાભાવિક રીતેજ પ્રિય છે. માટે તેનાથી બહુ સાવધ રહેવું. મનુષ્યને તેમ આખા દેશને, હીનતાએ પહોચાડનાર આલસ્ય છે. આલસ્યે કાંઇ દિવસ જગતમાં નામના કરી નથી, ને કરનાર નથી, કે ગ્રંથ ગુથ્યો નથી આલસ્યજ ભારરૂપ છે, બેડીરૂપ છે, દુઃખરૂપ છે,=એનાં ભકત હમેશાં નવરાં, નકામાં, છતાં ઉદાસી, અને અણુ પરવાર્યાં ફરે છે "ઘણુએ મન છે, પણ શું કરીએ," "વખત કયાંથી લાવીયે," એવી વાતો કરી પોતાથી અમુક બન્યુ, ને અમુક ન બન્યુ એમ દુઃખી થનારાં, તથા 'ગમતું નથી' એવી ફરીઆદ કરનારાં, એ બધા આલસ્યનાંજ ભક્ત હોય છે 'ગમતુ નથી' એવી ઉદાસીનુ કારણ તો આલસ્યવિના બીજ નહિ. એક વિદ્વાન લખે છે કે "આલસ્ય એજ તન મનને વિષરૂપ છે; આડાઇની ધાવ છે, ઉપદ્રવની માતા છે,...પિશાચની પથારી છે, અને શેતાનનું ઉશીકુ છે આળસમાં પડી રહેલાં કુતરાં પણ દાતીયાં કરતાં શીખે છે, તો આળસુ માણસ કેમ તેવુ ન થાય ? તન કરતાં મનનું આળસ તો મારી નાંખે છે. નવરૂં બેઠું નખોદ વાળે, તેમ સારી પ્રવૃત્તિમાં મનને રોપ્યું ન હોય, તો નઠારીમાંજ પ્રવૃત્ત થાય અને નીચત્વને પામે જેમ વહેતા પાણી કરતાં સ્થિર રહેલા પાણીમાં, પોરા જીવડાં અને લીલ, ભેગાં થઇ દુર્ગંધ પેદા થાય છે, તેમ નવરા માણસમાં પણ ભારે દુર્ગંધ નિપજે છે, ને તેના આત્માને દુર્ગંધનો ચેપ લાગી ભ્રષ્ટતા આવે છે ગમે તે સ્થિતિનું કે ગમે તે સ્થલનું માણસ હો તેને સર્વ સામગ્રી, નવનિધિને અષ્ટમહા સિદ્ધિ સાનુકુલહો, પણ જો તે સાલસુ હશે તો નિરંતર ઉદાસી, માંદલું ચીડીયા સ્વભાવનું, હઠીલું, કાયર,

અણુપરવાર્યું, રડતુંજ, રહેશે; તેને બધી દુનીયાંજ આડી ચાલતી જણાયાં કરશે, ને પોતાનું કે પોતાની આસપાસનાનું નિકંદન થાય એવી તેને બુદ્ધિ થશે, કે તેમ નહિ તો કોઈ તદન બેવકુફી ભરેલી ઘેલછા તેને વળગી પડશે...એકાન્ત ન સેવો આળસુ ન થાઓ, એજ સર્વ ઉપદેશનો ઉપદેશ છે, " શાસ્ત્રકારો વારંવાર એનું એજ કહે છે કે સત્પ્રવૃત્તિવિનાનાં માણસને એકાન્ત મારી નાંખે છે, સત્પ્રવૃત્તિવાન્ સંયમીને એકાન્ત મોક્ષ આપે છે—**એકાન્ત ન સેવો– આળસમાં ન પડો,** અર્થાત્ એકાન્ત ન સેવો એનો અર્થજ એ કે આળસુ ન થાઓ; એમ અર્થ નહિ કે લોકોમાં મળીને તડાકા મારો. જે લોકો પોતાના શરીરને એદી બનાવી દઈ, એમ સમજે છે, કે નીરાંતમાં પડયા છીએ, તેઓ ખરીરીતે નીરાંતમાં નથી. માણુસનાં મનને આપણામાં કૂતરા જેવું કહેલું છે. કૂતરાનો સ્વભાવ છે કે લપલપ કરતાં ફર્યાં કરવું, અને જેમાં તેમાં મોં ઘાલવું—પછી જે નજરે પડે તેમાં, સારાં પકવાન્નમાં કે મલિન વિષ્ટામાં, એમજ મનને જો સારી પ્રવૃત્તિ ન મળે, તો નઠારીરીતે પણ પ્રવૃત્ત થવાનું, કદાપિ સ્થિર રહેવાનું નહિ; એટલે શરીરને કદાપિ રોકી શકાય, પણ મનને રોકાયજ નહિ, તેથી ભુલાવામાં ન પડતાં સર્વદા પ્રવૃત્તિપરાયણજ થવું. આળસુ માણુસો પોતાની ઉન્નતિ થતી નથી, તેમાં અમુકે આમ કર્યું ને અમુકે આમ કર્યું, એવા પોતાનાથી બહારના શત્રુઓને વળગવા જાય છે, પણ પ્રથમ પહેલાં પોતેજ પોતાના શત્રુ થયાં છે, તેને જોતાં નથી. આળસમાં પડયાથી, મન આડે માર્ગે ચઢે છે, ને ધારેલું કામ નથી થવા દેતું એટલુંજ નહિ પણ કાંઇક અવળુંજ કરી બેસે છે. એટલામાટેજ શાસ્ત્રોમાં વારંવાર કહ્યું છે, કે આત્માજ આત્માનો બંધુ છે ને શત્રુ પણ છે.

વળી, 'વખત નથી શું કરીએ' ઇત્યાદિ અડચણો બતાવનારાં પણ આળસનાં ઉપાસક હોય છે, એ આપણે કહેલું છે. આળસુ માણુસ કામ કરવાને આળસુ હોય છે, પણ મનવાળવારૂપી તકરારો કરવામાં આળસુ હોતાં નથી. મારાથી બને તેમ નથી, એતો આપણું કામ નહિ, મેં પ્રયત્ન કર્યો પણ ન ફાવ્યું, ઇત્યાદિ કારણો લાવી, તે પોતાનું મન વાળી, સામાં માણુસને સમજાવવાનો પ્રયત્ન કરે છે. આવા લોકની તકરાર તપાસીએ તો કાંઇક આ પ્રકારની નીકળે. " સર્વે પોતાથી બને તેટલું, પોતાનું ને પારકું, સારું કરવા મથે છે; જેનાથી સારૂં થઈ શકતું નથી, તેનામાં કરવાની શક્તિજ નથી, એટલે તેનો વાંક નથી. આપણે ભણુતાં નથી,

એજ બતાવે છે કે આપણામાં ભણવાની શક્તિ નથી, નહિંતો મન, કોને ન હોય ?" અહો શી તત્ત્વદર્શિતા, શું ન્યાયપુરઃસર જ્ઞાન ! જો બધી દુનીયાં આ નીતિથી ચાલવા માંડે, તો શું પરિણામ આવે ! ! એ બધી તકરારનો ચોખો અર્થ શો થયો ? એજ કે કરવાની ઇચ્છા નથી, એટલે કરવાની શક્તિ નથી ! ! ઉઠીને ચાર ગાઉ જવાની મરજી નથી, એનું નામ, જવાની શક્તિ થથી ! ! કવિતા રચવા જેટલું કે ગ્રંથ લખવા જેટલું કે કાંઈ પણ કરવા જેટલું જ્ઞાન મેળવવાની ઇચ્છા નથી, એટલે એમજ અર્થ કે શક્તિ નથી ! ! આવા લોકોજ કશું કરી શકતા નથી, ને સર્વદા અણુપરવાર્યાને અણુપરવાર્યા, દોડતા ફરે છે, કે પડી રહે છે. ફ્રાન્સમાં આઠમીવાર કેદમાં પડેલા એક ૪૦ વર્ષના ભીખારીએ પોતાના હાથના કાંડા ઉપર એવા અક્ષરો છુંદાવ્યા હતા કે, ભૂતકાલમાં હું ફસાયો છું, વર્તમાનમાં દુઃખીછું, ને ભવિષ્યનો મને ભય છે, અર્થાત્ એકે કાલમાં મારાથી કાંઈ બને તેમ નથી ! ! ચાળીસે વર્ષે આઠમી વારની કેદ, આવા માણસને મળે, તેમાં નવાઈ શાની !] છતાં એ વાક્યજ એક સામાન્ય કાયદારૂપે, સર્વ આળસુ લોક માને છે, એમ કહેવામાં બાધ નથી.

કામ કામને શીખવે છે, એમ આપણે વારંવાર કહીએ, છીએ, ને તેનાં ઉદાહરણ પણ, પ્રત્યક્ષ, જોઇએ છીએ. તરતાં આવડે તોજ પાણીમાં પગ મૂકવો, એવો ઠરાવ કરી બેઠેલો આળસુ ઠોઠ, કીએ દિવસે તરતાં શીખવાનો હતો ? છતાં પણ આળસુ લોકો, આવડતું નથી, આવડે તો કરીએ, કરવાની અક્કલ નથી, શક્તિ નથી, ઇત્યાદિ મનવળામણાં શોધી લાવે છે, તેનું તાત્પર્ય તો તરતાં આવડયે પાણીમાં પેસવાના ઠરાવ જેવુંજ છે. આળસુ માણસને દિવસ લાંબા લાગે છે, અવકાશ ઘણો જડે છે, એટલે કાંઇ પણ કામ આવ્યું, તો થાય છે હોય છે માં, તે કામ બગડે છે; અને જ્યારે કામ કરવા લઈ બેસે, ત્યારે પણ, ઘણો સમય છે એવો વિચાર રહેવાથી, કામને કેવી રીતે ઝટ પાર ઉતારવું એ વ્યવસ્થા આવડે નહિ, તેથી કશું પાર પડતું નથી. વળી એની એજ વાત ચાલુ રહે છે, કે શું કરીએ, વખત નથી, શક્તિ નથી પ્રયત્ન તો કર્યો પણ આપણું એ કામ નહિ, ઇત્યાદિ, પણ આવી બધી વાતોનું મૂલ આલસ્ય વિના બીજું નથી.

આળસુ માણસોજ ઘણામાં ઘણાં સ્વાર્થી હોય છે. સામા માણસ પાસેથી ફળ મેળવવાની આશા રાખે છે, પણ પોતાને જ્યારે તેવા માણસનું કામ કરવાનું આવે, ત્યારે મારામાં શક્તિ નથી, મને વખત નથી, મને ફલાણી અડ-

ચણુ છે, ને ફલાણું નડતર છે, એવાં બહાનાં લાવે છે; અને સામા માણુસને એમ સમજાવવા ઇચ્છે છે કે એમાં તેમનો વાંક નથી, માટે તેણે તેમની ભુલની ક્ષમા કરવી. આ બધી ઠગાઇનું મૂલ કારણુ, આળસ અને તેથી પેદા થયેલી અધમ સ્વાર્થવૃત્તિ તથા નામરદાઇ એવિના બીજું કાંઇ નથી. એવાં માણુસો અમુક કામ કરવાને પોતે બંધાયલાં છે એમ સમજી શકતાંજ નથી, ને તેથી તેમની નીતિ, રીતિ, બધું શિથિલ પડી જવાથી, પરિણામે તેઓ ભ્રષ્ટ થાયછે.

શ્રમ કર્યાવિના એમને એમજ ફળ મળે એવી આશા રાખવી એ જેમ સ્વાર્થી બાયલાપણાની નિશાની, તેમ પ્રતિવસ્તુ, તેને માટે જે યોગ્ય મૂલ્ય હોય તે આપ્યા વિના મળવાની નથી, એમ સમજવું, એ ખરી ઉદારબુદ્ધિનું, અને પરાક્રમી પુરુષાર્થનું લક્ષણ છે. નીરાંત, અવકાશ, તે પણ મૂલ્ય આપ્યા વિના, વહોર્યાં હોય તો, કડવાં ઝેર જેવાં લાગે છે. અવકાશનું મૂલ્ય શ્રમ છે, શ્રમ પછીનો અવકાશ મીઠો લાગે છે; આળસમાંજ માનેલો અવકાશ, કહી ગયા તેમ હેરાન કરેછે, આગળ અને પાછળ અવકાશની બન્ને પાસા, કામ હોવું જોઇએ. એમ હોય તોજ,તે મીઠો લાગે છે, નહિ તો અકરાંતીઆની પેઠે પેટ ચઢાવે છે, ને હેરાન કરેછે. શરીર કે મન કે ઉભય, એમને સ્થિર રાખવામાં સુખ છેજ નહિ; સુખ માત્ર તેમની પ્રવૃત્તિ, ઉપયોગી પ્રવૃત્તિ, સત્યપ્રવૃત્તિથીજ પેદા થાય છે. થાક લાગી કંટાળી જવાનું આળસુને ઝટ બની આવે છે, મહેનતુને મહેનતમાંજ આનંદ, નીરોગિતા, અને સુખ લાગે છે. પ્રવૃત્તિ, ઉદ્યોગ, એનેજ વિદ્વાનો ખરૂં સુખ માનેછે. એક વિદ્વાન કહે છે કે " જો પરમ કૃપાલુ ઇશ્વર મારી સમક્ષ આવી ઉભો રહે, ને મને કહે કે, 'મારી બે મૂઠીમાંથી એકમાં, મારા સ્વરૂપનું સત્ય જ્ઞાનછે, ને બીજીમાં તે જ્ઞાન શોધવાનો માર્ગ છે, તું તારે ફાવે તે માગી લે,' તો હું જ્ઞાન શોધવાનો માર્ગ, અર્થાત્ મહેનતજ માગી લઉં; અને યથાર્થ સત્ય જ્ઞાન પરમેશ્વરને પોતાનેજ રાખવા દઉં. "

કામ વગરનું માણુસ પછી ગમે તેવું પૈસાદાર હોય, ગમે તેવું સુશીલ હોય, ગમે તેવું ઉત્કૃષ્ટ હોય, પણ સુખી તો હોઈજ ન શકે. આપણું જીવિતજ પ્રવૃત્તિમય છે. તમે શું કરી શકશો તે જણાવો, તો તમે કેવા છો, તમારૂં જીવિત કેવી જાતનું છે, તે તુરત સમજાઇ જશે. માણુસને નીચ વિચારમાં અને અધમ આચારમાં પડતાં અટકાવનારૂં સાધન, સત્યપ્રવૃત્તિવિના બીજું કાંઈ નથી, એથી પણ વધારે કહી શકાય કે સ્વાર્થપરાયણુતામાં પ-

ડવાથી, જે નજીવી ચિંતાઓ પેદા થાયછે, અને જે નાની નાની વાતો ઉપર દુઃખ લગાડવાનું મન થાયછે, તે બધાથી બચવાનો ઉપાય પણ પ્રવૃત્તિજ છે, માણુસો ઘણીવાર એમ કલ્પે છે, કે વ્યવહારના વિઘ્ન અને આયાસમાંથી છુટી આપણે આપણા મનોરથરૂપી કલ્પિત આનંદમાં પડી રહીશું; પણ એવા પ્રયોગનું સર્વદા એકજ પરિણામ આવ્યું છે, કે વિઘ્ન, ચિંતા, અને આયાસમાંથી તે માણુસો છુટી શકયાં નથી. આયાસ કષ્ટ, એતો, આપણો સ્વભાવજ છે, તો સ્વભાવથી કેમ છુટી શકાય? સ્વભાવ ન હોય તો આપણે નથી, ને આપણે ન હોઇએ તો સ્વભાવ નથી, એવા સંબંધરૂપ સ્વભાવથી છુટવાની વાતજ વ્યર્થ છે...જેઓ આયાસથી વેગળા ખસવા જાય છે, તેમને આયાસ વધારે વળગતો જાય છે. આળસુ માણુસ એમ ધારે છે, કે હું બધા કરતાં થોડો શ્રમ કરૂંછું ને સુખીછું, પણ જે થોડો શ્રમ તેને ભાગ આવેછે, તે બીજાના ઘણા શ્રમ કરતાં, વધારે વિકટ અને વધારે ઉગ્ર થઇ પડે છે, એવોજ વિશ્વવ્યવસ્થાનો નિયમ છે. કારણ કે જે માણુસે કેવલ પોતાની જાતનેજ પોષવી, આનંદમાં રાખવી, એવો આળસનો સ્વાર્થી નિયમ પકડયો છે, તેને બહુ થોડાજ સમયમાં જાણુ પડયા વિના રહેતું નથી, કે તેણે પોતાને માથે બહુ હઠીલો, અને કરડો, ધણી વહોર્યો છે. પોતે પોતાને સંતોષવામાં હજારો નજીવી વાતોમાં ચિંતાતુર બને છે, ને જ્યાં મ્હોટી વાતપર લક્ષ નથી હોતું, ત્યાં નાની નકામી વાતો મ્હોટી બની, વિનાકારણે સ્વાર્થી આળસુને રંજાડે છે. "ગમતું નથી" એતો તેની નિરંતર રાવ રહે છે, અને "ગમાવવા" માટેજ તેને મહા મહા દુઃખમાં ઉતરવું પડેછે. એમ સુખ શોધવા જતાં, ઉલટું દુઃખ મળેછે, ને તે દુઃખ પણ એવાં નજીવાં કારણોમાં માનેલુ હોયછે, કે દુનીયાંના પ્રવૃત્તિમાન્ ડાહ્યા લોક, તે જોઇને હસ્યાવિના રહે નહિ. એ પ્રમાણે અમૂલ્ય જીવન એળે જાય છે."

સર્વથા સત્પ્રવૃત્તિમાંજ સુખ છે, પરમાર્થ બુદ્ધિનું બીજ છે, આયુષની વૃદ્ધિ છે, જીવ્યાનું સાર્થક છે. એ વાત ખરીછે કે કેવલ પ્રવૃત્તિમાંજ મંડી મર્યાદા પાર કામ કરવાથી કેટલાંક મરી પણ જાય છે; છતાં એમ નિશ્ચય સમજવું કે કામથી જેટલાં મરતાં હશે તે કરતાં નકામથી, આળસથી વધારે મરેછે. વાસ્તવિક રીતે કામ કરવાથી કોઇ મરતુંજ નથી, મરેછે માત્ર યોગ્ય વ્યવસ્થા ન રાખવાથી, શરીરની શક્તિ ન જાળવવાથી, સારો આહાર ન લીધાથી, નિયમિત ન રહ્યાથી, ઇત્યાદિથી; વિકટ પ્રવૃત્તિમય, અને નિયમિતરીતે ચલાવે-

લા ઉદ્યમથી કોઇપણ દુઃખી થયું નથી, કે થનાર પણ નથી. પ્રવૃત્તિ એજ ખરા જીવિતનું ભૂષણ છે. એજ જીવવું કહેવાય, બાકીનું બધું જીવતાં છતાં પણ મરણજ છે. માણસનું જીવિત વર્ષનાં પ્રમાણથી લાંબુ ટુંકું ગણાતું નથી, તેમાં જેટલું કામ થાય તેના પ્રમાણમાં ગણાય છે. આળસુ માણસો સો વર્ષ જીવે તોપણ મુવેલાંજ છે, ઉદ્યોગી માણસ પચીશ ત્રીશ વર્ષ જીવે તોપણ સો વર્ષ જીવ્યા બરોબર છે. જેમ વધારે ઉપયોગી પ્રવૃત્તિ, વધારે ઉચ્ચતર વિચાર, તેમ વધારે વર્ષ જીવવું એમજ સિદ્ધ નિયમ છે. જે નિરૂદ્યમી, નકામો, માણસ છે તે એક ઝાડની પેઠે, જીવે છે; અમુક સ્થિતિમાં પડયાં પડયાં પણ વધવું એ તેનો સ્વભાવ છે માટે વધે છે, બાકી વાસ્તવિકરીતે જીવતો નથી નીતિવચનોમાં પણ કહેલું છે કે એવો માણસ તે तृणंनखादन्नपिजीवमानः । * એક જીવવાનો સ્વભાવ છે માટે જીવે છે, વાસ્તવિક જીવતો નથી. કામમાંજ મહત્તા છે, શુભ પ્રવૃત્તિવિના કોઇ મહોટો થયો નથી, ને શ્રમને ગમે તેવા મહોટા પુરૂષોએ પણ હલકો ગણ્યો નથી. આપણા જ શંકર કૃષ્ણ, બુદ્ધ, એમના ઉપર વિચાર કરો. ઇસ્લામ ધર્મ પ્રવર્તક મહંમદ, ક્રીશ્ચીઅન ધર્મનો સ્થાપનાર ક્રાઇસ્ટ તેની પાસા જુઓ, તે કોણ હતા? એક બ્રાહ્મણવિધવાનો બાળક, બીજો ગોવાળનો પુત્ર, ત્રીજો રાજાનો કુમાર, ચોથો વેપારી, પાંચમો સુતાર હતો. આપણો સમર્થ કબીર એક તરફ વેદાન્તનો ઉપદેશ આપતો, ને બીજી તરફ સાળ ચલાવીને ગુજરાન કરતો. યુરોપમાં નવો ધર્મ સ્થાપનાર પ્રખ્યાત લ્યુથર ખેતી કરતો ને ઘડીયાળો પણ બનાવતો. આમ દુનીયાંના ઉપર પોતાનાં નામની છાપ મારી ગયેલા પ્રખ્યાત મહાત્માઓએ પ્રવૃત્તિમય જીવિત ગાળી, પ્રવૃત્તિ એજ પુરૂષાર્થ છે, એમાંજ ખરી મહત્તા છે, એમ સિદ્ધ કરી આપ્યું છે. નિરંતર, નિત્ય, સત્પ્રવૃત્તિપરાયણ થવું એ પુરૂષોને તેમ સ્ત્રીઓને પણ બહુ આવશ્યક છે. સ્ત્રીઓ પ્રવૃત્તિમાં ન રહ્યાથી હજારો કુછંદને વશ થઈ જાય છે. પ્રથમ તો એજ મહા દુર્વ્યસન શીખે છે કે નિંદા, કુથલી, ને નકામા કજીઆ કર્યા કરવા. પ્રવૃત્તિવિનાના જે પુરૂષો હોયછે તે પણ આ વાતમાં સ્ત્રીરૂપજ છે. આનું કારણ એટલુંજ કે સત્પ્રવૃત્તિપરાયણ ન રહેવાથી તેમનાં મન સાંકડાં થઈ જાય છે, ને તેઓ પોતાનાં સાંકડાં મનદ્વારા બધું જુએ છે. એમ થવાથી કોઇ

* जीवमानः એ જીવ ધાતુનું વર્તમાન કૃદંતરૂપ નથી, પણ સ્વભાવવાચક અર્થનું બીજુંજ કૃદંતરૂપ છે.

વાત તેમને રૂચતી નથી, જેમાં તેમાં હું ને મારૂં એજ મોખરે આવી તેમને નિરંતર કજીઆ ને કંકાસમાં ઘેરી લેછે. પ્રવૃત્તિવિના એક પાસાથી આવું પરિણામ આવે છે તેમ બીજી પાસાથી એથી પણ અધમ પરિણામ આવી શકે છે. સાંકડા મનને લીધે અભિમાન વધે છે, ને તેમ થવાથી આત્મશ્લાઘા, પોતાની સ્તુતિ, એ બધાં બહુ પ્રિય થઇ પડે છે, એટલે કે સાચ્ચી વૃત્તિવાળી છતાં પણ પ્રવૃત્તિના અભાવે કરી અભિમાની બનેલી સ્ત્રીઓ અનાચારનો ભોગ થઇ પડે છે, ને કુટુંબ ક્લેશ તથા સંકર પ્રજાનું મહાનિદાન નીવડે છે. એક ત્રીજી હાની પણ પ્રસિદ્ધજ છે. પ્રવૃત્તિવિના બેશી રહેવું, અર્થાત સત્પ્રવૃત્તિમાં રોકાયલાં ન રહેવું, તેથી મનનો બીગાડ થવા ઉપરાંત તનનો પણ બીગાડ થાય છે. ગામડામાં પાણી વહી લાવવાનો, દળવાનો, ખાંડવાનો, વાસણ અજવાળવાનો, ઘરમાં દાણાદુણી સંભાળવાનો, ઈત્યાદિ વ્યવહાર સ્ત્રીમાત્ર—પૈસાદાર કે ગરીબ સર્વને માથે પડેલો હોય છે, એટલે સહજજ તેમને માથે ઉગ્ર પ્રવૃત્તિ આવી પડેલી રહે છે. તેથી જેમ તેમનાં મન ઝાઝાં બગડી જતાં નથી, તેમ શરીર પણ બહુ આરોગ્ય રહે છે, પણ શેહેરોમાં એ બધાં કામ ગરીબ માણસ પણ નોકરો પાસે કરાવે છે, છેક છોકરાં ધવરાવવા જેવું પવિત્ર કામ પણ ચાકરોદ્વારા કરાવી એક રીતે બાળકોનાં તનમન અને આત્માની હત્યા કરેછે, ત્યાં સ્ત્રીઓ સાંકડા મનની હોવા ઉપરાંત, ક્ષયરોગી, ફેફરાના રોગથી પીડાતી, અંદરથી ગળી જતી, ફીકી, નબળી ને નિર્માલ્ય જણાય છે. માટે તનમન ઉભયની આરોગ્યતા સારૂ પુરૂષોને તેમ સ્ત્રીઓને સર્વને રાતદિવસ શુભ પ્રવૃત્તિ રાખવી એજ પરમ આનંદનું પરમ કારણ સમજી લેવાનું છે.

શરીર અને મન બન્નેની સુખાકારી સારૂ પ્રવૃત્તિની અપેક્ષા છે. આપણા પ્રખ્યાત પ્રધાનવર ગ્લેડસ્ટન સાહેબ પાર્લામેંટમાં ભાષણ આપી આખા દેશના ભાગ્ય ઉપર પોતાના વિચાર ચલાવી, કલમના એક મરોડમાં કરોડોનાં નસીબ ઉંધાં કે ચતાં કરી, ઘેર જઇ શું કરે છે? પોતાના બાગમાં જઇ કુહાડો લઇને લાકડાં ચીરે છે!! મનની પ્રવૃત્તિસાથેજ તનને પણ કસે છે. તનમન ઉભય જો યથાર્થરીતે પ્રવૃત્તિમાન્ ન હોય તો સડી જાયછે. પણ હવે એ ત્રણમાં આત્માને પણ ઉમેરો. તનમન અને આત્મા એ ત્રણે પ્રવૃત્તિ વિચાર શક્તિમાં રહેલી છે. આત્માની પ્રવૃત્તિ જ્ઞાનમાં રહેલી છે. જેનો આત્મા કેવલ હું અને મારૂં જોઇનેજ પ્રસન્ન રહે છે, તે આત્મઘાતી છે, જ્ઞાન એનું

નામ કે જેમ પોતાનાં સુખદુઃખાદિથી પોતાને થાય છે, તેમજ સુખદુઃખાદિથી બીજાને પણ થશેજ, એમ સમજી પોતા જેવાંજ સર્વને માનવાં—પરમ પ્રેમભાવ પામવો, એવા પ્રેમરૂપ પ્રભુમાં આત્માની એકતા કરવી એજ આત્માની પ્રવૃત્તિ છે, તનમન અને આત્મા એ ત્રણેને પ્રવૃત્તિમાં રાખ્યાથી આરોગ્ય, શાન્તિ, અને મોક્ષ પમાય છે. પણ તે બધાં પ્રવૃત્તિવિના મળતાં નથી તે પોતે પણ પ્રવૃત્તિરૂપજછે. અપ્રવૃત્તિરૂપ આલસ્ય તે સંન્યાસ કે મોક્ષ, કે પરમજ્ઞાન નથી. नह्किश्चित् क्षणमपि जातुतिष्ठत्यकर्मकृत् । ક્ષણ કર્મ કર્યાવિના, પ્રવૃત્તિવિના કોઇ રહી શકતું નથી. તો જે તેમ રહેવા ધારે છે, તે મિથ્યાચારીછે, ઢોંગી છે, આળસુ છે, સ્વાર્થીછે, ખરાં અજ્ઞાની છે, શઠ છે. સુખમાત્રનું નિદાન, રહસ્ય, પ્રવૃત્તિજ છે. સંસારમાં, સંન્યાસમાં, મોક્ષમાં, બધામાં પ્રવૃત્તિ એજ રહસ્ય છે, એમ વિશ્વક્રમનોજ નિયમછે, જ્ઞાન પણ પ્રવૃત્તિવિના પ્રાપ્ત થતું નથી. જો એકાએક અકસ્માતજ, દાણા ઉગાડી દેવાય, તો અકસ્માતજ, અપ્રવૃત્તિથીજ, કેવલ આલસ્યરૂપ સંન્યાસથીજ, જ્ઞાન પણ પેદા કરી દેવાય. ઘણાક પરમજ્ઞાન જે મોક્ષ તે પરત્વે આવી ભુલ કરેછે, ને ઘણા માણસો સામાન્ય જ્ઞાનસંબંધે પણ એવીજ ભૂલમાં પડે છે. કર્મ કરીને જ્ઞાનવાન થઇએ, કીર્તિ મેળવીએ એવી લાલસા સર્વ કોઇને થઈ આવેછે, જોકે કીર્તિ મેળવવા જ્ઞાન પામવું એ લાલસા ઘણી અધમ છે, ને તેવી લાલસાવાળાને ખરૂં જ્ઞાન કદાપિ પ્રાપ્ત થતું નથી; સરસ્વતી કોઇ દિવસ ઠાઠમાઠને વરતી નથી; છતાં તે એવી પવિત્ર છે કે કેવલ ઠાઠની ઇચ્છાથી પણ જે તેનું નામ ધારણ કરેછે તેને થોડો ઘણો લાભ આપ્યાવિના રહેતી નથી. પણ એ સરસ્વતીપ્રસાદરૂપ જ્ઞાન એકાએક આવીજવાનું નથી, જોવાથી, વાચવાથી, ઉગ્રશ્રમ કરવાથી આવી શકે તેમ છે. એનું રહસ્ય પણ પ્રવૃત્તિજ છે. એકાદ બે ચોપડીઓ ઉપર ઉપરથી જોઇ લઇએ ને જ્ઞાની બની જઇએ એમ આળસમાત્રથીજ ફળની આશા રાખનારા ઠગાય છે, ને ખરા અજ્ઞાની નીવડે છે.

પ્રવૃત્તિમાં પડવાથી માણસને નિયમિત થતાં આવડે છે એ આપણે કહી ગયા છીએ. પ્રવૃત્તિથી સામાન્યતઃ સુખી થવાય છે, ને પ્રવૃત્તિ એજ આપણો સ્વભાવ હોવાથી તેમાથી છુટવું અશક્ય છે. એ પ્રવૃત્તિથીજ આપણા જીવિતમાં અવાંતર લાભો પણ ઘણા થાય છે નિયમિતપણું આવેછે, સમય કેમ વાપરવો, કામ કેમ પાર ઉતારવું, એ આવડે છે.

આટલુંજ આવડે છે એમ નથી, પણ સ્વાર્થરૂપ સાંકડાપણું ટળી આપણો સ્વભાવ ઉદારતા પામે છે, ને આપણું ચારિત્ર એમ બંધાય છે. પ્રવૃત્તિથી જ માણુસ માણુસપણું સાચવી શકે છે, તે સાચવ્યા પછી તેને વૃદ્ધિ પમાડી ઇશ્વરત્વને પામે છે. ચારિત્રનું નિદાન પ્રવૃત્તિ છે.

પ્રવૃત્તિ એજ માણુસને સર્વ પ્રકારના વ્યવહાર માટે યોગ્ય કરે છે. સમયને કેમ વાપરવો, કાર્યની કેમ વ્યવસ્થા કરવી, કેમ સાવધાનતા રાખવી, ઇત્યાદિ ગુણો સહજ રીતે પ્રવૃત્તિમાન માણુસનામાં સ્ફુરી આવે છે. એના એજ ગુણુથી વેપાર ચાલે છે, સંસાર ચાલે છે રાજ ચાલે છે વેપારી ઘરબારી, કે રાજકીય પુરૂષ એ ત્રણેનાં કામ જુદાં જુદાં જણાય છે, પણ તેમના પોતપોતાના કામમાં તે સર્વેને સામાન્યરીતે આવશ્યક એવા ગુણો તો એકજ જાતના છે. રોટલા ઘડી, છોકરાં છૈયાં સંભાળી, સગાં સવાદ રાખતી, ગૃહિણી, અને ઉત્પાદવ્યયનો નિયમ બાંધી, પ્રજારક્ષણ યોજી પ્રીતિ પામતો રાજા, ઉભય એકજછે. એવો આજકાલ વહેમ છે કે ભણેલા લોક વ્યવહારમાં કુશલ ન હોય; વ્યવહારવાળા ભણેલાના જેવી અક્કલવાળા ન હોય; ભણેલા રાજકાજમાં નભે નહિ; રાજકાજમાં નભનારાને ભણુવાની જરૂર નહિ. વેપારીઓ એમ સમજે છે કે જેઓ ભણેલા છે તેમને તો વેપાર કરતાંજ ન આવડે, ભણેલા એમ સમજે છે કે વેપારીઓને તેમના જેવી વાતો કરતાંજ ન આવડે. કોઈ માણુસ નિશાળમાં માસ્તર હોય, કે કોઇ બે ચાર ગ્રંથનો રચનાર હોય, તો તે બન્ને એક વેપારી અથવા રાજકીય નોકરી કરનારની નજરમાં નકામા માણુસજ જણાય છે! તેને એમજ લાગી આવે છે કે છોકરાં ભણાવનાર અને ચોપડીઓ બનાવવા માટે તરંગોમાં મશગુલ રહેનાર એ બે પ્રકારના માણુસને મહાભારત વિચારોની વ્યવસ્થા કરતાં આવડેજ કેમ? વળી ખેતી કરનાર ખેડુતને તો બધાએ હસે છે! આ બધા વિચારો કેવલ ભુલ ભરેલા છે, ને એવા ભુલ ભરેલા વિચારોને લીધેજ એવા અવળા તર્ક લોકોમાં ચાલે છે કે જેને વંશપરપરાની જાગીર હોય, વેપાર રોજગાર હોય, તેને ભણુવાની જરૂર કયાં છે? જેને ખાવાનું ન મળે, નોકરી કરવી હોય, તે ભલે ભણો, એમજ ભણીને વિદ્વાનમાં ખપેલા એમ જાણે છે કે વેપારી કે ફક્ત રાજ્યતંત્રની કડાકુટમાં પડેલો તે કેવળ મૂર્ખજ હોય છે, ને વિદ્યાની વાત ક્યાંથી સમજે. પણ ખરી વાત તો એવી છે, કે ગ્રંથકાર, માસ્તર, વેપારી, અમલદાર, ખેડુત, મજુર કે

ચૂલા આગળ રાંધનારી છોકરાં પાળનારી મા, એ સર્વેને સમય સૂચકતા, સમય તથા કાર્યની વ્યવસ્થા દીર્ઘદર્શિતા, કર કસર, અવધાન, પ્રામાણિકતા, ધૈર્ય, ઉદ્યોગ, ઇત્યાદિ ગુણોની સરખી અપેક્ષા છે. એ બધા ગુણ પ્રવૃત્તિથીજ પ્રાપ્ત થાય છે. પ્રવૃત્તિમય જીવિત ગાળવું એજ એ ગુણોને ઉત્પન્ન કરનાર છે. ત્યારે ગમે તે ધંધામાં પણ પ્રવૃત્તિ પરાયણ માણસનામાં આવા બધા ગુણ આવેલાજ હોય છે. જ્યારે એજ ગુણો સર્વ પ્રકારના ધંધાને ઉપયોગના છે, ત્યારે એક ધંધાવાળો બીજા ધંધા માટે નિરુપયોગીજ છે, એમ માનવું કેવલ ભુલ છે. ધંધોમાત્ર પ્રવૃત્તિનું રૂપાન્તર છે, ને એક ધંધામાં કે બીજામાં, પણ સત્પ્રવૃત્તિમાન એજ જયવાન એટલુંજ તાત્પર્ય છે, જે પ્રવૃત્તિમાન્ છે, ઉદ્યોગી છે, તે સર્વ પ્રકારના ધંધા માટે યોગ્યજ છે. આ વાતમાં ઉદાહરણ પણ થોડાં નથી; અસંખ્ય છે. પ્રાચીન કાલમાં કવિવર શિરોમણિ કાલિદાસ એક પાસાથી શકુંતલાનું પ્રેમમય ગાન નીરૂપતો હતો, ને બીજી પાસાથી કાશ્મીરના રાજ્યની વ્યવસ્થા ઉપર પાકું લક્ષ આપતો હતો. એમજ બાણકવિ હર્ષ વિક્રમના દરબારમાં પ્રધાન પદે છતાં, મહાકાવ્યો રચવામાં નિતાન્તગ્રસ્ત હતો; અરે પ્રસિદ્ધ સાયણાચાર્ય જેણે વેદનાં ભાષ્ય, વેદાન્ત, આયુર્વેદ, મીમાંસા, ષડ્દર્શન ઇત્યાદિવિષે અનેકાનેક ગ્રંથ ગુંથ્યા છે તે કોણ હતો? વિજયનગરના બુક્કરાયનો પ્રધાન! રાજાઓમાં પણ વિક્રમ, ભોજ, ભર્તૃહરિ, છેક અર્વાચીનમાં અકબર, પ્રતાપ, એ બધા વિદ્યાના ઉપાસકરૂપે તેમ મહાવિજયી, પ્રજા સંતોષી, રાજારૂપે પ્રસિદ્ધ છે. યુરોપમાં પણ પિટ, મેકોલે, ગ્લાડસ્ટન બીકન્સફીલ્ડ, લીટન એ બધાં નામ આપણને પ્રખ્યાત રાજ્યાધિકારી તેમજ પ્રખ્યાત વિદ્યાવિલાસી રૂપે સારાં પરિચિત છે. છેક આપણી દૃષ્ટિ આગળ ઇંગ્લંડનો પ્રખ્યાત જોનબ્રાઇટ એક સમર્થ વેપારી છે, આપણા લોકપ્રિય દેશપ્રેમી શેઠ દાદાભાઇ પણ વેપારીજ હતા, રાજનીતિમાં પ્રવીણ આપણા પ્રખ્યાત રા. રા. ઝવેરીલાલ ઉમીઆશંકર વેપારથી જનિર્વાહ કરે છે, છતાં સર્વે પ્રસિદ્ધ લેખક ગ્રંથકાર, જાણીતા દેશહિતૈષી છે. ડાર્વિનની પ્રખ્યાત કલ્પના—મનુષ્યનો જનાવરમાંથી ઉદ્ભવ અને તેની રીતિ, તેનો મૂલ શોધ કરનાર વોલેસ અદ્યાપિ જીવે છે, ને એક દારૂ ગાળનાર વેપારી છે. કેવલ પ્રવૃત્તિપરાયણતા, એજ સર્વ ધંધાને માટે લાયકીનું ચિન્હ છે; જૂનાગઢના સ્વર્ગવાસી દીવાન સુજ્ઞ ગોકુલજી ઝાલાએ, મુંબઇની બુદ્ધિવર્ધક સભામાં વાંચેલા 'મનુસ્મૃતિમાનો રાજ્યનીતિસાર.' એ નિબંધ ઉપરથી બુદ્ધિવૈભવ વિચારી રાજ્યના પ્રતિનિધિ રૂપે પસંદ

કરેલા ગૃહસ્થે પોતાનુ સામર્થ્ય પ્રત્યક્ષ સિદ્ધ કરી આપ્યું નથી ? એજ આપણા લોકપ્રિય પ્રથમવર્ગીય લેખકવર રા. રા. મનઃસુખરામ સૂર્યરામ. એમજ વડોદરાની રેસીડેંસીમાં આસિસ્ટંટ તરીકે સિદ્ધ જણાવેલી કુશલતા ઉપરથી કચ્છના મુખ્ય તથા અધુના વડોદરાના દીવાનને પદે ચઢેલા દીવાન બહાદુર મણિભાઇ; કે પોતાના વિશાલ પ્રાંતના વહીવટમાં પ્રમાણિકતા સત્યશીલતા અને કાર્ય પરાયણતાથી પ્રાપ્ત કરેલા પરમ ઉત્તમ ગુણ યુકત જૂનાગઢના દિવાન રા. રા. હરિદાસભાઇ એ સર્વેએ શું એક કામ મૂકી બીજા કામમાં પ્રવેશ કરતાં કોઇ પણ જાતનું પાછા પડવાપણું બતાવ્યું છે ! ગમે તે ધંધામાં હોય પણ પ્રવૃત્તિમાન માણસોએ તે તે ધંધાને સર્વથા દીપાવ્યા છે. ત્યારે પ્રવૃત્તિ એજ સર્વ પ્રકારની વ્યાવહારિક તેમ પારમાર્થીક યોગ્યતાનું નિદાન છે. મનુષ્ય માત્રને પ્રવૃત્તિ જોઇએ, પછી તે જે ધંધો પોતાને ભાગ આવ્યો તેમાં પણ નિયમિત સત્પ્રવૃત્તિ વિના રહેવું વ્યર્થ છે, મરણતુલ્ય છે, મરણ છે, પાપ છે, ઇશ્વરનો નિયમ ભંગ કર્યા બરાબર છે.

ધંધો ધંધો ને ધંધો; માણસને ધંધો જોઇએ. કાંઇ ન હોય તો કોઈ પ્રકારની એક ધૂન લાગવી તે પણ આળસુ રહ્યા કરતાં સારી છે. એક કોઇ વાતનેજ પકડી લેવી, દુનીયામાં અમુક સુધારોજ દાખલ કરાવવાની યોજનાઓમાં પડવું, કે અમુક ધર્મના વિચારમાંજ બધાને વાળવા મથવું, કે એક અશકય જેવી શોધ કરવામાંજ સમય ગાળવો— એ બધું વ્યાવહારિક માણસોને અશકય જેવું, સ્વપ્ન જેવું, ગાંડાઇ જેવું, લાગે પણ બહુ ઉપયોગનું છે. એમાંથી સારાં પરિણામ થાય છે, આખા દેશને તેમજ તેવામાં મચ્યા રહેનાર માણસોને પરિણામ ન થાય તોએ, એ બધી વાતો પ્રવૃત્તિરૂપ છે એટલાજ માટે પરમ ઉપયોગની છે. પોતાના નિત્યકર્મથી કંટાળી ગયેલા માણસોને એવી ધૂનવાળી પ્રવૃત્તિમાં વિરામ મળે છે, આનંદ થાય છે, ને સુખ ઉપજે છે. ધૂનરૂપ પ્રવૃત્તિ પણ માણસને સ્વાર્થી ને સાંકડાં મનનું થતાં અટકાવે છે, એટલે તે ખરેખરી ઉપયોગીજ છે. પ્રવૃતિ, પછી તે સારી પ્રથમ વર્ગની જ્ઞાનમય હો, કે ઉતરતા વર્ગની શરીરની મજુરીરૂપ હો, પણ તેજ બધી વાતનું નિદાન છે પ્રવૃત્તિપરાયણ માણસોજ સુખી છે, ખરા સામર્થ્યવાળા છે. જે નબળા, શકિતહીન, અધમ લોક છે તે આળસના ભકતોમાંનાજ હોય છે. જેઓ ખરા પ્રવૃત્તિમાન્ છે તેમને પોતાના બલ ઉપર વિશ્વાસ હોય છે, ને તેથી તેઓ પરાક્રમી ઉઠે છે; જે આળસુ છે તે પારકા ઉપર આધાર રાખે

છે, ને નિસ્તેજ બાયલી જીંદગી ગાળી પતંગવત્ કહીં ના કહીં કોઇના જાણ્યામાં આવ્યાવિના આટો વીટી થઇ જાય છે. आलस्यं हि मनुष्याणां शरीरस्थो महान् रिपुः । नास्तुद्यमसमो बंधुः कृत्वायं नावसिदति ॥

ઉદ્યમ કે પ્રવૃત્તિની આવશ્યકતા અને કર્તવ્યતા કહી ત્યારે પુરૂષ પોતે ઉદ્યમ કરીને સુખ પામી શકે એમ સિદ્ધ જણાવ્યું. ઘણા એક એવો વાદ લાવશે કે જ્યારે ઉદ્યમથીજ બધું થાય છે ત્યારે ઉદ્યમ કર્યા છતાં સુખ દુઃખ કેમ ધારવા પ્રમાણે મળતાં નથી ? પ્રારબ્ધને આધીન બધી વ્યવસ્થા છે તેમાં પુરૂષાર્થ કરવાની વાતજ ક્યાં સમાય છે? આ પણ આળસુ માણસોનોજ વાદ છે છતાં તેનું ઉત્તર આપ્યા વિના જવા દેવા જેવો નથી. પ્રારબ્ધ છે તે જગતના મહાકાર્યકારણ રૂપ નિયમનો વિભાગ છે, ને તેનાથી કોઇ છુટી શકે એમ નથીજ પણ માણસોએ સમજવું જોઇએ કે પ્રવૃત્તિ એજ તેમનું પ્રારબ્ધ છે. પ્રવૃત્તિથી છુટી જવું છેજ કયાં ? છુટી ગયોછું માનનાર પણ ક્યાં છુટોછે ? શું તેનું લોહી ફરતું નથી, તેની આંખ જોતી નથી ? તેનો શ્વાસ ચાલતો નથી, તેને ભુખ લાગતી નથી, કે તેનું મન ભમતું નથી ? અરે કદાપિ એ બધું ન હોય ને એ મરીજ ગયો હોય તો પણ શું મુવેલું શરીર એમનું એમ રહેછે, સડતું નથીજ, જીવડાં પડી ખદબદતું નથી ? ત્યારે બતાવો કે પ્રવૃત્તિવિનાનું સ્થાન ક્યાં છે ? પ્રવૃત્તિ એજ પ્રારબ્ધછે. પ્રવૃત્તિથી છુટવા જવું એતો પોતે પોતાને ખંધોલે બેસવા જવા બરાબરછે. આપણે ક્યાં એમ કહીએ છીએ કે સુખજ મેળવો કે દુઃખજ મેળવો, પણ આપણે તો એટલું કહીએ છીએ કે પ્રવૃત્તિમાંજ રહો, પછી જે થનાર હશે તે થશે માટે પ્રવૃત્તિજ ન કરવી એવી ભૂલમાં ન પડો, કેમકે પ્રવૃત્તિથી છુટાતું છેજ નહિ એટલે એવી ભૂલમાં પડશો તો નવરાં બેઠાં નખોદ વળી જશે. પ્રવૃત્તિનો સુખ દુઃખ સાથે સંબંધ ગમે-તેવો હો; પણ પ્રવૃત્તિ પોતેજ સુખરૂપ છે, પ્રવૃત્તિ એજ આનંદ છે, એનો પરિણામ ગમે તેમ આવો । પ્રારબ્ધ છે તે પુરૂષાર્થરૂપજછે, થનારૂ થશે માટે લાવો પડયા રહીએ એવી, વસ્તુગતિને ન સમજવાથી ભુલરૂપ 'કીસ્મત' નથી, કે પરમેશ્વર કે ગુરૂની કૃપાહશે તો બધું એની મેળે થઇ જશે એવા આંધળા 'પ્રસાદ'રૂપ ભક્તિ પણ નથી. પ્રવૃત્તિ, પુરૂષાર્થ, એજ વસ્તુમાત્રનો સ્વભાવ છે, પ્રારબ્ધ છે, તેમાં સર્વદા મંડયા રહેવું ને તે મંડવામાંજ સુખ સમજવું. ફલ મળે કે ન મળે પણ પ્રવૃત્તિપરાયણ રહેવું એજ સુખરૂપ છે,

। उद्योगिनं पुरुषसिंहमुपैतिलक्ष्मीः दैवं हि दैवमितिकापुरुषावदंति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्यायत्नेकृतेयदि न सिध्यतिकोऽत्रदोषः ॥

પ્રકરણ ૫.

શૌર્ય.

आपद्गतःखलु महाशयचक्रवर्ती ।
विस्तारयत्यकृतपूर्वमुदारभावम् ॥

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः प्रारभ्याविघ्नाविहताविरमन्तिमध्याः ।
विघ्नैःपुनःपुनरपि प्रतिहन्यमानाःप्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥

विपदः सन्तु नः शश्वत्त्रतत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥

શૌર્યવતાં સ્ત્રીપુરુષોની આ દુનીયાં બહુ આભારી છે. શૌર્ય એટલે શારીરિક શૌર્ય વિષે અમે કહેતા નથી; એમાં તો કેટલાક પહાડી કૂતરા માણુસની બરાબરી કરી શકે છે, છતાં પહાડી કૂતરા એ કાંઇ કૂતરાની જાતમાં ડાહ્યામાં ડાહ્યા ગણુતા નથી.

મૌન પણુ અવિચ્છિન્ન ઉદ્યોગ તથા પ્રયત્નરૂપે જે શૌર્ય દર્શન દે છે, જે સત્ય અને કર્તવ્યને સંભાળવામાં ગમે તેવો ઉઠાવ કરવાની કે ગમે તે ખમવાની ધીરજ રાખે છે, તે, શરીરશૌર્ય જેનાં પરાક્રમોને એલકાબ અને માનથી શણુગારવામાં આવે છે, અથવા જેને પુષ્પથી—પણુ રુધિરમાં બોળાયલાં પુષ્પથી—વધાવી લેવામાં આવે છે, તેના કરતાં વધારે વાસ્તવિક અને યથાર્થ વીર્ય અને ભવ્ય પરાક્રમ છે.

સત્યપરાયણુતારૂપ શૌર્ય તેજ સ્ત્રીપુરુષનું મ્હોટામાં મ્હોટું આભૂષણુ છે. સત્ય બોલવાનું શૌર્ય; ન્યાયી થવાનું શૌર્ય; પ્રમાણિક બવાનુ શૌર્ય; લોભની સામા થવાનું શૌર્ય, કર્તવ્ય કરવાનું શૌર્ય. જો સ્ત્રીપુરૂષોમાં આ એક ગુણુ ન હોય, તો બીજા અનેક તેમનામાં સચવાઈ રહે એવો કશો આધાર નથી.

જે જે મહાન્ શોધ અને કલાથી આ જગત આનંદ ભોગવે છે તે પ્રત્યેક અગાધ વિકટ સંકટ અને વિરોધ વેઠીને ખરાં શૌર્યવાન મનુષ્યોએ કરેલાં છે. નિંદા, વિડંબના અને સંકટની સામા થઇ જેણે પોતાનું સ્થાન પ્રાપ્ત ન કર્યું હોય એવું એક પણ સત્ય આખા જગતના ઇતિહાસમાંથી દૃષ્ટિએ પડનાર નથી એ શુદ્ધમાંજ એવા સત્યભકતોનું શૌર્ય પ્રકાશી આવ્યું છે. ગ્રીસ દેશના બ્રહ્મનિષ્ટ પંડિત સોક્રેટિસને તેની બહોતેર વર્ષની વયે ઝેર પાઇ મારી નાખવાની સજા થઇ, તે એટલા માટે કે એ પોતાના ઉપદેશથી દેશનાં બાલકોને અવળે રસ્તે ચઢાવે છે એવો તેના શત્રુઓએ તેના ઉપર આરોપ આણ્યો. બ્રહ્મભાવનો પરમ બોધ કરતાં તે નર ઝેર પી ગયો ને પોતાના ન્યાય કરનારને કહેવા લાગ્યો કે " આપણે જુદા થવાનો હવે સમય થયો છે—મારે મરણ માટે, તમારે જીવવા માટે; પણ ઉભય માંથી વધારે યોગ્ય ભાગ્ય કોનું છે તે તો પરમાત્મા વિના સર્વને અજ્ઞાત છે ' એનીજ રીતે બ્રહ્માત્મૈક્યવાદ જેવો બોધ કરવા માટે બ્રુનો નામના સાધુને બાળી મૂકવાની સજા થઇ હતી ત્યારે તેણે પોતાના ન્યાય કરનાને કહ્યું હતું કે " હું સજા પામવાથી જેટલો ડરતો હોઉં તે કરતાં અનેક ગણો ડર તો તમને મારી સજા મને સંભળાવતાં થાય છે. " એજ પ્રમાણે ગેલેલીઓ, કોપર્નિકસ, ન્યુટન, એવા અનેક સત્ય શોધકોને અનંત દુઃખ સહન કરવાં પડયાં છે;— ને તે બધાં, લોક તરફથી, અધિકારીઓ તરફથી, ધર્માધ્યક્ષો તરફથી—છતાં પરમ શૌર્યના પરમ ભકતોની ભક્તિએ આ વિશ્વને ત્રેજિત કરી એવી કોઇ સુવાસ પાછળ મૂકેલી છે કે તેના ગંધનો રજ અજ્ઞાતપણ જેના નાકમાં ભરાય છે તેનું જીવિત સ્વર્ગ તુલ્ય બની રહે છે, સ્રીપુરૂષો તેના આગળ હાથ જોડી નમે છે, ને તેજ ખરા સત્યનો કોઇને કોઇ રૂપે પ્રકાશ ઝગઝગાવી જાય છે. ખરા શૌર્યથીજ જે થયું છે તે થયું છે, એ શૌર્યને પ્રેમ કહીએ તોપણ ચાલે, કેમકે મન કર્મ વાણીની એકતારૂપ પરમ ભક્તિ એજ પ્રેમછે, એજ શૌર્યછે. પ્રહ્‌લાદે સર્વ સ્થલે પરમાત્માનું દર્શન કર્યું ને તેને હિરણ્યકશિપુએ તે વાત મૂકી દેવા કહ્યું તે ન માન્યું ત્યારે બળતા સ્તંભે તેને વળગાડયો, ત્યાંપણ પરમાત્માએ પ્રહ્‌લાદની શૌર્યભક્તિને નમન કર્યું ! ખરેખર विसृजति हृदयं न यस्य साक्षात् हरिरवशाभिहितोऽप्यघौघनाशः। प्रणयरशनया धृताङ्घ्रिपद्मः स भवति भागवतप्रधान उक्तः। નરસિંહભક્તને નાગરોએ અનેક કષ્ટ દીધાં પણ સત્ય ત્યજ્યું

નહિ તો તે સત્ય જ એને સર્વ સંકટમાંથી તારી લાવ્યું, અને એના દ્વારા આજે સંસારમાં ભક્તિમય આત્મધર્મનું તેજ સ્થપાઇ ગયું. એવા અનેક ઉદાહરણો દેશી પરદેશી મળી શકે, પણ તાત્પર્ય એજ છે કે અનેક વિડંબનામાં તવાતાં છતાં શૌર્યને આંચ લાગી નથી, તેને કોઇએ ત્યજ્યું નથી, ને તેવાંથીજ આ વિશ્વ આનંદરૂપ થયુંછે. જેજે શોધથી પૃથ્વી, આકાશ, અને અંતરિક્ષનું આપણને જ્ઞાન પ્રાપ્ત થયું છે તે બધા આવીજ રીતે થયેલા છે. પ્રતિવેલા એમજ થયું છે કે એક સમયમાં નિંદાયલી વાત તે પછીના સમયમાં સત્ય થઇ બેઠી છે; ને ગત સમયનો દરિદ્ર દુઃખી સત્યશોધક આવતા સમયમાં પૂજાયો છે. ભૂતકાલના ઇતિહાસથી જ્યારે આપણને આવું સમજાય છે ત્યારે વર્ત્તમાન સબંધે પણ આપણે તેમાંથી એક અમૂલ્ય શિક્ષા ગ્રહણ કરવાની છે. જેમના અભિપ્રાય વિચાર ઇત્યાદિ આપણાથી જુદા પ્રકારના હોય તેમના પ્રતિ ઉદાર સહનશીલતા દર્શાવવી એ આપણો ધર્મ છે—એટલુંજ કે તે જુદા પડનારા પોતે ધીરજથી અવલોકન કરનારા, પ્રામણિક રીતે વિચારનારા, અને શુદ્ધ બુદ્ધિથી બોલનારા હોય.

મહાન શોધ અને પરમ સત્યની ભક્તિમાં જે શૌર્ય પ્રદર્શિત થયું છે તે સર્વથા વંદનીય છે, છતાં એક શ્રદ્ધામાત્રના વિષયમાં પણ સ્ત્રીપુરૂષોએ જે શૌર્યદર્શન કરાવ્યું છે તે ખરેખર ભવ્ય છે. મીરાંએ શ્રીરણછોડની શ્રદ્ધામાં વિષપાન કર્યું છે, અનેક રજપૂતાણીઓએ પોતાને હાથેજ પોતાનાં મસ્તક નિર્ભયતાથી છેદી પોતાના સ્વામીની ભક્તિનું પરમ દર્શન કરાવતાં સ્વામીને પરાક્રમની પરમ પ્રસાદીનો માર્ગ બતાવ્યો છે. ' અનલ હક'' પુકારનાર મનસૂરને ખલિફે નાસ્તિક ઠરાવી ફાંસીની સજા કરી તો પણ તે જ્ઞાની તો " યહ ઇશકે બામકા જીના, આયે જીસકા જી ચાહે " એમ ગાતોજ ઉપર ચઢી ગયો. અનેક પાદરીઓનાં જીવિતમાં પણ એવીજ પૂજ્ય ભાવના સમજાશે; રીડલી અને લેટીમર નામના પાદરીઓને તેમના ધર્મવિચાર માટે બાળી મૂકવાની સજા થઇ ત્યારે તે બંને દ્રઢતાથી બળવા જતાં બોલતા હતા કે " આપણે આજે ઇશ્વર કૃપાથી ઇંગ્લંડમાં એવો પ્રદીપ પ્રકટીશું કે જે કદી હોલાનાર નથી. " ક્રીશ્ચીઅનધર્મમાં અપાર પરિવર્ત કરનાર પ્રખ્યાત લ્યુથરનું શૌર્ય પણ થોડું ન હતું. અધિરાજાના આગળ તેને બોલાવવામાં આવ્યો ત્યાં જતાં તેના કોઇ મિત્રોએ તેને અટકાવવા માંડયો અને એના પ્રતિપક્ષી કોઇ ડયુક જ્યોર્જનુ નામ દઇ એને

નાશી જવા સૂચવ્યું ત્યારે તે બોલ્યો કે " કદાપિ નવ દિવસ અને રાત્રી સુધી ડયુક જ્યોર્જનોજ વર્ષાદ પડે તોપણ હું તો ત્યાં જઇશ " તે ગયો; અધિરાજાએ એને નિશ્ચય ફેરવવા કહ્યું ત્યારે એણે ઉત્તર આપ્યું કે " શ્રુતિના આધારથી, અથવા પ્રત્યક્ષ પૂરાવાથી, મારી ભૂલ સિદ્ધ કરી આપવામાં આવે નહિ ત્યાંસુધી હું મારો વિચાર બદલી શકતો નથી, ને બદલવાને ઇચ્છતો નથી; કારણ કે આપણે આપણા હૃદયથી વિરૂદ્ધ વર્તન રાખવું નહિ. મારા ધર્મનો નામોચ્ચાર આજ છે, એથી બીજાની આશા તમારે રાખવી નહિ. " જ્યારે બહુ સંકડામણમાં હતો ને એનું માથું જવાનો સમય હતો ત્યારે પણ એ બોલ્યો હતો કે " જો મારે પાંચસો માથાં હોત તો તે બધાં ખોત, પણ શ્રદ્ધા સંબંધી મારો નિશ્ચય હું ફેરવત નહિ. " મહાન્ પુરૂષોને જેમ વિપત્તિ પડે છે, તેમ તેમનું સત્ત્વ વધારે દીપે છે. ચંદન જેમ જેમ ઘસાય તેમ તેમ તેમાંથી સુગંધ પ્રસરે છે. વિપત્તિ એજ માણસનું ખરૂં જીવિત છે એમાંજ માણસ માણસરૂપે જણાઇ આવે છે, ને તેના શૌર્યની પરીક્ષા થાય છે. શૌર્ય પણ કોઇક નિરવધિ ભંડાર છે, કેમકે વિપત્તિ ઉપર વિપત્તિ આવે તોપણ તે ક્ષીણ થતું નથી, અને ઉલટું સવિશેષ દીપી ઉઠે છે. ખરા શૌર્યવાન્ અંતરાત્મા આપેલા અપયશ કરતાં મરણને ઉચિત ગણે છે. પવિત્ર શ્રીરામ, સત્યવ્રત મહાત્મા હરિશ્ચંદ્ર, પ્રેમપૂત સતી સીતા, દમયતી, એવાં અનેક નામસ્મરણ કરો તો એનું એજ વારંવાર સિદ્ધ થશે. મરણ છે, એજ શરીરની પ્રકૃતિ છે, સ્વભાવ છે, આ વિશ્વમાં શું અમર છે ? કોનું આયુષ એક ક્ષણનું પણ છે ? કોઇનું નથી. આ કાગળ, આ કલમ, આ ખડીઓ, આ હાથ, એ બધાં ગત ક્ષણમાં હતાં તેવાં આક્ષણમાં નથી, આ ક્ષણે છે તેવાં ભવિષ્યત્ ક્ષણે નહિ હોય કોણ અમર છે ? સર્વે મરે છેજ, મરણ મરણ મરણ, એજ ચારે પાસા છે, ત્યારે જીવિત શું ? એ મરણના મહા નિયમમાં કાંઇ વિકૃતિ થાય તેટલુંજ જીવિત, જે મરણ સર્વથા સિદ્ધ છે તેનેજ વશ થવું વધારે ઉચિત છે. જો જીવિતથી કંઇ યશ કે લાભ સિદ્ધ ન કરી શકાતો હોય તો યશ અને લાભ તે નહિ કે પેટ ભરવારૂપી પણ પરમાત્માભાવમાં પરમયશ ને પરમ લાભ. તેજ બુદ્ધિમાન્ શૌર્યપરાયણ, ત્યાં સુધીજ જીવે છે કે જ્યાંસુધી તેનું જીવવું તેના મરણ કરતાં વધારે ઉપયોગનું છે.

ફલપ્રાપ્તિ માટેજ સર્વે પ્રયત્ન આદરે છે છતાં વારંવાર એવું થાય છે કે ફલ તો દૂરનું દૂર રહેછે ને પ્રયત્ન માત્રની આશામાંજ સંતોષ માની ચાલવું પડે છે. આવે સમયે શૌર્યવાન્‌ને તેનું શૌર્યજ બલ આપે છે. ઉ-

ત્તમમાં ઉત્તમ ફૂલ પણ અનેક નિષ્ફલતામાંથી ઉત્પન્ન થાય છે. ઉતાવળે આંબા પાકતા નથી, આજકાલ, દશવર્ષે હજારવર્ષે એમ પ્રયત્ન, નિષ્ફલતા, પ્રયત્ન એવા ક્રમે કોકવાર ફેરી આવે છે ને રસ જમાય છે પણ પ્રયત્ન એજ જીવિત છે, એજ ફૂલ છે. માર્ગમાં વાઘ હશે માટે જનાર નથી, જતાં વાઘ દીઠો માટે હવે આગળ જનાર નથી; પણ વાઘની વાતો ચાલતી હો, કે વાઘ પોતે દૃષ્ટિએ પડતો હો, પણ જવું ને જવું, વિચારીને જવું, બીજે માર્ગે જવું, પણ જવું એજ શૌર્યવાનનું પરાક્રમ છે. એજ ફૂલ છે, એજ જીવ્યું છે. જે સ્ત્રી પુરૂષોએ આવાં જીવિત ગાળ્યાં છે તેમનું પરાક્રમ તેમણે તુરત પ્રાપ્ત કરેલા ફૂલથી અનુમિત થતું નથી, પણ જે વિકટ સંકટમાં તે પ્રયત્નપરાયણ રહ્યાં હોય તેથી થાય છે. સ્વદેશ માટે પ્રાણાર્પણ કરી પરપ્રેમમાં નિજ હોમ આપનાર રજપૂતો નિરંતર યુદ્ધતત્પર હોવા છતાં હાનિભાક્ થતા, પરંતુ તેમનુંજ જીવિત આપણાં રૂઆં ઉભાં કરી દેછે, ને પરપ્રેમ શૌર્યની ભક્તિ પ્રેરે છે ! દેશભક્ત, તેવાજ ધર્મભક્ત જેમની વિડંબનાઓમાં પ્રતિપક્ષી હર્ષઘોષ કરે છે, તેમનું તેજ ઘોષ વચ્ચે પણ અસ્ખલિત પ્રેમવાત્સલ્ય આપણને પરમમોદમાં પ્રફુલ કરી તેમને પગે પાડેછે. દેશભક્ત, ધર્મભક્ત, તેવા સત્યભક્ત પણ જુઓ, પોતે ધારેલી વાત પાર ઉતારતાં અનેકવાર પાછા પડે છે. તેમના શત્રુઓ તે સમય તેમને હસે છે, પણ પાછા તે ઉભા થઇ મંડયાજ રહે છે; વાત પાર પડવાનું તો ક્વચિત્ તેમના પછી બે ચાર પેઢીએ બને છે પણ તેમના આવા પ્રયત્નને કેટલું માન છે ! !

પણ જે શૌર્યની નિરંતર અપેક્ષા છે તે આટલા બધા ઉચ્ચ પ્રકારનું છે નહિ. સમર્થ, યશસ્વી, પરાક્રમમોમાં શૌર્ય દર્શાવી શકાય છે, તેમ નિત્યકર્મમાં પણ તે દર્શાવવું આવશ્યક છે. ઉદાહરણ જોઇએ તો પગલે પગલે પ્રામાણિકતા રાખવાને શૌર્યની અપેક્ષા છે; લોભથી ઉગરવાને શૌર્યની અપેક્ષા છે; સત્ય બોલવાને શૌર્યની અપેક્ષા છે; યથાસ્થિત જણાવવા, એટલે કે જેવા હોઈએ તેવાજ જણાવા, ને જેવા ન હોઇએ તેવા હોવાનો ઢોંગ ન કરવા શૌર્યની અપેક્ષા છે; ગજા ઉપરાંત ન થઇ જવા, આપણી શક્તિપાર જઇ બીજાના કરજ ઉપર પડી ન રહેવા શૌર્યની અપેક્ષા છે. જગત્માં જે દુઃખછે તેનો લગભગ પોણોભાગ નિશ્ચય ઉપર આવવાની નાહીંમત અને નબળાઈને લીધે એટલે કે શૌર્યના અભાવને લીધે પેદા થાય છે. માણસો ઘણીવાર યોગ્યાયોગ્ય સમજતા હોય છે, પણ તેમ કરવાનું, કેહેવાનું, તેમને શૌર્ય હોતું નથી; પોતાનું અમુક પ્રસંગે શું ક-

ર્તવ્ય છે તે જાણવામાં હોયછે, છતાં તેમ કરવાનો નિશ્ચય થઈ શકતો નથી. આવાં માણસોજ ગમે તે માર્ગે ચઢી જઇ, ગજા ઉપરાંત ભરાઈ પડે છે, ને દુઃખી થાય છે મનમાં કાંઇક હોય ને કાંઇક થઇ બેસે છે, એથી દુઃખ ઉપજે છે. આવાં નિર્બલ અને અનિયમિત માણસ પ્રત્યેક નાના મ્હોટા પ્રલોભનથી આમ તેમ ખેંચાયાં કરે છે, ને કોઇ પણ પ્રલોભનને તે હડશેલી શકતાં નથી, પણ તેમાં સપડાઇ બેસે છે. એ પ્રલોભન જે પ્રકારનું હોય તે પ્રકારનાં તે પોતે પણ થઇ જાય છે, ને જો તે ખરાબ હોય, ને વારંવાર હોય છે તો ગમે તેવાં કૃત્ય આચરી દુઃખમાં પસ્તાય છે. નકામી, નજીવી, વાતો પણ તેના મનને પોતાના નિશ્ચય ઉપરાંત થઇ, લોભાવી દોરી શકે છે, ને એમ તેનું જીવિત કેવલ વ્યર્થ અને દુઃખ રૂપ કરે છે. એ બધામાંથી ઉગરવાનો ઉપાય શૌર્ય છે. જેવું મનમાં હોય તેવુંજ બોલવું અને તેવુંજ કરવું. સર્વથા સર્વ પ્રસંગે નિશ્ચય ઉપર આવવાની ટેવ પાડવી જોઇએ. संशयात्मा विनश्यति । જે અનિશ્ચિત મનનો માણસ છે, જેને સર્વદા નિશ્ચય કરવાની ટેવજ નથી, તે સંશયમાં ઝોલા ખાય છે, ને વિનાશ પામે છે. આ જીવિતજ એવું છે કે તેમાં, કરી રાખેલા નિશ્ચય કામમાં આવે તે કરતાં અમુક સમયે તુરતજ નિશ્ચય ઉપર આવવાની ટેવ વધારે કામમાં આવે છે. યુદ્ધની અમુક રચના યોજી રાખી હોય તે સર્વદા વિજયી થતી નથી, પણ જેવી તે બદલાય કે તુરત પાછી નવી યોજના કરવાની શકિત વિજયી થાય છે. કોઇ સમયે નિશ્ચય કરવા માટે અન્યની સાહાય્ય ઇચ્છવી એનો નિરર્થક કરતાં પણ વધારે ખોટું છે. પોતાનાજ ઉપર આશ્રય રાખી નિશ્ચયપર આવવાની ટેવ રાખી હોય તે ખરા કામમાં આવે છે. ધણીને સુજે ઢાંકણીમાં તે પડોશીને આરશીમાં પણ ઘણી વાર નથી સુજતું. ઘણાક તરંગ ઉઠાવવામાં આવે છે, જેનું પરિણામ વાણી માત્રમાંજ રહે છે; ઘણાંક કાર્ય ધરાય છે જેનું ફલ તેના અભાવમાંજ રહેછે; ઘણાક પ્રયોગ વિચારાય છે જેનો આરંભજ કરાતો નથી—આ બધું માત્ર થોડાક નિશ્ચયના અભાવથી નીપજે છે. વ્યહારમાં અર્થાત્ જીવિતમાં બોલવા કરતાં કરવું એ વધારે ઉપયોગનું છે; ને બધી વાતનો ટુંકો જવાબ "કરો" એજ છે. થતું નથી, વખત નથી, એ બાયલા લોકોનાં મનવળામણાં છે. નિશ્ચય એ શૌર્ય છે

આમાં પણ વળી, જેને "લોક" કહીએ છીએ તેની બગાડનારી અસરો આપણને ન લાગે તે માટે જે શૌર્ય જોઈએ તે થોડું નથી. જો કે લોક એક બહુ નજીવી અને નિરર્થક વાત છે, તો પણ તેની અસર અગાધ અને

અમિત છે. ઘણા પુરૂષો, અને વિશેષે કરી સ્ત્રીઓ, જે વર્ગ કે નાતમાં તેઓ હોય છે તેનાં ગુલામ હોય છે. એવી નાતો કે એવા વર્ગમાં, એક એકની સામે, એક એકથી અજ્ઞાત, પણ સર્વને સમ્મત, એવું કાવતરૂં ચાલ્યાં કરે છે. આખી નાત પોતાનાનાં કોઇ એકનો પણ ઉત્કર્ષ સહન કરીશકતી નથી, તેને તોડી પાડવા સર્વ પોતપોતાથી અજાણતાં પણ, મથેજ છે; એમ સર્વ તેવા પોતાના વર્ગનાં ગુલામ હોય છે. વિચાર વિના, તુલના કર્યા વિના, ' લોકો ' પોતે જેનો અપયશ ઇચ્છવામાં રાજી હોય તેની અનેક વાતો સાંભળે છે, રચે છે, વિસ્તારે છે અને તેથી જાણે તેમની અધમ વાંછના તૃપ્ત થઇ એમ માને છે. જેમ નાત છે તેમ વિચાર પણ એક બંધનરૂપજ છે. કેટલાક અમુક " ફેશન " ના ગુલામ હોય છે, કેટલાક અમુક વિચાર પદ્ધતિના ગુલામ હોય છે, કેટલાક અમુક રીત રીવાજના ગુલામ હોય છે.–એ બધાની વર્તણુક નાત કે વર્ગ સંબંધે કહી તેવીજ હોય છે પણ પોતાના મંડલની સીમાને ઓલંગી વિચાર કરનારા, કે પોતાના વર્ગની પાર પણ કામ કરનારા, અને એ ઉભય રીતે પોતાનાજ શૌર્યાનુસાર સ્વવિચાર અને સ્વવર્તનનું સ્વતંત્ર પરાક્રમ દર્શાવનારા કોઇ વિરલાજ હોય છે. આપણે " લોક " ના વિચાર અને વહેમ પ્રમાણે ખાઇએ છીએ, પીએ છીએ પહેરીએ છીએ, ઓઢીએ છીએ, વિચાર કરીએ છીએ, વર્તીએ છીએ–તેમાં દેવું થાય, દારિદ્રય આવે, જુઠું બોલાય પાપ થાય તે કશાની દરકાર નથી, આ બધામાંથી છુટી લોકલાજ, ફેશન, તથા જેને આપણી જાતે વિચાર કર્યા વિના પરોક્તિ માત્રને આધારે સારા ગણ્યા છે તેવા વિચાર, તે સર્વથી મોકળા થવા માટે પણ ખરા શૌર્યની અપેક્ષા છે.

જેમ ખાનગીમાં શૌર્યની પૂર્ણ જરૂર, લોકલાજની સામા થઇ સત્ય પરાયણ થવા માટેછે, તેમ જાહેરમાં પણ તેની ઓછી જરૂર નથી. લોક પ્રિય થવાની આંકાક્ષા સર્વને હોય છે, પણ કેટલાંકને તો તે એવી હોય છે કે તેઓ કોઇ એક ધોરણે ચાલતાં નથી ને જેમનો વા વાતો હોય તેમનાં વળી જઈ લોકોનાં મન રીઝવી વાહવા કહેવરાવવામાં રાજી હોય છે. એ તો પ્રસિદ્ધ વાતછે કે ઘણા લોકો અમુક વાતને ઇચ્છતા હોય કે વખાણતા હોય માટે તે ખરી વાત હોય એવો નિયમ નથી. આવાજ પ્રસંગોમાં જાહેરમાં કામ કરનારા પુરૂષોને શૌર્યની અપેક્ષા પડે છે; કારણ કે જ્યાં લોકપ્રિયતારૂપી માન ખોવાનો સંભવ છે ત્યાં સત્યપરાયણતાથી શૌર્ય દર્શાવનારા કોઇ વિરલાજ હોય છે. પણ એમ ન કરવાથી બહુ હાનિ થાય છે. પોતાને થાય તે તો જુદી, પણ તે વિના જે અગણિત લોક પોતાના વિચારે દોરાતા હોય તેમને ખોટી આશાઓ

ને ખોટાં માનમાં ચઢાવવાથી તેઓ નિર્મૂલ થઈ જાય છે. માન તથા આબરૂની નિશાની લોકપ્રિયતા નથી પણ સત્યપ્રિયતા છે. निन्दन्तुनीतिनिपुणायदिवास्तुवन्तु । એ નીતિ સત્પુરૂષોની છે. ડાહ્યા ડમરા થઈ ફરનાર નિંદો કે સ્તવો, ગમે તેમ થાઓ પણ સત્પુરૂષો ન્યાયમાર્ગથી ચલતા નથી. ખરૂં માન માનની આશા રાખનારને પ્રાપ્ત થતુંજ નથી. કર્તવ્ય કરવામાં સર્વદા શૌર્ય રાખી ચાલ્યા જતાં માન પોતાની મેળે પાછળ આવેછે એ ખરૂં માન ને ખરી લોકપ્રિયતા છે. એક પ્રખ્યાત વિદ્વાને પોતાની પુત્રીને કહ્યું કે બ્હેન ! હું હમણાંનો બહુ લોકપ્રિય થતો જાઉછું, તો મને ભય રહેછે કે હું થોડા સમયમાં કાંઇ કામનો નહિ રહું. આ વાતમાં સમાયલું રહસ્ય બહુ ઉપયોગી છે. જે માણુસ સર્વને મોઢે વખણાઈ રહ્યાં છે તે ઘણું કરીને ખુશામદથી ઠગાય છે, ને તેથી તેની વૃત્તિ, એક ધોરણ ઉપર ન રહેતાં અવિચલ થઈ ખાલી લોકપ્રિયતાના બાચકા ભરવા આમ તેમ ભમવા માંડે છે, ને છેવટ તૂટી પડે છે; ખુશામદ એ એવું દુષ્ટ વ્યસન છે કે તેથી તેને ભોગવનાર તથા ભોગવાવનાર બન્નેને હાનિ થાય છે, એમાં બન્ને જણા કેવલ જુઠા હોય છે; એક એવા શબ્દો વાપરે છે કે જે કેવલ જુઠા હોવા ઉપરાંત જેની કીંમત એ શબ્દ કરતાં વિશેષ નથી. સામો તેને એવાં વચન આપે છે કે જે કેવલ પોલાં હોવા ઉપરાંત એક બોલવા માત્ર કરતાં વિશેષ હિસાબનાં નથી. પણ ખરી પ્રીતિ, ખરી ખુશામદ, તમારા પોતાના અંતઃકરણ પાસેથીજ પામો, પરમ શૌર્યથી અંતઃકરણની સૂચના પ્રમાણેજ આચરણ રાખો, તો લોકપ્રિયતા, માન, આબરૂ, બધું એની મેળે આવશે. "લોક" એ એક મિથ્યા છતાં પંચરંગી કલ્પનામાત્રનુંજ નામ છે એમાં સત્ય કે સ્થિર કશું નથી. આજ એક વાત, કાલ બીજી, વળી ત્રીજી, એમ લોકમાં અનેક રંગ જણાશે. ટટ્ટુ વેચવા જનાર મીયાંની વાત લોક રૂચિનું ઉત્તમ દૃષ્ટાન્ત છે, લોક રૂચિ અનુસરતાં એવી હાનિ જ થાય છે પણ અવિચલ નિશ્ચયપૂર્વક સત્યપરાયણ શૌર્યવાળાનું વર્તન એ રૂચિના રંગથી ન છંટાતાં સર્વદા શુદ્ધ અને તેજિત રહી પરિપૂર્ણ પ્રકાશી, બધાંનાં નયન પોતા ઉપર ખેંચશે. પ્રતાપી હરિશ્ચંદ્રને કઠિયારો થઇ ભાર ઉપાડતો જોઇ, સ્ત્રીને વેચી નાખતો દેખી; છેવટ સ્મશાનમાં કાંટીયાં ભેગાં કરતો નિહાળી, કીયા "લોક" ને એમ નહિ થયું હોય કે આ ગાંડો "સત્ય"માં બેવકૂફ બની ગયો છે. શા માટે જરાક જુઠું બોલતો નથી કે આ પીડા પતે ? પણ મહાત્માનું માહાત્મ્ય તેની દૃઢ વૃત્તિમાં અને "લોક"ની પણ વિરૂદ્ધ વર્તવામાંજ પ્રકાશી રહ્યું

છે. જેથી તેનું નામ અમર છે. સત્યપરાયણુ શૌર્યવાનને લોકો ગાંડાં ગણે છે, પણ ગાંડાપણુ એ ઘણીવાર ડહાપણુની નીશાની હોય છે. એકજ ચાલે ચાલ્યાં જનારાં હજાર બકરામાંથી જુદો પડી પોતાનો જુદો માર્ગ સાધનાર સિંહ સર્વને ગજાવવાને સમર્થ હોય છે. મનોનિગ્રહયુક્ત દ્રઢવૃત્તિવાળાં માણુસ સર્વથા લોકને મન ગાંડાંજ જણાયાંછે, પણ એવી ગાંડાઇજ આ વિશ્વના તત્ત્વવેત્તા, શોધક, કવિ, પંડિત, સર્વના સ્વભાવનું તત્ત્વ છે, વિશ્વનું ભૂષણુ છે.

ઉગ્ર મનોબલ એ સ્વતંત્રતા અને સ્વાશ્રયને સર્વદા અગત્યનું છે. માણુસમાં પોતે જેવો હોય તેવો થઇ રહેવાની પાકી હીંમત જોઇએ, ને તે હોવા માટે ઉગ્ર મનોબલની અપેક્ષા છે. તેણે પોતાનાજ વિચારે ચાલવુ પોતાનાજ મનથી જોવું, પોતાનોજ માર્ગ કરવો એવા પરાક્રમી પુરૂષો પંડિતરાજ જગન્નાથની વાણીને અક્ષરશ: અનુસરેછે. किसेव्यते सुमनसां मनसापिगंधः । कस्तूरिकाजननशक्तिभृतामृगेण । કસ્તૂરિ પેદા કરનાર મૃગ પુષ્પના વાસને સ્વપ્ને પણ કેમ સેવે ? કહ્યું છે કે જે અભિપ્રાય બાંધી શકતો નથી તે બાયલો છે. જે બાંધવાનો શ્રમ લેતો નથી તે આળસુ છે, જેને બાંધવાની શક્તિ નથી તે મૂર્ખછે પણ ખરા શૌર્યવાળા આ ત્રણેમાંના એકે નથી, તેતો સર્વદા પોતાનાજ નિશ્ચયથી નિ:શંક, નિડર, ચાલ્યા જાયછે સત્યપરાયણુતામાંથી તેઓ કદાપિ ડગતા નથી. તેમનો તો એકજ નિયમ હોય છે કે મન કર્મ વાણી ત્રણુને સર્વદા એકજ માર્ગે ચલાવવાં, જુદે જુદે નહિ, પછી જે થવાનું હોય તે ભલે થાય. ઇંગ્લંડના ઇતિહાસમાં પોતાનુ નામ કીર્તિના સુવર્ણાક્ષરથી કોતરી ગયેલો પ્રખ્યાત **જોનપીમ** પાર્લામેન્ટમાં બોલ્યો હતો, ને તે પણ એવું બોલ્યો હતો કે જે બોલવાથી તેનું મસ્તક જાય, તે વખત કોઇએ તેને વાર્યો તો પણ તેણે કહ્યું કે "સત્ય બોલતાં મને હાનિ થાય તો ભલે, પણ મારા બોલવાથી સત્યને હાનિ થાય તેમ તો નહિ બને" ખરા શૌર્યવાળા પુરૂષો એક પાસા ઔદાર્ય અને આ વિચાર તથા બીજી પાસા સત્યપરાયણુતા અને દીર્ઘદર્શિતા તેની મધ્યમનો માર્ગ યથાર્થ સમજી અનુસરી વિજયી થાય છે.

શૌર્યવાળાં માણુસને કાંઇ મહાપ્રબલ બુદ્ધિની જરૂર હોતી નથી. શૌર્ય યુક્ત ઉત્સાહ અને સામાન્ય અક્કલથી આ વિશ્વમાં જે મહાકાર્યો થયાં છે તેવાં મહાબુદ્ધિશાલી પણુ શૌર્યોત્સાહહીન પુરૂષોથી થયાં નથી. ઉત્સાહ એજ કાર્યમાત્રમાં વિજય પમાડનારૂં રહસ્ય છે. ચારિત્રને સુમાર્ગે દોરનાર

ઉત્સાહ છે, એજ કારણથી સામાન્ય લોકોએ શૌર્ય અને ઉત્સાહથી મહાપરાક્રમ સાધ્યાં છે, એવા માણસોમાં આપણે બુદ્ધ, કાઇસ્ટ, મહમદ, લ્યુથર ઇત્યાદિનાં નામ ગણીએ તો ચાલે.

શૌર્ય એટલે માનસિક દઢતા એમ તો સિદ્ધજ છે, ત્યારે એવું સમજવાનું કારણ નથી કે તેવી દઢતાથી મન કઠોર થઈ જઇ કોમલતાવાળું રહેતુંજ નથી. ખરાં શૌર્યયુક્ત સ્ત્રીપુરૂષો અતિ કોમળ અને મૃદુ પ્રેમવાળાં જણાયલાં છે. શૌર્યનો આવિર્ભાવ માત્ર પોતાના નિશ્ચયને વળગી રહી તેમ ચાલવામાં છે. ત્યારે દયા કે પ્રેમ એ પણ અમુક મનોવૃત્તિ છે. તેમાં પણ શૌર્ય મળવાથી અતિ ઉજ્જવલ પરાક્રમનો ઉદય થાય છે. જે સતીઓનાં નામથી આપણો દેશ પુનિત છે, જે જે ઉદાર પરાક્રમથી આપણો ઇતિહાસ દીપે છે, તે બધા પ્રેમને શૌર્યથી પરાકાષ્ટાએ લેઇ ગયાનાંજ રૂપાંતર છે. એક શારીર શરવાળાજ જ્યારે અનેક ગણી દયા અને પ્રીતિ દર્શાવવા સમર્થ થાય છે, તો માનસિક શૌર્યવાળા થાય એમાં આશ્ચર્યજ કયાં છે? સમજવાનું એટલું છે કે શૌર્ય તે કઠોરતામાં વસતુ નથી, પણ કોમલ રીતની નિશ્ચયપરાયણતામાં વસે છે. નિશ્ચયપરાયણ હોવું એટલે કઠોર કે હઠીલા થવું એવો આશય નથી, પણ મન વાણી ને કર્મની એકતા રાખી પોતાને નિશ્ચયે ચાલવું, ને તેમાં કોઇને કઠોરતા ન દર્શાવવી એજ તાત્પર્ય છે; આપણા પ્રાચીન ઇતિહાસને મૂકી અર્વાચીન ઇતિહાસનેજ જોશો તો અનેક રજપૂત યોદ્ધાઓના જેવા સત્યપરાયણ, શૌર્યવાન, પરાક્રમી છતાં સ્ત્રી પ્રતિ પ્રેમમય, દુઃખીપ્રતિ દયામય, ધાર્મિક પ્રતિ સહાયમય, અને અધર્મિપ્રતિ દયામય, આખી પૃથ્વીની તવારીખમાંથી મળવા દુર્લભજ. એક શૌર્યપરાયણ અંગરેજ ઉમરાવની દયાલુતાનો ભવ્ય નમુનો એમ નોંધવામાં આવ્યો છે કે તે રસ્તે જતો હતો તેવામાં તેણે એક કાચનો પ્યાલો ભાગી જવાથી રોતી બાલાને દીઠી. બાલા એમ રોતી હતી કે તેની માતા તેને એ પ્યાલા માટે મારશે; ને તેમ રોતાં તેણે એકદમ આ ઉમરાવ તરફ જોઈ 'તમે આ પ્યાલો સારો કરી આપો' એમ નિર્દોષભાવે કહ્યું. ઉમરાવે કહ્યું કે એને સારો કરવાનું તો મારાથી બને તેમ નથી, પણ એવો બીજો લાવવાનું દ્રવ્ય હું તુને આપુ, એમ બોલતાં ખીસામાં હાથ નાખ્યો તો દ્રવ્ય હતું નહિ. પણ તેણે તે બાલાને કહ્યું કે તારી માતાને આ વૃત્તાંત કહી બતાવજે ને હું તને આજ વખતે આવતી કાલે આ સ્થળે મળીશ, તે વખતે દ્રવ્ય લેજે. ઉમરાવ ચાલ્યો ગયો, અને બીજે દિવસે જે વખતે

પેલી બાલાને મળવાનું હતું તે વખતનું, એક પોતાથી ચઢીયાતા ઉમરાવને ઘેર જમવાનું તેને નોતરૂં આવ્યું. તેણે વિચાર કરી, "મારે બીજે ઠેકાણે અગત્યનું કામ છે" એટલા જવાબ સાથે નમ્રતાથી ના પાડી. અને પેલી બાળાને બરાબર વખતે મળી તેનું દીલ રાજી કર્યું. ભવ્ય શૌર્ય-યુક્ત આવી દયાળુતા કેટલા ઉમરાવ થઇ પડેલામાં દીઠામાં આવે છે?

ખરા શૌર્યવાળા પુરૂષોજ ખરા ઉદાર હોઇ શકે છે. તેમની ઉદારતા એટલી તો ભવ્ય હોયછે કે ઘણીવાર અલૌકિક એટલે ન માનવા જેવી લાગે છે, પણ એતો નક્કીજ છે કે શૌર્ય સાથે ઔદાર્ય સારુ શોભે છે; ઔરંગજેબને નિર્મૂલ કરવા માટે ચઢેલા રજપૂતોમાંના સત્યવીરે પોતાનો ઘોડો તેના હાથીના હોદ્દા સુધી ટપાવી, પોતાનો ભાલો તેની છાતીપર ધર્યો તે વખતે મુગલબાદશાહ તેને શરણુ થઈ નમ્યો તેથી તેને જીવતો તથા છુટો મૂકી પોતાનું લશ્કર લઇ પાછો વળ્યો. એ ઉદારતાની સમાનતા કરવાને આખા જગતની તવારીખમાં એક પણ દાખલો મળી આવે તેમ નથી. આવાં ને આવાં ઉદાર પરાક્રમોથીજ રજપૂતોએ મહાવીર્યદર્શન કરાવ્યા છતાં, હાનિ વેઠી છે પણ તે શાથી? ઉદારતા હમેશાં ઉદારતાજ પેદા કરે છે, પણ મુસલમાનોએ ઉદારતાનો બદલો દગલબાજીથી વાળ્યોછે એજ તેમને માથે નિત્યનું કલંક છે, ને એમાંજ રાજપુત્રોની ઉદારતાનું અધિકાધિક ભૂષણુછે. રણરંગમાં આવી ઉદારતા અપ્રતિમ શોભા આપે છે, તેવી સરસ્વતિ મંદિરમાં પણ અનેક ઉદારતા ભવ્ય રીતે દીપે છે. પ્રખ્યાત લાપ્લેસ વિષે એમ કહેવામાં આવે છે કે જ્યારે ફ્રેંચ એકેડેમીમાં બીઓટે એક ગણિત સંબંધી નિબંધ વાંચી બતાવ્યો ત્યારે બધા તેથી બહુજ સંતોષ પામી બીઓટને માન આપવા લાગ્યા, જેમાં લાપ્લેસે પણ ઉભરાતા હૃદયથી ભાગ લીધો. પછી બીઓટને પોતાને ઘેર તેડી જઈ તેજ દિવસે લાપ્લેસે તેજ ગણિત વિષયનો તેવોજ લેખ પોતાનાં જૂનાં કાગળીયાંના પોટલામાંથી કાઢી બતાવ્યો, તથા એ વાત કોઇને ન જણાવવા તેને વિનવ્યું, તથા બીઓટને જે માન મળ્યું હતું તથા મળવાનું હતું તે તેને ભોગવવા દીધું. આ અપ્રતિમ ઉદારતાની વાત બીઓટે પોતેજ જો પચાસ વર્ષ પછી પ્રસિદ્ધ ન કરી હોત તો કોઇના જાણવામાં આવત નહિ. આવી ઉદારતાથી જ્યારે રણરંગ અને સરસ્વતિમંદિર વિભૂષિત છે ત્યારે સામાન્ય વ્યવહાર પણ કાંઇ છેક તેથી અજાણ્યો નથી. એવા અનેક પ્રસંગો બનતા હશે પણ જાણવામાં છે તેવો એકજ અત્રે કહીએ. એક ઘર ચણવા માટે

પાલખ બાંધી હતી તે ઉપર અનેક માણસો કામે લાગ્યાં હતાં, એકાએક પાલખ તૂટી પડી ને બધા માણસો છુંદાઇ મુવા પણ એક બુઢ્ઢો ને એક જવાન એજ પાલખનું એક પડુ પડુ કરી રહેલું પાટીયું હતુ તેને લટકી અધર રહ્યા; થોડીજ પલમાં પાટીયું પડશે, અને બન્નેનું મોત થશે એમ જાણી ડોસાએ કહ્યું " અલ્યા જુવાન ! તું મૂકી દેતો ઠીક, હું પાંચ છો કરાં ને તેની માનો પાલનાર છુ." જુવાને તુરતજ પાટીઆનો છેડો મૂકી દઈ પોતાનો જીવ આપી કુટુંબના પાલનારાનો જીવ ઉગાર્યો !!

ઉદારતા સાથેજ મહાશયતા સર્વદા ભળેલી હોય છે. મહાશય એટલે મહોટું મન; તે સર્વદા ઉદાર માણસોમાં હોયજ છે. ઉદારતા એ મહાશયતાનોજ પ્રકાર છે. આપણા આર્યાવર્તના ધર્મયુદ્ધના પ્રસંગ વિચારશો તો ખરી મહાશયતાનાં અનેક દૃષ્ટાન્ત તમારી નજરે તરી આવશે. ભીષ્મપિતાએ નપાંડવી પૃથ્વી કરવા પ્રતિજ્ઞા કરી ત્યારે એ અમોઘવાક્ મહાત્માનું વચન સાંભળી કૃષ્ણને ચિંતા થઈ અને દ્રૌપદીદ્વારા યુક્તિ કરી ભીષ્મપિતા પાસે દ્રૌપદીને " અખડ સૌભાગ્ય ' કહેવરાવ્યુ, ત્યારે પ્રપંચ સમજતાં ભીષ્મે બહુ શાન્તિથી કૃષ્ણને કહ્યું કે શિખંડીને આગળ કરજે. શિખંડી પૂર્વજન્મે સ્ત્રી હતો, માટે મહાવીર્યરૂપ શ્રી ભીષ્મ મહાત્માએ તેની સામે આયુધ ઉગામવું અનુચિત ધારી સંગ્રામમાં પ્રાણત્યાગ કર્યો, અને દુર્યોધનના પરાજયનું બીજ રોપ્યું. બાલક, સ્ત્રી, બ્રાહ્મણ, અનાથ, એટલા યદ્યપિ પરપક્ષનાં હોય તથાપિ આર્યાવર્તના ઉદાર યોદ્ધાઓએ સર્વદા રક્ષણીય ગણી પાળ્યાં છે; કિંબહુના અશસ્ત્ર કે અશક્ત એવા સન્મુખ થયેલા પણ શત્રુ ઉપર તેમણે હાથ ઉગામ્યો નથી. અહો ઉદારતા, મહાશયતા ! શૌર્યની એજ ઠેકાણે પરિસીમા છે.

અનેક વિટંબનાથી ભરેલા આ ક્ષણભંગુર સંસારમાં શું સાર્થક છે ? જે માણસો સંપત્તિમાં ને વિપત્તિમાં એકરૂપે રહ્યા છે તેમનાં જીવિતજ જીવિત છે. બાકી બીજા બધાનાં તો જીવિત પણ મરણજ જાણવાં, નીચ પુરૂષો નીચ રીતેજ બધું જુવે છે. તેનામાં દયા ઉદારતા શૌર્ય મહાશયતાનો લેશ પણ હોતો નથી. તેઓ જે જે કરે છે તે પણ નીચપણેજ કરે છે. દૈવયોગે તેવાં માણસ ઉચ્ચ અધિકાર પામે છે તો સર્વને નડે છે. તેઓ જે કામ કરે છે તે પણ તેવાંજ હોય છે, મહાશયતા અને નીચતા એ ઢાંક્યાં રહેતાંજ નથી. અધિકારથી તે છવાતાં નથી. એક રાજાએ એક બ્રાહ્મણ ઉપર બહુ પ્રસન્ન થઇ તેને બક્ષિસમાં માત્ર અર્ધોશેર લોટ ને પા

શેર દાળ બાંધી આપ્યાં. પછી કાલાંતરે પરિચય વધતાં રાજાએ બ્રાહ્મણને બહુ આગ્રહથી પૂછ્યું કે તું મારા પિતાનું કહે ત્યારે તેણે કહ્યું કે તું ભઠીઆરાનો છોકરો છે, જે વાત પ્રસિદ્ધ ન છતા વાસ્તવિક હતી, ને બ્રાહ્મણે રાજાના મનના વલણ ઉપરથી પરખી રાખી હતી नजारंजातस्यललाट शृङ्गं कुलप्रसूतस्य न पाणिपद्मम् । यथायथामुञ्चतिवाक्यबाण तथातथा जातिकुल प्रमाणम् ॥

શૌર્યવાન્ પુરૂષોનું ધૈર્ય વિપત્તિમાંજ વધારે દીપે છે. સંસારમાં પ્રતિક્ષણ વિપત્તિઓ વર્ષાદની પેઠે પડે છે, પણ તેમાં ધીરજ રાખી શૌર્યવાળાં મનુષ્ય ડગતાં નથી. જેમ સંપત્તિથી તેમને ગર્વ નથી આવતો તેમ વિપત્તિથી તેમનું ધૈર્ય સ્ખલિત થતું નથી. જેનામાં નીચ બુદ્ધિ નથી, તે કદાપિ નીચપણું કરતાંજ નથી સુખ કે દુઃખ માણસના હાથમાં છેજ નહિ એ તો સિદ્ધ વાત છે, ત્યારે સુખમાં ફુલાઈ જવાથી પ્રાપ્ત થતી હલકાઇ, અને દુઃખમાં રડવાથી પ્રાપ્ત થતી દીનતા, એજ માત્ર ઉભયથી વિહ્વલ થનારને પ્રાપ્ત થાય છે, ને જ્યારે એમજ છે ત્યારે ઉભય એકજ વૃત્તિ રાખી ગંભીર રહેવામાં કેટલુ શૌર્ય, કેટલુ ઔદાર્ય, કેટલી મહાશયતા છે. આપત્તિમાંજ ખરા ગુણની કસોટી થાય છે. માણસના દુર્ગુણોને કસી જોવા હોય, તેનામાં દુર્ગુણ છે કે નથી તેનો નિશ્ચય કરવો હોય તો તે સપત્તિ સમયે થઈ શકે છે, પણ તેનામાં કીયા ગુણો છે તે જોવાનું તો વિપત્તિમાંજ બને છે. ચંદનના લાકડાને અમસ્તુ જોવાથી તે લાકડા જેવું લાકડું જણાય છે, પણ તેને ઘસવા માંડે તો તેમાથી સુગંધ વિના બીજુ કાંઇ નીકળતું નથી. વિપત્તિમાંજ ખરા ગુણનો પ્રકાશ થાય છે, ને મહાત્માઓ ખરી વિપત્તિની વખતે કોઇ અપૂર્વ શૌર્ય તથા ઉદારતાનું દર્શન કરાવે છે ઘણાક મહાપુરુષોને આ મહા નિયમ એટલે સુધી વળગેલો હોય છે કે તેમને સહજ ખીજવવામાં આવે ત્યારેજ તેઓને મોંઢેથી અપૂર્વ જ્ઞાનનો ઉદ્‌ગાર વહે છે. આવું હોવું એ કાંઈ ભૂષણ નથી, તાત્પર્ય એટલું છે કે વિપત્તિમાં પણ મહાત્માઓ કદાપિ વિલય પામતા નથી, સર્વદા કોઈ અપૂર્વ ગુણનું દર્શન કરાવી વિસ્મય પમાડે છે.

સંસારમાં જે માણસ સંપત્તિથી ફુલાય છે, કે વિપત્તિથી દીન થાયછે તે મૂર્ખ છે. સપત્તિ કે વિપત્તિ એ કાંઇ માણસના હાથમાં નથી. માણસના હાથમાં તો નિરંતર પ્રયત્ન કરવો એટલુંજ છે. તો પ્રયત્ન કર્યા કર-

વો અને વિઘ્નથી પાછા ન હઠવું એટલામાંજ ખરા શૌર્યનું તત્વ સમાયલું છે. પરાક્રમના બીજવાળા ઘણા પુરુષો માત્ર વિઘ્નનો ભય પામીને અમુલ્ય જીવિત એળે ગુમાવેછે. તેઓ બાયલા છે. શૌર્યનું તાત્પર્યજ નીડરતામાં છે માણસની કલ્પના ઘણી વખત ભય ન હોય ત્યાં પણ ભય ઉભો કરી માણસને ઠગે છે, પણ શૌર્ય એનુંજ નામ કે કલ્પના કરતાં નિશ્ચય કરવાની ટેવ વધારે રાખી નીડરતાથી ચાલવા માંડવું. કેળવણી આપવામાં મુખ્ય વાત એજ લક્ષમાં રાખવાની છે કે બાલકોને મિથ્યા ભયની કલ્પનાઓ કરવાની ટેવ ન પડે.

આવું ચારિત્રનું જે પરાક્રમ શૌર્યથી પ્રકાશ પામે છે તે પુરુષોમાંજ જણાયું છે કે જણાઇ શકે એમ માનવાનું કારણ નથી. સ્ત્રીઓનું પરાક્રમ કોઇરીતે પુરુષોથી ઉતરે તેવું નથી. એટલુંજ સવિશેષ સ્મરણમાં રાખવાની અપેક્ષા છે કે સર્વે પુરુષો સ્ત્રીઓનાજ પુત્ર છે, ને તેમનામાં જે જે પરાક્રમ છે તે તે સ્ત્રીઓની અસરનુંજ રૂપાન્તર છે. સ્ત્રીઓનાં ગીત કોઈ ગાતું નથી, તેમુને નામે કીર્તિસ્તભ રોપાતા નથી, છતાં તેમની શકિત અગાધ, અમિત, અપાર, છે—ને સર્વદા ગુપ્ત છતાં માણસના જીવિતમાં નિકટ જોડાયેલી છે. પણ પ્રસિદ્ધ શૌર્યના દર્શનમાંએ સ્ત્રીઓની મૂર્તિંઓ નથી એમ નથી. અનેક સતીઓએ સંપત્તિ અને વિપત્તિમાં પ્રેમનુંજ અસ્ખલિત સ્વાર્પણરૂપ સેવન કરી પ્રાણાન્તે પણ તેને તજ્યો નથી એ મહા શૌર્યનો પ્રભાવ આર્યપ્રજાવિના બીજાને અજાણજ છે. અરે ! એજ કોમલ મૃદુ હૃદયવાળી રજપૂતાણીઓએ પ્રસંગે કવચ આયુધ પણ ધારણ કરી શત્રુઓને ધ્રુજાવી નાંખ્યા છે. પ્રેમપલ ! અહો શો શૌર્ય અને ઉદાર પ્રેમનો પ્રભાવ છે કે બે વિરુદ્ધ વસ્તુનો પણ એકમાંજ યોગ કરે છે. પણ જેણે કેવલ સ્વાર્પણનોજ મહામંત્ર જપવા માંડયો છે તેનામાં કાંઈ અસંભવિત નથી, ને સ્ત્રીઓ તો તેમાં પ્રથમ અધિકાર ધરાવે છે. परार्थे स्वसमर्पणम् । એજ ખરા શૌર્યનું ને ખરા ચારિત્રનુ લક્ષણ છે.

પ્રકરણ ૬.

આત્મસંયમ.

सर्वंपरवशंदुःखं सर्वंमात्मवशंसुखं ॥

આત્મસંયમ એ શૌર્યનુંજ રૂપાન્તર છે; ચારિત્રનું એ તત્વ છે એમ

કહીએ તો પણ બાધ નથી. મનુષ્ય અને પશુ વચ્ચે જે મુખ્ય વિશેષ છે તે એનાથીજ થયેલો છે; ને વાસ્તવિકરીતે જોતાં એના વિના મનુષ્યત્વજ સંભવતું નથી. આત્મસંયમ એ સદ્‌ગુણમાત્રનું તત્વ છે. જેટલા જેટલા સદ્‌ગુણ છે તે આત્મસંયમથીજ ઉદ્‌ભવે છે ને તેમુંજ રૂપાન્તર છે. માણસ પોતાનાં આવેશ અને વાસનાઓને સ્વચ્છંદે પ્રવર્તવા દેતો તે ક્ષણથી તે સત્પાત્ર થતો અટકે; જીવિતના તોફાની પ્રવાહને પૂરે તે તણાતો જાય અને જે ક્ષણે જે આવેશ બલવાન્ હોય તેનાથી આમતેમ અફળાય. વૃત્તિથીજ સ્વતંત્ર થવા માટે, પશુથી જુદા થઇ મનુષ્ય થવા માટે, સ્વાભવિક પ્રેરણારૂપ આવેશોની સામા થવાની શકિત હોવી જોઇએ; ને આ પ્રમાણે થવું એ આત્મસંયમવિના કદાપિ સંભવતું નથી. આ શકિતથીજ માનુષીવૃત્તિ પશુવૃત્તિથી જુદી પડી શકે છે; ને એજ વ્યક્તિમાત્રની વૃત્તિનો મૂલ આધાર છે, પરમ સુખનું દ્વાર છે.

કોઇ રાજાના પરાક્રમ વાચી આપણે પ્રસન્ન થઇએ છીએ કે તેણે કેવું પરાક્રમ દાખવ્યું, કેવા શત્રુને પરાજિત કર્યા, કેવાં નગરો ડોલાવ્યાં, કેવો વિજય વર્તાવ્યો; પણ એવા પરાક્રમ કરતાંએ અધિક પરાક્રમ તો આત્માને જીતવામાં સમાયલું છે. ઇન્દ્રિય વિષયાદિ શત્રુને દમવાથી દીપે છે, દેહરૂપી કિલ્લાને વશ રાખવાથી વધે છે, ને આત્મ પ્રસાદરૂપ વિજય વિસ્તારે છે. આ વિશ્વમાં જેટલા જેટલા દુર્ગુણ છે, જેટલાં જેટલા તે દુર્ગુણજન્ય દુઃખ છે, ને જેટલા જેટલા અપરાધોથી જનસમૂહની મર્યાદા દૂષિત થાય છે, તે બધાંના સેંકડે નવાણું ટકા તો માત્ર આત્માભ્યાસ, આત્મનિરીક્ષણ, અને આત્મસંયમથી દૂર થઇ શકે એમ છે. આ સદ્‌ગુણોના નિત્યાભ્યાસથી હૃદય અને બુદ્ધિની વિશુદ્ધિ વિસ્તરે છે, અને વૃત્તિમાં પવિત્રતા, સત્પાત્રતા, અને મિત વ્યવહાર, ઉદય પામી દૃઢ થાય છે. અભ્યાસ એ સદ્‌વૃત્તિનું મુખ્ય બંધારણ છે; અને અભ્યાસનું પણ એમ છે કે જેવા સંકલ્પપૂર્વક આપણે તેને આચરીએ તેવીજ વૃત્તિએ તે આપણને લઇ જાય છે. તે આપણને સન્માર્ગે દોરી જાય, કે કુમાર્ગે ડુબાવે છે. પણ અભ્યાસમાથી સ્વભાવ બાંધવાને નિત્ય નિયમની અપેક્ષા છે. નિયમથી જે ફૂલ ઉપજે છે તે ભવ્ય અને આશ્ચર્યકારક હોય છે. ગામડાના હળેથી છોડી આણેલા બળદ જેવા પુરૂષોમાં પણ નિયમીત અભ્યાસથી એવાં બલ, પરાક્રમ, ઉદારતા, આત્માર્પણ, અને આત્મસંયમ, ઉદય પામેલાં છે, ને પામે છે, કે તેથી રણરંગનો ઇતિહાસ સર્વદા પ્રિયકર અને કીર્તિભર્યો આકર્ષણ કરે છે.

" આત્મસંયમના ઉત્કર્ષમાંજ " હર્બર્ટસ્પેન્સર લખે છે " મનુષ્યત્વના અલૌકિક અંશની પરાકાષ્ઠા છે. આવેશને આધીન થઇ, જે જે વૃત્તિ ઉદય પામે તેનાથી આંદોલિત ન થતું, પણ આત્મસ્થ, આત્મનિયત, આત્મપરાયણ થઈ, એકત્ર થયેલી વૃત્તિમાત્રનો જે નિષ્કર્ષ કરે તેને અનુસરવું, એજ શિક્ષણમાત્રનો, વિશેષે કરી નીતિશિક્ષણનો મુખ્ય આશય છે. " નીતિશિક્ષણની પ્રથમ શાળા આપણે આગળ કહી ગયા છીએ તેમ ઘરજ છે એના પછી પાઠશાલા; અને પછી વ્યવહાર, જે આ જીવિતના અનુભવોની મહાશાલા છે. એ બધાં ઉત્તરોત્તર ઉપયુક્ત છે, ને એકથી બીજા માટે તૈયાર કરે છે. ઉત્તમમાં ઉત્તમ નિયમવાળું ઘર તે એજ કે જ્યાં નિયમ બહુ સંપૂર્ણરીતે ચાલતો હોય, છતાં જ્યાં તે નિયમ પલાય છે અથવા ચાલેછે એ ત્યાંનાં રહેનારાંને જરા પણ લાગતું ન હોય, નીતિનીયમોનો સ્વભાવજ એવો છે કે તે વિશ્વનિયમની પેઠે સહજ શકિતથીજ પ્રવર્તે છે, જે એને વશ હોય છે તે અજ્ઞાતજ એને આધીન વર્તે છે; અને યદ્યપિ એને આધારે આખો સ્વભાવ અને વૃત્તિ બંધાતે બંધાતે નિત્યરૂપ પકડે છે, તથાપિ આ પ્રકારે થયેલી અસર ઘણું કરીને અજ્ઞાત અને અપ્રસિદ્ધજ હોય છે. આમ યદ્યપિ નીતિ નિયમનો આધાર સ્વભાવ, શરીરસ્થિતિ, અને બાલ્યશિક્ષણ, તથા સમાગમ ઉપર હોય છે, તથાપિ પ્રતિવ્યકિતને પોતાની વૃત્તિ સુધારવાનો પ્રયત્ન પોતાના હાથમાંજ છે. એ પ્રયત્ન તે આત્મસંયમ. આત્મસંયમ અને આત્મનિરીક્ષણથી અનેક કુપ્રવૃત્તિ અટકાવી સન્માર્ગે વાળી શકાય છે, ને એમ ધીમે ધીમે ચારિત્ર ઉદયપામે છે. વૃત્તિનું ઉદય થવું ને તેને સન્માર્ગે કે કુમાર્ગે દોરવી એ પ્રાયશઃ આપણા હાથમાંજ છે, પણ તે આત્મસંયમવિના સંભવતુ નથી. સંકલ્પદ્વારા વૃત્તિની પ્રવૃત્તિ થાય છે, તે સંકલ્પનો નેતા આત્મસયમ છે, જે પુરૂષો સંયમવાળા છે તે સહજ સંકલ્પથી વૃત્તિને દોરી શકે છે. ઉદાહરણ તરીકે લઇએ તો ક્રોધની વૃત્તિ થવી એ સર્વને સહજ છે, પણ આત્મસંયમવાળાં એજ વૃત્તિને ક્રોધથી જે કુમાર્ગે જવાય તે કુમાર્ગે ન જવા દેતાં તુરત અન્ય માર્ગે ચઢાવે છે, ને ક્રોધ ઉત્પન્ન કરાવનાર જે કામવૃત્તિ તેના ઉપર ક્રોધ કરી કામને નિર્મૂલ કરે છે. આમ વૃત્તિ માત્રનું સમજવું. પણ એ બધામાં આત્મસંયમ મુખ્ય છે, નહિ તો વૃત્તિના ઉદયની સાથેજ જેને એટલું ભાન નથી રહેતું કે શું કરવું તેવાથી તો કશું બનતું નથી, ને તે ઉત્તરોત્તર અધમતામાં ડુબી, પાપાધિકારી થાય છે.

દા૦ જોન્સને કહ્યું છે કે માણસને ખુશમીજાજમાં રહેવું કે ચીડીયા થઇ

જવું એ પોતના હાથમાં છે. આપણે ધીરજ અને સંતોષનોજ અભ્યાસ રાખીએ કે એથી ઉલટું ગડબડ કરવાનો અને અસંતોષનોજ અભ્યાસ પાડીએ, નાનાં નાનાં દુઃખોને આપણે મ્હોટુંરૂપ આપતા થઇ જઇએ, ને મ્હોટી આશિષરૂપ જે હોય તેનો હીસાબ પણ ન ગણીએ, તો કેવલ નિર્જીવ ઉપદ્રવોની પણ બહુ દરકાર કર્યાથી આપણને તે મહા દુઃખરૂપ થઇ પડે. એતો પોતાનાજ મન ઉપર છે. વસ્તુ માત્રમાં સારુ ને નરસું બન્ને મિશ્રણજ હોય છે. કોઇ એવી વસ્તુ નથી કે જે એકાન્તશુદ્ધ હોય કે એકાન્ત દુષ્ટ હોય; છતાં જેવું જેનું મન તેવી તેની પરીક્ષા. દુઃખમાંથી પણ સુખ માની લેનારા જેમ ઘણા મહાત્માઓ થઇ ગયા છે, તેમ સુખમાંએ દુઃખ ઉપજાવનારા પામર અસખ્ય દેખાયછે. દઢ આત્મસંયમથીજ એવી ઉદારતા પ્રાપ્ત થાય છે કે જેમાં સર્વદા આનંદાંશજ ગ્રહણ કરવાની ટેવ પડે અને એમ આ વિશ્વ, જેના કર્તા આપણે નથી એટલે જેને આપણે જેમ તેમ અનુકૂલ કરી લેવાનું છે, તેમાં સુખી થઇ શકાય.

ધાર્મિક માણસોનું જીવન અતિં વિકટ આત્મનિયમન અને આત્મસંયમથીજ ભરપૂર હોય છે. તેને સર્વદા નિયમિત અને જાગ્રત્ રહેવું પડે છે, દુઃખ વેઠતાં પણ પરોપકાર કરવો પડે છે. વિષયપરાઙ્મુખ થઇ આત્મપરાયણ થવું પડે છે, મરણની મૈત્રી રાખવી પડે છે, ને એ બધું કરવા છતાં પ્રયત્નમાંજ ફલ માનવું પડે છે. શ્રદ્ધામાત્રથી આવા આત્મસંયમમાં રહ્યા કરનારને, જો તેની શ્રદ્ધા સ્ખલિત ન થાય તો યોગ્યકાલે યોગ્ય બદલો મળેજ છે. શ્રદ્ધા જે આત્મસંયમનુંજરૂપ છે તે સર્વનું રહસ્ય છે श्रद्धा फलति सर्वत्र न मन्त्रो न चदेवतम् એમ શ્રીમદ્ભાગવતમાં પણ કહેલું છે. ધર્મમાં તેમ વ્યવહારમાં કે રાજકાજમાં પણ આત્મસંયમ એજ જયનો માર્ગ છે. આત્મસંયમ પૂર્વક સ્વભાવને વશ રાખવો એજ કાર્યસિદ્ધિનું પ્રથમ લક્ષણ છે. જેની પ્રકૃતિ ક્ષણે ક્ષણે જતી રહે તે માણસ કોઇ પણ કામને યોગ્ય નથી. ઠંડો મીજાજ એટલે ધીરજ એજ કાર્યમાત્રમાં સિદ્ધિદાતા છે, ને તે ધીરજ આત્મસંયમનુંજ રૂપાન્તર છે.

ધૈર્ય અને આત્મસંયમથી ખરી વીર્યવત્તા પ્રાપ્ત થાય છે. વિજયનું નિદાન ધૈર્યવિના બીજું કાંઇ નથી, એકલા શારીરિક નહિ પણ સાર્વત્રિક વિજયનું. ઘણાકનો મિજાજ ગરમ હોય છે, પણ ગરમ મીજાજ તે ખરાબ મીજાજ છે એમ નથી. તથાપિ જેમ મીજાજ વધારે ઉગ્ર તેમ આત્મસંયમની વધારે અપેક્ષા. માણસો પોતાના દોષથી

એટલી હાનિ નથી ભોગવતાં કે જેટલી તેઓ દોષ કર્યા પછીના પોતાના વર્તનથી ભોગવે છે. તરૂણ માણસોમાં જેને ઉગ્ર કે ગરમ મીજાજ કહેવામાં આવે છે તે એટલુંજ બતાવે છે કે તેમનામાં અપકવ ઉત્સાહનો મ્હોટો સમૂહ ઘેરાઇ રહેલો છે; અને જો તેને યથાર્થ માર્ગે નિયમાય તો તે બહુ ઉપયોગી થઇ શકે એમ છે. એક પ્રખ્યાત ફ્રેંચ વેપારીનો એવો નિયમ હતો કે જ્યારે એ કોઇ પુરુષને બહુ ગરમ મીજાજનો સાંભળતો ત્યારે તુરત તેને પોતાની નોકરીમાં રાખતો, અને તેને એક એકાન્ત ઓરડામાં એકલોજ કામે વળગાડતો. આમ કરવામાં તેનું એમ મત હતું કે જે પુરુષનામાં ઘણો અપકવ ઉત્સાહ ભરેલો છે, ને ગરમ મીજાજરૂપે પરિવર્ત છે તે યથાયોગ્ય માર્ગ જડતાં તથા વિરુદ્ધ પ્રોત્સાહનના અભાવે, સુમાર્ગે વળી બહુ ફળદાયી નીવડશે; વારંવાર તેમજ થતું. બાલ્યકાલે તોફાન અને મીજાજીપણામાં મસ્ત રહેતા બાલકો રૂઢવયસ્ક થતાં હોશીઆર, બુદ્ધિમાન્, અને ઉદ્યમી નીકળે છે. તેમાં પણ અપકવ ઉત્સાહને માર્ગ મળવા વિના બીજી વાત નથી જે ઉત્કર્ષ કોઇ પણ વસ્તુમાં સમાયલો હોય છે, તે કોઇનેકોઈ રૂપે આવિર્ભાવ પામે છે, ને યથાર્થ ઉપયોગે આવતાં શુભ ફળદાયી નીવડે છે. એવો વિશ્વનોજ નિયમ છે. બાષ્પયંત્રમાં રહેલો બાષ્પ યોગ્ય નિયમથી ગતિરૂપ મહા ચમત્કાર અને ઉપયોગનો સાધનાર થઈ પડે છે એ સુપ્રસિદ્ધ છે.

અનિયમિત અને અસંયત તીવ્રતા ઘણીવાર ચઢાઉપણાનેરૂપે આવિર્ભાવ પામે છે. પણ તેજ તીવ્રતા સંયત થઇ સતી શુભોદર્કમય નીવડે છે. એવા પુરુષોને ધૈર્યની અતિ આવશ્યકતા છે. જેટલા જેટલા મહા પુરુષો થઈ ગયા છે તેમાંના ઘણાક બહુ ગરમ મીજાજના જણાયલા છે; પણ તેમનામાં જે સંયમનું બલ હોય છે તેથીજ તેઓ વિજયી નીવડયા છે, ક્રોમવેલ, વોશિંગટન, વેલિંગટન, ઇત્યાદિ પરદેશી વીરો જેમ કૃતિએ બહુ આવેશવાળા તેમ સ્વભાવે બહુજ સંયત હોવાથી કીર્તિમંત થયા છે. તાત્પર્ય એટલુંજ છે કે આવેશવાળા, ગરમ, તીવ્ર, કે ઉગ્ર ગમે તે કહો, તેવી પ્રકૃતિ એ કાંઇ દુષણ નથી, વારંવાર એજ કાંઇ મહા ઉપયોગિતાઅને બુદ્ધિસ્ફુર્તિનું ચિન્હ છે, પણ તેની સાથે જો સંયમ બળવત્તમ હોય તોજ તે લાભદાયી થાય છે. સંયમ એજ સર્વથી વિજયી છે. સંયમવાનજ સ્વલ્પસંતોષી હોઇ સુખમય જીવિત પ્રતિષ્ટાથી ગાળી શકે છે.

માણસનું સુખ અથવા દુઃખ તેના ગાડીઘોડાથી, કુટુંબ પરિવારથી, અધિકાર ભંડાર કે ઘરમાં સાચેલા દ્રવ્યથી, કે કાન્તિથી પ્રમિત થઇ શકતું નથી. તેના મનની ઇચ્છાથી થઇ શકે છે. જેટલી જેની ઇચ્છા તેટલું તેનું દુઃખ. થોડામાં થોડી ઇચ્છા એ મહા સુખ, અને કેવળ નિરીચ્છા તે પરમાનંદ. આવી સ્થિતિ થવી તે સંયમ વિના બનતું નથી. આત્માને કેવલ નિરીચ્છાવત્ કરવો એ સંયમનુંજ રૂપાંતર છે. સંયમને પ્રવર્તાવવામાં બુદ્ધિવડે સ્વભાવને ને આવેશોને નિયમવાની અપેક્ષા છે, મનકર્મથી સંયમ સાચવવા ઉપરાંત વાણીથી સંયમ રાખવામાં પણ બહુ લાભ છે. વાણી રૂપુ છે, મૌન સુવર્ણ છે એમ એક અંગરેજી કહેવત કહે છે તે ખોટું નથી. ઘણીક વાણી એવી હોય છે કે જે તરવાર કરતાં પણ વધારે ઉંડા ને તીખા ઘા કરી શકે છે, તેમ ઘણા માણસના મોંમાંથી તરવારની ધારાજ વરસે છે. માણસની વૃત્તિ કેવી છે તેનું તેની વાણી એ પણ એક ચિન્હ છે. यथा यथा मुञ्चति वाक्यबाणं तथा तथा जाति कुलप्रमाणम् પણ હૃદયના ઉદ્ગાર સાથેજ વાણીની એકતા રાખી વર્તવું અને જ્યાં બોલવા કરતાં મૌન રાખવું ઉચિત હોય ત્યાં મૌનજ રાખવું. ઘણા પ્રસંગ એવા હોય છે કે જ્યાં બોલવું એ મૂર્ખાઇનું ચિન્હ થઇ પડે છે. વાણીએ જ્યાં મૌર્ખ્ય હોય ત્યાં મૌન એ ડહાપણ છે. સોલોમને કહ્યું છે કે ડાહ્યા માણસનું મુખ તેના હૃદયમાં હોય છે ને મૂર્ખનું હૃદય તેના મોંમાં હોય છે. એક સ્પેનિશ કહેવત છે કે હંસના પીંછાથી, સિંહના પંજા કરતાં વધારે હાનિ થાય છે; તેનેજ મળતી આપણામાં પણ એક વાણીયાની વાત પ્રસિદ્ધ છે, કે તેણે કેવી રીતે કલમના ગોદાથી એક મીયાંના દાંત પાડી નાંખ્યા હતા ઘણા અનુભવી મહાશયો વારવાર એમ બોલતા સાંભળ્યા છે કે અમે કદી પણ મૌન રહ્યા માટે પસ્તાયા નથી, જો કે બોલ્યા માટે ઘણીવાર પસ્તાયા હોઇશું.

એવા ઘણા પ્રસંગ હોય છે, ને એવા ઘણા સમય આવે છે, કે વાણી આદિ ઉપરનો સંયમ ત્યજી દઇ ક્રોધ દર્શાવ્યા વિના ચાલતુંજ નથી, અસત્ય, અન્યાય, ક્રુરતા, સ્વાર્થ, ઇત્યાદિ દુર્ગુણોનુ દર્શનજ માણસને પ્રજ્વાલન કરવા સંપૂર્ણ છે. કોઇ પણ પ્રકારનું સંકુચિતપણું કે નિચત્વ જોતાંજ પુરૂષાર્થવાળા મનુષ્ય સહજજ સળગી ઉઠે છે. એક પ્રખ્યાત અને અનુભવી વિદ્વાને કહ્યું છે કે જેને ક્રોધ ન ચઢતો હોય તેવા માણસ સાથે હું કશું કામ પાડવાની હીંમત કરૂં નહિ. જેની શાન્ત મુખમુદ્રા નીચે અનેક સ્વચ્છંદી તરંગોના તોફાનની જાલ પથરાયલી હોય તેમાં ઉપરની શાન્તિના તેજે અં-

જોઇને હસનારના પ્રાણજ જાય. જે માણસ સત્યપરાયણ અને સદ્દૃત્તિનિષ્ઠછે તે આ વિચિત્ર વિશ્વમાં એવા અનેક પ્રસંગ દેખેછે કે જે સમયે તેના વિશુદ્ધ સત્વને અપમાન લાગેછે. તેના કોમલ હૃદયમાં અઘાત થાયછે, ને તેથી તેનો આંતર આવેગ બાહિરુદ્દગાર રૂપ આર્વિભાવ પામે છે. જેને સંસ્કાર છતાં આમ નથી થતું તે પોતેજ તેવા આચારવાળાં હોવાં જોઇએ એ નિઃસંશયછે; પણ સંકુચિતપણું કે નીચત્વ જોઈ ક્રોધ પામવાનો સ્વભાવ અસંયત એટલે પ્રતિવાત સહન ન કરે તેવો હોવો ન જોઇએ. એટલી ક્ષમા અને ઉદારતા વિવેકીએ રાખવી જોઇએ, કે જેથી આપણું જેવી વૃત્તિવાળા બીજા માણસનો વ્યવહાર આપણે દુભાયા વિનાજ સહન કરીએ. બીજાના દોષ ઉપર દષ્ટિજ ન કરવી એ ઉતમ માર્ગછે, કોઈ વસ્તુ એવી નથી કે જેમાં દોષ પણ ન હોય ને ગુણ પણ ન હોય; તો કેવલ દોષનેજ વળગી કલેશ પામવા ને આપવા કરતાં ગુણપરાયણતા રાખી આનંદ લેવો ને આપવો એ શુભ માર્ગ છે. પણ એમ વ્યવહાર રાખવા માટે આપણી વૃત્તિઓ ઉપર કોઈ અસાધારણ સંયમ રાખવાની, ને તેને આધારે યથાન્યાય તુલના કરવાની પરિપૂર્ણ અપેક્ષા છે.

આ જીવિતને, ઘણું કરીને, આપણે જેવું કરવા ધારીએ તેવું કરી શકીએ છીએ. આનંદી માણસ બધુ આનંદમય કરી લેછે, બળેલો, બળેલું. આપણી આગળ પાછળના સંબંધોમાં ઘણીવાર આપણને આપણી પોતાનીજ પ્રકૃતિનું પ્રતિબિંબ દીઠામાં આવેછે. જો આપણે ટંટાખોર હોઇએ તો બીજાં પણ તેવાં થાયછે, જો આપણે ઉદાર મન રાખીએ તો બીજા પણ રાખેછે. એક મીજમાનીમાંથી મધ્યરાત્રીએ ઘેર આવતાં એક ગૃહસ્થે ચોકીદારને કહ્યું કે મારી પાછળ કોઇક પડેલુંછે; તપાસ કરતાં તે પાછળ પડનાર માત્ર તેનો પોતાનોજ પડછાયો હતો. આપણા સર્વનું જીવિત એવુંજ છે, પ્રાયશઃ તે આપણું પોતાનુંજ પ્રતિબિંબ છે. સર્વની સાથે ભલાઇ રાખવાનું અને સર્વનું માન પામવાનું આપણે મન હોય તો આપણે જેટલી પ્રતિષ્ઠા આપણે માટે ઇચ્છતાં હોઇએ તેટલી બીજાને પણ આપવી. પ્રતિમનુષ્યને, જેમ શરીર તથા આકારની અનેક વિલક્ષણતા હોયછે, તેમ સ્વભાવ અને પ્રકૃતિની પણ હોયછે. તો તે સર્વ વિષે વિચાર કરતાં આપણે અતિ ઉદાર બુદ્ધિ રાખી અવલોકન કરવું, એજ એક માર્ગ છે કે જેથી સર્વના પ્રીતિ પાત્ર થઈ સકાય.

જ્યારે જીવિતના સારા નઠારા થઇ પડવાનો આધાર કેવલ આપણી, વૃત્તિ ઉપરજ આવ્યો, ત્યારે સ્પષ્ટજ છે કે આપણે આપણા આત્માને યોગ્ય સંયમ રાખી બીજાના પ્રતિ ઉદારવૃત્તિ ધારણ કરતાં શીખવીએ, તેમજ આપણે આપણી ગરજોને ધીમે ધીમે કાપતા જઇએ તો આપણું જીવિત એકાકાર સુખમય નીવડયા વિના રહે નહિ. જીવિતને સુખરૂપ ગાળવાનું ખરુ રહસ્ય સંયમવિના બીજું જણાતું નથી. ઘણાકને એવી ટેવ હોય છે કે બીજા મારે માટે આમ બોલેછે, તેમ બોલે છે, એમ વિચાર કરી કરી ક્લેશ પામેછે પણ એમાંએ ભુલમાત્ર પોતાનીજ હોય છે. સંયમ ન રાખવાથી પોતાનેજ મોઢે જે અનુદારતા થઇ ગઇ હોય તેનુંજ એ ઘણીવાર પ્રતિબિંબ હોયછે; ને અસંયત મન હોવાથી એ નિર્જીવ જેવી વાત બહુ જીવવાળી લાગી દુઃખ કરેછે. બીજા મારે માટે શું વિચારે છે એ નિર્જીવ વાતજ છે, બીજા શું વિચારેછે એ જાણવું હોય તો બીજા માટે તું શું વિચારે છે તેજ જાણ. અથવા વધારે યોગ્ય તો એજ કે તું પોતેજ તારે માટે શું વિચારે છે તે યથાર્થ રીતે સમજ. બીજાંના વિચાર ઉપર આધાર રાખનાર કેવલ ઠગાય છે, પણ પોતેજ પોતાની યથાર્થ કીંમત કરી શકે તો પછી બીજાંની કશી દરકાર રહેતી નથી. પોતે પોતાની કીંમત કરવી એટલે એમ નહિ કે અયોગ્ય અભિમાનની વૃત્તિ ધારણ કરવી, પણ જે અમુક સિદ્ધાન્ત પોતે સત્યરૂપે સપ્રમાણ વિચારથી સ્વીકાર્યા હોય તે સિદ્ધાન્ત ઉપર અસ્ખલિત દૃષ્ટિથી ચાલ્યા જવું. પછી બીજાં શું ધારેછે તેની કશી અપેક્ષા નથી, તેથી કદાપિ પોતાને સંતાપ થવાનો નથી. પણ એ બધું થવા માટે આત્મસંયમની થોડી અપેક્ષા નથી. આપણને સારા કહેવડાવવાની, મહોટા કહેવડાવવાની, એટલી બધી આકાંક્ષા હોય છે, કે ઘણીવાર આપણે એકાન્તમાં ઠરાવેલા સિદ્ધાન્તોને બાજુ ઉપર મૂકી, આપણી આંતર સંતોષવૃત્તિને બદલે, માત્ર પ્રાકૃત લોકની ક્ષણિક વૃત્તિનેજ અનુસરીએ છીએ, ને તત્કાલની વાહવાહ લેવા જતાં ચિરકાલની નિંદાને પાત્ર થઇએ છીએ. તે નિંદા તે નહિ માત્ર સુવિચારી પ્રતિષ્ઠિતોનીજ, પણ એથી પણ અધિક દુઃખકર્તા આપણે પોતાનાજ અંતઃકરણની, અને આત્મભ્રષ્ટતા જેવું બીજું દુઃખ શું છે ? જે માણસ એમ જાણે છે કે હું નીચ છું, હું દુષ્ટ છું, હું અસ્પર્શ્યછું, રાક્ષસ છું, તેને ગમે તેટલા સુખમાં દેખો, ગમે તેટલા આનંદમાં હસતો દેખો, પણ તેનું અંતર્ નિરંતર ચીરાયાં જાય છે, નિરંતર રડે છે, નિરંતર બળે છે ! આટલું બધું માત્ર એક સહજ

સંયમના અભાવે થાય છે. પ્રતિમનુષ્યના જીવિતના પ્રતિદિવસ એવી અનેક ક્ષણુ આવે છે કે જ્યારે એક જરાક સંયમથી આખો જન્મ સુધરી શકયો હોત.પણ તેમ થઈ શકતું નથી. ત્યારે યથાર્થજ છે કે જીવિતને જેવું આપણે બનાવીએ તેવું થાય છે.

ઘણાંકને બોલવાનીજ એવી ટેવ હોય છે કે તેમના અદકજીભા સ્વભાવને લીધે તેમનાં ઘણાં શત્રુ થાય છે. એક નિર્દોષ ટોળ કરવાથી તેઓ જેટલી ગમત પામે છે તે કરતાં લક્ષ ગણા તેમને શત્રુ થાય છે; માત્ર બોલવામાં જ આવુ છે એમ નથી. આપણાં રીત, ભાત, વ્યસન, વ્યવહાર સર્વમાં એમ છે. દારૂબાજી કે અફીણનુ નઠારૂ બ્યસન કેવી રીતે લાગુ પડે છે? માત્ર નિર્દોષ મોજમઝા માટે પ્રથમ સ્વીકારેલું હોઇ ધીમે ધીમે એવું ચઢી બેસે છે કે આપણે પછી તેના ગુલામ થઇ જઇ કેવલ પાયમાલ થઇએ છીએ. દારૂ એ કોઇ વિચિત્ર રાક્ષસ છે. એની શકિત અગાધ, ને એની જાલ વિસ્તીર્ણ પણ અદશ્ય છે. એક ક્ષણુ માત્રના સંયમથી, અહો, કેટલાં દુઃખ કેટલાં હૃદય દાહ, કેટલાં મરણ, કેટલાં પાપ અટકે !!

જે ખરા સયત પુરૂષ છે તેતો એટલે સુધી વર્તે છે કે પોતે જેવા હોય નહિ તેવા તેમને કોઇ ધારે ને માન આપે તો તે પણ તે સ્વીકારતા નથી. ગજા ઉપરાંત દેખાવાનો પ્રયત્ન કરવામાં દેવું કરવું એ ચોરી કરવા જેવુંજ છે. છતાં આપણામાંના કેટલા ગજા ઉપરાંત દેખાવામાંજ પ્રતિષ્ટા સમજે છે, ને પાયમાલ થાય છે.આપણે જેવા ન હોઇએ તેવા દેખાવા માટે પ્રયત્ન કરવો એના જેવું પરિણામે હાનિકારક, અને નીચ બુદ્ધિને વધારનારૂં, બીજું કાંઇ નથી. યથાશકિત આચરણ રાખી, જેવા હોઇએ તે કરતાં પણ કાંઇક ન્યુન જણાવામાં ખરા સંયમનું રૂપ પ્રકાશે છે: ને તે સર્વથા સુખકર નીવડે છે. માત્ર દ્રવ્યનુંજ દેવું કરવામાં લોકો મચ્યા રહે છે એમ નથી, પણ ચાલતું હોય તો વિદ્યાકલા પ્રતિષ્ટા સર્વમાં તેવોજ વ્યવહાર દાખલ કરે. આપણે જોઇએજ છીએ કે કાળા અક્ષરને પણ કૂટી મારે તેવા ઘણાએક પંડિતાઇનો ડોળ રાખે છે, એટલુંજ નહિ પણ તેમ રાખવા પ્રયત્ન કરી બીજા પાસે તે મનાવવા ઇચ્છેછે. એક વિદ્યામાંજ તેમ હોય એવું નથી પણ ધર્મમાં તો એ દંભ ઘણામાં ઘણો પ્રવર્તે છે આપણામાં ઉખાણો છે કે " ભાગ્યાનો ભીરૂ ભભૂતિ કે ગેરૂ" તેમ જેને કશો ધંધો નથી રહેતો તે પાધરાક ધર્મગુરુ થઇ બેસે છે. લોકોપણ તેમને ટોળે ટોળાં થઇ પૂજવા માંડે છે, ને નાવ ચાલે છે. મોક્ષમાત્રનીજ જરૂર

હોય તો મોક્ષમાં તો ગુરૂએ નથી, શિષ્યે નથી, જ્ઞાને નથી, ને વિજ્ઞાને નથી; પણ દુનીયાં મોક્ષનું નામ દે છે, છતાં ઇચ્છે છે તો પુત્ર, કલત્ર, ધન, અને સિદ્ધિ જેવા ઇચ્છનાર તેવા આપનાર, એટલે અખો કહે છે તેમ "શિષ્ય ગર્દભ ને ગુરૂ કુંભાર" નો કાફલો ચાલ્યાંજ કરે છે. વિદ્યામાં તેમ ધર્મમાં પણ આ પ્રમાણે એક સંયમના અભાવે કેટલાં કેટલાં કુકર્મ થાય છે? જે ખરા સયત પુરૂષ છે તે એવી કશી પ્રવૃત્તિમાં પડતા નથી, ને પોતે જેવા હોય તે કરતાં અધિક જણાવા ઇચ્છતા નથી, કિં બહુના ભુલચુકે કોઇ અધિક માને તો તે પણ સ્વીકારતા નથી.

આ પ્રમાણે આપણે સર્વાંશે સંયમનું સ્વરૂપ જોઇ ચૂકયા. જો એક રીતે કહીએ તો આખા વિશ્વના જેટલા જેટલા વ્યવહાર છે તે સંયમનુંજ રૂપાંતર છે એમ સિદ્ધછે. ચારિત્ર જેથી સિદ્ધ થાય તેપણ સંયમજ છે. સંયમવાન્ તેજ ચારિત્રવાન્ છે એ નિઃસંશય છે. સાર કે સર્વેએ સંયત થવા પ્રયત્ન કરવો, સંયમ યથાર્થ સિદ્ધ કરવા માટે નિરંતર આત્મનિરીક્ષણ અભ્યસવું. ક્ષણ પણ એવી ન જવી જોઇએ કે જ્યારે આત્મનિરીક્ષણનો અભાવ હોય. શું કર્યું, શું કરવું, એ વાતનો યથાર્થ તોલ આત્માની પાસે નિત્ય અને પ્રતિક્ષણ કરવો, ને એમ સંયમનો માર્ગ રચતા જવું.

જેનાથી નિરંતર આવો સંયમ ન સચવાય તેણે પણ, અને વિશેષે કરી સર્વ સ્ત્રી પુરૂષોએ—દિવસમાંના ચોવીશ કલાકમાંથી જે કાંઇ ઉગરે તે સમય—શાન્ત શીતલ સમય—એવો રાખવો કે જ્યારે દુનીયાં, વ્યવહાર, પ્રપંચ, લોભ, આદિ નાટકનાં આવરણ માત્ર ખશી જાય, અને દુનીયામાં છતે દુનીયાંમાં હું નથી એવો અનુભવ થાય. એ સમયેજ સંયમનું બલ આત્મા ઉપર પ્રવર્તે છે, એ સમયે કરેલા નિશ્ચય કામ આવે છે, એ સમયે સત્યની ઝાંખી થાય છે, પરમાર્થ સમજાય છે.

પ્રકરણ ૭.

પ્રામાણિકતા-આત્મકર્તવ્ય.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥
संपदि यस्य न हर्षो विपदि विषादो रणे न भीरुत्वम् ।
तं भुवनत्रयतिलकं जनयति जननी सुतं विरलम् ॥

જે જન વર્તમાનમાં અપ્રતિષ્ઠા, અને ભવિષ્યમાં પાપ એ બેથી બચી જવા ઇચ્છતાં હોય તેમણે આત્મકર્તવ્યમાં પાછાં પડવું નહિ. સંસારવ્યવહારમાં દૃઢ સંકલ્પને અપ્રેરિતપ્રયત્ન એબેથીજ માણસો આત્મકર્તવ્યને સિદ્ધ કરી શકે છે. આત્મકર્તવ્યમાં મનુષ્યવ્યવહાર માત્રનો સમાસ થાયછે. ઘરમાંથીજ તેનો આરંભ થાય છે. એકપાસા બાલકોને પોતાનાં માતાપિતા પ્રતિ આત્મકર્તવ્ય સિદ્ધ કરવાનું છે; તેમ બીજી પાસા માબાપને તેમના પ્રતિ આત્મકર્તવ્ય સાધવાનુ છે. એજ પ્રમાણે પતિપત્ની, સેવ્યસેવક, એવા પરસ્પર આત્મકર્તવ્યના બીજા અનેક સંબંધ છે. ઘરબ્હાર જોઇએ તો સ્ત્રીપુરૂષો એક એકને મિત્રરૂપે, પડોશીરૂપે, શેઠ નોકરરૂપે, અધિકૃત અધિકાર્ય રૂપે, એમ અનેક રીતે આત્મકર્તવ્યના પ્રકારમાં ગુંથાએલાં છે.

આખી જીવિતની પ્રવૃત્તિજ કર્તવ્યતાથી ભરેલી છે, ને પગલે પગલે આત્મકર્તવ્ય સર્વ પ્રવૃત્તિને આડે આવે છે. આપણાથી ઉત્તમ, આપણા સમાન, અને આપણાથી કનિષ્ઠ, એમના પ્રતિ આત્મકર્તવ્યભિન્ન હોયછે;મનુષ્ય પ્રાણી, ઈશ્વર, તે પ્રતિ આત્મકર્તવ્ય નાનાવિધ હોય છે. આપણે તો महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया । એ કહ્યું છે તેમ મહાપુણ્યે કાયારૂપી નાવમાં બેશી શકયાં છીએ, જેટલું બને તેટલું કરીને જાતે તરવું ને બીજાને તારવાં એજ આપણું કર્તવ્ય છે. આત્મકર્તવ્ય છે તેજ સદ્‌વૃત્તિનો મુકુટ છે. એનાથી આપણી સદ્‌વૃત્તિઓનો સમૂહ યથાયોગ્ય સંબંધોમાં ગોઠવાઇ શોભે છે; એના વિના અધિકાર, સામર્થ્ય, શુભચિંતન, બુદ્ધિ, સત્ય, સુખ, અને પ્રેમ દયા આદિપણુ, નિત્યરૂપે સ્થિર સ્થપાતાં નથી;ને એની સાહાય્ય વિના આ જીવિતરૂપ ઘરના પાયામાંથી ને તેની ભીતોની ઇટોમાંથી તેને ઉભું રાખનાર ચુનો માત્ર ગરી પડે છે, ને છેવટ આપણે એક પડી ભાગેલા ઢગલાને રડતે દીલે જોઇ જોઇ અકળાતાં રહીએ છીએ.

આત્મકર્તવ્યતા ખરી ન્યાયબુદ્ધિથી પેદા થાય છે; એ ન્યાયબુદ્ધિ પ્રેમ ભાવથી ઉદય પામે છે; ને પ્રેમભાવ એ આત્મભાવનું ફલ છે. આત્મકર્તવ્ય

એ એકાદ ક્ષણે કે એકાદ સ્થલે અમુક રીતે વર્તવાની ઇચ્છા કે અમુક કરવાનો આવેશ નથી, પણ સર્વત્ર સર્વ અવસ્થામાં એકજ રૂપે સિદ્ધ થયેલો નિયમ છે. એનું દર્શન આખા વર્તનમાં તેમ એક એક નજીવા જેવા કામમાં પણ થાય છે, ને કોઈ સમયે પણ તેના વિચાર વિના કશું કરેલું જણાતું નથી. આ પ્રકરણને મથાળે ટાંકેલા શ્લોકમાં કહ્યું છે કે નીતિનિપુણ એટલે સંસાર વ્યવહાર,રાજખટપટ,ઇત્યાદિ અનેક કપટાચારમાં પ્રવીણ થયેલા લોક, આત્મકર્તવ્યની, ન્યાયપુરઃસર જે માર્ગ હોય તે માર્ગે ચાલનારા વીરપુરુષોની સ્તુતિ કરે કે નિંદા કરે તેની તેમને દરકાર નથી; તેમને લક્ષ્મી મળે કે ન મળે, કે મળી હોય તો જતી રહે, તેની પણ તેમને ચિંતા નથી; મરણ પણ આજ અત્યારેજ થાય, કે દશવીશ પચાસ સો લાખ કે યુગ જેટલાં વર્ષે થાય તોપણ તેનું તેમને ભય નથી;—કેવલ ન્યાયબુદ્ધિથી પ્રેમભાવે જે આત્મકર્તવ્ય સમજાય તે આચરવું, તેજ વિચારવું, તેજ વદવું, એ દૃઢવ્રતવાળા ધીર સર્વત્ર વિજયી છે. પોતે પોતાનુ જે કર્તવ્ય હતું તેજ કર્યું એમ જાણવાનો સંતોષ જેણે અનુભવ્યો હોય તેનેજ સમજાય તેવો છે. એ સંતોષ લોકો વાહવાહ કહે તેથી થઈ શકતો નથી, અનેક સમૃદ્ધિ પ્રાપ્ત થાય તેથી સધાતો નથી, અતુલ અધિકાર ભોગવાય તેથી અનુભવતો નથી; પણ એક ક્ષણભર "મેં મારે જે કરવું યોગ્ય હતું તેજ કર્યું છે" એવા આત્માના પ્રસાદથી થાય છે. અજાણ્યો, અદીઠ, પણ એ પ્રસાદ છે; કેમકે અમુક વાત મારે કર્તવ્ય નહતી,ન્યાયપુરઃસરતાથી તે મારે કર્તવ્ય નહતી; છતાં મારાથી તે થઇ એમ જાણવાથી જે તીવ્ર વેદના અંતરૂમાં વ્યાપે છે તેજ એ કાર્ય યથાર્થ આત્મકર્તવ્યબુદ્ધિએ થયું હોત તો કેટલો સંતોષ થાત તેની સાક્ષી છે. આત્મકર્તવ્ય સમજનારને મરણનું ભય નથી કેમકે આત્મકર્તવ્ય ચૂકવારૂપ કલંક રહિત મરણ એ જીવ્યા કરતાં પણ અધિક છે. જ્યારે અપ્રામાણિકતાથી ને દ્રોહવૃત્તિથી ધનવાન્ થવાય છે ત્યારે ગરીબ અને દરિદ્ર રહેવુંજ સારુ છે; ભીખ માગવાથીજ અધિકાર અને પદવી પ્રાપ્ત થાય છે, ત્યારે તે વિના મરી જવું તેજ ઉચિત છે;આશાઓનાં ફલ ખુશામદ અને દાસત્વથી સિદ્ધ થાય છે ત્યારે નિરાશામાં મગ્ન રહેવું એજ સુખપ્રદ છે; ઉદરનિર્વાહ પ્રાપ્ત કરી પોતાના આત્મકર્તવ્ય કર્યાના સંતોષથીજ રહી પરમાત્માનો ઉપકાર માની, મરણને માટે તત્પર રહેવું.એવું મરણ આવે તો તે ધન્યભાગ્ય.

આત્મકર્તવ્યથી મહાપુરુષો પાછા હઠયા નથી. લાભહાનિનો તેમણે હીસાબ કર્યો નથી, શૂરવીર પરાક્રમી યોદ્ધા રણસંગ્રામમાં પોતાના કર્તવ્યથી

કદાપિ પાછા ફર્યા નથી, કિંબહુના તેમને તેમની સ્ત્રીઓએ ને તેમનાં સંબધીઓએ સર્વદા તે કર્તવ્ય સંપાદવા માટે પ્રોત્સાહનપૂર્વક પ્રેરેલા છે. આપણે કહી ચૂકયા છીએ કે આત્મકર્તવ્ય એટલે ન્યાયબુદ્ધિથી વિચારતાં જે પોતાનું કર્તવ્ય સમજાતું હોય તે, નહિ કે ટુંકી નજરે આપણાં એકલાનાંજ સુખસંતોષ સધાય તેવો આચાર વિચાર. માણસ જીવે છે, ખરી રીતે જીવે છે, એમ સિદ્ધ જાણવા જણાવવાનો એક માર્ગ છે ને તે એ કે તે માણસ કેટલા કર્તવ્યમાં પડેલાં છે, કેટલી વાતને પોતાનું કર્તવ્ય માને છે, ને તે માન્યા પ્રમાણે ઉત્સાહ અને ઉદ્યોગથી કરવામાં મંડયાં રહે છે. આપણું જીવિત એક પ્રકારનું યુદ્ધ છે. આપણો માર્ગ ઉદ્યોગ અને ઉત્સાહ રૂપી યુદ્ધથી કરી લેવાનો છે એટલુંજ નહિ પણ આપણે કેટલું અને કેવું જીવ્યા તેની કીંમત પણ એ યુદ્ધની વિકટતા અને દીર્ઘતા ઉપરથી થવાની છે. સર્વદા ઉચ્ચાભિલાષ, દૃઢ સંકલ્પ, અને આત્મકર્તવ્યના માર્ગથી એક તસુ પણ ન ખસવા જેટલું ધૈર્ય, એજ જીવિત જયવાન્ કરનારાં તેમ અમર કરનારાં સાધન છે વિદ્વાન કહે છે કે જીવિત એજ વિકૃતિ છે,બાકી મનુષ્યોને પદાર્થોની પ્રકૃતિ તો મરણજ છે. આનું તાત્પર્ય એછે કે વસ્તુ માત્રનો સ્વભાવ એવો છે કે કાલને આધીન થઇ તે વસ્તુ હતી ન હતી થઇ જાય; પણ એ સ્વભાવને અટકાવી તેમાં વિકાર કરનાર આપણું જીવિત માત્રજ છે. જેટલો વખત કોઇ વસ્તુ રહે તે રહેવાપણું એજ તે સ્વભાવને અટકાવનારૂં છે પણ સાધારણ રીતે જીવ્યાજ કરવું એ કાંઇ સર્વભક્ષી કાલ સામા થઈ વસ્તુનો સ્વભાવ વિપરીત કર્યા બરાબર નથી. કેમકે જ્યારે જીવિતમાં આત્મકર્તવ્યની વાસના અતિ પ્રબલ હોય, અને તદનુસાર દૃઢ સંકલ્પ તાદૃશ આચાર થયો હોય ત્યારે જ કાલના ઝપાટામાંથી આપણું જીવિત બચ્યું, અને આપણે મરી જઇએ તોપણ આપણું જીવિત ખરૂં જીવિતજ છે એમ થયું.

આપણે ઘણીવાર એમ સમજતા હોઇએ છીએ કે આપણું કર્તવ્ય અમુક છે, આપણા જીવિતનો હેતુ અમુકજ હોવો જોઇએ છે, પરંતુ બીજા અનેક સત્સંકલ્પ જે કારણથી પ્રત્યક્ષ થતા અટકે છે તેજ કારણોથી આપણે આપણું કર્તવ્ય પણ કરી શકતાં નથી. અનિશ્ચય અથવા સંશય, દૃઢ ભાવનાનો અભાવ, અને કાર્ય આદરવામાં આલસ્ય, એ આપણને આત્મકર્તવ્યતાથી વિમુખ રાખે છે. એક પાસા સનાતન ધર્મજ્ઞાનમાંથી આપણા જીવિતના હેતુનો બોધ હોય છે, પણ તેને સાધતાં બીજી પાસાથી આલસ્ય, સુખાભિલ્પ્સા, સ્વપરાયણતા, ને આવેશ એટલાં વાનાં, આપણને અટકાવે છે.

માણસો પોતાનું ભલું એટલે પોતાનું સિદ્ધ કર્તવ્ય જાણતાં છતાં અયોગ્ય આચારમાં ફસે છે, તેમાં દોષમાત્ર, સંયમને અભાવે ઉપજેલી તેમની કામના એટલે ઇચ્છાનોજ છે.

આત્મકર્તવ્ય એટલે આપણા પોતાના પ્રતિ કરવાની ફરજ એમ સમજવાનું નથી, એનો અર્થ આપણે આરંભેજ બતાવી ચૂક્યા છીએ કે આપણા જીવિતથી પરને જેજે કરવાને આપણે ન્યાયબુદ્ધિથી બંધાયલાં હોઇએ તે કરવું; ને તે પણ કશા લાભના હીસાબ વિના કરવું. શાસ્ત્રોમાં જેને પુણ્ય કહે છે તે આત્મકર્તવ્યતાનું રૂપ છે. પુણ્યનું સ્વરૂપ એટલામાંજ છે કે આત્મભાવથી વર્તવું. એટલે આત્મા એક છે એમ જાણવું એટલુંજ નહિ, પણ એમ નિશ્ચય લાગવું કે આત્મા સુખમય છે તેમાં દુઃખનો અવકાશજ નથી, તો જ્યાં જ્યાં દુઃખ જણાય છે ત્યાં ત્યાં જેને લીધે દુઃખ જણાય છે તે દૂર થવુંજ જોઇએ, મારે તે દૂર કરવુંજ જોઇએ; મને જેટલું અને જેવું સુખ જણાય છે તથા અનુભવાય છે તેટલું ને તેવું ત્યાં પણ થવુજ જોઇએ. એવી વૃત્તિનું નામજ દયા અથવા પ્રેમ કહેવાય છે; ને એને ઉદ્દેશીનેજ ભક્ત કવિથી તુલસીદાસે કહ્યું છે કે दया धर्मको मूल हे पाप मूल अभिमान। तुलसी दया न छांडीए जबलग घटमें प्रान ॥ દયા ધર્મ કરતાં આપણને આપણા મનનું સાંકડાપણુંજ અટકાવે છે. હું શું કરીશ, મારાં શું કરશે, એવા વિચાર આપણને આવે છે, એને પીડા છે તેમાં મારૂં શું જાય છે એમ સંતોષ વળે છે; પણ એનુંજ નામ મનનું સાંકડાપણું ને એજ અભિમાન. તું એવો કરનારજ ક્યાં છે? ને તારૂં ઇચ્છેલું ક્યાં મળે છે? કે તને ન ગમતું હોય તે ક્યાં તારાથી દૂર જાય છે? ત્યારે તને જે પ્રાપ્ત થાય તે જે રીતે તને થયું છે તે રીતે જે પ્રસંગે બીજાને ભોગવવાનો યોગ આવે તે પ્રસંગે બીજાને ભોગવવા દે. ભોગવવા દે નહિ પણ તારી ખુશીથી ને ઇચ્છાથી તેમને આપવા જા. આમ પોતાના અભિમાનનો લેશ પણ ન રાખતાં, સર્વદા પોતાનું કર્તવ્ય દૃઢરીતે સમજવું, ને તે જે રીતે સમજાયું હોય તે રીતે કરી બતાવવામાં પોતાનો જીવ આપતાં સુધી હઠવું નહિ એજ ખરી આત્મકર્તવ્યતા છે.

એક તત્ત્વજ્ઞાનીએ લખ્યું છે કે "આ સંસાર નાટકછે: એમાં જે વેષ ધારણ કર્યાછે તે આપણે પોતે પસંદ કર્યા નથી, એટલે તે કેવા છે કે શા માટે એવા છે તેની સાથે આપણે કશી લેવા દેવા નથી; આત્મકર્તવ્ય એટલાજ સાદા કામમાં રહ્યું છે કે આપણને જે વેષ મળ્યો છે તે પૂરેપૂરો

ને યથાર્થ ભજવવો, "આમ લખ્યા પછી તે લખેછે કે માણસોએ જાણવું જોઇએ જે અમે જ્યાં સુખ માનીએ છીએ ત્યાં સુખ નથી; કાયબલમાંજ સુખ નથી કેમકે ભીમ, કે હનુમાન્ પણ સુખી ન હતા; સમૃદ્ધિમાં સુખ નથી કેમકે ઇંદ્રાદિદેવ. પણ સંતોષવાળા નથી; અધિકારમાં સુખ નથી કેમકે દુર્યોધન શિશુપાલાદિ. પણ કલેશમાં નિમગ્ન હતા; તેમ એ સમગ્રમાં પણ સુખ નથી કેમકે રાવણાદિ મહાદુઃખમાં મરી ગયા. એ સુખ માણસના પોતાનામાંજ છે. પરાધીનતામાત્રથી છૂટા થઇ, સ્વતઃજ આત્મપ્રસાદમાં રહી, આત્મકર્તવ્યને સમજવું તથા વિસ્તારવું એજ આનંદનું નિદાન છે.

આત્મકર્તવ્યની બુદ્ધિ ગમે તેવા ધૈર્યવાળાને પણ સહાય થાય છે. એનાથી તે સીધે રસ્તે ચાલેછે, અને એને વધારે બલ મળે છે. પ્રખ્યાત રોમન જનરલ પોમ્પી એક વખત ઘણી તોફાની હવામાં વહાણે ચઢવાની તૈયારીમાં હતો, તે સમયે તેને વારનારને એણે કહ્યું કે "મારે જવું એજ કર્તવ્ય છે, મારે જીવવું એ કર્તવ્ય નથી" જે આત્મકર્તવ્યરૂપે સત્ય જણાયું છે તેનેજ ધૈર્યવ.ળા પુરૂષો એક નિશ્ચયથી વળગી રહેછે ને તેજ પાર પાડે છે. અમેરિકાને સ્વતંત્ર કરનાર પ્રખ્યાત વોશિંગટનનો સિદ્ધ નિશ્ચય આત્મકર્તવ્ય વિના બીજો ન હતો, ને સર્વ પ્રસગે એ તેનેજ વળગીને ચાલતો. જ્યારે આખા અમેરિકન લશ્કરનો એને સરદાર બનાવવામાં આવ્યો ત્યારે એણે એના સ્રીને લખ્યું કે "મેં મારાથી બને તેટલું એ અધિકાર ન લેવા માટે કર્યું,તે માત્ર તારાથી વિયોગ થાય તે માટેજ નહિ પણ એથી પણ કે હું મારી શક્તિ એટલા બધા ભારને ઉપાડવા સંપૂર્ણ સમજતો નથી; અને હું,મને ખાતરીછે કે, તારી સાથેના એક માસના સહવાસમાં, આ ધંધામાં સત્તરવાર સાત જેટલાં વરસ ગાળતાં પણ મળે,તે કરતાં વધારે વાસ્તવિક સુખ ભોગવી શકું.પણ આમ કરવાનુંજ જ્યારે ભાવિછે, ત્યારે એમજ માનુછું કે તે સારાને વાસ્તે છે. મારી આબરૂને બટ્ટો લાગે, ને તેથી મારાં મિત્રોને માઠું લાગે, એવી નિંદાને પાત્ર થવા કરતાં આ ભાર સ્વીકારવો એજ મને ઠીક લાગ્યું છે.આમ કર્યું તે તને પસંદ હોઈ શકવાનું નથી, કે હોવું જોઇએ પણ નહિ, કેમકે એનાથી કદાચિત મને પોતાનેજ મારે માટે કેટલોક હલકા વિચાર આવ્યો હશે." વોશીંગટન જ્યારે પ્રેસિડેન્ટ થયો, ને ઈંગ્લંડ સાથેની એક સલાહ જે લોકને અતિ અપ્રિય હતી તે દુરસ્ત ધારી કબુલી ચુકયો, ત્યારે લોકોએ એનો જે તિરસ્કાર બતાવ્યો, એને રસ્તામાં કાંકરાથી માર્યો, તથા એના ઉપર અરજીઓ મોકલી, તે બધાના જવાબમાં એણે કહ્યું કે " મારા દેશ

તરફથી મને જે સ્તુતિ અને માન મળેછે તે હું અતિ ઉપકારથી સ્વીકારૂંછું, પણ એમ સિદ્ધ જાણુંછું કે તે મેળવવાની યોગ્યતા મને મારા અંતરૂના નિશ્ચયપૂર્વક ચાલવાથીજ મળી શકે છે."

એ પ્રમાણે લોર્ડ વેલિંગટનની પણ આત્મકર્તવ્યબુદ્ધિ અને પ્રામાણિક બુદ્ધિ ઓછી ન હતી. જેમ નેલ્સને ટ્રાફાલગરના યુદ્ધ વખતે "ઈંગ્લંડ આશા રાખેછે કે દરેક માણસ પોતાનું કર્તવ્ય કરશે" એવો રણધ્વનિ ગજાવરાવ્યો હતો, તેમ વેલિંગટન પણ હર વખત આત્મકર્તવ્યમાંજ સર્વ રહસ્ય સમજતો. આત્મકર્તવ્યબુદ્ધિ સાથેજ પ્રામાણિકતા વળગેલી રહે છે, ને વેલિંગટનનાં અનેક પ્રસિદ્ધ પરાક્રમો તેણે જે પ્રામાણિકતા ને આત્મકર્તવ્યતા દર્શાવ્યાં છે, તેવીજ ઉત્તમ વાત એક તેની ખાનગી રીતભાતની પણ જાણમાં આવી છે. કાને બહેરાટ થવાથી તેણે એક કર્ણવૈદ્યની દવા કરી. તેથી કાનને બહુ હાનિ અને પીડા થયાં, ને પોતાના ઘરના દાકતરે તે મટાડયાં. એ સાંભળી પેલો કર્ણવૈદ્ય દોડતો આવ્યો, ને માફ માગી કરગરવા લાગ્યો. ત્યારે તેને પોતે કહ્યું કે "ભાઇ એમાં તમારો વાંક નથી, તમે તો સારાને સારૂં કર્યું." પછી પેલાએ કહ્યું કે "સાહેબ એ વાત બહાર જણાય તો મારી આબરૂ જાય, ને મારા ધંધાને નુકસાન થાય" ત્યારે લોર્ડે કહ્યું કે "એમ થવાનો સંભવ નથી, તમે કાંઇ બોલશો નહિ, હું પણ કોઇને કહેવાનો નથી." "ત્યારે" કર્ણવૈદ્યે કહ્યું "હું જેમ હમેશ દવા આપુછું તેમ આપવા દેવાની મને આપ રજા આપશો કે લોક મારો પતીઆર ગયો ન જાણે." લોર્ડ વેલિંગટને ધીમેથી અતિ મૃદુભાવે, પણ નિશ્ચયપૂર્વક કહ્યું "એમ તો નજ બને, કેમકે એતો જુઠું કર્યું કહેવાય." જુઠું બોલવું તે ખોટું છે, તેમ કરવું તે પણ તેટલુજ છે. સત્યસહિત આત્મકર્તવ્ય બહુ દીપી ઉઠે છે. વેલિંગટન, વોશીંગટન, નેલ્સન, એ બધા જેમ કેવલ આત્મકર્તવ્યથીજ જય પામ્યા છે તેમ ઇંગ્લંડ એ આખા દેશના લોકપણ "આત્મકર્તવ્ય" એ શબ્દને સારો સમજ્યાછે એમ બતાવતા આવ્યાછે, પોતાના રણધ્વનિરૂપે, કે રણધ્વજ ઉપરના ચિન્હરૂપે "આત્મકર્તવ્ય" એટલાજ શબ્દના જાદૂથી જેના લોકનાં માથાં ઉછળી ઉઠે, અને તે વેગળાં પણ મૂકાય, એવો દેશ ઇંગ્લંડજ જણાયો છે. આપણા દેશમાં રજપૂતોએ જે આત્મકર્તવ્યની પરાકાષ્ઠાનું દર્શન કરાવ્યું છે તેને આવા ઇંગ્લંડ દેશના એક પ્રતાપી પુત્ર કર્નલ ટોડે બહુ માનપૂર્વક સ્તવી પોતાના રાજાને પણ તેને સાચવવા પાળવા ઉછેરવાની વિનતિ કરીછે. રજપૂતોમાં એવા પુત્રને પણ માતા ઉછેરતી નહિ કે જે પોતાનો દેશ અને પો-

તાના ધર્મ તેને માટે જીવ આપે નહિ. એક કન્યાની વહારે ચઢતાં માત્ર માતાની રજા લેવા આવવા જેટલો વિલંબ કરવા માટે રાણા રાજસિંહને એની માતાએ-મહેણું દીધું હતું કે તને એકવાર હું નહાવા બેઠી હતી ત્યારે દાસીએ ધવરાવી દીધો ને તે જાણુતાંજ મેં તને ઉંધો લટકાવી દૂધ તો ઓકરાવી કાઢયું પણ તેનો કાંઇક અંશ રહેવો તેથી તને વિલંબ કરવાની ઇચ્છા થઈ. લૂટારૂ મરેઠાઓના ટોળામાં ભળેલો પણ ઉદયપુરના શુદ્ધ રજપૂત વંશનો ફરજન શિવાજી ભુખણુ કવિને મોંઢેથી " શિવાજી ન હોતા તો સુનત હોત સબકી " એ સાંભળી મોગલો સામે માથું વેગળુ મૂકી જુઝયો છે તે કોના સ્મરણમાં નથી ?

જે દેશમાં એકાએક મનુષ્ય આત્મકર્તવ્ય સમજતું નથી, તે દેશની ખરાબી થાય છે. એક અમુક માણુસને તાબે રહીએ ત્યાં સુધીજ કામ કરવું, તે દેખે ત્યાં સુધીજ મોખરે રહેવું, એવી વૃત્તિના લોક જે દેશમાં હોય તે દેશની ખરાબી અને પાયમાલી થાય છે. ફ્રાન્સ અને પ્રશિયા વચ્ચેના યુદ્ધમાં ફ્રાન્સના પરાજયનું મુખ્ય કારણ આવુંજ આપવામાં આવે છે. ભાઉગરદી નામે પ્રસિદ્ધ ઇસવીસન ૧૭૬૧ના પાણીપતની લડાઇમાં એક લાખ હિંદુ લસ્કર થોડા હજાર મુસલમાનોથી નાઠું અને આર્યાવર્તના દુઃખનો દિવસ પ્રકટ કરી બેઠું, તેનું પણ તેજ કારણુ ગણાય છે. આજકાલ આપણા લોક વાક્પાંડિત્ય અને આરંભશૂરના પ્રથમપદને પામી કશું કરી શકતા નથી, અને રાજકીય, સાંસારિક, તથા ધાર્મિક, એવી અનેક વિટંબના વેઠે છે તેનું કારણુ પણ આત્મકર્તવ્યબુદ્ધિનો અભાવ એજછે. જયાં સુધી પ્રત્યેક વ્યક્તિના મનમાં અમુક મારૂં કર્તવ્યછે એવો દૃઢ નિશ્ચય થાય નાહ, જ્યાં સુધી પ્રસંગ, સંધિ, મદદ, બધા કરે તો થાય–એકલા શું કરીએ–એવાં વચનો, એ બધું નીકળી જાય નહિ, ત્યાં સુધી આત્મકર્તવ્ય સમજાયુંછે એમ લેશ જાણવું નહિ. "સ્વ" એ વસ્તુનેજ આત્મકર્તવ્ય સમજનાર તૃણવત્ સમજે છે, બ્રહ્માંડ તોડી નાંખવાની પણ એટલા એક "સ્વ" માં શક્તિ છે એમ માનેછે.

આત્મકર્તવ્યની મહત્તા બહુ મોટી છે. આત્મકર્તવ્ય સમજવામાંથીજ સર્વ મહાન ગુણોનો ઉદય થાયછે. આત્મકર્તવ્ય સમજવાથી આ લોકમાં પ્રતિષ્ઠા અને સુખ થાય છે, પરલોકમાં મોક્ષ થાય છે. આત્મકર્તવ્ય સાથેજ પ્રામાણિકતા રહેલીછે, ને પ્રામાણિકતા એજ આખા જગતનો અને મંડલની વ્યવસ્થાનો આધારછે. સત્યને મૂકી દઇ જો અસત્યનો આશ્રય કરવા મંડાય તો સર્વનો નાશ થાય. સૂર્ય પોતાનો પ્રામાણિક નિયમ ત્યજી

ગમે તેમ ભમવા લાગે, પવન ગમે તેમ વાવા લાગે, પૃથ્વી ગમે તેમ ફરવા લાગે તો મહાપ્રલયની વેદના પ્રત્યક્ષ થાય. મનુષ્યો પણ પરસ્પરમાં પ્રામાણિકતા ત્યજી જુઠું બોલે, આડાં ચાલે, અવળું સમજાવે, તો મંડલ કે કુટુંબનો વિનાશ થયા વિના બીજું પરિણામ આવે નહિ સર ટોમસ બ્રાઉને પૂછ્યું "શું ભૂતપ્રેત જુઠું બોલતા હશે?" ને તેનું ઉત્તર વાળ્યું કે "ના, તેમ હોય તો નરકની પણ હયાતી ભયમાં આવી પડે."

જુઠું બોલવું એ નીચામાં નીચું પાપ છે. ઘણીવાર તે આડાઈ અને કુટેવથી પેદા થાયછે, પણ કેટલીકવાર કેવલ મનના બાયલાપણાનુજ પરિણામ હોયછે. સ્વાર્થ માટે જુઠું બોલવાનો પ્રચારછે, તેમ મનને અનેક કુટેવો પડવાથી પણ તેવું થાય છે; પરન્તુ ઘણીવાર સત્ય ઉપર રૂચિ છતાં કોઈ વ્યર્થ માન પ્રતિષ્ઠા ઈત્યાદિના વિચારથી ખરી વાત કહેવાની હીમત ચાલતી નથી. ઘણા લોક આનો વિચારજ કરતા નથી. પણ એવી કુટેવોથીજ આત્મકર્તવ્યથી ભ્રષ્ટ થઇ અધમતામાં પડાયછે. પોતાના ચાકરોને પોતાને નામે જુઠું બોલતાં શીખવે છે, તો તે ચાકરો પછી પોતે જાતેજ જુઠું બોલે તો તેમાં શું આશ્ચર્ય? જુઠું બોલવું તેજ જુઠું એમ ન સમજવુ જે વાત કહેવાની હોય તેને દ્વીઅર્થી બોલીથી છુપાવવી એ પણ તેટલુંજ જુઠું છે. આજ કાલ આપણામાં જેને કારભારી, "પોલીટીશીયન." કહેવામાં આવે છે, તે બધાંની ચતુરાઇ માત્ર દ્વીઅર્થી અને આડે માર્ગે દોરે તેવી વાતો કરી જુઠું બોલવામાંજ રહેલી હોયછે. ખોટાં વચન આપવામાં વચન અપાયું એમ કોઇ સમજે તેવુ બોલવામાં, તેમજ જ્યાં સત્ય બોલવાની જરૂર હોય ત્યાં પણ ન બોલી મૌન રાખવામાં, એમ એવાં નજીવાં જેવાં ધારેલાં કામોમાં પણ જુઠાણુંજ બોલાયછે, કરાયછે, વપરાય છે. સંસાર ત્યજી ત્યાગી થયેલા પૂર્વાશ્રમના ખટપટીયા સન્યાસીની પેલી વાત છે કે તેણે એક પોતાની સગી વિધવા જે સગર્ભા થયેલી તેને શું કરવું એ પ્રશ્ન સાંભળી, કાને હાથ દીધા. પણ હાથે નિશાની કરી, મારી નાખવી એમ સમજાવ્યું, તેવાં કામ તો બધા લોક જાણે તે કામમાં કશું પાપજ નથી, એમ જાણી એમ રાતદિવસ કરે છે. વ્યવહારમાંજ નહિ, પણ ધર્મમાં પણ લોકો તેમ કરેછે, ને એમ સમજે છે કે જેમ અલ્પબુદ્ધિ મનુષ્યને છેતરીએ છીએ, તેમ સર્વજ્ઞ ઇશ્વરને કે દેવને પણ છેતરી શકીશું. પણ એ બધાં અતિભયંકર પાપછે ને તેનુ જે ફલ થનાર હોય તે આવ્યા વિના રહેતું નથી. આત્મકર્તવ્યથી અવળે માર્ગે જવાનાં એ બધાં સાધન છે.

આ પ્રમાણે આત્મકર્તવ્ય અને પ્રામાણિકતા બે એક રીતે એકજ છે. તેનો યથાર્થ મર્મ સમજી પ્રતિમનુષ્યે વર્તવું સંસારમાં એવા અનેક દાખલા તમે જોઇ શકશો કે જેમાં દૃઢ આત્મકર્તવ્યની શ્રદ્ધાવાળાં મહામનુષ્યોએ મરણની પથારીએ પડયે પડયે, ભયંકર દુઃખની વેદના વેઠતે વેઠતે, સંગ્રામમાં લોહીએ ચૂતે ચૂતે, પણ પોતાનું જે કર્તવ્ય ધાર્યું છે તેને એકનિષ્ઠાથી, એક શ્રદ્ધાથી, એક આગ્રહથી, ને પ્રામાણિક ધૈર્યથી, કદાપિ ત્યજ્યું નથી, સંપૂર્ણ કર્યું છે. એવાનું નિરંતર સ્મરણ કરો અને આત્મકર્તવ્યમાં સ્થિર થઇ સદ્‌વૃત્તિ સાધો.

પ્રકરણ ૮.

પ્રકૃતિ.

सदासंतुष्टमनसः सर्वाः सुखमया दिशः ।

"નિરંતર શાન્ત મનવાળાને બધી દિશાઓ સુખમય છે."

વારંવાર એમ કહેવામાં આવે છે કે માણસો સંસારમાં જેટલાં પોતાનાં ગુણ તથા યોગ્યતાથી જયવાન થાય છે તેટલુંજ પોતાની પ્રકૃતિથી પણ થાય છે. આ વાત ગમે તેમ હો તોપણ એટલું તો કહી શકાય કે તેમના સ્વભાવની શાન્તિ ઉપર, તેમની ધીરજ અને ક્ષમા ઉપર, તેમ તેમના સંબંધમાં જે હોય તે સર્વ માટે યથોચિત સંભાવના અને પ્રીતિ ઉપર, તેમના સુખનો ઘણો આધાર રહે છે. પ્લેટોએ કહ્યું છે કે સામાનું ભલું ઇચ્છતાં આપણે આપણુંજ ભલું કરીએ છીએ તે ખોટું નથી.

કેટલાંકની પ્રકૃતિજ એવી હોય છે કે તેમને સર્વમાં કાંઇક ને કાંઇક સારુજ નજરે પડે; એવી કોઇ વિપત્તિ તેમને આવતી નથી કે જેમાંથી તે કાંઇ પણ સંતોષ કે શાન્તિ ગ્રહણ ન કરી શકે, અદૃષ્ટના વિપર્યય માત્રને તે એવીજ દૃષ્ટિથી જુએ છે કે તે સર્વ સારાને માટે છે. આવાં મનુષ્યની વૃત્તિએ કરી, તે સર્વને સ્પૃહણીય છે. એમની દૃષ્ટિમાંજ એવો સંતોષ આનંદ. શ્રદ્ધા, એ રૂપી મોતીઓ પડેલો છે કે જેથી તેમને બધું તેવુંજ લાગે છે. એમ ન ગણવું કે આવાં માણસ નિર્બલ બુદ્ધિનાં કે અવિચારી હશે; ઘણામાં ઘણી વિશાલ અને સર્વગ્રાહી શક્તિવાળી પ્રકૃતિનાં માણસજ ઘણામાં ઘણાં પ્રસન્ન હોયછે, ઘણાં પ્રેમાલ હોય છે, ઘણાં શ્ર-

હાલુ હોય છે, ઘણું વિશ્વાસુ હોય છે. તીક્ષ્ણ દષ્ટિવાળા બુદ્ધિમાન્ મનુષ્યનેજ ઘોર અંધકારમય ઘનઘટામાંથી પણ સર્વના કરતાં પ્રથમ ન્યાયમયસૂર્યનો પ્રકાશ જણાઇ શકે છે; વર્તમાન વિપત્તિમાં તેને ભાવિ સંપતિનાં અંકુર સમજાય છે; વર્તમાન પીડામાં તેને વિશ્વમાતાનો સુખ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન જણાય છે; આંટીના સમયોમાં તેને સુવરવાના અને નિયમિત થવાના પ્રસંગ દેખાય છે; તેમ શોક અને કષ્ટમાં એ ધૈર્ય, હીંમત, જ્ઞાન, અને સાનુભવ બુદ્ધિનો પ્રકાશ તેને દેખાય છે;—પણ આમ થઇ શકવાનું નિદાન એકજ છે, ને તે એકે પ્રકૃતિની નિરંતર પ્રસન્નતા.

પ્રસન્ન પ્રકૃતિ એ યદ્યપિ સાહજિક છે, તથાપિ બીજી બધી ટેવોની પેઠે એ પણ કેળવણીથી પ્રાપ્ત કરી શકાય તેવી છે, જીવિતને સારુ નરસું કરવું એ એક રીતે આપણા પોતાના હાથમાં છે. જીવિતને નિરંતર બે પાસાં હોય છે, અથવા છે, તેમાંનું આપણને જે રૂચે તે આપણે જોઇએ, ને તે પ્રમાણે તેમાંથી સુખ કે દુઃખ અનુભવીએ. કહ્યું છે કે જ્ઞાની અજ્ઞાની ઉભયને સુખ દુઃખ સર્વે પ્રાપ્ત થાય છે, પણ જ્ઞાની સમાધાનથી પ્રસન્ન રહે છે ને અજ્ઞાની રડારોળ કરી કલેષ પામેછે; જો કે તે દુઃખને અન્યથા કરવાને અસમર્થ તો બન્ને સરખે પ્રકારેજ છે. જીવિતનું પણ એમજ છે તેમાં જે કાંઈ થાય છે તે અન્યથા કરવાને આપણે અસમર્થ છીએ, તો પણ નિરંતર પ્રસન્નતા રાખવી ને સંતોષ તથા સમાધાનથી વર્તવું, કે જેનો ઉપાય નથી તેવી વાત માટે પણ અતિ કલેષથી જીવિતને દુઃખમય કરવું, એ આપણા પોતાના અધિકારની વાત છે. વસ્તુમાત્રની કાળી બાજુ કરતાં ધોળી બાજુ તપાસવાનીજ આપણે ટેવ પાડીએ તો ધીમે ધીમે સર્વત્ર પ્રસન્નતાનો અનુભવ થવા માંડે. જેવી દષ્ટિથી વિલોકીએ તેવું બધું જણાય છે, માટે સર્વદા પ્રસન્ન દષ્ટિથી પ્રસન્નતાજ રહે છે.

એવા નિશ્ચયથી જીવિતના સર્વ વિભાગ પ્રકાશિત, સુંદર, અને આનંદિત, થાય છે; તે પથરાને પણ પીગળાવે છે, દુઃખને દળે છે; અજ્ઞાનને હરે છે, શોકને વિદારે છે, બુદ્ધિવિભવ એથી અધિક પ્રકાશ પામે છે, ને શરીરસૌંદર્ય પણ એનાથી ઓપે છે. એવી વૃત્તિ વિના જીવિતનો શીતલ પ્રભાવ ભોગવી શકાતો નથી, તેમાં વિકાસી રહેલાં પલ્લપુષ્પોનો અનુભવ લેવાતો નથી, ને આખું વિશ્વ ઉજ્જડ, નિર્જીવ, નિરર્થ, વેરાન હોય તેમ લાગેછે, તથા વિશ્વની મહત્તામાંનું કશું દેખાતું કે અનુભવાતું નથી.

પ્રસન્નતા છે તે જેમ સુખનું નિદાન છે, તેમ ચારિત્રનું મ્હોટું સંરક્ષણ છે. એનાથી ભલાઇ અને સદ્ગુણનાં બીજને ફાલવા માટે ઉત્તમ ભૂમિકા બંધાયછે, એનાથી હૃદય વિશુદ્ધ થાય છે ને વૃત્તિ પ્રસાદવાળી થાય છે. દાતૃભાવની એ સખી છે, ધૈર્યની ધાત્રી છે, ડહાપણની માતા છે, મન અને ચારિત્ર ઉભયને સુધારનારૂં એ ઉત્તમ ઔષધ છે. પ્રસન્નતા જેવી ઉત્તમ છે તેવીજ ટકી શકે તેવી પણ છે. ઘણા મહાપુરુષો બહુ લંબુ જીવિત ગાળી, વૃદ્ધ વયે પણ કાર્યધુરા વહન કરવાથી ન કંટાળી, પ્રશસ્ત જીવિત ગાળી ગયા છે તેનું નિદાન વિચારતાં તેમના સ્વભાવથી પ્રસન્નતા એજ કારણરૂપ જણાઇ છે. જેનો સ્વભાવ બહુ ઉતાવળીઓ, બહુ ચીડીઓ, ને તેથી બહુ અપ્રશાન્ત હોય છે, તેવાં માણસ અનેક કાર્ય બગાડે છે એતો છેજ, પણ તેમના જીવિતને પણ તેથી લાભ થતો નથી. દીર્ઘજીવી મનુષ્યો સર્વદા સંતુષ્ટ, પ્રસન્ન અને ધૈર્ય વાળાંજ જણાયલાં છે. રાજ્યતંત્ર ચલાવનાર, ગ્રંથ યોજનારા, શોધ કરનારા અને હરેક મહાકાર્યમાં પડેલા સર્વ મનુષ્ય અતિ શાન્ત સ્વભાવના જણાયલા છે. તેમણે મહાવ્યાધિ અને આધિમાં તેમ મહાસંકટ અને વિપત્તિમાં કદાપિ પણ પોતાના હૃદયની પ્રસન્નતા ત્યજી નથી.

પ્રસન્નતાનું નિદાન જુઓ તો પ્રેમ, શ્રદ્ધા, આશા, અને ધૈર્ય, એ ચાર વાનાંજ છે. પ્રેમ પ્રેમ પેદા કરે છે, આશા દુઃખને સુખરૂપ બનાવે છે, શ્રદ્ધા નિરંતર સહનશીલતા પેદા કરવા જેટલી ન્યાયપુરઃસરતા શીખવે છે ને ધૈર્યથી પ્રયત્નપરાયણ રહી સંતોષમાં વિરમાય છે. એમ એ ચારથી પ્રસન્નતા ઉદ્ભવે છે. એક પ્રસિદ્ધ લેખક જણાવે છે કે કોઈપણ માણસ પોતાના આનંદના કોશને તેટલેજ અંશે વધારી શકે છે કે જેટલે અંશે તે પારકાને તે કોશ વહેંચી આપી શકે છે; સારુ અને મીઠું બોલવામાં જેટલો પ્રયાસ છે તેટલોજ નઠારૂં ને કડવું બોલવામાં પણ છે; ને યદ્યપિ સારુ બોલ્યાનો કે કર્યાનો બીજો કશો બદલો ન મળે તથાપિ પોતે સારુ કર્યું એ સ્વાત્મસંતોષનો બદલો ઓછો નથી. પ્રેમ અને પ્રીતિથી પ્રસન્નતાપૂર્વક સર્વને વિલોકવાથી સર્વનો તેવોજ ભાવ આપણા ઉપર પ્રતિફલિત થાય છે.

પ્રીતિ, પ્રસન્નતા, કે ઉપકાર અથવા દયા, તે જે કાંઇ અપાય મૂકાય તેમાં સમાતાં નથી, પણ સ્વભાવની નમ્રતા અને નરમાશમાં સમાય છે. પોતાની પેટી ઉઘાડીને પોતાના પૈસા કોઇને આપી શકે, પણ પોતાના હૃદયમાંથીજ આપી શકે એવી મૃદુતા ન આપે, તો તે ખરી પ્રીતિ ગણાય નહિ. જે પ્રીતિનું માપ માત્ર દ્રવ્યદાનમાંજ રહેલું છે તે કોઇ ઝાઝા હીસાબવા-

ળી ગણાતી નથી, ને તેતો વારંવાર જેટલું સારુ કરવા ધારેલું હોય તેટલુંજ નઠારૂં કરી બેસે છે; પણ જે ખરા આર્દ્રભાવથી દયા કરવામાં આવે છે, વિચારપૂર્વક સમયોચિત સહાય્યરૂપે જે નરમાશ દેખાડાય છે, તેનું તો ઉત્તમોત્તમ ફલ થયા વિના રહેતુંજ નથી.

નરમાશ કે પ્રસનતારૂપે જે સારો સ્વભાવ દર્શન દે તેને છેક ખુશામદ રૂપે કે છેક ગાંડાપણા રૂપે સમજવાનો નથી. "નમે નમે સો રીત હે બહોત નમે નાદાન" એ સ્મરણમાં રાખવાની આવશ્યક્તા છે, કેમકે જેટલા સદ્ગુણ છે તે બધા જ્યારે મધ્યમાર્ગે હોય ત્યારેજ ઉત્તમ કહેવાય છે, ખરો દયાભાવ કે પ્રેમભાવ છે તે કાંઇ જેને તેને નમવામાં ને મીઠું બોલવામાં કે હાથ જોડવામાં રહેલો નથી. તેમ નથી રહેલો લોકની ખુશામદ કરવામાં, કે પોતાના સ્વતંત્ર વિચારને મારી નાંખવામાં. મન કર્મ વાણી ત્રણની એકતા રાખવી, અને સર્વના ઉપર નરમાશ રાખી પ્રસન્નતાથી વર્તવું એ કહેવાનું તાત્પર્ય છે. જે ખરો દયાભાવ કે ખરો પ્રેમભાવ છે તેજ આ વિશ્વમાં અવિરત કાર્યપરાયણ રહે છે, પણ જે સંશયગ્રસ્ત અને સ્વાર્થી લોક છે તે તો માત્ર પોતાના ઉપરજ જોઈ આલસ્યમાં સમય એળે ગાળે છે. જે જવાન માણસ પોતાની જીંદગી કોઇ પણ પ્રકારના ઉગ્રભાવમાં મસ્ત થઇ તણાયા વિનાજ આરંભે છે તે કાંઇ ઉપયોગનો નથી એમ એક વિદ્વાન્ કહે છે. તે યથાર્થ છે. એવા કોઈ ભાવની જેને મસ્તી ચઢી હોય તે કોઈ ઉચ્ચતમ ઉત્તમતા ઉપર શ્રદ્ધાવાળો છે, કોઇ મહત્તમપદની આશા કરનારો છે, તે કોઇ ઉદારભાવમાં વિલીન છે, એમ તો સિદ્ધજ છે, પછી તે બધુ અશક્ય હોય તો પણ કાંઈ ચિંતા નહિ. અભિમાન, ને સ્વાર્થ, એ જીવિતમાત્રના બહુ નઠારામાં નઠારા સહાય છે, ને જવાનીમાં તો તે સવિશેષે અયોગ્ય અને હાનિકારક છે. જે અભિમાની છે તે એક ઝતુની ગાંડા જેવો છે, ને નિરંતર સ્વપરાયણ હોવાથી તેને પરનો વિચાર કરવાનો પણ અવકાશ નથી સર્વ વાતમાં તે પોતાનું પ્રમાણ લેછે, પોતાનોજ વિચાર લેછે, ને પોતાનોજ એમ અભ્યાસ કરતાં, પોતાનેજ પોતાનો ઇશ્વર કરી સ્થાપે છે, એવા નીચભાવમાંથી ઉગરવા માટે કોઇ ઉચ્ચભાવની મસ્તીમાં રહેવાની આવશ્યકતા છે, એમ થવાથી મનનું સાંકડાપણું ઓછું થાય છે, અને પ્રસન્નતાનો ગુણ સહજમાં ખીલી નીકળે છે.

પણ એ કરતાં અધિક નઠારી સ્થિતિ તો એ લોકોની છે કે જેમને

આખા વિશ્વમાં કશું સંતોષ આપવાવાળું જણાતું નથી. તેમના પોતાના આલસ્યનું પ્રતિબિંબ તેઓ સર્વત્ર દેખે છે, અને સર્વત્ર અરુચિ અને અસંતોષથી અપ્રસન્ન રહે છે. નઠારા મજુર જેમ સર્વદા પાકી પાડવાને તૈયાર રહે છે તેમ તે લોક બધા ઉપર નારાજજ દેખાડે છે. આખા યંત્રમાં જે નઠારામાં નઠારૂં ચક્ર હોય તેજ ઝાઝું ચું ચું કરે છે. અસંતોષની બુદ્ધિ વધારીએ તો તો એટલી વધે કે કમળાવાળી આંખે બધું પીળું સુજે છે તેમ કોઇ ઠામથી સંતોષનો એક કિરણ પણ હૃદયમાં પ્રવેશ પામે નહિ. કેટલાક લોકને પૈસાનો અસંતોષ હોય છે તો કેટલાકને સંતતિનો હોય છે; તો કેટલાકને પોતાની કે પોતાનાની પ્રકૃતિનો અસંતોષ હોય છે, તેથી તે લોક પોતાના જે તે એકાદ અસંતોષના વિષયેજ વાતો ચલાવ્યાં કરે છે, જે જ્યાં બેઠા હોય ત્યાં સાંભળનારને એક દંડરૂપ થઈ પડે છે. એટલુંજ નથી, તેમને પોતાને તે ટેવ એવી સજડ ચોંટે છે કે તેમનાથી પછી મારૂં લેણું ને મારૂં દેવું, મારો સંસાર ને મારૂં ઘર, કે મારૂં માથું દુખવું કે મને તાવ આવવો, એ વાત કદી મૂકાતી નથી. શરીર સારૂ થાય તો તેમને તે નઠારૂં છે એમ માન્યા વિના ગમતું નથી અને એમ તેમનો જન્મારો કેવળ અપ્રસન્નતામાંજ જાય છે. આસપાસના માણસો પણ તેમની તે કલ્પિત અહંતાની સેવા કરે, તેમને ભાઈબાપુ કર્યા કરે, એવી તે આશા રાખે છે, અને પોતાની નીચતામાં અન્યને નીચ કરવા ઇચ્છેછે પણ પ્રારબ્ધને આધારે જે સુખદુઃખ આવનાર હોય તે આવે જાય તેમાં આપણો કે પારકાનો દોષ નથી, તેમ તેમાં ગમે તેટલાં ફાંફાં મારીએ તેથી તે અન્યથા થતું નથી, આવી સમજણ રાખી ડાહ્યાં માણસ નિરંતર જે હોય તે સ્થિતિથી સંતોષ માને છે ને પ્રસન્ન રહી પ્રસન્નતા વિસ્તારે છે.

નાની નાની ચિંતાઓથી અળગા રહેવું એજ જરૂરનું છે. ઘણીવાર તો તે આપણી પોતાની સર્જેલી હોય છે, કલ્પેલી હોય છે. તે કલ્પના ધીમે ધીમે ટેવરૂપે થઇ સ્વભાવમાં મળી જાય છે, અને પછી આપણા ઉપર ચઢી બેસેછે. માટે એ ટેવ જેમ બને તેમ ત્યજવી અને પ્રસન્ન રહેવું. નીચ સ્વાર્થ એજ આવી પ્રકૃતિનું કારણ છે; સ્વાર્થી માણસો પોતા વિના બીજાને માટે લેશ પણ દરકાર કરતાં નથી, ને તેથી તેમને એટલાં બધાં અપ્રસન્ન રહેવાનાં કારણ મળે છે કે જેની તેની સાથે લડે છે ને સર્વ વાતથી નાખુશ થાય છે, ને કાંઇ પણ પોતાને ગમતું હોય તેમ જણાવી શકતાં નથી.

પ્રકૃતિને એવે માર્ગે દોરવવી કે જેમાંથી નિરંતર પ્રસન્નતા સધાય. સ-

હજ સહજમાં મીજાજ બગડી જાય એવી ટેવ અને એવી ચિંતાઓથી બહુજ દૂર રહેવું. એ રહેવું આપણાજ હાથમાં છે કેમકે એવી નજીવી ટેવો તો આપણી પાડીજ આપણને પડે છે. ઘણાંકને એવી ટેવ હોય છે કે હજુ ચિંતાનું કારણ આવી તો પડયું ના હોય તે પહેલાંજ તેને કલ્પી લઈ મહાદુઃખ વહોરી બેસે અને અનેક જનને પીડા કરે. આમ કરવાથી કાર્ય ઉલટું બગડે અને અપ્રસન્નતા થાય એ લાભ જડે.

સ્વાર્થ અને અભિમાન એ બે વૃત્તિ જો કબજામાં રાખી હોય અને " જે થનાર તે થયા વિના રહેવાનું નથી. ન થનાર થવાનું નથીઃ " એ નિશ્ચયરૂપી, ચિંતાવિષયને હણનાર ઔષધ પીધા કર્યું હોય તો નઠારી પ્રકૃતિનો જે દુઃખદ પરિણામ પોતાને તથા પારકાને પીડા કરે છે તેમાંથી સહજ બચી શકાય. જે છે તે સારું છે, જે થાય છે તે પણ સારા માટે છે, એમ આશામાંજ સુખ માનવું એ પણ પ્રકૃતિ અથવા મીજાજને ઠેકાણે રાખવાનું સાધન છે. જે તે પ્રકારે ઉદ્યમપરાયણ રહી કશી વાતે પ્રકૃતિને અવળી ચાલવા દેવી નહિ કે જેથી અપ્રસન્ન થઈ જઈ અપ્રસન્નતા વિસ્તારવામાં સહાય થઈ પડાય.

પ્રકરણ ૯.

આચાર.

आकारैरिंगितैर्गत्याचेष्टयाभाषणेन च ।
नेत्रवक्त्रविकारैश्चज्ञायतेऽन्तर्गतंमनः ॥

આકાર, ઇંગિત, ગતિ, ચેષ્ટા, ભાષણ, મોઢા તથા નેત્રના વિકાર, એટલાંથી અંતઃકરણની પરીક્ષા થાય છે. અર્થાત્ આચાર અથવા બોલવા ચાલવા બેસવા ઉઠવા હરવાફરવા વગેરેની રીતભાત સારી રાખવી તેનો હેતુ એટલોજ છે કે અંદર જે સદ્વૃત્તિ હોય તે એ દ્વારા બહાર પ્રદર્શિત થઈ સર્વને સુખ પેદા કરે. જનમંડળના વ્યવહારમાં આચાર પાલવાની આવશ્યકતા છે એ ખરૂં છે; તથાપિ કેવલ બકવૃત્તિ શુદ્ધ આચારમાં ગણવાનો લેશ પણ અમારો આશય નથી. આચારવિષયક પ્રકરણનું તાત્પર્ય એટલુંજ છે કે અંતઃકરણની સદ્વૃત્તિને અનુરૂપ આચાર રહેવો જોઇએ, ને એમ ચારિત્રશીલ મનુષ્યના સંસર્ગમાં જે કોઈ આવે તેના હૃદયમાં પોતાની શુદ્ધ વૃત્તિનો

વિશ્વાસ અને આનંદ ઉત્પન થવો જોઈએ. એમ થવાથીજ જનમંડલનો વ્યવહાર સુખ રૂપ થાય આચાર એ અંદરની વૃત્તિનું બાહ્ય દર્શન છે; બાકી અંદર કાંઇ હોય નહિ. અને બહારથી આચાર રાખવો એમાં કશું ફલ નથી, હાનિ છે. "હાથમાં માળા ને પેટમાં લાળા" એનું નામ આચાર કે શિષ્ટાચાર ગણાય નહિ.

વ્યવહારને સુખરુપ અને સરલ કરવા ઉપરાંત એક એક કાર્યમાં પણ આચારથી બહુ મૃદુતા અને શોભા પેદા થઇ આવે છે. આર્દ્ર ભાવયુક્ત અને સહૃદયતાવાળી રીતિ સર્વત્ર વિજયી થઇ શકે છે; તેના અભાવે નિષ્ફલ થયેલાં એવાં ઘણાંક દૃષ્ટાંત સુલભ જણાય છે. તોછડાઈ અને કરડાકીથી જ્યારે ઉઘડેલા દરવાજા પણ અડકવાઈ જાય છે ત્યારે આર્દ્ર અને મૃદુ રીતિ કૃતિથી અડકવાયલા દરવાજા પણ ઉઘડી શકે છે, ને તે સર્વત્ર માગ મૂકાવનાર મંત્રની પેઠે ઉપયોગમાં આવે છે. એમ કહેવાય છે કે आचारः प्रथमो धर्मः । પણ વધારે યોગ્ય તો એમ છે કે ધર્મ છે તેજ પ્રથમ આચાર છે, અર્થાત્ ધર્મ એટલે દયા દાન પ્રીતિ આદિ સદ્દવૃત્તિ રૂપ શુદ્ધ હૃદય તેજ પ્રથમ આચાર છે. માણસનો આચાર ગમે તેવો સારો હોય પણ તેની વૃત્તિ દુષ્ટ હોય તો તે કશા ઉપયોગનું નહિ, પણ વૃત્તિ સારી છતાં આચાર કદાપિ શ્લક્ષ્ણતા રહિત હોય તો તેટલા માટે તે મનુષ્ય ખોટું કહેવાતું નથી. શુદ્ધ વૃત્તિ સાથે શુદ્ધ આચાર હોય એ વાત તો સોનું અને સુગંધ તેમજ ઇષ્ટ જ છે, અનેક રીતે લાભકારી છે, પોતાને તેમ સર્વને લાભકારી છે, ને મનુષ્યના મનુષ્યત્વની શોભા છે.

આચારથી મનુષ્યની આંતરવૃત્તિ સ્પષ્ટ જણાય છે. તેની પ્રકૃતિ, તેના હૃદયના આવેશ, તેની વૃત્તિઓ, તેની રસિકતા, તેમ તેને જે પ્રવૃત્તિ ઘણામાં ઘણી પ્રિય હોય તે, એ સર્વનું કાંઈ ને કાંઇ ભાન થઇ આવે છે. પણ આવા સાહજિક આચાર વિના જે કૃત્રિમ આચારના નિયમ જન સમુદાય બાંધે છે જેને "રીત" "લોક રીવાજ" "ફેશન" "એટીકેટ" એવું કહેવામાં આવે છે તે એટલા બધા ઉપયોગના નથી. કેમકે આચાર જ્યારે સાહજિક હોય, અપ્રયત્ન સાધ્ય હોય, અંદરના ઉત્કૃષ્ટભાવને લીધે સ્વભાવિક રીતેજ બહાર પ્રકાશી ઉઠતો હોય, ત્યારેજ તે ઉત્તમ ગૃહસ્થાઇ કે સન્માનુષત્વના ગુણ રૂપે ગણાય. વ્યવહારમાં જેને આચાર, ઉપચાર વિવેક આદિ કહેવાય છે તે તો વાસ્તવિક રીતે જોતાં અનાચારનુંજ રૂપાન્તર છે કેમકે તેમાં માત્ર અમુક આકૃતિ ધારણ કરવી અને સામાને છેતરવાનો

પ્રયત્ન કરી જુઠાણામાં પડવું એજ રહસ્ય સમાયલું હોય છે; જો કે એવા રીવાજોનો પણ મૂલ હેતુ તો અંતઃકરણનો સદ્ભાવ આચારરૂપે કેવો હોઈ શકે તે જણાવવાનો છે. પણ અંતઃકરણમાં કાંઇ ન હોય, અને બહારના આચાર માત્રથીજ કાંઇ છે એમ બતાવવા યત્ન કરવો એ ઢોંગ તો ક્યાં સુધી નભી શકે? ગર્દભ છતાં પણ સિંહ ચર્મ ઓઢી ખર કદાપી થોડો વખત સિંહરૂપે જણાય તો પણ તે છેવટ વિજયી નીવડે નહિ.

ઉત્તમ આચારનું મુખ્ય લક્ષણ વિનય અને આર્દ્રતા એ બેમાંજ સમાયલું છે. વિનય એટલે આપણા વિના બીજાં જે હોય તે સર્વને માટે આપણને માન છે, અને તેમના સર્વના ઉપર આપણને ભાવ છે, તથા તેમની લાગણીની આપણને દરકાર છે એમ જણાવવાની વૃત્તિ. આ ઉપરથી એમ પણ કહી શકાય કે કોઇને માટે આપણને ખરો આદર ન હોય તો પણ આપણે તેની સાથે વિનયી તો થઇ શકીએજ: અર્થાત્ એમ પણ આપણે તેને માટે ભાવ બતાવી તેને માઠું ન લગાડવા જેટલી ભલાઇ વાપરવી એ સદ્વૃત્તિનું લક્ષણ છે. પણ ખરો વિનય તો સહૃદયતા વિના આવતો નથી, ઉંડા અંતરના ઉદ્ગાર વિના દર્શન દેતો નથી. અંતઃકરણની જેવી સાહજિક વૃત્તિ હોય તેવી સ્વાભાવિક રીતે બહાર જણાવા દેવી, કેમકે નહિ તો વિનયનો અર્થ ખુશામદ જુઠું બોલવું, કે અંતઃકરણના નિશ્ચયને મારી નાંખવો, એવો થઇ જવા બેસશે, અને જગત્માં મનુષ્ય પોતાની જાતને કશા પણ હીસાબ વિનાની ગણતાં શીખશે. ખરા વિનય સાથે આર્દ્રતા ભરેલીજ રહે છે તે આર્દ્રતા સર્વદા સામાની દરકાર રાખવારૂપે પ્રગટ થાય છે, સામાના વિષેની હરકોઇ વાર્તા બહુ આર્દ્રભાવથી, બહુ ઉદાર વૃત્તિથી, જોવાય છે, સંભારવામાં પણ આવતી નથી,ને એમ તેને માટે આવી વૃત્તિ રાખવાથી તેની પણ પોતાના તરફ તેવી વૃત્તિ સાધી લેવાય છે.

પણ કેટલાંક એવાં શુષ્ક અને અવિનયી હોય છે કે પોતાને એકાદ રમુજ કરવાથી જે ગંમત પડે તે ખોવાને બદલે પોતાના સ્નેહને ખોવા તત્પર થાય છે. જે માણસ એક ક્ષણમાત્રની મઝાને બદલે સામાનું નિરંતરનું વેર વહોરે તેના જેવો મૂર્ખ બીજો કોઈ હોઇ શકે નહિ. માટે ડાહ્યા માણસ કોઈ પણ સમયે, તેવો અવિનય કરતા નથી. જે બુદ્ધિમાન્ અને વિનયી છે તે કોઇ પણ સમયે, પોતે સામાનાથી વધારે પૈસાવાળા વિદ્યાવાળા, બળ વાળા, કે કોઈ પ્રકારે વધારે ઉત્તમતાવાળા છે, એમ વા-

ત કરવામાં કે બીજી રીતે ઇશારાથી પણ જણાવતા નથી. તે પોતાનાં દેશ જાતિ કુલ આદિ કશાનો ગર્વ કરતા નથી, તેમ પોતાના જેવી સ્થિતિમાં જે ન હોય તેમના ઉપર કોઇ પણ પ્રકારની અનાદરવાળી દૃષ્ટિ રાખતા નથી. પોતાના ધંધા વિષે કે પોતાના પરાક્રમ વિષે તે લોક બડાઈ હાંકતા નથી. જ્યારે જ્યારે તે લોક બોલે છે ત્યારે બહુજ શરમાતે શરમાતે, અને જરાપણ ગર્વ કે ઢોંગ વિના, કાંઇક સારમાત્ર કહે છે, ને પોતાની ખરી આંતરવૃત્તિ બોલવા કરતાં કરવાથી પ્રસિદ્ધ કરે છે, ગર્વ કરતાં સિદ્ધ કરીને સ્થાપી આપે છે.

કહ્યું છે કે न जारजातस्य ललाटशृंगं कुलप्रसूतस्य न पाणिपद्मं यदा यदा मुंचतिवाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणं ॥

વિનય અને આર્દ્રતા બેજ આચારનાં રહસ્ય રૂપ છે એ કહી બતાવેલું છે. પણ કેટલાંક અવાં મૂર્ખ હોય છે કે પોતાને કશો લાભ ન હોય તો પણ અવિનયી અને અનાર્દ્ર થયા વિના રહેતાં નથી. એથી ઉલટું જે વિનયી માણસ છે તે ઉપકાર કરે તો તે સામાને બહુ મીઠો લાગે; અને કદાપિ ઉપકાર ન કરી શકે તો પણ એવી રીતે ના પાડે કે જેથી સામું માણસ પ્રસન્ન થઇને જાય, આમાં ઢોંગ કે અસત્યભાષણનો ઉપયોપ કરીને પણ તેવાં થવું એમ કહેવાનું તાત્પર્ય નથી. પણ એક સ્વાભાવિક આર્દ્રતા અને રૂક્ષતા વચ્ચે કેટલો ફેર છે તે બતાવવાની વાત છે. આર્દ્ર માણસ અપકાર કરે તો પણ તેના શત્રુ નહિ થાય, રૂક્ષ માણસ ઉપકાર કરતાં પણ મિત્ર નહિ મેળવી શકે.

સામાની બુદ્ધિ, સામાની લાગણી, સામાનું મન, એ બધાને માટે દરકાર ન રાખવાની ટેવ નઠારી સ્વાર્થ બુદ્ધિમાંથી પેદા થાય છે. એવી ટેવ ક્વચિત્ દ્વેષબુદ્ધિથી પ્રવર્તતી ન હોય; તો પણ આર્દ્રભાવનો અભાવ, અને જે નાની નાની બાબતોથી સામાને સારુ લાગે કે માઠું લાગે તેની ઉપર નજર રાખવા રૂપી ઝીણવટનો અભાવ, એ બે કારણથી તેવી ટેવ પેદા થાય છે. દુનિયાંના વ્યવહારમાં જેમ પોતાની જાત પોતાનું મન પોતાનો સ્વાર્થ તેને બાજુપર રખાય અને સામાને માટે અધિક દરકાર રખાય તેમ માણસની ભલાઈ, મહોટાઇ, કુલીનતા, વિદ્વત્તા દીપી ઉઠે. એ વાત ઉપરથીજ કુલીન અને અકુલીનનો તફાવત પરખી શકાય.

માણસે જનમંડળમાં ભળતી વખતે પોતાની જાત અને પોતાનું મન તથા પોતાની જીભ એ ત્રણે ઉપર કાંઈક અંકુશ રાખવી જોઇએ; ન-

હિ તો તેવા માણુસ પાસે ઉભું રહેવું પણ રુચે નહિ. એવી અંકુશ વિ-નાનાં મનુષ્યોનો આખો આવરદા પોતાની જાતે ઉભી કરેલી અડચણો સાથે લડવામાં અને નિષ્ફલતાથી પીડાઈ, જગતને ગાળો દેવામાં જાય છે, મનુષ્યનું સામાન્ય સુખ થોડોક અંકુશ રાખી વિનય પૂર્વક આર્દ્રભાવથી સર્વને યથાશકિત ઉપકૃત કરવાની વૃત્તિ રાખવામાં રહેલું છે. એવા જે ગુ-ણુ તે છુટા પૈસાની પેઠે વારે વારે વાપરવાના કામમાં આવે છે ને જે બાં-ધી મુડી હોય તે તો ઘેર પડી રહે છે.

આચારની ઉત્કૃષ્ટતા અને તે પરિપૂર્ણ શુદ્ધ છે એમ જણાવાનું ચિન્હ તેના સાહજિકપણામાં રહેલું છે સ્પષ્ટ અને નિઃશંક આચારમાં કૃત્રિમતા કદાપિ ભળી શકે નહિ. તેજ આચાર ખોટો જાણવો કે જે નિઃશંકતાથી સ્પષ્ટતાથી, ને સ્વાભાવિક રીતિથી પ્રસરતો ન હોય. જે આચાર કરવો પ-ડે, ધારવો પડે, તે ખરો આચાર નથી; સહજ રીતેજ પ્રસરે એ ખરો આચાર છે. સાહજિકતા દેખાડવાની ઇચ્છા એજ અસાહજિકપણાનું ચિન્હ છે. ત્યારે એજ સિદ્ધ થયું કે શુદ્ધ બુદ્ધિ અને સત્યપરાયણતા એ પણ આચારમાં મુખ્યત્વે રહેવાં જોઇએ, એ બે ગુણ ઉપર લક્ષ અપાય તોજ આચાર સાહજિક થાય. વિનય, આર્દ્રતા, સત્યપરાયણતા, શુદ્ધ બુદ્ધિ અને તે સર્વથી પેદા થતી સ્પષ્ટવકતૃત્વની સહજ ટેવ, એ બધાં આચારમાં એ-વાં કોઇ રૂપે દર્શન દેછે કે જેથી તેવા આચારવાળાનું વર્તન ઘણુંજ મૃદુ, ઘણું ઉન્નત, અને ઘણું પ્રેમપૂર્ણ થાય છે. અને તેના દર્શનથી સર્વને વિશ્વાસ આવે છે, સર્વ તેના ઉપર પ્રસન્ન રહેછે, સર્વ તેને ચહાયછે. આમ આચા-રને પણ જો યથાર્થ રીતે ખીલાવ્યો હોય તો તે પણ ચારિત્રની પેઠે જ-ગતમાં પારકા અને પોતાના ઉદયનું કારણ થઇ શકે છે.

પણ આચારને વિજયી કરનાર તે તે આચારની સાથે અમુક કળ હોય છે તે છે;ને જનમંડલમાં સ્ત્રીઓ વધારે કળવાળી હોય છે તેથી આચારનું મુખ્યરૂપ તેમના તરફથી બંધાતું ચાલેછે, તેમના સંસર્ગમાંથીજ આચારની પ્રવૃત્તિ થવા માંડે છે.તેમનામાં પુરૂષો કરતાં રસેન્દ્રિય વધારે તીક્ષ્ણ અને પ્ર-ગાઢ હોયછે તેથી તે આચારનાં સ્વરૂપને ઝટ સમજી શકેછે, ને કળથી કરીને દ-રેક વાત રસ્તે ઉતારેછે.સુધરેલા દેશોમાં એટલાજમાટે સ્ત્રીસહવાસથી સત્પુરુષો આચાર ગ્રહતા ચાલેછે,ને રાજનીતિમાં ચતુર સ્ત્રીઓનો સહવાસ પણ ચતુ-રાઈ, એટલે કળ સહિત આચાર શીખવનાર કહ્યોછે.એક પ્રસિદ્ધ લેખક કળને માટે આ પ્રમાણે લખે છે; "બુદ્ધિ છે તે શક્તિ છે, પણ કળ છે તે તે શક્તિને

માર્ગે દોરવાનો ઉપાય છે;બુદ્ધિથી શું કરવું તે સમજાય છે. પણ કલથી તે કેમ કરવું એ નજરમાં આવેછે; બુદ્ધિથી માણસ માનને યોગ્ય થાય છે, પણ કલથી માન પામે છે; બુદ્ધિ સમૃદ્ધિ છે, કલ રોકડ છે."

ખરો આચાર શીખવાનું મુખ્ય સ્થાન ગૃહ છે,ગૃહની કેળવણી સારી ન હોય તો આચાર સારો થઇ શકતો નથી. માટે બાલકોની વૃત્તિમાં સદ્ગુણોનો પ્રવેશ થાય તેવો આચાર સર્વ સ્ત્રીપુરુષોએ, અને પ્રત્યેક ગુરુજને પ્રથમથી રાખવો જોઇએ. એ વાત આગળ ચર્ચાઈ ગયેલીજ છે, પણ આચારના મૂલ વિષે વિચાર કરવામાં તેનો ઇશારો કરવો નિરુપયોગી નહિ ગણાય.

કલસહિત આચારનું સામર્થ્ય અપૂર્વ છે. પરંતુ એ વાત પૂર્ણ લક્ષમાં રાખવાની છે કે જેમ કલ પણ કેવલ શુદ્ધ બુદ્ધિપૂર્વક ઉપયોગદષ્ટિએ કરેલા વ્યવહારરૂપ હોવી જોઇએ તેમ આચાર પણ ઉંડા હૃદયમાંથીજ બહાર નીકળતો હોવો જોઇએ.બકવૃત્તિને આચારને સ્થાને પાપી ચારિત્રના અંશમાં તેને ગણવાનો લેશ પણ ઉદ્દેશ આ સ્થાને છે એમ સમજવું નહિ. ઘણાક એવા વ્યવહારકુશલ હોય છે કે તેમનો આચાર જોતાં આપણને એમજ લાગે કે તેમનું ચારિત્ર અતિવિશુદ્ધ,પ્રેમપૂર્ણ અને હૃદયવિસ્તારવાળું હશે; પરંતુ થોડાકજ પરિચયથી કે કોઇ પ્રસંગના અનુભવથી સહજમાં જણાઇ આવે છે કે એ આચાર તે એક ધારણ કરેલી પછેડીમાત્રજ છે, ને અંદર જે રહેલુંછે તેને ઢાંકવાનો સહેલામાં સહેલો માર્ગ છે આવું હોવાથી આચારને સર્વદા ચારિત્રના ચિન્હરૂપે ગણી શકાવો અશકય છે,તથાપિ કહેવાનું તાત્પર્ય એ છે કે ચારિત્રવાન્ છે તેનો આચાર તેના ચારિત્રને અનુરૂપ મૃદુ, સ્વાર્પણવાળો, આર્દ્ર, અને નિરાભિમાન પરોપકારબુદ્ધિએ મન વચન અને કર્મને દોરનારો હોય છે, ને હોવો જોઇએ, જે આચાર અંદરની વૃત્તિના ચિત્રરૂપે નથી તેજ આચાર બકવૃત્તિ છે,ઢોંગ છે, માણસને છેતરવાની જાલમાત્ર છે. આ પ્રકરણમાં જે લખાયું છે તે તેવા આચારની વિરૂદ્ધ, અને ચારિત્રને અનુરૂપ આચાર અને તેની મહત્તાના સંબંધમાં લખાયલું જાણવું.

પરંતુ ઘણીવાર એમ પણ થાય છે કે બાહ્યની રુક્ષતાવાળાં અંતરથી બહુ આર્દ્ર અને ચારિત્રશીલ હોય છે. ઇંદ્રવારણાની બાહ્ય સુંદરતા અંદરની કટુતાને જેમ છુપાવે છે, તેમ નાળીએરની બાહ્ય રુક્ષતા અંદરની મીઠાશને પણ છુપાવી દે છે.* તથાપિ બન્નેનો વધારે પરિચય કરી ફોડી જોનારને અંદરની યથાર્થ પ્રતીતિ સહજમાં થાય છે. અર્થાત્ બાહ્યની ધારણ કરેલી આર્દ્રતા નીચે દુષ્ટતા રહી શકે છે, તેમ બાહ્યની કોઇ સ્વાભાવિક રુક્ષતા

નીચે મિષ્ટતા પણ રહેછે. આચાર એજ શુદ્ધતા કે હૃદયવિસ્તારનું અમુક ચિન્હ છે એમ ન જાણવું. કેટલાંક આચારે જંગલી જેવાં હોયછે, બોલવે ચાલવે બહુ બટકબોલાં હોયછે. પણ અંદરથી માયાળુ, પ્રામાણિક અને આર્દ્ર હોય છે. ઘણાક મહાપુરુષો જેમણે મહોટા ધર્મ સ્થાપ્યા છે કે મહોટાં રાજ્યની ઉથલ પાથલો કરી છે, જેણે નવા શોધ કરી દુનીયાને ઉપકૃત કરીછે, કે કાવ્યતત્ત્વાદિના આનંદથી જગતને સંતોષવૃક્ષનું બીજ રોપી આપ્યું છે, તેવા મહાત્માઓની વૃત્તિ નિરંતર એવાં મહઃકાર્યમાં નિતાન્તમસ્ત રહે છે કે તેમને લુગડાં લત્તાં, રીતભાત, ચાલવું, કે વિવેક વિચાર, તે ઉપર જરા પણ લક્ષ રહી શકતું નથી. સ્વાભાવિક રીતેજ તેમનું વર્તન ટાપટીપવાળાં ગૃહસ્થમંડલ કરતાં વિલક્ષણ હોય છે. તે કચિત્ આચારહીન મનાય છે, છતાં તેમના હૃદયની વિશાલતા, તેમની પ્રામાણિકતા, તેમની શુદ્ધબુદ્ધિ, કોઇપણ ચારિત્રશીલના કરતાં ઉણાં હોતાં નથી. એવા મહાજનોની જેવી સાદાઈ તેજ મહોટાઇ છે,

એજ પ્રકારે ઘણાક માણસો એવા શરમાલ હોય છે કે મુશ્કેલીએ જનસમૂહમાં ભળી શકે છે. પણ તેટલાજ કારણથી તેમને અભિમાની કે ગર્વિષ્ટ માની તુચ્છ ગણવાનું લેશ પણ કારણ નથી. પોતાની વાત, પોતાનું શરીર કે પોતાનો વિચાર વિના કારણ પારકાના લક્ષ ઉપર ઘુસાડયાં કરવાં, એ કરતાં શરમાલપણાથી એકાન્ત રહી અભિમાનીપણાનો જૂઠો આરોપ વહોરવો એ વધારે ઉત્તમ છે. એવાં શરમાલ માણસજ ઘણાક શુભગુણવાળાં, સ્વાશ્રયી, આગ્રહી, સંતોષી, પ્રામાણિક-હોય છે. એક ગ્રામ્ય કહેવત ચાલે છે કે શિખા, ટિકા, ને પટ્ટિકા એ મૂર્ખનાં ચિન્હ છે. અર્થાત્ જે માણસો અંદરની વૃત્તિને કેળવ્યા વિના માત્ર બાહ્યોપચારમાંજ નિરંતર ગુંથાયલા રહે છે તે કાંતો ઠગારા છે કે મૂર્ખછે. પરંતુ એજ વાતને અંગે એક બીજો વિચાર પેદા થાય છે કે સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર, શિલ્પ, ઇત્યાદિ કલાઓના અભ્યાસથી માણસના આચારમાં મૃદુતાનો ઉદ્ભવ થાય છે, એમ ઘણાક માને છે; અને " કાન્તિ તેજ સત્ય. " કાન્તિ તેજ ઉત્તમત્તા," "હુસન એજ ખુદા" ઇત્યાદિ સિદ્ધાન્તોને ખરા માનેછે, તેમની વાત કેટલેભાગે યોગ્ય છે ? આવી કલાઓના અભ્યાસથી માણસની વૃત્તિ ઉચ્ચતા ગ્રહે છે એતો નિર્વિવાદ છે, એમાંથી વિલાસ અને મૃદુતા જન્મ પામે છે એ પણ યોગ્ય છે, પરંતુ વિલાસમાત્રમાંથીજ ચારિત્રને યોગ્ય સદ્ગુણોના ઉદ્ભવની આશા રાખવી એ યોગ્ય લાગતું નથી, આકૃતિ કે

વર્ણુની કાન્તિની પરીક્ષા કરવાની શક્તિ મેળવવી, રાગ કે શરીરસૌષ્ઠવનો વિવેક સમજવા યોગ્ય થવું, એ બધી વાતનો અંતર્વૃત્તિ કે ચારિત્રના ખીલવવા સાથે સાક્ષાત્ કે પરંપરાથી કોઇ પ્રકારનો આવશ્યક સંબંધ સમજાતો નથી. એવી કલાઓ સામાન્યતઃ એશઆરામ પેદા કરે છે, અને તેમનાથી મનુષ્યોન્નતિ માટે, જેટલું ધારવામાં આવે છે તેટલું થયું હોય એ સંશયાસ્પદ છે. એટલે સુધી પણ કહી શકાય કે એવી વસ્તુનોજ એકાન્ત પરિચય રાખવાથી ચારિત્રના સ્વરૂપમાં કોઈ પ્રકારનો સખીઆત્ર પ્રવેશ પામે છે, અને ઈંદ્રિયોના વિષયના આકર્ષણને વશ થવાતું જવાય છે, ઇતિહાસથી પણ એમજ જણાય છે કે પ્રજાની પાયમાલીના સમયમાંજ કલાનું જોર પ્રવર્તેલું હોય છે. ત્યારે એજ નિશ્ચય થાયછે કે વિલાસયુક્ત ઉપચાર,વિવેકયુક્ત આચાર, મધુર પ્રકૃતિ, અને જેનાથી જીવિત વધારે સુખમય અને સુંદર લાગે તેવી બધી કલાઓ યદ્યપિ ખીલવવા અને શીખવા યોગ્ય છે, તથાપિ એના કરતાં વધારે સંગીન અને લાંબો વખત ચાલનાર એવા પ્રમાણિકતા, વચનૈકયતા, શુદ્ધતા, સત્યતા, એ આદિ ચારિત્રના અંગભૂત ગુણોને દબાવી દે તે રીતે તેવી કલાઓનો આદર અતિ અનિષ્ટ છે.

પોત પોતાના અમુક પ્રકારના શુદ્ધ અને દૃઢ ચારિત્રની ઉત્તમતાના પાયા વિના કલા, પ્રતિભા, કે ગમે તે ચમત્કારીક શક્તિથી,ઉઠાવેલા પ્રાસાદવડે, આત્મોન્નતિ, દેશોન્નતિ, કે ખરૂં કલ્યાણ કદાપિ થતું નથી. ચારિત્રહીન વિલાસમાત્રમાંજ લીન થવાથી તો મસ્તી, બેકાયદાપણું, ઉદ્ધતાઇ, એજ જન્મ પામે છે. ગમે તેવી સફાઇવાળો આચાર ચારિત્ર થઇ શકતો નથી; આચાર ઇષ્ટ છતાં ચારિત્ર નથી, ચારિત્રના આવિર્ભાવનો માર્ગ છે.

પ્રકરણ ૧૦.

પુસ્તકોનો સહવાસ.

यत्पादावाश्रितानांश्रुतिशमविनयमाप्तिरग्राह्यमोघा ।

(જેના પાદનો આશ્રય કરનારને જ્ઞાન, શમ, અને વિનય,
અતિ ઉત્તમોત્તમ અને અમોઘ પ્રાપ્ત થાય છે.)

સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષેનું

અનુમાન થાય છે, માટે માણુસે નિત્ય ઉત્તમજ સહવાસ રાખવો, પછી તે માણુસોનો હોય, કે પુસ્તકોનો હોય.

ઉત્તમ પુસ્તક તે ઉત્તમ મિત્ર સમાન છે. એને ત્રણે કાલમાં વિકાર થતો નથી, જેવું તે હતું તેવું ને તેવુંજ રહે છે. ઘણામાં ઘણો નિત્ય, ઘણામાં ઘણો સહનશીલ, અને ઘણામાં ઘણો આનંદ આપનાર મિત્ર પુસ્તકજ છે, આપત્તિ સમયે આપણાથી તે વિમુખ થતો નથી, નિરંતર સમાન પ્રેમથીજ સત્કાર કરેછે, બાલ્ય અને યૌવનમાં આનંદસહિત જ્ઞાન આપેછે. વૃદ્ધાવસ્થામાં આશ્વાસન અને અમર આશાનું સુખ સંબોધે છે.

માણુસોને ઘણીવાર એમ થાય છે કે કોઇ એક પુસ્તક માટે ઉભયને પ્રેમ હોય તે ઉપરથી ઉભયને પરસ્પર સ્નેહ થાયછે. મૈત્રીમાં પણ વારંવાર એવું થાય છે કે કોઇ માણુસ ઉપર બે જનને સમાન સ્નેહ હોય તો તે દ્વારે તે બન્ને પરસ્પર મિત્ર થાય છે.

ઉત્તમ પુસ્તક છે તે ઉત્તમ જીવિતની ઉત્તમતાના પિંડીભૂત સાર જેવું છે; કારણ કે મનુષ્યનું ખરૂં જીવિત તેના જ્ઞાને ઉદ્ભવ પમાડેલી સૃષ્ટિ તેજ છે. એવાં ઉત્તમ પુસ્તકો અતિ અમૂલ્ય અને આનંદકારી વચનોના ભંડારરૂપ હોયછે, અને તેમનો સહવાસ કરતાં તે આપણાં અતિ વિશ્વાસુ મિત્ર અને સુખ આપનાર નીવડે છે. જેમને ઉચ્ચતાનો સહવાસ છે તે કદાપિ એકલાં નથી. પુસ્તકોમાં અમરત્વનો અંશ છે, કેમકે મનુષ્યકૃતિમાંની એજ એક લાંબામાં લાંબુ જીવિત ભોગવે છે દેવાલય અને કીર્તિસ્તંભ ભાગીને ધુળ થઈ જાય છે, ચિત્રો છબીઓ અને મૂર્તિઓ ખવાઈ જાયછે, પણ પુસ્તકો જીવતાં રહેછે. જે ઉત્તમ વિચારો છે તેમને કાલનો પણ બાધ નથી, કેમકે તે જ્યારે તેમના પ્રગટ કરનારના મનમાં આવિર્ભાવ પામ્યા ત્યારે જેવા હતા તેવાને તેવા અદ્યાપિ પણ છે. કાલની જો કાંઇ પણ અસર તેમના ઉપર હોય તો એટલીજ છે કે તેમની સાથે જે કાંઇ મેલ કે છોતરાંનો ભાગ હોય તેને તે સાફ કરે છે. * પુસ્તકો આપણને અ-

*એજ સંબંધે એક વિદ્વાને પુસ્તકો વાચવા વિષે ત્રણ નિયમ કહ્યા છે;(૧) જેને એક વર્ષ પણ ન થયું હોય તે પુસ્તક વાચવું નહિ. (૨) પ્રખ્યાત હોય તેજ પુસ્તક વાચવું. (૩) પોતાને રૂચિ હોય તે વિષયનું પુસ્તક વાચવું. લોર્ડલીટને કહ્યું છે શાસ્ત્રાદિ વિષયમાં નવામાં નવું પુસ્તક વાચવું, સાહિત્યાદિ વિષયમાં જૂનામાં જૂનું.

તિઉત્તમ સહવાસ કરી આપે છે; અને જે મહાત્માઓ થઇ ગયા તેમના હૃદયની સમક્ષ આપણને લઈ જાય છે. એમને બોલતાં આપણે સાંભળીએ છીએ. તેઓ પ્રત્યક્ષ જીવતા હોય તેમ તેમને જોઇએ છીએ. આપણે તેમના વિચારમાં ભાગ લેઇએ છીએ. તેમની દયાર્દ્રતામાં દયાર્દ્ર થઇએ છીએ, તેમના આનંદમાં આનંદીએ છીએ. તેમનાં અશ્રુ ભેગાં અશ્રુ પાડીએ છીએ. મહાત્માઓ મરતાજ નથી, એમનાં પુસ્તકોમાં એમનો આત્મા નિરંતર વિચરે છે. વ્યાસ, મનુ, યાજ્ઞવલ્કય, શંકર, કાલિદાસ, ભવભૂતિ અદ્યાપિ જીવતાજ છે.

આવા મહાત્માઓની મંડલીમાં ગરીબ અને દીનમાં દીન માણસ પણ પુરોભાગિતા રૂપ દોષને પાત્ર થવા વિના, સહજે દાખલ થઇ શકે છે. જેને જેને વાચનશક્તિ છે તે સર્વ એ મંડલના ગુહ્યાગારમાં દાખલછે, તમારે પ્રેમનો પ્રભાવ સમજી અસ્ખલિત વ્યવહારમાર્ગમાં વિચરતાં મોક્ષ પામવો છે? વાલ્મિકિ તમને તે બતાવશે. તમારે શૃંગારામૃત પાન કરવું છે? કાલિદાસ અને ભવભૂતિ તમને તેમાં રસ બસ કરશે. પરમ અભેદ અનુભવી જીવિતનું સાર્થક કરવુ છે? જ્ઞાનવલ્કય, શંકર આદિ તમને તે બતાવશે.

માણસજ માણસના મનને આકર્ષે છે. માનુષજીવિતના સંબંધનું જે કાંઈ હોય, મનુષ્યના જે જે અનુભવ, આનંદ, શોક, પરાક્રમ, ઇત્યાદિના પ્રસંગ હોય, તે ઉપરજ માણસનું મન બીજા કરતા વધારે ખેચાય છે તેને તેમાંજ કાંઇક વિશેષ રમુજ પડે છે. એમ પ્રત્યેક માણસ થોડે ઘણે અંશે બીજા માણસના મન રાખે છે. એટલે જેમ જેના મનનો વધારે પુસ્તકોદ્વારા વધારે માનુષ અનુભવના પ્રસંગમાં પ્રચાર, અને તેથી વધારે મનુષ્યો સાથે તેના મનનો સંબંધ, તેમ તેના હૃદયની વધતી ઉદારતા, અને વધતો દયાભાવ, પ્રેમભાવ.

એજ કારણથી જીવનચરિતો વાંચવા ઉપર માણસને વધારે પ્રીતિ રહે છે. વાર્તા અને કથાની ચોપડીઓનાં આટલાં બધાં ઘરાક થાય છે તેનું કારણ પણ એજ છે. વાર્તાઓ છે તે કલ્પિત જીવનચરિત છે. પ્રત્યક્ષ જીવનચરિતરૂપ નાટકો જોવામાં મનુષ્યને જે આનંદ અને આકર્ષણ થાય છે, તે પણ આજ કારણથી.

સર્વ જીવનચરિતમાં રામકથા જેવું જીવનચરિત આપણા લોકને વધારે રૂચિકર બીજું એક પણ નથી. આપણાં પુરાણ આદિમાં અનેકાનેક

ચરિતો ભરપૂર છે. પરંતુ રામકથા જે વિશુદ્ધિ પ્રેરે છે, જે અદ્ભૂત અને અલૌકિક તેમ નિત્ય દૃષ્ટિએ આવતા એવા પ્રસંગોનું વર્ણન કરી તેમાં જણાયલા રામના માહાત્મ્યદ્વારા શુદ્ધ નિયમનો માર્ગ દર્શાવે છે, અને એમ છેક પરમજ્ઞાન સુધીનો માર્ગ બોધે છે, તે કોઇ પણ કથામાં, કોઇ પણ ગ્રંથમાં સમગ્રરૂપે મળી આવવું સુલભ નથી. કૃષ્ણનું જીવિત યથાર્થ સમજનારને યદ્યપિ તેવુંજ ઉત્તમ છે તથાપિ તેની કહેલી ગીતા પણ એક અનંતજ્ઞાન અને નીતિનો આખા જગતમાં અપ્રતિમ નમુનો છે. એમાંજ મહાત્માઓના આત્મા આપણી આગળ પ્રત્યક્ષ છે, અને નિરંતર આપણને સદ્બોધ આવવાના પ્રસંગો લીધાં જાય છે.

ઉત્તમ જીવનચરિતોની અસર એટલી બધી થાય છે કે આપણા દેશમાં પુરાણના મહાત્માઓ કે દેવતાઓનાં ચરિતના વર્ણનથી, કે રામકથાના રસથી, કે મહાભારતના સર્વરૂપ ઉપદેશથી, જેમ અનેક મહાપુરૂષો અને સન્નારિઓનાં ચરિત ઘડાયલાં છે, તેમ યુરોપ આદિ દેશોમાં પણ બાઇબલથી ઉતરતે દરજ્જે પ્લુટાર્કનો લખેલો જીવનચરિત માલાનો ગ્રંથ અનેકાનેકના ચરિતનો જીવાતુભૂત થઇ પડેલો છે. પરંતુ આવાં ઉત્તમચરિત સમજવાથી ઉત્તમ અસર થાય તે માટે જીવનચરિત લખવાની પદ્ધતિમાં સમૂલ ફેરફાર થવાની આવશ્યકતા છે. વર્ણ્યના ગુણ માત્રનેજ બહાર લાવી અવગુણો ઉપર ઢાંકપીછોડો કરવાની જ્યાં ઇચ્છા હોય, અથવા મૂલે ગુણ હોવાજ નહિ છતાં પણ ગુણ ઉપજાવી કાઢી ખુશામત કે ભાટાઇ કરવાની ક્ષુદ્રબુદ્ધિ હોય, ત્યાં જીવનચરિત સારાં લખાઇ શકાય નહિ. દા. જોન્સન કહે છે કે વર્ણ્યવીરોને દેવતાતુલ્ય બનાવવાથી ઉલટી હાની થાય છે, કેમકે તેમને આપણા પોતા જેવા જાણવાથી તેમનું અનુકરણ કરવાની આપણને જે ઇચ્છા થાય તે ભાંગી પડેછે, અને એવાં જીવનચરિતથી ઉત્તેજનને બદલે માત્ર નિરાશા પેદા થાય છે. આ વાત ખરી છે, કેમકે ગમે તેવો મહોટો મનુષ્ય, પણ છેતો મનુષ્યજ એટલે તેના મનુષ્યત્વના અંશોને ઢાંકી કેવલ દૈવી અંશોનેજ બહાર લાવવા એ વાસ્તવિક જીવનચરિત ન ગણાય. મનુષ્યના આચાર વિચાર, ને તે પણ છેક નાનામાં નાના, અને નજીવામાં નજીવા, તેમજ તેની આકૃતિ, ગતિ, આદિ, સર્વ બહુ બારીકાઇથી આપવાં જોઇએ; તેના ગુણ તેમ તેના દોષ યથાર્થ હોય તેવા બતાવવા જોઇએ; જીવનચરિતદ્વારા મનુષ્યસ્વરૂપ અને તેને અંગે ઘડાતું તેના સંબંધોનુ સ્વરૂપ એના નિયમનો અભ્યાસ કરી તે દ્વારા ઉચ્ચતા ગ્રહવાનો એજ ઉત્તમોત્તમ માર્ગ છે. શરીરની એકાદ ખોડમાંથી કે સ્વભાવના એ

કાઇ વલનથી આખા જીવિત ઉપર અને તે જીવિતને તે દ્વારા થયેલા વેગથકી આખા દેશ કે આખી પૃથ્વી ઉપર, બહુ વિલક્ષણ અસરો પેદા થયેલી છે, ને થાય છે. એવી સર્વ વાતનો જેમાં સમાસ થતો હોય તેજ તાદશ જીવનચરિત ગણાય. બાકી ટાપટીપથી શણગારેલાં નાટકનાં પૂતળાં જેવાં હાલનાં જીવનચરિતો જો કે એક ઘડીભર આંખને આનંદ આપેછે, તોપણ આપણે અંતરથી એમ જાણીએ છીએ કે અંદરથી તો ધાગા અને કૂચાનાંજ તે બનેલાં છે, એટલે તેવાં ચરિતોના નાયક ઉપર કે તેમના નિરૂપક ઉપર આપણને માન કે ભક્તિને સ્થાને તિરસ્કાર કે ઉપેક્ષાજ થાયછે.

જેવી અસર જીવનચતિની છે તેવી બીજા કશાની નથી; માટે બાલકોએ તેમ મહોટાંએ જીવનચરિતો વાચવાનો શોખ વધારવો. પણ તેમાં આપણા દેશમાં હાલ જે જીવનચરિતો લખાય છે તેમાંથી પસંદ કરતી વખત બહુ સાવચેતી રાખવી. પુસ્તકો પસંદ કરવામાં માણસે પોતાના વલન ઉપર લક્ષ આપીને પસદગી કરવાની છે, પરંતુ બાલકોને માટે તો, તેમનું વલન તપાસી, તેમનાં ચતુર માતપિતાએ યોગ્ય પસંદગી કરી આપવી જોઇએ. જો યોગ્ય પુસ્તક યોગ્ય વાચકના હાથમાં ગયું તો કોઇ અલૌકિક ચમત્કાર એની મેળે પ્રકટ થઇ આવે છે. પુસ્તકગત વિષયનું વાચકના હૃદય ગત ગુપ્તરસ, આવેશ, ચાતુર્ય સાથે ઐક્ય થતાંજ, હૃદયગત ભંડારનું આવરણ તૂટી જાય છે, અને અંદરનો ખજાનો એવો ઝળકી ઉઠે છે કે તેના માલીકને તેમ આખા જગત્‌ને આનંદ આપેછે. બુદ્ધિમાન માણસોને આવા અનુભવ પ્રતિક્ષણ થાય છે, ને હું નથી ધારતો કે કોઇ લેખક અથવા વિદ્વાનને પોતાના મનમાં કોઇ નવીન ગ્રંથનો કે નવીન તર્કનો સાકાર સંકલ્પ એકાદ તદનુરૂપ ગ્રંથ વાંચતાંજ ઉઠયો એવો અનુભવ ન હોય.

એમ પુસ્તકોનો સહવાસ જો યોગ્ય વિવેકથી રાખવામાં આવે તો લાભકારી છે; અનેક રીતે લાભકારી છે. પરિચય પરિચયમાં પણ ફેર છે. ઘણાકને એવો શોખ હોય છે કે પુસ્તકો રાખવાં એટલેજ બસ, પણ તે શોકથી, જો તે પુસ્તકો પોતાને અથવા પારકાને ઉપયુક્ત ન થતાં હોય, તો લાભ નથી. પરંતુ પ્રથમ તો આપણા દેશમાં પુસ્તકોનોજ ઝાઝો શોખ કોઇ ધરાવતું નથી, ત્યાં આવા શોખની વાત કયાં ? લેખકોએ ઉત્તમ પુસ્તકદ્વારા કરોડો દ્રવ્યની મીલકત પ્રાપ્ત કરી એવા દેશ યુરોપ અને અમેરિકા વિના બીજા નથી, અને આપણા તો ભોજ, વિક્રમ, અકબર, શિવાજી, મરી પરવાર્યા છે. પરંતુ જે કાંઈ થોડો એ શોખ છે તેને એવી રીતે દૃ-

જાળવવો, કે પ્રત્યેક પુસ્તકમાંથી કાંઇને કાંઇ શીખાય, કાંઇને કાંઇ નવીનતા ગૃહાય, પુસ્તકના સહવાસનું સાર્થક પણ ત્યારેજ થયું કહેવાય, બાકી તો પુસ્તક વેચનારા પણ પુસ્તકના સહવાસે ક્યારના મહાપંડિત કે મહાજ્ઞાની થયા હોત.

પુસ્તકની સોબતમાં જે અનંતાનંત લાભ છે, તેમના ચરણનો આશ્રય કરવાથી જે અરૂપ એટલે ઉત્તમોત્તમ અને અમોઘ એટલે સિદ્ધ, જ્ઞાન, વિવેક અને ચાતુર્ય પેદા થાય છે, તે બધું તો એક બાજુએ રહ્યું, પણ બીજા સહવાસો કરતાં પુસ્તકને અમથાં ઉથલાવી જવા જેટલો પણ પુસ્તકનો સહવાસ લાભકારી છે. એ અક્ષર આવડે તે તો પડ્યા જડે, પણ ઉલટું નઠારા વિચારમાંથી કે નઠારી સોબતમાંથી ઉગરાય એ મહા લાભ છે. સમય નકામો, કે ભારે લાગે નહિ, અને ગમત સાથે જ્ઞાનનો લાભ થાય.

"યોદ્ધાઓ કરતાં વિદ્વાનો (કવિઓ) વધારે અમર છે. મુએલા લેખકો જીવતાજ છે, તેમના લેખરૂપે અદ્યાપિ જીવે છે ને સર્વત્ર વિચરે છે; યોદ્ધાઓ, દેશના દેશ જીતનારા યોદ્ધાઓ, ખાક થઈ ઉડી ગયા છે. વિચાર વિચાર વચ્ચે જે આકર્ષણ છે તે વિચાર અને કાર્ય વચ્ચેના આકર્ષણ કરતાં વધારે મજબુત, સારૂપ્યવાળું, અને એકત્વરૂપ છે. જ્યોતથી જ્યોત પ્રકટે છે તેમ વિચાર વિચારથી ખેંચાય છે; ગત યોદ્ધાઓને જે સ્તુતિશ્રાદ્ધાંજલિ અપાય છે તે તો માત્ર આરસપહાણના મંદિરમાં સળગાવેલ ધુપ જેવી છે; જેમ જેમ સમય જાય છે તેમ શબ્દો, વિચારો, સંજ્ઞાઓ દૃઢ થતે થતે પદાર્થરૂપ થતાં ચાલે છે; પદાર્થ, શરીર, કર્મ, ઘસાઇને ખાક થાય છે, શબ્દમાત્ર થઇ જાય છે, હવામાં જાય છે. મનુષ્યની બુદ્ધિમાત્રજ અમર છે. તેજ તેના પછી થનારને પરંપરાએ ઉતરે છે. શબ્દ એજ એક એવી વસ્તુ છે જે અમર વિચરે છે." માટે ઉત્તમ લેખકોના વિચારોનો નિરંતર સહવાસ રાખી તે પ્રમાણે વર્તન રાખવા યત્નવાન્ થવાથી ચારિત્ર ઘણું ઉન્નત, રસમય, તત્ત્વમય, અને વિનીત નીપજે છે, એ વાત ઉપર સર્વદા લક્ષ રાખવું આવશ્યક છે.

પ્રકરણ ૧૧.

દંપતિપ્રેમ.

त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं ।
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ॥
यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥
व्यतिषजाति पदार्थानान्तरःकोऽपिहेतुः ॥

(તુંજ જીવિત છે, બીજું હૃદય છે, નયનની કૌમુદી છે, અંગનું અમૃત છે, જ્યાં નારીઓ પૂજાય છે ત્યાંજ દેવતા વાસો વસે છે. કોઇ આંતર હેતું પદાર્થોને આકર્ષી એક કરે છે.)

પુરૂષ તેમ સ્ત્રી ઉભયના ચારિત્રને, જીવિતના પરિવર્તમાત્રમાં તેમનું જે સાહચર્ય રહેછે તેનાથી બહુ અસર થાય છે. બાલકોના ભાવિચરિત્રને તેમની માતાના વર્તનથી કેવી અસર થાયછે તે આપણે કહી ગયા છીએ. જે નીતિપ્રવાહ ઉપર તેમનું નાવ ધસવા લાગેછે તેનો ચીલો માતાજ આંકી આપે છે. સ્ત્રી જેમ બાલપણની સ્વાભાવિક પોષકરૂપ છે તેમ યૌવનની નેતા અને શિક્ષક છે, અને આધેડની વિશ્વાસપાત્ર અને મિત્ર છે. માતા, ભગિની, પ્રેમસ્થાન, પત્ની, એ રૂપે તેનાં કર્તવ્યોનો વિભાગ એજ પ્રકારે છે, અને સારા માટે કે નઠારા માટે, સર્વથા મનુષ્યના ભાવિઉપર સ્ત્રી વર્ગની અસર બલવત્તમ છે એમાં સંશય નથી.

"સ્ત્રી અને પુરૂષનાં વ્યાવહારિક કર્મ અને કર્તવ્ય વિશ્વવ્યવસ્થાથીજ સ્પષ્ટ થયેલાંછે. સ્ત્રીપુરુષ પોતપોતાનુ જે વિશેષ કામ છે તે યથાર્થ કરે તે માટે રચાયલાં છે. એમાંનું એક પણ બીજાની સ્થિતિમાં જઇ નથી શકતું કે બીજાનાં કર્તવ્ય માથે લેઈ નથી શકતું. સ્ત્રીના અસ્તિત્વને જેમ વિશિષ્ટ ઉપયુક્તતા અને કારણ છે તેમ પુરૂષના અસ્તિત્વને પણ છે. ઉભયને પરસ્પર સાથે અનન્યત્વરૂપ સંબંધ છે. વૃદ્ધિને અર્થે જનસમૂહને ઉભયેની સંપૂર્ણ અને સરખી આવશ્યકતા છે, અને જનસુખના પ્રત્યેક વિચારમાં ઉભયની ગણના સરખી રીતે થવાની અપેક્ષા છે. યદ્યપિ સ્ત્રીપુરૂષ સહચર અને સમાન છે તથાપિ પોતપોતાના સામર્થ્ય અને બલ પરત્વે તે અસ-

માન છે. પુરૂષ વધારે મજબુત, દઢાંગ, અને સશક્ત છે; સ્ત્રી વધારે મૃદુ, લાગણીવાળી, અને પોચા મનની છે- એકની ઉત્તમતા બુદ્ધિગત છે, બીજાની રસગત છે; અને યદ્યપિ બુદ્ધિ સર્વનિયંતા થાયછે, તથાપિ રસ સર્વ પ્રેરકભાવ ગ્રહે છે. ઉભયને સંસારમાં જે કર્તવ્ય છે તેને માટે ઉભયે સારીરીતે યોગ્ય છે, અને પુરૂષને સ્ત્રીનું કામ સોંપવું એ, સ્ત્રીને પુરૂષનું કામ સોંપવા જેટલુંજ અઘટતું છે. પુરૂષો કવચિત્ સ્ત્રીત્વવાળા હોય છે, કે સ્ત્રીઓ પુરૂષત્વવાળી હોય છે, પણ એ સંભવો માત્ર અપવાદરૂપ હોઇ ઉત્સર્ગને સિદ્ધ કરનારા છે." *

પુરૂષની પ્રકૃતિમાં મનોબલનું પ્રાધાન્ય છે અને સ્ત્રીની પ્રકૃતિમાં હૃદયબલનું પ્રાધાન્ય છે, છતાં પુરૂષના હૃદયને તેમ સ્ત્રીના મનને કેળવવાની આવશ્યકતા નથી એમ લેશ પણ ન જાણવું. હૃદયબલ વિનાનો પુરૂષ જનસમૂહમાં એટલોજ અનાદર પામે છે કે જેટલો મનોબલ વિનાની સ્ત્રી પામેછે. મન, હૃદય અને આત્મા ત્રણેની પરસ્પર સંબદ્ધ કેળવણીથીજ ચારિત્રવાન્ પુરૂષ કે ચારિત્રવતી સ્ત્રીનો ઉદ્દભવ થાય છે. ઇતરને માટેની લાગણીરૂપ પ્રીતિ, દયા, કે આર્દ્રતા વિના, પુરૂષ એક કૃપણ, સ્વાર્થી, નીચ જીવ થઇ રહે; તેમ યોગ્યરીતે કેળવાયેલા મન વિના ગમે તેવી કાન્તિવાળી સ્ત્રી પણ એક શણગારેલા પૂતળા કરતાં કે પવનની પ્રત્યેક લહરથી આમતેમ વીંઝાતા ચાડીયા કરતાં વધારે સારી ગણાય નહિ.

જે કેળવણી હાલ આપવામાં આવે છે તેમાં નારીઓના સ્વભાવના પ્રાકૃતિકબલને ઉત્તેજન આપી, તેમનુ મનોબલ ખીલવી, સ્વાશ્રયી અને ઉત્તમ સન્નારીઓ ઘડી આપવા જેવું કાંઇ પણ યોજેલું દેખાતું નથી. ઘણા સુધારાના શિખરે પહોંચેલા દેશોમાં સ્ત્રીઓને જેમ તેમનો મૃદુભાવ અને પરાધીન રહેવાનો ભાવ વધારે ખુબી પામે તેવું શિક્ષણ ઉત્તમ પદ્ધતિવાળું ગણાય છે, તેમ અત્ર તેમને મહેતાજી કે કારકુન કરવા જેવું શિક્ષણ સારૂં મનાવા લાગ્યું હોય એમ ભાસેછે. પણ મન અને હૃદય ઉભયના સંમેલનવાળા શિક્ષણ થકી તેમના ચારિત્રને યથાર્થ ધોરણ ઉપર લાવી મૂકી તેમને દષ્ટાંતરૂપ સન્નારીઓ કરી શકે તેવા શિક્ષણની હજુ ખોટછે. પુરૂષોને જેમ સ્વાશ્રયી અને પોતાની મેળે પોતાનો માર્ગ કરી લેવાનું શીખવવામાં આવેછે, તેમ સ્ત્રીઓને સદા પરતંત્ર રહી કદાપિ સ્વાશ્રયની અપેક્ષાજ ન-

* આ પેરેગ્રાફ સ્માઇલ્સના પુસ્તકમાંના શબ્દોનુંજ ભાષાન્તર છે.

થી એવો ભાવ મનમાં ઠસાવવમાં આવે છે. પણ યદ્યપિ પુરૂષ ધર્મમાં સ્ત્રીઓએ સામાન્યતઃ નિમગ્ન થઇ શકાવાનુ નથી તથાપિ સ્વાશ્રયવાળાં થવા માટે જે મનોબલની અપેક્ષા છે તે મનોબલ અને તે સ્વાશ્રય તેમને જે પોતાનું કર્તવ્ય છે તેમાં થોડા ઉપયોગનાં નથી.

એ વાત તો નિર્વિવાદ છે કે સ્ત્રીના ઉત્તમોત્તમ ગુણો તે જે સંબધો કરે છે તેના સંસર્ગદ્વારા અર્થાત, તેના અનુરાગક્રમમાંજ આવિર્ભાવ પામી ખીલે છે. આખા મનુષ્યવર્ગનું પાલણ પોષણ કરનાર શક્તિનુંજ તે સ્વરૂપ છે, નિરાશ્રિત, અપંગ, તેમની તે સંભાળ લે છે, સર્વનાં પ્રેમસ્થાનને રક્ષે છે, પાલે છે, ઉછેરે છે; ગૃહની તે દેવતા છે, તેના આશિર્વાદમાંજ દયા, પ્રેમ, આર્દ્રતા, મૃદુતા, સરલતા, ધૈર્ય, સહનશીલતા, આત્માર્પણ, તેની તે મૂર્તિ છે. ગામમાં, ફળીઆમાં કોઇ રોતું હોય તો તેનો સ્વર સ્ત્રીની વૃત્તિને પ્રથમે આકર્ષે છે, પોતાથી થાય તેટલું મનકર્મવાણીથી દુઃખ દૂર કરવાને તે ઇચ્છે છે. પણ આ પ્રકારે યદ્યપિ સ્ત્રીના ઉત્તમોત્તમ ગુણ તેના અનુરાગક્રમમાંથીજ ખીલે છે, તથાપિ તેના ચારિત્રને, યોગ્ય કેળવણીથી, સ્વાશ્રય વૃત્તિથી, સ્વસંયમનપ્રયોગથી, ખીલવવું, અને દઢ કરવું એ અત્યંત આવશ્યક છે. હૃદયવાટિકાના આનંદમય પ્રદેશનો માર્ગ છેક ઉજ્જડ કરી કે બંધ કરી નાંખવો એ તો અશક્યજ છે, અને ઉત્તમ સ્વાશ્રય કે સ્વસંયમનની હૃદયની આર્દ્રતામાં કાંઇ ઉણું થાય છે એમ પણ નથી. ચારિત્રની સંપૂર્ણતા ઉપરજ પુરૂષ તેમ સ્ત્રીનું પણ સુખ રહેલુ છે. જે સ્વાશ્રય બુદ્ધિ, વૃત્તિને યોગ્ય રીતે, તથા હૃદયરસ અને આત્માનુભવની સાથેજ, કેળવવાથી પેદા થાય છે, તેથીજ સ્ત્રીનું ઉત્તમોત્તમ કર્તવ્ય સારામાં સારી રીતે સચવાશે, તથા તે જાતે પણ બહુમાં બહુ સુખ પામશે. અર્થાત્ તેની કેળવણી તે માર્ગ હોવી જોઇએ.

જનસમૂહનું નીતિધોરણ ઉચ્ચ પ્રકારનુ રહે તેટલા માટે ઉભય વર્ગને ઉત્તમ કેળવણી આપવાની સંપૂર્ણ આવશ્યકતા છે. તે કેળવણી પરસ્પરાનુકૂલ અને સમાનપદ્ધતિને અનુસારે હોવી જોઇએ. શુદ્ધ ઉન્નત સ્ત્રીવર્ગ સાથે પુરૂષવર્ગ પણ તેવોજ જોઇએ. જે નીતિધોરણ એકને લાગુ છે તે બીજાને પણ તેટલુંજ લાગુ છે. જે દોષથી સ્ત્રીનું ચારિત્ર જીવિતપર્યંત દૂષિત થાય, તેવા દોષ પુરૂષ કરે તો માત્ર તે પુરૂષ છે માટેજ તે દોષ તેનામાં ક્ષંતવ્ય છે એમ જાતિભેદને અનુસરી નીતિધોરણમાં તફાવત માનવા જવું એ તો

સદ્‌ગુણ અને ચારિત્રના મૂલ પાયાને શિથિલ કરી નાખવા સરખું છે. જનમંડલની શુદ્ધ અને નીતિમય સ્થિતિ જળવાય તે માટે સ્ત્રી તેમ પુરૂષ ઉભયે શુદ્ધ અને નીતિમાન થવુંજ જોઇએ. ઉભયે હૃદય ચારિત્ર અને આત્મા, તેને લેશ પણ દોષરૂપ થાય તેવાં કૃત્યોથી વિદુર રહેવું જોઇએ; જેનો એક કણ પણ શરીરમાં દાખલ થતાં જીવિત પર્યંત ક્લેશ અને દુઃખની પરંપરા માથે આવી પડે એવા દારુણ વિષની પેઠે તજવાં જોઇએ.

અને આ સ્થલે એક ઘણી અગત્યની અને સૂક્ષ્મ, પણ પ્રસિદ્ધ સાર્વજનિક શિક્ષણના નિયમોમાંથી સર્વથા ઉપેક્ષિત એવી વાત ઉપર લક્ષ કરવાની આવશ્યકતા છે. નીતિનિયમોનાં વ્યાખ્યાન કરનારા તે વાતને ત્યજીને ચાલે છે, કેળવણીની પદ્ધતિઓ યોજનારા તેનાથી અભડાતા હોય તેમ દૂર નાસે છે, અને માબાપ તે વિષે માનજ ધરી રહે છે, તથાપિ તે વાત માનુષસુખ અને જનમંડલના અસ્તિત્વને એટલી બધી અવશ્યની છે કે તેનાં ઉપયોગ અને આવશ્યકતાનું માપ કરી શકાય એમ નથી. સ્ત્રીપુરૂષ વચ્ચેના પ્રેમ વિષે વાત કરવી એ અયોગ્ય ગણાય છે, અને જુવાન માણસો એ વિષયના વિચારો પોતાની મેળે ગુલબંકાવળી કે સદેવંતસાવલિંગાની વાતોમાંથી, કે કામસેનરસિકાનાં નાટકોમાંથી, કે તેવી કહાણીઓમાંથી કે ખુણે ખોચરે મળતા અનાચારના દૃષ્ટાંતમાંથી ભેગા કરી લે એવીજ વ્યવસ્થા ચાલી આવે છે. નવી કેળવણીના રીવાજમાંથી પ્રાચીન પદ્ધતિ ઉલટી થઇ ગઈ છે, અને જે ઉત્તમ કથા પુરાણો બાલાઓને કે બાલકોને સંભળાવવા શીખવવામાં આવતાં તેતો ઢોંગ, વહેમ, એવે નામે નિરૂપયોગી થઇ પડયાં છે; સીતા, સાવિત્રી, દમયંતી, શકુન્તલા કે રામ, સત્યવાન્ નલ, દુષ્યન્ત ઇત્યાદિનાં ભવ્ય ચરિતનાં વૃત્તાન્ત બાલકોના જાણવામાં પણ આવતાં નથી. અર્થાત્ ખુણે ખોચરેથીજ તેમને, જેવો મળે તેવો ખોરાક પ્રેમને નામે ગળે ઉતારવો પડે છે. યદ્યપિ પુરૂષના જીવિતમાં પ્રેમ એ એક થોડા સમયની કહાણીરૂપ થઈ શકતો હશે, તથાપિ સ્ત્રીઓ જેમનું આખું જીવિત એક કે બીજી રીતે પ્રેમવ્યવહાર માટે સરજાયલું છે, તેમને એ વિષયમાં ધોરણરૂપ થઇ પડે એવો કશો વિચાર આપવામાં આવતો નથી, તેમના હૃદયના આવેશોને સ્વતંત્રરીતે ગમે તેમ વર્તવા દેવાની પરવાનગી હોય તેવોજ વ્યવહાર પ્રચલિત છે. સારે ભાગ્યે સારો માર્ગ થઇ ગયો તો થઇ ગયો નહિ તો રંડાપો તો રોકડોજ તૈયાર છે. સ્ત્રીઓ સારા ચારિત્રવાળી નીવડે તો તે આવી વ્યવસ્થાથી નીવડતી નથી, પણ એ વ્યવસ્થાથી બગડતી નથી

એટલુંજ તેમના પ્રાચીન સ્વભાવ સંસ્કારનું બલ છે, અને તેમના સંબંધીઓનું સુભાગ્ય છે. હિંદુસંસાર બહુ નઠારો થઇ ગયો છે એવી જે લોક બુમ મારે છે તેમણે જરાપણ વિચાર કરી જોવું જોઇએ તો જ્યાં તેમ થયું હોય ત્યાં તેમ થવાનું કારણ તેવી કેળવણીની ખામી વિના બીજું ભાગ્યેજ જણાશે, અનેક ઘર ભાગ્યાં છે, અનેક સંસાર મળતાંજ રાંડયા છે, એનું કારણ પ્રેમ, સ્નેહ, દાંપત્ય, પતિધર્મ, આદિના વિચારો શિક્ષણમાં, ગૃહસંસર્ગમાં કોઇ સ્થળે ન મળવાથી, ખુણે ખોચરે હલકા નોકર ચાકર કે એવાજ અન્ય જનોના અનીતિમય દૃષ્ટાંતને પ્રેમાદિ સમજવાથી ઉદ્ભવ્યું છે એમ સંસારમાં વિચાર પૂર્વક વિચારનારને સહજે પ્રત્યક્ષ થશે.

પ્રેમના વિષયમાં કશા પણ નિયમ બાંધવા, કે કાંઇ પણ શિક્ષણ આપવું એ વાત સ્વાભાવિક વિશ્વવ્યવસ્થાને પ્રતિકુલ છે. 'કોઇ' અર્થાત્ અવર્ણ્ય અને ગમે તેમ પ્રવર્તતો, "આંતર" એટલે બહાર દૃષ્ટિએ, પૃથક્કરણ કરી સમજી ન શકાય એવો હેતુ, પદાર્થોને ભેગાં કરે છે, પ્રેમ પેદા કરે છે. એમ કવીશ્વર શ્રીભવભૂતિએ યોગ્ય કહ્યું છે. તથાપિ અપકવ હૃદયોમાં ચારિત્રની ઉત્તમતા શામાં છે એ વાતના કાંઇ વિચાર પ્રથમથી દાખલ કર્યા હોય તો પ્રેમના આરંભ સમયે પણ તેના પાત્રોને સત્યાસત્ય, શુદ્ધ પ્રેમ અને કેવલ વિષયવાસનારૂપ પ્રેમ, તે વચ્ચેનો અંતર સમજતાં સુતર પડે. તેમને શુદ્ધતા અને પ્રામાણિકતાના તે ઉત્તમ ગુણો ઉપરજ આસક્તિ થાય કે જેના વિના આખું જીવિત વ્યર્થપ્રાય છે, એક કલેષરાશિ છે. ડહાપણથી પ્રેમ કરવાનું શીખવી શકાય તેમ નથી, પણ પ્રેમનું શુદ્ધ સ્વરૂપ સમજાવી, જે દુષ્ટ નીચ વાંસનાઓ એ પવિત્ર નામનું સ્થાન ઘણીવાર ભ્રષ્ટ કરે છે, તેમનાથી દૂર રહેવાનો માર્ગ તો દેખાડી શકાયજ. એમ કહેવાય છે કે પ્રેમ એ એક જાતનું દીવાનાપણું છે, ભવભૂતિએ પણ પ્રેમાલાપને "મુખે કાંઇ એમ લવંતાં ગેલ્લ" કરીને લવ અને ગેલ્લ ખાતેજ ગાઈ, રસનું તાદશ ચિત્ર બતાવ્યું છે; પરંતુ શુદ્ધતા, ઉન્નતિ, અને સ્વાર્પણપક્ષે જોતાં પ્રેમ એજ મનુષ્યના જીવિતની નીતિમત્તાની પરાકાષ્ટા છે. સદ્ગુણની કે નીતિની પરીપૂર્ણતા ઉપર આસક્તિ, અને તેથી પેદા થતી ભક્તિના રસમાં 'સ્વ' એ પદાર્થનુંજ ભુલી જવાપણું, એજ પ્રેમની દિવ્યતા સિદ્ધ કરે છે. મનુષ્યના સ્વાર્થી અને પશુરૂપ સ્વભાવને તેનો નિઃસ્વાર્થી અને દૈવી સ્વભાવ જીતે એ પ્રેમની દિવ્યતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે. પણ એવે રૂપે પ્રેમને કીયાં દંપતી સમજે છે? જ્યાં ત્યાં "કુંભારનું હાંલું નથી કે બદલી લાવીએ"

એ નીતિએ અનેક ઘર આજ ઉભાં છે; ઘરનાં અનેક રાચરચીલાં ભેગું સ્ત્રી પણ એક રાચ છે એમજ મનાય છે; એ નીતિએ ન ચાલતાં દિવ્ય પ્રેમને ઓળખનાર પત્નીએ પતી ગુમાવ્યા છે કે પતિઓએ પત્ની ગુમાવી છે. વિષયવાસના, ચોરી, અનીતિ તે પ્રેમને નામે ચાલેછે ! એમાં અવશ્ય ગૃહસંસર્ગોની કેળવણીની તેમ પ્રસિદ્ધશાલાની કેળવણીનીજ ખામી છે.

વિષયવાસનાથી વિભિન્ન એવા પ્રેમના દિવ્ય ભાવને લીધેજ આખી સૃષ્ટિનું યૌવન અને સુરસપણું સચવાય છે. માનુષ્યત્વનું એજ રસરૂપ આનંદસાર સંગિત મનુષ્યને સ્વાર્થની ગુલામગીરીમાંથી એજ છોડાવે છે. કેવલ નિઃસ્વાર્થતા, કાંઇપણ લાભનો જેમાં લેશ પણ હીસાબ નહિ, એવી વસ્તુ પ્રેમજ છે. પ્રેમ એજ પ્રેમનું મૂલ્ય છે. આર્દ્રતા, અનુકંપા, વિશ્વાસ, અને પરસ્પર શ્રદ્ધા એવા અનુષંગીભાવ પણ પ્રેમથીજ ઉદય પામે છે. ખરો પ્રેમ બુદ્ધિને પણ સતેજ અને ઉન્નત કરી શકે છે.

સ્ત્રી અથવા પુરૂષ બેમાંથી એકેનું જીવિત સંપૂર્ણ છે એમ મનાય નહિ. જ્યારે તેમનો યોગ થાય ત્યારેજ પ્રત્યેક અપૂર્ણ અંશે પોતાને પૂર્ણ કરનાર વિભાગ પ્રાપ્ત કર્યો એમ માની શકાય પ્રેમદ્વારા સંસારનો અનુભવ થઇ સર્વત્ર એકભાવનો ઉદય થાય ત્યારેજ જીવિતનું સાર્થક ગણાય એ વાત સ્ત્રીપક્ષે તેમ પુરુષપક્ષે સરખીજ છે, પ્રેમનો પરિચય થયા વિના સ્ત્રી જેમ સ્ત્રી નથી, તેમ પુરુષ પણ પુરુષ નથી. સ્ત્રીપુરુષનો જે ખરો યોગ છે તે હૃદયજન્ય તેમ બુદ્ધિજન્ય પણ હોવો જોઇએ ને તેથી પરસ્પર પ્રેમ તેમજ પરસ્પર માનબુદ્ધિમાંથીજ ઉદ્ભવવો જોઇએ. માનબુદ્ધિ અર્થાત્ કોઈ ઉત્તમ ચારિત્ર ગુણને લીધે ભક્તિભાવ જેવી વૃત્તિ તે વિના ખરો અને દીર્ઘકાલ ચાલે તેવો પ્રેમ બંધાતો નથી; એ વિનાનો જે જે પ્રેમ હોય છે, તેને અંતે પશ્ચાત્તાપજ ખડો થાય છે, અને તે કોઈપણ ઉતમાભિલાષા મનુષ્યના હૃદયમાં કદાપિ સ્થાન પામવા યોગ્ય હોતો નથી; જે ખરાબ અથવા નિકૃષ્ટ છે તેના ઉપર કોઇને પણ ગાઢકે–દીર્ઘ પ્રેમ થતો નથી. પણ જેના તરફ કાંઇ ભક્તિભાવ હોય, જેના વિષે કાંઇ માન હોય, ને જેનું કાંઇ પણ આપણે બહુ ઉત્તમ માની વખાણતાં કે ચાહાતાં હોઇએ, તેના ઉપરજ શુદ્ધ પ્રેમ થાય છે. ટુંકામાં શુદ્ધ પ્રેમના સંભવને ઉત્તમચારિત્ર વિના અન્યત્ર અવકાશજ નથી. સમાનશીલવ્યસનથી સખ્ય થાય એ વાત યદ્યપિ ખરી છે, તથાપિ જે દિવ્ય અને શુદ્ધ પ્રેમનો અત્ર વિચાર ચાલે છે તેમાં એ નિયમને

લાગુ કરીને વિચાર કરીશું તો જણાશે કે પરસ્પર ચારિત્રની ભવ્યતા વિના બીજા પાયા ઉપર થયેલો પ્રેમ સામાન્ય કાર્યપરાયણતાના કરાર જેવો, કે નીચ સ્વાર્થના પ્રપંચ જેવો, કે મનની એક અલ્પ મૂર્ખતાને તૃપ્ત કરવાની ઉર્મિ જેવો, કે ક્ષણિક ગાંડાપણાની વેલ જેવો થઇ શકશે, બીજો નહિ.

પ્રેમના દ્વારમાંથી પસાર થતાંજ મનુષ્ય, આનંદ, અનુકંપા, અને પોતાનાં સજાતીય માટેની કોઈ બહુ એકરસરૂપ લાગણીના નવાજ ક્ષેત્રમાં પ્રવેશ પામે છે. કવચિત્ એમ પણ થાય છે કે એ દ્વારમાં થઇને મનુષ્ય વિવિધ પ્રકારની કસોટી અને અનેક જાતની વેદનામાં પણ પડે છે, પરંતુ એમ થવામાંથી તેને ઉત્તમમાં ઉત્તમ શિક્ષણ અને નીતિનો બોધ થયા વિના રહેતાં નથી, જે પાછાં પુનઃ પ્રેમના આનંદનો આવિર્ભાવ કરવાને સમર્થ થાય છે. પ્રેમદ્વારા માણસ સંસાર માંડી ઘર ચલાવે છે તેમાં પણ આ બેમાંથી એકાદ જાતનો અનુભવ તેને થાય છે કુટુંબમાં રહી જીવિત ગાળવું એ યદ્યપિ દુઃખકર હશે, તથાપિ એ દુઃખ સફલ છે, બીજાં દુઃખની પેઠે કેવલ શુષ્ક અને નિષ્ફલ નથી. પરંતુ પ્રેમનેજ લઇને કુટુંબનો આરંભ થાય એ સંભવ આપણા દેશમાં ઝાઝો આવતો નથી. આપણા દેશમાં જે રીતે સ્ત્રીપુરૂષોનો સંબંધ કરાવવામાં આવે છે તે રીતિમાં સમૂલ ફેરફાર થાય નહિ, તેમાં જે જે નવી વિકૃતિ થઇ છે તે, પ્રાચીન વ્યવસ્થાને દૃષ્ટિમાં રાખી દૂર થાય નહિ, ત્યાં સુધી કુટુંબમાંના સાહચર્ય પ્રેમનો ખરો અનુભવ આપણને થવો દુર્લભ છે. તોપણ પ્રેમ શાને કહેવો એ વાત જાણવાથી, ઘણાક જવાન જોડાંમાંનાં સ્ત્રી પુરૂષોને પોતાના તેમ સામાના ભાવ અને આવેશોની યથાર્થ પરીક્ષા કરી, ખરા પ્રેમનું સુખ અનુભવવાનો પ્રસંગ આવી શકશે એટલામાંજ આ લેખ કૃતાર્થ છે.

સંસારવ્યવહારના વ્યાપારમાં નિરંતર રોકાયલુ જીવિત માણુસની વૃત્તિને સંકુચિત અને કઠોર કરી નાખે છે. એવા વ્યવહારમાં જે જે વિચારો ચાલેછે તેનું કેન્દ્ર " સ્વ " એજ હોય છે—કેવા પ્રસંગોનો લાભ લઇ શકાશે, કઇ વખતે ફાવી ન જાય તેની સંભાળ શી રીતે રાખવી, એ અને એવાજ વિચાર મુખ્ય હોય છે. એ પરિચયમાંથી ચારિત્ર ઘણું કરીને સ્વાભાવિક રીતેજ સંકુચિત અને અવિશ્વાસુ થઇ જાય છે. આવી અસરોને સુધારનાર જે અસર છે તે પ્રેમ છે—પત્ની પ્રેમ અને ગૃહનો ઉપયોગ એનેજ માટે છે. માણુસની ખરી ચારિત્ર પદ્ધતિ સંપૂર્ણ રીતે જણાવાનું સ્થાન પણ ગૃહજ છે. ત્યાં જે પ્રકારે એ પોતાનો અધિકાર ચલાવતો હોય તે

ઉપરથીજ એના વ્યાવહારિક ડહાપણનું અનુમાન સારૂ કરી શકાય છે. પોતાનાં કર્તવ્યમાં તેનું મન કેવલ ગ્રસ્ત હોય, પરંતુ તેનું હૃદય તેના ગૃહમાં બદ્ધ ન હોય તો તેના સુખમાં ન્યુનતા છે એમ નક્કી જાણવું. ત્યાંજ એના શુદ્ધ ગુણો સિદ્ધ રીતે દર્શન દેછે, ત્યાંજ એ પોતાની સત્યપ્રિયતા, પ્રેમવૃત્તિ, દયા, અનુકંપા બુદ્ધિ, પ્રામાણિકતા, પૌરુષવૃત્તિ ટુંકામાં આખું ચારિત્ર બતાવી શકે છે. કુટુંબમાં પ્રમ એજ નિયંતા ન હોય તો કુટુંબની વ્યવસ્થા પણ ઘણી ત્રાસદાયક થઇ પડે.

જે માણસ ખરો પ્રેમ સમજે છે તેનો પ્રેમ કેવલ હું અને મારાં એટલુંજ જોઇને બેશી રહેતો નથી. પ્રેમનું કેન્દ્ર યદ્યપિ ગૃહ છે, ને તેનો દેવતા ગૃહિણી છે, તો પણ જે મહાપ્રેમનો પાઠ આખરને માટે પ્રતિમનુષ્યને શીખવાનો છે તેની એક શાળારૂપેજ પંડિતો ઘરને માને છે. ઘરની બહાર જઇ સર્વ કુટુંબી ઉપર અને ત્યાંથી આખા જગત ઉપર મનુષ્યનો પ્રેમ વિસ્તરે છે. એવો પ્રેમ સમજનારને સર્વત્ર આનંદ છે. એવા પ્રેમની જેને ઝનુન લાગે છે, એવી ખુમારી જેને ચઢે છે, તે વૈષયીક સુખોથી વિરાગ પામી, ‘ સ્વ ” એ ભાવનેજ ભુલી જાય છે, ને પરમાનંદમાં વિલીન રહે છે.

માણુસને પોતાના ઘરમાં તેમ સર્વત્ર સંપૂર્ણ સુખનો ઉદય થાય તે માટે તેણે જે સહચરી પસંદ કરવી તે કાર્યપરત્વે સહાય હોય તે ઉપરાંત પોતાની વૃત્તિમાત્રને અનુરૂપ હોય એ પણ તપાસવું. પણ એમાં કાંઇ એમ હોવું આવસ્યક નથી કે તે પોતાનીજ પ્રતિકૃતિ હોવી જોઇએ. જેમ સ્ત્રી પોતાના પતિને સ્ત્રીભાવયુક્ત પુરૂષ જોવા ઇચ્છતી નથી તેમ પુરૂષ પોતાની પત્નીને પૌરૂષયુક્ત સ્ત્રી જોવા ઇચ્છતો નથી. સ્ત્રીના ઉત્તમોત્તમ ગુણ તેના બુદ્ધિસ્થાનમાં નથી પણ પ્રેમસ્થાનમાં છે; અને તે તેના અનુકંપારૂપ પ્રેમધર્મથી જેટલો આનંદ આપે છે તેટલો તેના વીજ્ઞાનના ભંડોળથી આપી શકતી નથી. સ્ત્રીઓની મહત્તા હૃદયમાં સમાયલી છે, પુરુષોની બુદ્ધિમાં, પરંતુ આવી પસંદગીથી લગ્ન થતાં હોય એવો સમય આપણા દેશમાં આવ્યો નથી; આ પ્રકારે જે લખવામાં આવે છે તેનો સાર એ લેવાનો છે કે જે લોકોને પોતાનાં બાલક બાલકીની વ્યવસ્થા કરવાની છે તેમણે તેમને અનુકૂલ સહચર મેળવી આપવા બહુ કાળજી રાખવી, અને પ્રેમ ભાવનો મહિમા છે તે તેમને પ્રથમથી મનમાં ઠસાવવો.

ઘણાક લોક પરણ્યા પછી કેવલ નિરાશ થઇ જાયછે, કેમકે પોતાનાં

સહચરમાંથી તે લોક જોઈએ તે કરતાં વધારે આશા રાખે છે, અને પોતે એ સમાનયોગમાં જે પ્રસન્નતા, અનુકંપા, ક્ષમા, અને સાધારણ અક્કલ વાપરવી જોઇએ તે વાપર્યા વિના તેમાંથી અતિ મહાન્ ફલની તૃષ્ણા કરે છે. આ પાપી દુનીયાંમાં જેનો સંભવ નથી એવી કોઇ સ્થિતિ તેમની કલ્પનામાં આવેલી હોય છે ને જ્યારે ખરેખરી દુનિયાની જંજાળના ભડાકા તેમને ભડકાવે છે ત્યારે તે ગભરાય છે. અથવા પોતાનાં સહચરમાં કોઇ દિવ્ય સંપૂર્ણતાની તેમને આશા હોય છે, પણ અનુભવમાં તો તેમને તે દોષમયજ જણાય છે. જ્યાં પ્રથમે થોડો વખત સુધી સ્ત્રીપુરૂષ એક બીજાનો સમાગમ રાખી એકેકની પ્રીતિ સંપાદન કરવાનો પ્રયત્ન કરે છે ને તે પછી પરણે છે ત્યાં આવા પ્રસંગ અનેકવાર બને છે. મનુષ્યનો સ્વભાવ એવો છે કે થોડા વખત સુધી કોઈ એકાદ ખામી—તનની—કે મનની—છુપાવી શકે છે, બાહ્યકૃતિ બહુ આકર્ષક અને સારી બતાવી શકે છે; પણ જ્યારે તેમ કરવાથી આપ્ત કરવાનું પ્રાપ્ત થાય ત્યારે તેમ કરવાની અપેક્ષા ન રહેતાં ખરી વાત છતી થાય છે. અથવા આવું છેક નીચ કારણ ન માનતાં એમ માનીએ કે પ્રથમની આતુરતામાં જે મોહ હોય છે, અને અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ પૂર્વે એ મોહ દોષને પણ ગુણરૂપે દેખાડે છે, તે સ્થિતિ "આ મારૂંછે" એમ નિશ્ચય થતાં બદલાઈ જાય છે, ને જો અસ્થાને મોહ હોય તો મોહનો પરિણામ પ્રેમમાં આવવાને બલે નિર્વેદમાં આવેછે. આવું પ્રથમ પ્રેમ કરીને પરણવાનો ચાલ છે ત્યાં બને છે. આપણે ત્યાં તો પરણ્યા પછીજ પ્રથમને દ્વિતીય બધો એ પ્રેમ કરવાનો હોય છે. એટલે આવા પ્રસંગ ઝાઝા આવતા નથી, અને જે તે પ્રકારે સ્ત્રી પુરુષ એક એકને અનુકૂલ થઇ જતાં શીખે છે. પરંતુ આમ પણ લાભ છે એમ નથી. સ્ત્રીઓને જોઇએ તેટલી કેળવણી મળતી નથી, પુરૂષો પૂર્ણ કેળવણી લે છે; કવચિત્ કુલના મિથ્યાભિમાનને લીધે સ્ત્રી થોડી કેળવાયલી હોયછે અને પુરૂષ અભણ હોયછે, પ્રથમથી પરસ્પરની પ્રકૃતિની કશી ખબર હોતી નથી; એટલે જે મનોબલ બીજાં આસપાસનાં માણુસોની શીખવણી સામા થઇ સારાસાર વિચારને જોઇએ તે શક્તિવાળું હોતું નથી, આવાં અનેક કારણોથી જે સમાનભાવ એકાકાર અભેદમય પ્રેમને માટે સ્ત્રીપુરૂષ વચ્ચે જરૂરનો છે તેનો ઉદય થઇ શકતો નથી એ સમાનભાવનાં પૂર્વરૂપ અનુકંપા, આકર્ષણ, દર્શન, સમાગમ, ઇત્યાદિ તે પણ ઘણીવાર જણાતાં નથી; કવચિત્ તેથી વિપરીત ભાવજ જણાયછે. એમ થવાથી ઘણાંક ઘર બગડે છે, અને સ્ત્રીપુરૂષ ઉભય દુઃખી થાયછે. એ બનાવ ન બને તે માટે મુખ્ય જરૂર તો ઉભય વર્ગને સંપૂર્ણ કેળવણી આપવી

અને સચ્ચારિત્ર ઉદય પામે તેવા શિક્ષણને માર્ગે દોરવાં એજ છે. પરંતુ પ્રથમ પ્રેમ કરવાની રીતિમાં કે પરણ્યા પછી પ્રેમારંભની રીતિમાં ગમે ત્યાં સહનશીલતા અને ક્ષમા એ મુખ્ય વાત છે એમ લક્ષમાં રાખવું. માણસને માણસજ માની લેવું, તેનામાં દેવપણાની આશા રાખવી નહિ, અને તે કેવલ નિર્દોષજ હોય એમ સમજવું નહિ. આપણે પોતે પણ સામાને તેવું રાખવા કે હોવાની ઇચ્છા કરવા છતાં તેવાં નહિ હોઇએ. દોષ, ખામી, સહન કરવાં, માફ કરવાં, એજ પ્રેમનો ધર્મ છે; પ્રેમનું સ્વરૂપજ સ્વાર્પણ છે, તો સહચરની ખામીને સહન કરવા જેટલું પોતાની સગવડનું અર્પણ જે મનુષ્ય નથી કરી શકતું તે પ્રેમનો કેમ નિર્વાહ કરી શકશે?

गृहिणी सचिवः सखी मिथः प्रियशिष्या । એમ અજ રાજાએ પોતાની પત્નીના મરણજન્ય વિયોગ સમયે વિલાપ કરતાં તેને વર્ણવીછે એ પ્રત્યેક ગૃહસ્થ અને ગૃહિણીને યથાર્થરીતે લાગુ થઇ શકે છે, પત્ની છે તે ગૃહિણી છે; તેની સાથે ઘરની સચિવ છે, પતિની સખી છે, અને ઉપદેશ આપનાર તથા લેનાર છે, અને ખરેખર જગત્માં જ્ઞાનની, કલાની, પરાક્રમની ઉદ્યોગની જે જે મહત્તા આપણે પ્રાચીન કે અર્વાચીન સમયમાં જાણીએ છીએ જોઇએ છીએ તે બધી યદ્યપિ પુરૂષોને હાથે સધાયલી હોયછે તથાપિ તેની ગુપ્ત પ્રેરક સ્ત્રી એટલે કે પત્નીજ હોયછે એમ સૂક્ષ્મ તપાસ કરતાં જણાયછે.

સહચરીને પોતાની સમાન માનવી એજ વાત યથાયોગ્યછે, અને જે મૂર્ખલોક ઓછી અક્કલથી એમ જાણે છે કે સ્ત્રીઓ કોઇ પ્રકારે પુરૂષથી અધમછે તે બહુ ભુલ ખાયછે. મનુષ્યરૂપે ઉભયે એક છે, સમાન છે; પણ કામ પરત્વે તેમની ઉપયુક્તતાનો વિષયવિભાગ જૂદો છે, ને તેથી પોતપોતાના વિભાગનું કામ સાધવામાં પ્રત્યેક વધારે સારી રીતે પોતાના નિર્માણનો હેતુ સફલ કરી શકેછે. સ્ત્રીપુરૂષ આ પ્રકારે સમાન છતાં અસમાનછે, પણ તેથી સ્ત્રીપુરૂષને કે પુરૂષ સ્ત્રીને મનુષ્ય જાતિને યોગ્ય એવા કોઇ પણ હકથી બાતલ ગણે એમ સમજવું એ ભુલછે. જે પ્રેમથી સંસાર અથવા ઘરનું સુખ સાધવાનો સંભવછે તે પ્રેમમાં આવો અસમાન ભાવ પ્રવેશ પામી શકતોજ નથી.

સાહચર્યમાંથી પરસ્પરના ગુણ એકેકને લાગેછે એતો આ ગ્રંથના આગળના ભાગમાં પણ આપણે કહી ચૂકયા છીએ. સ્ત્રીપુરૂષના સાહચર્યમાંથી પણ પરસ્પરને સારી કે માઠી અસર થવાનો સંભવ સ્પષ્ટજછે, પરંતુ

એમ વધારે બને છે કે પુરૂષની અસર સ્ત્રીને થાય તે કરતાં સ્ત્રીની અસર પુરૂષને ઝટ થઇ શકેછે. એનું કારણ સ્પષ્ટજછે કે સ્ત્રીઓની રસવૃત્તિ વધારે પ્રબલ હોવાથી, અને પ્રેમ એ તેમના સ્વભાવનું જીવન હોવાથી સ્ત્રીઓ પુરૂષને સહજમાં અસર કરી શકે છે. જો સ્ત્રી સુશીલ અને સારા ઉન્નત સ્વભાવની હોય તો પુરૂષ તેવો થાય છે, નહિ તો નઠારા સ્વભાવની સ્ત્રી આગળ પુરૂષ પણ તેવોજ ચીડીઓ, અને નીચવૃત્તિનો બનતો ચાલે છે. માટેજ પરસ્પર સાથે ઘણા ઉત્તમોત્તમ અભેદરૂપ પ્રેમનો સંબંધ વધારેમાં વધારે થાય તેટલો સાચવવાનો યત્ન કરવાથી ઉભયે ઉચ્ચતાને પામી સાહચર્યપ્રેમનું શુદ્ધ સ્વરૂપ દર્શાવી અનુભવી શકે એ વાત સ્પષ્ટ છે.

સ્ત્રીઓ આ પ્રમાણે પુરૂષની વૃત્તિ અને પુરૂષના ચારિત્રને પોતાના હૃદયનો રંગ લગાડેછે એટલુંજ નથી, પણ પુરૂષોનાં કાર્યોમાં પણ મિત્ર તરીકે, મદદગાર તરીકે,સંભાળ લેનાર તરીકે, અનેક પ્રકારે ઉપયુક્ત થાયછે. ઘણા કવિઓ, પંડિતો, વિદ્વાનો, પોતાની સહચરીની સાહાય્યવિના જે પ્રસિદ્ધિ તેમને પ્રાપ્ત થઇ છે તે કદાપિ પામ્યા હોત નહિ એમ ઇતિહાસ જોતાં જણાય છે; રજપૂતોનાં મહાપરાક્રમો, જહાંગીર જેવા બાદશાહનું સુધરવુ, કાલિદાસ જેવા પંડિતોની મહત્તા, એ બધું તેમની સ્ત્રીઓના પ્રેમજન્ય એકભાવનું ફલ હતું એમ કોના જાણવામાં નથી? સ્ત્રી પોતાના પતિને આવી મદદગાર થઇ પડે તે ઉપરાંત તેના ગૃહકાર્યની વ્યવસ્થામાં તો તે નિરંતર ઉપયુક્ત થાય છે એ સર્વના અનુભવનો વિષય છે. તેમાં પણ પ્રેમ, દયા, હૃદયવિસ્તાર, એ આદિ નારીગુણ જેવા કામ લાગે છે તેવું બીજું કાંઇ કામ લાગતું નથી.

ટુંકામાં સાહચર્યપ્રેમનું એજ રહસ્ય છે કે સ્ત્રીપુરૂષ વચ્ચેનો ઉત્તમોત્તમ પ્રેમ જે તે પ્રકારે સધાય એમ યોજના રાખવાથી ચારિત્રનો બહુ સારો ઉદ્ભવ થાય છે, ચારિત્રનું એજ ફલ છે કે ઘરમાં શાન્તિથી ઠરવા જેવો એક આરામનો ઠામ બ્હારનાં દુઃખ, કલેષ, શ્રમ, પીડા, ઇત્યાદિના પ્રસંગોમાં નીરાંતે બેસવાને કામ આવે, પુરૂષનેજ તેમ થાય એમ નહિ પણ સ્ત્રીને પણ પુરૂષ તરફથી તેવા તેવા પ્રસગોમાં તેમજ થાય એમ હોવું જોઇએ. સાહચર્યપ્રેમનો અર્થ એ પ્રકારની સમાનતા એટલોજ છે, અને તેમાંજ ચારિત્રની મહત્તા સમાયલી છે. પ્રેમને અંગે જેજે આર્દ્રતા, સહનશીલતા, વિપુલહૃદયતા, ઇત્યાદિ ગુણો જોઇએ તેનું આગળ વર્ણન કરેલુંજ છે, પરંતુ જે ચારિત્રવાન છે તેનામાં તે ગુણો દુર્લભ નથી એટલે જો પ્રથમથી સર્વ

પ્રકારે ચારિત્ર સચવાય તેવી કેળવણી મળી હોય તો પ્રેમ અને સાહચર્ય-પ્રેમનો ઉદય થઇ સંસારસુખની પરમાવધિએ પહોચતાં વાર લાગતી નથી.

શુદ્ધ સાહચર્યપ્રેમનાં જોડાંજ જગતની પૂજા પામે છે ને જગતમાં પ્રતિષ્ઠાવાન્ નીવડેછે. કેવાં કેવાં નાનાં નાનાં કાર્યોથી ને કેવા કેવા નાના નાના ગુણોના અભાવથી આ સાહચર્યપ્રેમમાં ત્રુટ પડી ઘર બગડે છે કે ભાગે છે એ વાતનું સવિસ્તર વર્ણન કરવાનો આ પ્રસંગ નથી; પરંતુ જેને પ્રેમનું સ્વરૂપ સમજાયુંછે, જેને એમ જણાયું અનુભવાયું છે કે અભેદ એજ પ્રેમનું તત્ત્વછે, જેને પરોક્ષ પ્રત્યક્ષ સર્વત્ર ઉભયનું ઐકયછે, તેને તેવી નાની નાની વાતો સમજાવવાની અપેક્ષાજ નથી. ચારિત્રના ઉત્તમ ગુણમાંથી જેમ સાહચર્યપ્રેમ સહજે ફલેછે તેમ સાહચર્યપ્રેમની પરાકાષ્ટા એજ શુભ ચારિત્રનું લક્ષણ છે, એમ નિઃસંશય સમજવું.

પ્રકરણ ૧૨.

અનુભવ.

असारात्सारमुद्धरेत् ।

(અસારથી સાર કાઢી લેવો.)

આ જગત્માં આપણને જન્મ મળ્યો છે તો કાયાથી પરોપકાર, પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થતા દ્રવ્યથી દાન; તીવ્ર બુદ્ધિથી ધર્મ; અને વાણીથી સત્ય એમ સાધી લેવાં જોઇએ. તે તે વસ્તુ પોતે અસાર છે, ક્ષયશીલ છે, મિથ્યા છે, પણ એવી અસાર વસ્તુઓનો અનુભવ એ પ્રકારે કરવો જોઇએ કે એવી અસાર વસ્તુમાંથી પણ સાર હાથ આવે. કેવલ વાતો કરવાથી કે ભણવાથી કે જાણવાથીજ પરિપૂર્ણ થવાતું નથી; તેની સાથે અનુભવની પણ જરૂર રહેછે, પણ અનુભવના પ્રસંગોમાં ફસાઇ ન પડતાં અનુભવદ્વારાએ પણ અસારથી સારજ ખેંચતાં જવો એમાંજ અનુભવની ચતુરાઇ છે; એજ ખરા ચારિત્રવાનનું લક્ષણ છે. વ્યવહારમાં છતાં વ્યવહારના ન થવું એજ ચારિત્રછે, નહિ કે એવો ઢોંગ કરવો કે કશા દાવપેચ કરવા, પણ પ્રાપ્ત થતાં કર્તવ્યોને બજાવવાં અને અનુભવ લેતા ચાલવો, પણ તેમાં દૃષ્ટિ એ વાત ઉપર રાખવી કે કાયાથી પરોપકાર, ધનથી દાન, બુદ્ધિથી ધર્મ, અને વાણીથી સત્ય સધાયાંજ જાય, અસાર એવા જગત્માંથી અનુભવરૂપી

સાર કાઢી ઉત્તરોત્તર વૃદ્ધિ સાધતા જવાય.

અનુભવ બહુ ઉપયોગી અને આવશ્યક શિક્ષક છે. વ્યવહારોપયોગી ડહાપણ અનુભવની નિશાળેજ શીખાય છે. ઉપદેશ અને ભણતર ઘણાં ઉપયોગી છે, પણ દુનીયાંના ખરા અનુભવ વિના તે બધાં કલ્પનામાત્રજ રહે છે. વાચવા કે ભણવાથી ચારિત્રને જે સત્યની કસોટીએ ઉતરવાનું છે તે કસોટી મળતી નથી; તે તો વ્યવહારની આંટીમાંથી પાર ઉતરવામાંજ મળી આવે છે. માણુસની કાંઇપણ કીંમત છે એમ ગણાવા માટે તો પ્રલોભન અને કસાકસીથી ભરપૂર નિત્યવ્યવહારરૂપ દુનીયામાં ચારિત્ર પોતે પોતાના બલથીજ ટકી પાર ઉતરે તેવુ જોઇએ. કોટડીમાં ભરાઇ રહીને સદ્ગુણી હોવાનું જે અભિમાન તે તો મિથ્યા છે. એકાન્તમાં આનંદ છે એવું જે જીવિત તે તો અત્યંત સ્વાર્થમય પણ હોઇ શકે; એકલા રહેવુંજ ગમતું હોય એનો અર્થ બીજાંને માટે અનાદર કે તિરસ્કાર છે એમજ થાય; અને ઘણેક પ્રસંગે તો એવી પ્રકૃતિનું કારણ આલસ્ય, શરમાળપણું કે સ્વાનુરંજન એવુંજ હોય છે. પરંતુ પ્રત્યેક મનુષ્યે માણુસાઇથી પોતાને ભાગ પડતી ફરજ બજાવવાની હોય છે; એટલે સુધી હોય છે કે તેવી ફરજ માથેથી ઉતારી કાઢવાથી તે માણુસને પોતાને તેમ આખા મંડલને હાનિ થવાનો સંભવ હોય છે. દુનીયાદારીના નિયત કારભારમાં ભળવાથી, અને તેમાં આપણો જે વેષ હોય તે શુદ્ધબુદ્ધિથી બરાબર ભજવવાથી આનુભવિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય અને ડહાપણ શીખી શકાય. આપણું જે ખરૂં કર્તવ્ય છે તેનુ ક્ષેત્રજ વ્યવહાર છે; કામ શી રીતે કરવુ તે માટેની કસરત આપણને ત્યાંજ પડે છે, અને જે ધૈર્ય, ઉદ્યોગ, અને સહનશીલતા ચારિત્રને ખરાં દૃઢ કરનારાં છે તે પણ ત્યાંજ પ્રાપ્ત કરી શકાય છે. વિઘ્ન, કસોટીઓ અને પ્રલોભનના જે જે પ્રસંગોને જેવું જેવુ વલન આપણે આપીએ તેવા તેવા વલનથી આપણા આખા જીવિતનો રંગ બદલાય છે, પણ તેવાં વિઘ્ન, પ્રલોભન અને કસોટીઓ આપણને વ્યવહારના અનુભવમાંજ મળી આવે છે, અને જીંદગીનો શો ઉપયોગ કરી ચારિત્રને કેવુ વિશુદ્ધ અને ઉન્નત બનાવવું તે શીખવે છે.

આટલુંજ નથી પણ માણુસ પોતે પોતાને સારી રીતે ઓળખે તે માટે પણ અન્યોન્યના સંસર્ગની અપેક્ષા છે. પોતામાં કેટલું ઝવેર છે તેનો વિચાર વ્યવહારમાં ભળવાથી અને અન્ય જનોને જોવાથીજ આવી શકે છે. આવા પ્રકારના અનુભવ વિના મગરૂર, અભિમાની, અને ઉદ્ધત

થઇ જવાય છે. જુવાનીઆઓમાં જે આવા ગુણો ઘણીવાર દર્શન દે છે તેનું કારણ તેમનામાં અનુભવનો અભાવ એજ છે. વ્યવહારમાં ન ભળવાથી કાંઇ નહિ તો પોતા વિષેનું અજ્ઞાન તો રહેજ છે. એક વિદ્વાન લખે છે કે "જે માણસે પોતાની ખરી કીંમત જાણી હશે તેણે જગતમાં ખોટું નામ મૂકયું નથી, અને જેણે પોતાની કીંમત હોય તે કરતાં જુદી જાણી હશે તેણે સારુ નામ મૂકયું નથી, એ વાત નિર્વિવાદ ખરી છે," પરંતુ લોકને ટેવ તો એવી હોય છે કે પોતાની કીમત કરવા કરતાં સામાની કીમત કરવા સર્વે બહુ તૈયાર રહે છે.

ત્યારે જે માણસો દુનીયાંમાં કાંઇ કરવા કે થવા ઇચ્છતાં હોય તેમણે પોતાની યોગ્ય પરીક્ષા કરી રાખવી એ આવશ્યક છે. પોતાના મનને કોઇ જાતનો પાકો નિશ્ચય થાય તે માટે તો એ વાત સંપૂર્ણ જરૂરની છે. એક બુદ્ધિમાને પોતાના જુવાન મિત્રને કહ્યું છે કે 'તમે પોતે શું કરી શકો એવા છો એટલું તમે જાણો છો, પણ જયાં સુધી તમને એમ ખબર નથી કે આટલુ તો મારાથી ન બને ત્યાં સુધી તમે કાંઇ કરી શકવાના નથી કે આત્માનંદ અનુભવવાના નથી.'

જે માણસને અનુભવથી લાભ પામવાની ઇચ્છા છે તેણે બીજાની મદદ માગવામાં કદાપિ નીચત્વ સમજવુ નહિ. જે માણસ પોતાને એટલું બધું બુદ્ધિમાન્ માને છે કે બીજા પાસેથી શીખવા જેવું કાંઇ રહ્યુંજ નથી તે માણસ કાંઇ સારૂ અથવા મહોટુ કામ કદાપિ કરી શકનાર નથી. આપણે આપણું મન સદા ખુલ્લું રાખી, આપણા કરતાં વધારે ડાહ્યાં અને વધારે અનુભવીની મદદથી નવી શિક્ષા લેવામાં જરા પણ શરમાવાનું નથી.

જેને અનુભવથી ડહાપણ આવેલું છે તેવાં માણસ પોતાના અવલોકનમાં આવતી અને નિત્યવ્યવહારમાં આડે આવતી વસ્તુઓની યથાર્થ તુલના કરી શકે છે. જેને આપણે દુનીયાંદારીનું ડહાપણ કહીએ છીએ તે અનુભવનો સારો ઉપયોગ એટલુંજ છે. એવો અનુભવ પ્રાપ્ત કરવા માટે ઝાઝી બુદ્ધિની જરૂર નથી, ઘણી જરૂર તો ધીરજ, સૂક્ષ્મતા, અને જાગૃતિનીજ છે. એક સૂક્ષ્મ વિચારવાળા પંડિતે કહ્યું છે કે ઘણામાં ઘણા અક્કલવાળા લોક તો જે વ્યવહારકુશલ દુનીયાંદારીના લોક છે તેમાંથીજ મળી આવે છે; તે લોકજ આમ હોવુ જોઇએ ને આમ ન હોવું જોઇએ તે વિષયમાં તત્વવિચારમય ભાષણો ગુંથવા કરતાં પ્રત્યક્ષ દેખાય—સમજાય તેવી સીધી વાત કરી શકે છે.

સ્ત્રીઓમાં પુરૂષ કરતાં વધારે વ્યાવહારિક અક્કલ હોય છે તેનું કારણ પણ એજ છે; તેમને પંડિતાઇનું ડોળ હોતું નથી, વસ્તુમાત્ર વિષે તે સહજ રીતેજ વિચાર બાંધે છે, અને સહજેજ મનમાં જે અસર થાય તેને આધારે વર્તે છે. તેમની સહજજ્ઞાનશકિત વધારે તીવ્ર હોય છે, તેમની દૃષ્ટિ વધારે સૂક્ષ્મ હોય છે, તેમની અનુકંપાવૃત્તિ વધારે જાગ્રત્ હોય છે, અને તેમનો આચાર અમુક અમુક કાર્યને વધારે સહેલાઇથી અનુકૂલ થઇ શકે તેવો હોય છે. એટલાજ કારણથી સામાને વશ કરી લેવાનું તેમનામાં અધિકબલ હોય છે; અને દેખીતી રીતે થોડા બુદ્ધિવૈભવવાળી સ્ત્રીઓ પણ ઘણા હઠીલામાં હઠીલાને એક રગીઆ માણસો ઉપર પોતાનો અધિકાર ચલાવે છે તેનું કારણ આજ હોય છે.

આખાજીવિતને અનુભવની શાલારૂપજ જાણવું; ને સ્ત્રી તથા પુરૂષને તે શાલાના વિદ્યાર્થી જાણવાં. જેમ શાલામાં તેમ અહીંયાં પણ ઘણાક પાઠ કેવળ શ્રદ્ધાથીજ ખરા માની લેવા આપણને તેવા પાઠની વખતે સમજ ન પડે અને કવચિત્ આપણા મનમાં એમ પણ આવે કે આવા પાઠ શીખવા પડે એ મહાકાષ્ટ છે—સવિશેષે ત્યાં કે જ્યાં શિક્ષકો કસોટી વિટંબના, દુઃખ પ્રલોભન, આંટીઓ, એ આદિજ હોય છે—છતાં એજ શિક્ષકોના શીખવેલા પાઠ આપણે શીખવાના છે;—શીખવાના છે એટલુંજ નહિ પણ તે શિક્ષકોને જાણે વિશ્વનિયંતાએજ નિયમ્યા હોય એવા માની લેવાના છે એમ માનવું.

આ શાલામાંથી વિદ્યાર્થીઓએ શો લાભ લીધો છે? શીખવાના જે જે પ્રસંગ તેમને મળેલા છે તેમાંથી કેટલાનો સારો ઉપયોગ થયો છે? હૃદય બુદ્ધિની કેળવણી કેવા પ્રકારની થઇ છે? ડહાપણ, ધૈર્ય, હીંમત, સ્વસંયમન કેટલે દરજ્જે ખીલી શકયાં છે? વિદ્યાર્થીઓએ વૈભવના પ્રસંગોમાં પોતાનું પોતાપણું સાચવ્યું છે? જીવિતનો ઉપભોગ મિત રિતિએ કર્યો છે ? કે પછી જીવિતને કેવલ સ્વાર્થની ઉજાણીરૂપજ માની ભોગવ્યું છે? સ્વથી બીજાને માટે વિચાર પણ કર્યો નથીજ? દુઃખ અને વિપત્તિમાંથી શું શોધી લીધુ છે? સહનશીલતા, નમ્રતા, પ્રારબ્ધ ઉપર શ્રદ્ધા, એ બધાં સમજાયાં છે; કે માત્ર નિર્વેદ,કંકાસ અને અસંતોષજ આવડયાં છે ? સર્વત્ર આત્મભાવ થઇ સર્વ હિતમાં સ્વહિત ભુલી જતાં આવડયું છે; કે માત્ર મિથ્યા વાતો કરી સ્વાર્થાનુરાગમાંજ ભુલાં પડાયું છે? આ પ્રશ્નોના ઉત્તર જે માણસ જે રીતે આપી શકે તે રીતે તેણે તેને પ્રાપ્ત થતા અનુભવનો ઉપયોગ કર્યો છે એમ સમજાય.

જીવનક્રમમાંજ અનુભવનાં ફલ ઉદ્દ્ભવે છે; ને જીવન એ કાલને આધીન છે. અનુભવી માણસ કાલને પોતાનો મ્હોટો સહાય માને છે. કાલ એ મ્હોટો શિક્ષક છે. અનુભવનો એ ચારો છે, ડહાપણની ભૂમિ છે, યૌવનનો એ મિત્ર કે શત્રુ ગમે તે થઇ શકે છે, ને વૃદ્ધાવસ્થામાં સાન્ત્વન કરનાર તરીકે કે હૃદયને વિંધી નાખનાર તરીકે તે પાસે રહી શકે છે. પણ તેનો આધાર તેનો જેવો ઉપયોગ થયો હોય તે ઉપર છે, કાલથી કરીનેજ યૌવનરૂપી ઘોડો તોલમાં આવે છે, નવે નવી દુનીયાં જુવાનીમાં બહુ મોજમઝા ને આનંદથી ભરેલી જણાય છે. સમય જતાં સુખ તેમ દુઃખ ઉભયનું દુનિયામાં મિશ્રણ છે, એમ સમજાય છે. છતાં જુવાનીમાં થોડોક જુસ્સો હોય એ જીવિતને બહુ લાભકારી છે, ગમે તેવો તેજદાર તે હોય તો પણ સમયે કરીને શાન્ત પડી જાય છે, અને અવુભવથી કરીને તે કેળવાઇ ઠેકાણે પડી શકે છે. પણ તે ચારિત્રનું અંત શુભ આશાજનક સુચિન્હ છે. જેમ સ્વાભિમાન એ સ્વાર્થી અને સંકુચિત નીચવૃત્તિનું સૂચક છે, તેમ આવો જુસ્સો જબરા ઉદાર સ્વભાવનું ચિન્હ છે. જો એ જુસ્સો ન હોય તો આખું જીવિત વસંતઋતુ વનાના વર્ષ જેવું નીવડવાનું; જવાની છે તે જીવિતનો વસંતકાલ છે, તેમાં જો યોગ્ય તીખાશ કે આવેશ ન હોય તો પછીથી કશું થવાનું નથી કે કરવાનો પ્રયત્ન પણ સુજવાનો નથી. જીવિતમાં વિજયસમેત પાર પડવા માટે ઇંદ્રિયગમ્ય વ્યવવહારબુદ્ધિ સીધે સીધી ધારેલા બિંદુ ઉપર ગમે તેવા વિકટ માર્ગમાં થઇને પણ ચાલી જાય છે, પરમાર્થ બુદ્ધિ તેવા અંધકારમાં પણ ઇતર જનને અગમ્ય એવો કોઇ નિત્ય આનદ બતાવી અનંત સુખનો પ્રકાશ એજ દ્વારા બને તેમ છે એમ સૂચવે છે.

વ્યવહારમાં કોઇ મહાન્ કાર્ય સાધવા સારૂ અતુલ ઉત્સાહનું જેટલું હોઇ શકે તેટલુ સર્વ બલ આવશ્યક છે. એ બલ વિના વિઘ્નપરંપરાથી પરાજિત થઇ પુરૂષ નિષ્ફલ અને નિરાશ થઇ બેસે છે. કોલંબસ જેવા વીરનુ ઉત્સાહબલ કેવું હશે! નવી દુનીયાં છે એટલી આનુમાનિક ખાતરી ઉપરથીજ તેણે સમુદ્રયાનનાં મહા મહા કષ્ટ વેઠયાં, પોતાનાંજ માણસો ભરદરીએ પોતાની વિરૂદ્ધ થયાં પણ ગભરાયો નહિ—છેવટ નવી દુનીયાંને કીનારે ઉતર્યો. विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजनान परित्यजन्ति । અનેક વિધ્નથી પુનઃ પુનઃ પરાહત થતાં પણ પ્રારભેલા કાર્યને ઉત્તમ જનો ત્યજતા નથી; જે કનિષ્ઠ છે તે તો પ્રારભજ કરતા નથી, ને મધ્યમ છે તે પ્રારંભ કરી વિધ્ન આવતાં વિરામ પામે છે.

આવા ધીર પુરુષો જે વિજય પામે છે તે જોઇ આપણને આનંદ, આશ્ચર્ય, અહો ! એમ થાય છે, પણ તેજ સમયે આપણને, તે વિજય સુધી લાવનાર શ્રમનું ભાન રહેતું નથી.

આવું ધૈર્ય, આવી સાહસિક બુદ્ધિ, આવો ઉત્સાહ, એ બધાં શામાંથી ઉદ્ભવે છે ? અનુભવની કપરી શાલામાં લાંબા વખત સુધી બહુ ખંતથી પાઠ લીધાનાં એ ફલ છે; એનાથી વિજયનો માર્ગ સહસા સિદ્ધ થાય છે. મ્હોટામાં મ્હોટા પુરુષોને પણ વિઘ્નની પેઢીમાં ઉમેદવારી કરવી પડેલી છે. એ સમયમાંજ ચારિત્રનો સારામાં સારો ઉદ્ભવ થાય છે. એવા વિઘ્નપ્રાદુર્ભાવને લીધેજ અનેક ક્રિયાશક્તિ મહાપુરુષોમાં ખીલી ઉઠે છે. વિઘ્નાભાવે તે જણાઇ પણ ન શકત. એવી પ્રકૃતિવાળાં મનુષ્ય હોય છે કે જે સુખ અને ચેનમાં કરમાઇ અને સુકાઇ જાય છે, પણ અનેક વિ-ઘ્ન અને કસોટીના પ્રસંગની પરંપરામાં ખીલી ઉઠી પરિપકવ બને છે. વિઘ્ન સમાગમથી ક્રિયાશક્તિ પ્રાપ્ત કરી સ્વાશ્રય શીખવો એ ઉદાસીનતા અને આલસ્યમા આખું જીવિત ગાળવા કરતાં અનંતગુણ ઉત્તમ છે. જયની કીમતજ તેની આડે આવતી વિઘ્ન પરંપરા સાથેના યુદ્ધમાંથી થાય છે. વિઘ્ન ન હોત તો પ્રયત્ન કે ઉત્સાહની કીમત ન હતી; પ્રલોભન ન હોત તો સ્વસંયમન કેળવવાની જગો ન હતી, તેમ સદ્ગુણની પણ કી-મત ન હતી; કસોટી અને દુઃખ ન હોત તો ધૈર્ય અને સમાધાનનો અર્થ ન હતો. વિઘ્ન, વિપત્તિ, દુઃખ, એ બધાં કલેષમાત્રજ છે એમ નથી, વારંવાર તેનાં તેજ ચારિત્રબલ, આત્મસંયમન, સદ્ગુણ, આદિ શુભોદર્કનાં કારણ હોય છે.

આવાંજ કારણને અનુસરી, માણસને ગરીબી સાથે બાથ ભીડવી પડે તેમાં પણ લાભ સમાયલો હોય છે. મહોટા જ્ઞાની, પંડિત, અને કવિ, બહુ ગરીબીમાંજ રહેલા છે; તેમણે પોતપોતાના જ્ઞાનના આનંદથી વિદૂર રહેવા કરતાં ગરીબીમાં રહેવું વધારે સુખકારક માન્યું છે. એવી ગરીબીજ ઘણીવાર તેમની મહાશક્તિના નિદાનરૂપ જણાય છે. તેનું કારણ બીજું કાંઇ નહિ પણ જે અનંત વિઘ્ન પરંપરા સાથે તેમને એ કારણથી બાથ ભીડવી પડેલી તેજ છે.

એમ માનવું એ ભુલ છે કે માણસો વિજય પામવાથી ઉત્તરોત્તર વિજય પામવાનો ઉત્સાહ પ્રાપ્ત કરી વિજયી થતાં ચાલે છે. વારંવાર ખરી રીતે તો એમજ થાય છે કે વિજય કરતાં પરાજયથી મહાપુરુષો છેવટ વિજય પ્રાપ્ત કરે છે. વ્યવહાર કાર્યમાં જે જે નિષ્ફલતા થઇ આવે છે

તેમાંથીજ મનુષ્યના અનુભવનો મ્હોટો ભાગ બંધાય છે. નિષ્ફલતા થકી વિચારવાન્ મનુષ્યો હવે પછી કેમ ચાલવું તે વિષે નિયમ કરતાં શીખે છે, અને ભવિષ્યમાં તેવું ન થાય તે માટે વધારે સારી યુક્તિ અને બુદ્ધિનો પ્રયોગ કરવા ઉપર લક્ષ દોડાવે છે. કોઇ રાજનીતિનિપુણને પૂછશો તોપણ એજ માલુમ પડશે કે અમુક પ્રકારે હાર ખાધાથી, અમુક રીતે નિષ્ફલ થવાથી, અમુક વિઘ્નોથી પરાહત થવાથી, તેની જે ઉત્તમોત્તમ નયજ્ઞતા છે તે ઉદ્ભવેલી છે. નિષ્ફલતા અથવા વિઘ્નથકી આ રીતે મનુષ્યના વિજયનો માર્ગ થાય એ પણ અનુભવનો પ્રભાવ છે. સર્વત્ર એવા અનુભવથી એવુંજ ફલ થાય એમ નિયમ નથી; પણ જે ઉત્તમ પ્રતિનાં મનુષ્ય છે તેમના સંબંધમાં તો એમજ બનેલું છે એટલે જે પુરુષોનાં જીવન ઉપરથી ઉત્તમ ચારિત્રગુણનું આપણે અનુમાન કરીએ છીએ તે પુરુષોએ તો વિઘ્નપરાજયમાંથીજ ચારિત્રને ઉન્નતિએ પહોચાડેલુ છે, અને વ્યવહારમાં વિજય પ્રાપ્ત કર્યો છે એમ સ્પષ્ટ સમજાય છે.

એક પાસા નિષ્ફલતા થતાં ઘણીવાર અન્ય પાસા વિજયનો માર્ગ ખુલે છે. ઘણાક મહાપુરુષો એક ધંધામાં પડયાથી નિષ્ફલ થયા તો તે અન્ય ધંધા તરફ વળ્યા અને તેમાં અતિવિજયી નીવડી અમર નામ મૂકી ગયા. પ્રખ્યાત કવિ કાઉપર વકીલ તરીકે કેવલ નિષ્ફલ થયા છતાં, ઇંગ્લંડના અગ્રગણ્ય કવિમાં મુખ્ય થઇ ગયો. કવિ ગોલ્ડસ્મિથ વૈદ્યકીય પરીક્ષામાં નપાસ થયા છતાં, 'ડીઝર્ટેડ વિલેજ' અને 'વિકાર ઓફ વેકફિલ્ડ' નો કર્તા થઈ શકયો. જે પૂર્ણ બુદ્ધિમાન્ મનુષ્ય છે તેને તો એકાદ ઈંદ્રિયની વિકૃતિ થવારૂપ નિષ્ફલતાથી પણ નિરુત્સાહ ન થતાં વધારે ઉત્તેજન મળેલુ જોવામાં આવે છે. આપણા—પ્રસિદ્ધ ભારતમાર્તંડ શીઘ્રકવિ ગટુલાલજી આદિનાં દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. વિદ્યા, કલા, જ્ઞાન, કાવ્ય, ઈત્યાદિ ગમે તે વિષયમાં જેણે જેણે અમર નામ મૂકયાં છે તે બધાનો ઇતિહાસ તપાસીએ તો જે ઉત્તમ ચારિત્ર ગુણોએ તેમને આવા વિજયી કર્યા છે તે અતુલ અને દુઃસહ વિઘ્નપરંપરાના અનુભવમાં ખીલેલા અનંત શુભાશયનુંજ પરિણામ છે એમ સમજાશે.

અમુક પુરુષના પ્રયત્નથી જય કે પરાજય નીવડે એ ઉપર તેના ચારિત્રનો આધાર નથી. ધર્મઝનુનમાં જીવ આપનાર જો તેણે કરેલા વિચારને પછળ મૂકી જઇ શકે તો જરા પણ નિષ્ફલ થયો નથી; જે સ્વદેશપ્રેમી દેશ માટે પોતાનો જીવ આપે છે તે તેટલાથીજ પોતાના દેશનો વિજય વહેલો સિદ્ધ કરે છે. હરેક મહાકાર્યને આરંભે જે જે પુરુષો પોતાનું જીવિત વ્યર્થ જેવું—અર્થાત્ કશો વિજય પ્રાપ્ત કર્યા વિનાનું—ગુમાવતા

જણાય છે તેજ તે કાર્યને આગળ ઉપર સિદ્ધ થવાનો સબલ માર્ગ ખુલ્લો કરનારા હોય છે. જે ખરી વાત છે તેનો વિજય ગમે ત્યારે થાય, પણ તે જ્યારે થાય ત્યારે તેની કારણસામગ્રીમાં જે વીરપુરુષો તે વાતના આરંભે નિષ્ફલ થયા તેમનો ભાગ છેવટે વિજયી થનારના જેટલો કે તેથી અધિક છે એમ જાણવું મહાપુરૂષના મરણના દષ્ટાન્તથી અનેક જીવિત ઉત્તેજીત થાય છે, જે કાર્ય તેણે પકડયું હોય તે તેની સાથે મરતું નથી. પણ તેની પાછળ રહેનારનામાં ઉલટું નવી જુવાની પામે છે. ખરેખર! મહાપુરૂષોમાંના ઘણાક માટે તો એમજ કહી શકાય એમ છે કે જ્યાં સુધી તેમનું મરણ થયુ નથી ત્યાં સુધી તેમના જીવિતનો આરંભજ થયો નથી. આવા પુરુષોની મહત્તા શામાં હોય છે? જે ખમી શકે તે કરી શકે એ તેમનો ખરો નિયમ હોય છે—અનુભવથી તેમણે ઘણામાં ઘણું શિક્ષણ લીધું હોય છે—હરેક વિઘ્ન, નિષ્ફલતા, આદિમાંથી તેમણે નવા નવા ગુણ ગ્રહ્યા હોય છે. એજ તેમનુ ચારિત્ર છે. એક જર્મન કવિ લખે છે "આખુ જીવિત દુ:ખમય છે. પરમાત્મા વિના આપણો ખરો હીસાબ કોણ કરી શકે એમ છે? જે આ દુનિયામાથી ગયા તેમની નિંદા ન કરો, તેમનામાં આ દોષ હતો ને આ હતો એ વાત જવા દો, તેમણે અમુક દુ:ખ વેઠયાં એ ગણના પડતી મૂકો, તેમણે જે કર્યુ છે તેનુંજ સ્મરણ રાખો."

નિષ્ફલતા, વિઘ્ન, એજ અનુભવનું સ્થાન છે, અને ચારિત્રનું નિદાન છે. એકાન્ત સુખમય જીવિત, એકાન્ત આનંદમય સુખ, એ તો સુખ કે જીવિત કહેવાયજ નહિ. જેમાં વિપત્તિ, દુ;ખ, વિઘ્ન, પરાજય એની પરંપરા ચાલતી આવતી નથી તે જીવિત, તે સુખ, ચારિત્ર સાથે સબંધ રાખનાર નથી એટલુંજ નહિ પણ તે ખરૂં જીવિત કે ખરૂં સુખ છે કે નહિ એનો પણ સંશય છે. ખલિફ અબ્દલ રહેમાન જે નિત્ય મહાસમૃદ્ધિના તરંગમાં નહાતો તેણે વીશ વર્ષના રાજ્યને અંતે માત્ર ચૌદ દિવસજ સુખમાં ગાળેલા જણાવ્યા હતા! ચારિત્રવાન્ જે પુરુષોએ જે મહા કાર્ય સાધ્યાં છે તે મહાવિપત્તિમાંજ સાધ્યાં છે—તે વિપત્તિથી પોતાનાં જાતિ ભાઇઓની તેવી વિપત્તિ દૂર કરવાની ફરજ અદા કરવા તેમણે તેવાં મહાકાર્ય ઉઠાવેલાં છે. પ્રખ્યાત ડાર્વિને પોતાના મિત્રને કહ્યુ હતું કે "જો હું આવો મ્હોટો રોગી ન હોત તો આટલું મહત્કાર્ય સાધી શકયો ન હોત" એમ કહેવામાં આવે છે કે पुमानत्यंतमेधावी चतुर्णामेकमश्नुते । अल्पायु-

रनपत्यत्वं दारिद्र्यं वा रुजार्दितम् । અત્યંત બુદ્ધિમાન પુરૂષને ચારમાંથી એક વાત હોવી જોઇએ; તે અલ્પ આયુષવાળો હોય, તેમ નહિ તો નિષ્પ્રજ હોય, તેમ નહિ તો મહા દરિદ્રી હોય, ને તેમ નહિ તો નિત્યરોગી હોય. આ કહેવાનું તાત્પર્ય એમ નથી કે અલ્પાયુ દારિદ્રય આદિ બુદ્ધિમત્તાનાં ચિન્હ છે, કે બુદ્ધિમત્તા અર્પનારા છે, પણ તાત્પર્ય એ છે કે મૂલના બુદ્ધિમત્તાવાળા મનુષ્યને આવી વિપત્તિથી મહત્કાર્યમાં પ્રવર્તવાનું સ્વાભાવિક વલણ મનમાંથી છે; એમ અનુભવથી તે ખરૂં અને પૂર્ણ શિક્ષણ લેવા સમર્થ થાય છે.

સુખ શું છે? એનો નિર્ણય કોઇએ થયો નથી. સમૃદ્ધિ, વૈભવ, અધિકાર, તે જાતે સુખરૂપ નથી કે સુખ આપતાં નથી, સુખ તો વિપત્તિ સામે બાથ ભીડી પોતાના કર્તવ્યમાં મંડયા રહેવું એટલામાંજ સમજાય છે. દુઃખમિશ્રિત અનુભવજ સુખ કહેવાય છે. દુઃખ, નિરાશા, ગ્લાનિ, શોક એ આદિ અનિષ્ટભાવને પણ સુખ અને આનંદ સાથે કોઇક અવર્ણ્ય પ્રકારનો સંબંધ છે એટલાજ ઉપરથી હૃદયને અશ્રુપાતથી પીગળાવી નાખનાર કરુણાને પણ આનંદ આપનાર રસમાં ગણવામાં આવે છે. આ પ્રકારે સુખ દુઃખનો વિવેક સમજી ડાહ્યાં માણસ જીવિતમાં ઝાઝા સુખનો લોભ રાખતાં નથી. વિજય માટે યોગ્ય આરંભ કરવા છતાં પરાજયની નિરંતર આશા રાખે છે; જીવિતનો આવો સ્વભાવ સમજતાની સાથે મનુષ્ય માત્રના સ્વભાવને પણ સમજે છે; અને એકાન્ત ઉત્તમતા કહીં નથી એમ જાણી પોતાનાં સંબંધીના દોષ ઉપર ઉદાર દષ્ટિ રાખતાં શીખે છે. આ રીતે વિપત્તિ એજ ચારિત્રની ઉત્તમોત્તમ શીખવનાર તેમ ખરેખરી કસોટી થઇ પડે છે. વ્યવહારના અનુભવ વિના ગમે તેવું ચારિ પરિપકવ થતું નથી, પુસ્તકો અને વાતોમાં ચારિત્રનો સમાસ નથી.

પ્રકરણ ૧૩.

ધર્મ.

अयं निजः परोवेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

(આ મારૂં આ પારકું એવી ગણના લઘુચિત્તવાળાં કરે છે; ઉદાર ચિત્તવાળાને તો આખી વસુધા પોતાનું કુટુંબ છે.)

આ પ્રકરણ સ્માઇલ્સકૃત ચારિત્રગ્રંથમાં નથી; પરંતુ એ પ્રકરણની આવશ્યકતા એટલી બધી છે કે એના વિના ચારિત્ર વિષેનો કોઈ પણ ગ્રંથ પૂર્ણ થયો મનાય નહિ. પાશ્ચાત્ય નીતિરીતિનાં ધોરણોને અનુસરીને સ્માઇલ્સે પોતાનો લેખ યોજેલો છે, પરંતુ તેમાં તેના લખવાનું ચાતુર્ય, તેનો અનુભવ અને તેનું જનસ્વભાવનું જ્ઞાન એવાં ઉત્તમ પ્રતિનાં છે, અને ચારિત્રગુણોના સ્વરૂપની છાયા તેના હૃદયમાં એવી સરસ અને ચમત્કારિક રીતે પડેલી છે, કે તેનાં વચનનું અન્ય ભાષાઓમાં અનુકરણ કરવામાં આવે તો ઉત્તમોત્તમ લાભ થવાનો સંભવ છે, એમ સમજીનેજ અત્રત્ય નીતિધોરણને અનુકૂલ પડે, અને ઉત્તમોત્તમ ચારિત્રસ્વરૂપ (જે સર્વ દેશને માટે એકજ હોવું જોઇએ) વિદૂષિત ન થાય તે પ્રકારે, આ વિષયો લખવામાં આવ્યા છે; પરંતુ એ વિષયની સમાપ્તિ 'અનુભવ' આગળજ કરવી એ વાત મારા મનને અનુકૂલ નથી. ચારિત્રનો વિષય એમ કરવાથી કેવલ અપૂર્ણજ રહે છે. પાશ્ચાત્ય નીતિજ્ઞો ચારિત્રના ઉદ્ભવનું તેમ તેની કસોટીનું સ્થાન વ્યવહારને માને છે અને અનુભવદ્વારા ચારિત્રના સંકલ્પને પ્રત્યક્ષ થતા જોવામાં ચારિત્રની સિદ્ધતા સમજે છે. એટલુંજ નથી પણ તેમની સુખમર્યાદાનું કેન્દ્ર 'ગૃહ' છે, તેની દેવી ગૃહિણી છે; 'પ્રેમસાહચર્ય' અને 'અનુભવ' એ બે પ્રકરણોથીજ આ ગ્રંથને એટલા માટે મૂલ લેખકે સમાપ્ત કર્યો છે. ગૃહ અને વ્યવહારાનુભવ એનેજ ચારિત્રનાં નિયામક માનવાં એને હું ભુલ માનું છુ, એમ માનવાથી ચારિત્ર શુષ્ક રહે છે, ચારિત્રમાં સ્વાર્થનો કાંટો ભરાઇ રહે છે; આત્મવત્ સર્વ એ પરમ ચારિત્રનો કદાપિ અનુભવ થતો નથી, ચારિત્રને " ઉદારચરિત "નું ઉદાર ચારિત્ર કહી શકાતું નથી. એટલા માટે યદ્યપિ આટલે સુધી જે કહ્યું તે બધું ચારિત્ર ગુણના વર્ણનમાં માન્ય છે તથાપિ તેમાં ધર્મવિવેચનને અભાવે જે ન્યૂનતા છે તે પૂર્ણ કરવાની આવશ્યકતા મને જણાઇ છે. ગૃહ અને વ્યવહારના પાયા ઉપર ચારિત્રનો પ્રાસાદ ભલે બંધાય, પરંતુ આત્મવત્ સર્વ એ દર્શન કરાવવા જેટલી ઉંચાઇ સુધી એ પ્રાસાદને ચણવો હોય તો તો, તે પાયા નીચે જે રેતી છે તે દૂર કરી ધર્મરૂપ પાતાલના જલતલ પર્યંત એ પાયાને પહોચાડવાની પૂરેપૂરી આવશ્યકતા છે. પ્રેમ અને અનુભવની પાર, તે પ્રેમ અને તે અનુભવમાં જે સંકોચવૃત્તિ જે કૃપણતા, જે અહંતા છે તેને તોડી નાખી એકાકાર સમાનતા, સ્વરૂપતા આત્મભાવ બતાવનાર, જે પદાર્થ છે તે જોવા જાણવાની જરૂર છે. એના વિના ગમે તેવું ચારિત્રવાન્ માણસ માણસજ રહે છે, વિપત્તિને

વિઘ્નમાં ત્રાસ પામે છે, સુખમાં તણાઈ જાય છે; પોતે જે ઇશ્વર છે તે ઇશ્વરરૂપ થઇ સર્વત્ર અભેદમયતામાં "સ્વ" -ને ભુલી, "સર્વ"-રૂપ થઈ શકતું નથી.

ધર્મ એટલે શું? ને તેનો ચારિત્ર સાથે શો સંબંધ છે? એ બે પ્રશ્નનો વિચાર આરંભેજ કરવા જેવો છે. વાચકને ખાતરી કરવાની જરૂર છે કે ધર્મના નામથી તેણે ગભરાવું નહિ. શૈવ, વૈષ્ણવ, ક્રીશ્ચીઅન, પારસી, મુસલમાન, કે યાહુદી, આદિ ધર્મમાંના કોઇ ધર્મ વિષે, અથવા ધર્મના વિષયમાં જે તત્વચર્ચા થઇ શકે તે વિષે, કાંઈ પણ લખીને ગુચવણુ કરવાનો મારો ઉદ્દેશ નથી. આખા લેખમાં જેવી સાદાઇથી બધા વિચારો આપવામાં આવ્યા છે તેવીજ સાદાઇનું અનુકરણ કરીને આ વિષય ચર્ચી શકાય તે માટે મેં આ પ્રકરણનું મથાળું પણ સાદુંજ બાંધ્યું છે. ઘણાક લોકો એમ કહે છે કે નીતિના નિયમો પાળીને ચારિત્ર સાચવીએ તો ધર્મની માથાકૂટનું કાંઇ કામ નથી. આ વાત ઠીક છે પણ વાસ્તવિક નથી, કારણ એજ છે કે નીતિ નિયમો સાધવાથી 'હુંપણું' મટતું નથી; પોતે આખા સમુદ્રમાં એક બિંદુ છે,-પોતે સર્વ, ને સર્વ પોતે એ આત્મભાવ અનુભવાતો-સમજાતો નથી, સ્વાર્થબુદ્ધિ નિર્મળ થતી નથી અને નીતિ પણ શું છે? અમુક સારુ છે માટે કર્તવ્ય છે એ નીતિનિયમમાં જે સારુ અથવા કર્તવ્ય તેનું નિયામક કોણ? કોઈ ઇશ્વરેચ્છા કહે છે, કોઇ શાસ્ત્રાજ્ઞા કહે છે, કોઇ હૃદય પ્રતીતિ કહે છે, કોઇ સુખ કહે છે, કોઇ કાંઈ કહે છે; એનો નિર્ણય બતાવનાર જે વિચાર તેજ ધર્મ; જેનાથી પરમસુખનો નિશ્ચય બને તે ધર્મ; એનો ચારિત્ર સાથે સંબંધ સ્પષ્ટજ છે કેમકે પોતાને તેમ સર્વને સુખ, આનંદ અનુકૂલતા થાય તે માટે ચારિત્રનો ઉદ્ભવ છે; ચારિત્રને સાહજિક માનો તોપણ તેના અસ્તિત્વનો હેતુ સુખપ્રાપ્તિથી ભિન્ન ઠરવાનો નથી એટલે સુખસ્વરૂપ નક્કી થયા વિના શુદ્ધ ચારિત્ર નક્કી શી રીતે થાય? માટે ધર્મનિર્ણયની તો મૂલથીજ આવશ્યકતા છે.

સુખ શામાં માનવું એ વાત એટલા બધા સૂક્ષ્મ તર્કજાલમાં ગુંચવાઇ ગયેલી છે કે તેનો નિશ્ચય બે ચાર ગ્રંથ લખતાં પણ ન થાય. પરંતુ ધર્મ એટલે સામાન્યધર્મ એમ આપણે સમજવું, અને આ જગત્‌ના વ્યાપારમાત્રનું સમાધાન અને સ્પષ્ટીકરણ કરવામાં જે સત્યુ આપણુને જણાય છે તેને અનુભવવાના યત્નને તે સામાન્યધર્મનો વિષય ગણવો; વધારે સ્પષ્ટ કહીએ તો સુખને માટે સર્વને લિપ્સા છે; સુખમાં પણ જે નિત્ય સુખ હોય તે

ઉત્તમ ગણાય, તેજ પ્રાપ્ય છે, એમ સર્વ કોઈ માને છે. એવી ઉત્તમ નિત્ય-સુખની ભાવનાને મોક્ષ કહે છે. જગતના વ્યાપારમાં જડ અને ચેતનનો બધો વ્યાપાર સમજાય છે; તેમાં જડ અનિત્ય છે, ને ચેતન નિત્ય છે. એમ પણ લાગે છે§. એ ચેતનદ્વારાજ આખા જગતનું ઐક્ય સમજાય છે, અને સર્વત્ર અભેદ છે એવું લાગે છે. અભેદ એટલે શું? નાતજાતનાં બંધન તોડી નાખવાં તે અભેદ? માણસોને પદાર્થો પરસ્પરથી તેમ પોતપોતામાં ભિન્ન છે તેને કોઇ જાદુથી એકત્ર પીલીને એક સમગ્રતા ઉપજાવવી તે અભેદ? અભેદ શું? અભેદ એજ કે આખા બ્રહ્માંડનું, અનંત બ્રહ્માંડોનું, એકાધાર ને એકસ્વરૂપ ચૈતન્ય છે, તેના ગમે તે પ્રકાર ભાસે પણ તે તેનું તેજ છે; તે સર્વદા સ્વતંત્ર છે, સંસારના ગતાગતથી તેને સુખ દુઃખ કે રાગદ્વેષાદિ દ્વંદ્વનો સ્પર્શ થતો નથી; એવી જ્ઞાનબુદ્ધિથી માનસિક વિકાર માત્રનો ત્યાગ કરી, “હું” એ શબ્દના અર્થમાં જે કાંઇ લાગણી, વિચાર, લાભ, અલાભ, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, સમાય છે તે જેવાં “હું”–નાં છે તેવાં “તું”–નાં પણ છે, અને એ હું–તું ની એમ સર્વત્ર સમાનતા છે એમ સમજી, “આત્મવત્ સર્વં” એ સુત્રાનુસાર વ્યવહાર કરવો; એ અભેદનું એકંદર તત્ત્વ છે.* ધર્મ, અધર્મ, પંથ, સંપ્રદાય, પારકું, પોતાનું એ આદિનો તેમાં વિચારજ નથી, અને હિંદુ કે મુસલમાન, ક્રીસ્ચીઅન કે યાહુદી, બૌદ્ધ કે જૈન, સર્વે તે અભેદમાં સમાન છે, તો મિત્ર શત્રુ આદિનું તો કહેવું જ શું? ભેદમાંજ દુઃખની ઉત્પત્તિ છે, ને જેમ જેમ ભેદ ઓછો થાય છે તેમ દુઃખાભાવ અને સુખ આવતાં જણાય છે. વ્યવહાર-માત્રની ઉત્પત્તિજ ભેદથી છે. સ્વાર્થ જે દુનિયાનાં દુઃખમાત્રનું, કુટુંબોના ક્લેષમાત્રનું નિદાન છે તે પણ ભેદમાંથીજ ઉપજે છે. ભેદ સર્વથા કલ્પિત છે, ને વિચારથી સાધ્ય છે, તો તેનો વિચારથીજ વિલય કરી અભેદમાં વિલાસ પામતાં પણ ભેદનો નિર્વાહ તટસ્થ રહીને, ગીતામાં કહે છે તેમ ફલાભિસંધિ વિના, કરી શકાય છે. એથી પોતાને ને પારકાને દુઃખ

§ આ બધા વિચારો કોઇને વગર સાબીતીએ માની લીધા જેવા લાગશે પણ તે માટે મેં અન્યત્ર જે કાંઇ લખ્યું છે તે ઉપર આધાર રાખી અત્ર આ લેખની અનુકૂલતા માટે આવા પ્રકારથી લખવામાં હું બાધ માનતો–નથી જુઓ સિદ્ધાન્તસાર.

* જુઓ ઉપોદ્ઘાત, ભગવદ્ગીતા.

ક્લેશાદિ થતાં નથી. એજ પરમ ધાર્મિકતા છે; ત્યારે અખંડ સર્વમય અભેદ તેનો જેનાથી અનુભવ થાય, અને પરમ નિત્ય સુખ પમાય, તે ધર્મ. એજ ઉદ્દેશથી ધર્મ માત્ર રચાયા છે. સામાન્ય ધર્મ તે એનુંજ નામ કે જેમાં એવા મનુષ્યસુખના ઉદ્દેશથી મનુષ્યના કર્તવ્યનો વિચાર બતાવેલો છે. એ વિચારને આધારે કોઇએ ભક્તિથી, કોઇએ જ્ઞાનથી, કોઇએ યોગથી—કોઇએ શિવ વિષ્ણુની ઉપાસનાથી, કોઇએ ક્રાઇસ્ટના પ્રસાદથી, કોઇએ મહંમદની આજ્ઞાથી, કોઇએ બુદ્ધના જ્ઞાનથી, કોઇએ આત્મસાક્ષાત્કારથી, કોઇએ અહિંસાથી, એમ તે ધર્મ સિદ્ધ કરવા માટે જુદા જુદા માર્ગ યોજેલા છે. એ બધો વિશેષ ધર્મનો વિચાર છે. સમાજો વગેરે પણ વિશેષ ધર્મના પેટામાં છે. વિશેષ ધર્મ ગમે તે હોય તેથી સામાન્ય ધર્મરૂપ અભેદને કશો બાધ નથી, કેમકે વિશેષ ધર્મ માત્ર એ અભેદને પહોચવાની એક સીડીનાં પગથીયાં, જુદી જુદી દેશકાલાદિ રચના પ્રમાણે, અધિકારનુસાર ગોઠવાયાં છે.

ધર્મ વિચારવાથી ચારિત્ર ઉપર ઘણી સબલ અસર થાય છે; એનાં પ્રત્યક્ષ દૃષ્ટાન્તમાં સ્વામીનારાયણવાળા પોતાના સિવાય અન્યમતવાળાને ‘કાફર’ કહે છે, કેટલાક ક્રિસ્ચીઅનો પોતાના સિવાય બીજાને અપ્રસાદિત’ ગણે છે, એવાં અનેક છે. નહિ કે આ વાત આવી રીતે શબ્દમાત્રથીજ અટકે છે, એવા પોતપોતાના ધર્મ માટે રુધિરની નદીઓ માણસોએ વહેવરાવી છે, અને પોતે જે મુક્તિ માનેલી તે બીજાને, લાકડાંમાં બાળીને, વિષ પાઇને, અનેક કષ્ટમાં દળીને, પણ પમાડવાનો ‘ધાર્મિક’ યત્ન કરેલો છે. મંદિરમાં ટીલાં ટપકાં કરીને દર્શન કરવા જતાં કીડીનો પ્રાણ પણ બચાવવા માટે કૂદતે કૂદતે ચાલનારાને દુકાનપર બેશીને જુઠું બોલવામાં, ખોટું માપવા કે તોલવામાં, જુઠી સાક્ષી આપવામાં, કશો બાધ નડતો નથી. પાંચ માલા વધારે ફેરવે, મંદિરમાં દશાંશ આપે, કોરાનના બે સીપારા વધારે પઢે, *એવીઅરી ચારને બદલે દશ વાર વાંચે, તો પાપ તરત છુટી જવાનુ છેજ! ચારિત્રની મર્યાદા ક્યાં રહી! ધર્મ અને ચારિત્રને એવો વિરોધ થઈ પડે છે કે ચારિત્રને માર્ગે ચાલતાં જે આંટી આવે તેને ધર્મ તુરત સાફ કરી આપે છે! આવા પ્રકારે ધર્મનો અર્થ સમજાય એ ચારિત્રને બહુ હાનીકારક છે. એ મહાહાનિ ચારિત્રને ન લાગે તે માટે સર્વદા ધર્મના ખરા અર્થ ઉપર—સામાન્ય ધર્મના અભેદ સ્વરૂપ ઉપર નિરંતર લક્ષ રાખી સ્વ અને પરની વાસના અત્યંત નિર્મૂલ કરવાની અપેક્ષા છે. જેનામાં એ વાસના ઓછી તે

* ક્રિશ્ચીઅન ધર્મની પ્રાર્થનામાલા.

ખરો ધાર્મિક અને ખરો ચારિત્રવાન્—પછી તે હિંદુ, મુસલમાન, ક્રીશ્ચીઅન પારસી, ગમે તે હો. આ પ્રકરણને મથાળે જે શ્લોક છે તેમાં ધર્મની આ મર્યાદાજ સ્પષ્ટ કરી બતાવી છે અને ખરા ચારિત્રવાન્નું સ્વરૂપ એમ સ્પષ્ટ કરી આપ્યું છે. પોતાનું અને પારકું એ ગણના તો હલકા મનવાળા, ભેદમાત્રનેજ માનનારના વિચારની, સર્વ દુઃખના મૂલરૂપ છે; પણ જે ઉદાર મનવાળાં, અભેદોપાસક છે તે તો આખા વિશ્વને પોતા રૂપજ માને છે.

હિતોપદેશમાં આ ધમની આવશ્યકતા પરત્વે કહ્યું છે કેઃ—

अजरामरवत् प्राज्ञो विद्यामर्थंच चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

"વિદ્યા અને લક્ષ્મી તેનું ચિંતન 'કદાપિ મરવું નથી' એવા નિશ્ચયથી કર્યા જવું, અને મૃત્યુએ ચોટલી પકડી છે એમ સમજી ધર્મથી ડગવું નહિ." મનુષ્ય સુખના ઉદ્દેશથી મનુષ્યના કર્તવ્યનો વિચાર જેમાં બતાવેલો છે તે ધર્મ એમ આપણે આ પ્રકરણને આરંભેજ કહી આવ્યા છીએ. હવે જુઓ આ શ્લોકમાં 'વિદ્યા અને અર્થ" એ બે વાતનેજ મનુષ્ય સુખના ઉદ્દેશરૂપે બતાવી તે ઉપર નિરંતર વ્યાપૃત રહેવાનો ઉપદેશ કરેલો છે. એમ શંકા કરવામાં આવશે કે વિદ્યા અને અર્થ એ બેજ મનુષ્ય સુખના ઉદ્દેશ છે ? જેટલાં જેટલાં સુખ કહેવાય છે તે બધાંનો ઉદ્દેશ એ બેજ છે ? વિદ્યા ને અર્થ એમાંજ સુખમાત્રનો સમાસ છે ? આનું ઉત્તર અવિશંકિત હૃદયે એટલુંજ આપીએ તો પણ ચાલે તેમ છે કે વિદ્યા ને અર્થ બે નહિ પણ એકલી વિદ્યામાંજ સુખ માત્રનો સમાસ છે; પરંતુ વ્યવહાર દૃષ્ટિને પણ સુખના ઉદ્દેશ ઉપર રાખી વિદ્યા સાથે અર્થને પણ હિતોપદેશના કર્તાએ સુખમાં ગણ્યો છે. અર્થ એટલે દ્રવ્ય, ધન સમૃદ્ધિ તે, વ્યવહારમાં સર્વ સુખનું સાધન છે. પુત્રાદિક હોવાં, અધિકાર હોવો, એ ઇત્યાદિ વાત દ્રવ્ય માત્રથી સિદ્ધ ન થાય તેવી છતાં તેમને સુખના ઉદ્દેશમાં ન ગણવાનું કારણ એટલુંજ છે કે તે આપણા હાથમાં નથી, અને મનુષ્યના હાથમાં છે તેવી વસ્તુ માત્ર અર્થથી સિદ્ધ થાય છે. એટલે એકંદરે વ્યવહાર ઉપર જોતાં, અર્થમાંજ સુખની સમાપ્તિ માની તેને પ્રાપ્ત કરવામાં સર્વથા તત્પર રહેવું એમ કહ્યું છે તે વાસ્તવિક જણાય છે. પરંતુ એકલા અર્થથી તો કુમાર્ગ, કુત્સિતાચાર, ગર્વ, મોહ, આદિ અનેક દુષ્ટ વાર્તા પણ ઉદ્ભવે, અને અનેક કુટિલ જાલ વિસ્તાર પામે, અને કદાચિત્ અર્થસાધ્ય

વસ્તુ સિદ્ધ ન થતાં અનેક માનસિક પીડા પેદા થાય; તે બધું અટકાવવા અર્થ સાથેજ વિદ્યાનો પણ સુખમાં સમાસ કર્યો છે. એટલુંજ નથી પણ વિદ્યા પ્રથમ ને અર્થ પછી એવો ક્રમ બતાવી વિદ્યાની ઉત્તમતા કહી છે. સંસારમાં બધી વાત મનુષ્યના ધાર્યા પ્રમાણે થતી નથી, થાય તેમાં પણ ન્યુનતા રહે છે, અધિકારનો સર્વદા સદુપયોગજ થશે એમ ખાત્રી નથી, એવાં બધાં કારણોને લેઇ વિદ્યાનો સંપૂર્ણ ઉપયોગ સર્વના સમજવામાં છે; પરંતુ વિદ્યા એજ સુખના યથાર્થ સ્વરૂપને સમજાવનાર, ચિત્તને પરમ શાન્તિમાં રાખનાર, ઉત્તમોત્તમ આનંદ અનુભવાવનાર, અને જેને પરમ-સુખ (=મોક્ષ અથવા અભેદ) કહીએ તે સિદ્ધ કરી આપનાર, રસાયન છે એમ પણ કોના જાણવામાં નથી ? સુખ શું છે ? એમ ફરી પૂછી, એટલુંજ ઉત્તર આપીએ છીએ કે જે સમયે જેવું હોય તેથી સમાધાન માનવામાં સુખ છે. તો તે સમાધાન વિદ્યા વિના બીજા શાથી થાય છે ? રાગ દ્વેષ ક્લેષ મોહ ઓછા કરી પરમ અભેદનો માર્ગ વિસ્તારનાર સાધન વિદ્યા વિના અન્ય કીયું છે ? માટે ધાર્મિક મનુષ્યોએ નિરંતર વિદ્યા અને અર્થ એ બે વાત વિના બીજી કોઈ વાતને પોતાની પ્રવૃત્તિના ઉદ્દેશરૂપે સ્થાપવી નહિ; કદાપિ મરવું નથી એમ સમજીને નિરંતર તે બે વાત ઉપરજ લક્ષ રાખી યત્નપરાયણ રહેવું. પરંતુ એમાં પણ થોડોક અવાંતર વિચાર આવશ્યક છે, ને તેજ, ઉક્ત શ્લોકના ઉત્તરાર્ધમાં સૂચવેલો છે.

વિદ્યા અને અર્થ પ્રાપ્ત કરવાં એ વાત ખરી, પણ પ્રાપ્ત ન થાય તે સમયે વિહ્વલ થઇ જઇ, અનાચારમાં પડીને પણ, ચારિત્રને દૂષિત કરીને પણ, તે પ્રાપ્ત કરવાં નહિ; તે સમય તો આપણી મરણશીલ પ્રકૃતિનું સ્મરણ કરવું, આચાર મર્ત્ય છે, વિચાર અમર્ત્ય છે એમ સંભારવું, અભેદમાં કાંઈ વિષમ કે અવિષમ નથી એમ અનુભવ લાવવો, અને ધર્મ માર્ગેથી કદાપિ ચૂકવું નહિ. બીજી રીતે કહીએ તો ચારિત્ર અને ધર્મના વિરોધમાં જે સમાધાન બ્રાહ્મણ જમાડવાથી, જપ તપ કરવાથી, દેવ દર્શન જવાથી, કરી લેવામાં આવે છે તે કદાપિ કરવાં નહિ. નિરંતર અભેદનો બોધ મનમાં ધારણ કરી સ્વપરાયણતા ન્યૂન થાય ને સર્વપરાયણતા વૃદ્ધિ પામે તે માર્ગે ચાલવું, અને વિદ્યા અને અર્થ માટે ઉદ્યોગ કરતાં પણ અભેદની પ્રસિદ્ધ પદ્ધતિથી એક પગલું પણ આઘું પાછું ભરવું નહિ. સામાન્ય ધર્મનો વિષય જે એકાકાર આત્મભાવ, જેમાં પરમ સુખ છે, તે સમજાયામાં આવ્યો નથી ત્યાં સુધી ચારિત્ર કદાપિ શુદ્ધ થતું નથી. મનમાંનાં રાગ દ્વેષ, પોતાના વિશેષ

ધર્મને આધારે મારી વાત ખરી પારકાની ખોટી, એવો સંકોચમય ભેદભાવ, નાત જાત રંગ રૂપના કારણથી પેદા થતા અનેક આભડછેટ તિરસ્કાર આદિ વિચાર, જ્યાં સુધી "અભેદ એજ પરમ મોક્ષ છે, પરમ સુખ છે". એ ડિંડિમનો ધ્વનિ સર્વદા કર્ણવિવરમાં જાગ્રત્ રહેતો નથી, ત્યાંસુધી ગમે તેવા ઉત્તમોત્તમ ચારિત્રને, વિદ્યા અને અર્થ બેનેજ સુખના ઉદ્દેશરૂપે માની પ્રવર્તતા ચારિત્રને પણ, સંકોચના મલથી દૂષિત કરે છે, ગુપ્ત અનાચારનો કાંટો મનસા વાચા કર્મણા ઐકય પામવા દેતો નથી. જગત્‌ને છેતરવા છતાં માણુસ પોતાના મનને છેતરી શકતું નથી, જેથી ગમે તેવાં અભેદનાં વચન બોલવા છતાં કે ગમે તેવી ધાર્મિકતા રાખ્યા છતાં, ભેદનો કાંટો તેવાં માણુસને સુખ મળવાજ દેતો નથી. માટેજ મૃત્યુએ ગળું પકડયું હોય તેમ સર્વદા ધર્મથી ચૂકવું નહિ, બધાને ઠગી શકાય છે, પણ અંતર્યામીને ઠગી શકાતો નથી, વિશ્વનિયમોને કદાપિ છેતરી શકાતા નથી. બાહ્ય આચાર સાચવી અંતર્‌માં અનાચાર રાખવાથી કદાપિ ધર્મ પાળ્યો ગણાતો નથી; ગધેડાં પણ રાખ ચોળે છે, પતંગીયાં પણ બળી મરે છે, ને માછલાં નિત્ય સ્નાન કરે છે, પણ તેમનો મોક્ષ થતો નથી, તો કુટિલ ભાવથી તેમ કરનારનો તો કયાંથીજ થાય? ઈશ્વર તો ભાવના ભૂખ્યા છે.

પ્રેમભાવ, એકભાવ, અભેદ એજ જ્યારે સમજાશે, અનુભવાશે ત્યારે ચારિત્ર દીપશે, નિષ્કલંક થશે ધર્માનુસાર ચારિત્ર ત્યારેજ રચાયું કહેવાશે. હિંદુ કે મુસુલમાન, પારસી કે ક્રીશ્ચીઅન, નાસ્તિક કે આસ્તિક કોઈ ધર્મના કારણથી આપણા પ્રેમને અપાત્ર થતું નથી, ધર્મબાહ્ય ગણાતું નથી; અમુક મુસલમાન છે, અમુક કણબી છે, અમુક શૂદ્ર છે, અમુક આમ છે ને અમુક તેમ છે, એ જે સંકોચ તેજ અધર્મનું મૂલ છે, તે જ્યાંસુધી ટળ્યો નથી ત્યાંસુધી ગમે તેવી નીતિમત્તાવાળું ચારિત્ર સર્વથા અપૂર્ણ છે, કલંકિત છે, જગત્‌ના સુખને તેમ પોતાના સુખને અનુપકારક છે. કહેવાનું તાત્પર્ય એમ નથી કે નાત જાત કશું પાળવુ નહિ, બધાનું ખાવું, ગમે તેમ વર્તવું; પણ અર્થ એટલો છે કે જેને નાત જાત પાળવી, ખાવાપીવામાં પ્રતિબંધ માનવો, એ વાત ઉચિત લાગતી હોય તેણે તે સુખે પાળવી, પણ માનસિક વૃત્તિથી સર્વ સાથે–તૃણથી તે બ્રહ્માંડ પર્યંત સર્વ સાથે–એકાકાર અભેદ–આત્મભાવ, શા માટે ન રાખવો? એકને જોઇને એકની આંખમાં કાલુષ્ય પેદા થાય એ શું ધાર્મિકપણાનું લક્ષણ છે? ટીલાં ટપકાં રુદ્રાક્ષને તુલસીની નીચે એવા અંગારાજ ભરી મૂકવામાં ધર્મ પાળ્યો કહેવાય છે?

ધર્મ અને ચારિત્રનો વિરોધ મટાડવા માટે જે મિથ્યા યુક્તિથકી મનુષ્યો પોતાને છેતરે છે તે જેમ એક પાસા અતિ તિરસ્કારને પાત્ર છે અને શુદ્ધ ચારિત્રને દૂષિત કરનારી છે, તેમ બીજી પાસા ધર્મ, ધર્મ એ નામે કેટલાક લોકો જે અતિ વહેમમાં પડી જાય છે, અને પોતાની જાતને ઠગે છે, તે પણ અનાદરણીય છે. લોકોને એક પ્રકારની ઘેલછા લાગુ થઈ જાય છે, અને ધીમે ધીમે તેવા લોકો બુદ્ધિને છેક બાજુ ઉપર મૂકી દે છે. ધર્મ પાલવાનો અર્થ એવો નથી કે બુદ્ધિને છેક ઉંચી મૂકી, અમુક ગ્રંથમાં લખેલા શબ્દે શબ્દ, અમુક આચાર્ય કે ગુરુનાં વચને વચન, અમુક માર્ગ પંથ, સંપ્રદાયની આજ્ઞાએ આજ્ઞા, આંખો મીચીને પાલવી કે પ્રવર્તાવવી. એ પ્રકારે ધર્મ પાલવામાં શ્રદ્ધા કેળવાય છે ખરી, પરંતુ એવી અંધશ્રદ્ધામાંથી પરિણામ એ આવે છે કે મન બહુ સાંકડું થઇ જાય છે, અને પરમ અભેદનો જે માર્ગ તે જરા પણ સમજાતો નથી. એક અભેદ એ શબ્દને આશ્રયે પણ ગમે તેવા મદ્યમાંસપ્રાશનયુક્ત વ્યભિચારાદિ અનાચારનો પ્રચાર ધર્મમાં ગણાતો નથી. શાસ્ત્રનાં વચનનો તોલ કરવાની આવશ્યકતા છે. શ્રુતિ યુક્તિ, ને અનુભવ ત્રણે થકી ધર્મની વાતોને વિચારી જોવાની પૂરેપૂરી અપેક્ષા છે; એ રીતે બુદ્ધિને પ્રાધાન્ય આપી ધર્મમાર્ગે વિચરતાં સંકોચવૃત્તિ ઘડાતી નથી, અને અભેદને માર્ગે આવી શકાય છે.

એક સાધારણ વિચારજ કરી જુઓ. જગત્માં ઇશ્વર હોય તો તે એકજ હોવો જોઇએ. મોક્ષ હોય તો તે પણ એકજ હોવો જોઇએ છતાં એવા એક ઈશ્વરને ભજવાનો દાવો કરનારા, મોક્ષના માર્ગે ચઢવાનું અભિમાન રાખનારા, પરસ્પરના ધર્મને નિમિત્તે પરસ્પરનો અનાદર, તિરસ્કાર, દ્વેષ, કરે એ ક્રિયા ન્યાયથી ખરૂં કહી શકાય? જ્યાં સુધી નાત, જાત, વર્ણ સ્થિતિ પદવી, ધર્મ, સંપ્રદાય, ઈત્યાદિ કારણોને લેઇ મનમાં ભેદ માનવો છે ત્યાં સુધી ધાર્મિક હોવાનો દાવો કરવો શબ્દમાત્રજ છે, ઢોંગ છે, મિથ્યા છે, અનાચારનું રૂપાન્તર છે. ઢોંગ અને ખરી ધાર્મિકતા વચ્ચે જાણી જોઇને યોજેલી યુક્તિ અને સ્વાભાવિક સહજ પ્રવૃત્તિ એજ અંતર છે.

ચારિત્ર શુદ્ધ અને સુશ્લિષ્ટ હોય તો ધર્મનો જે અભેદમાર્ગ તે બરાબર સમજાયલો હોવોજ જોઇએ. જે જે મહાત્માઓ થઈ ગયા છે તે બધાએ અભેદ એજ પરમ મોક્ષનો માર્ગ માન્યો છે શંકર, બુદ્ધ ક્રાઇસ્ટ, જિન, કોઇએ પોતે અમુક ધર્મ માન્યો માટે અન્ય ધર્મનાનો તિરસ્કાર કે દ્વેષ કર્યો નથી એટ-

લુંજ નહિ, પણ સર્વને નિરતર સહાય થવામાંજ પોતાની કૃત કૃત્યતા માની છે. મુસલમાની ધર્મ જેવા ઝનુની ધર્મને પાલનાર લોકોમાં અકબર જેવા મહાત્માઓ સર્વ ધર્મ ઉપર સમાન દૃષ્ટિથી જોનારા થઇ ગયેલા છે. આપણા રાજ્યકર્તાઓમાં અનેકાનેક મહાપુરૂષો એવા થઇ ગયા છે, કે જેમણે માત્ર અભેદના સિદ્ધાન્તને વળગી રહી ધર્મને કદાપિ પોતાની કર્તવ્યતાની વચમાં આવવા દીધો નથી, તેમ ધર્મથી ચૂકયા પણ નથી. પ્રતાપી લોર્ડ રિપન રોમન કેથોલિક સપ્રદાયના હતા, તથાપિ સર્વ ક્રીશ્ચીઅનો ઉપર, કિંબહુના ક્રીશ્ચીઅન નહિ તેવા હિંદુ, પારસી, મુસલમાન, યાહુદી, સર્વ ઉપર અભેદમય દૃષ્ટિ રાખી વ્યવહાર કરતા હતા એ વર્તમાન સમયમાંની સુપ્રસિદ્ધ વાત છે અભેદના રસમાં ઓગળી ગયેલા અંતઃકરણમાં એવી કાંઇ અનુકંપા અને શુદ્ધતા વ્યાપે છે કે ભેદની દૃષ્ટિ, સ્વાર્થ, દુઃખ કલેષાદિની વિટંબના, તે હૃદયને રોવરાવે છે, તુરત પ્રેમભાવથી ઉપાય કરાવે છે, ને પોતાનું પોતાપણું ભુલાવી પારકાને સ્થાને પોતેજ હોય ને જે કરે તેવી સ્થિતિમાં લાવી મૂકે છે. શુદ્ધ ચારિત્ર અને શુદ્ધ ધાર્મિકપણાનો અર્થજ એ છે કે आत्मवत् सर्वं, उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् એવો ઉદાર, અત્યંત ઉદાર હૃદયવિસ્તાર અનુભવાય, આચરાય; અલ્પતા, સંકોચ, અહં, સ્વાર્થ એજ પાપ, કલેષ, અનીતિ, ને દોષમાત્રનાં સ્થાન છે—દુઃખ છે. અભેદજ પરમ સુખ છે.

મનુષ્ય ઉત્તમોત્તમ વૃદ્ધિએ પહોચે એજ ચારિત્રનો ને ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે. સંસારને મહા વિકટ દુઃખ કલેષાદિમાં પાડનાર અહંમમત્વ વિના બીજું કાંઇ નથી. એ અહંમમત્વના આધારે જે ચારિત્ર રચાય છે તે ભલે નીતિ કહેવાતું હોય, પ્રામાણિકતાનું નામ ધરાવતું હોય, પણ સર્વથા સંકુચિત, નીચ, વ્યાવહારિક, મર્ત્યરૂપ છે. અહંમમત્વને દૂર કરી અભેદરૂપ ધર્મના પાયા ઉપર ચણાયલુ ચારિત્ર ગમે તે નામ પામતું હોય, વ્યવહારમાં પ્રવીણ એવાં સંકોચ વૃત્તિવાળાં ક્ષુદ્ર જંતુઓને અનાચાર, અનીતિ, ગમે તે રૂપે ભાસતુ હોય, તથાપિ સર્વાનંદમય, ઉન્નતોન્નત, પરમાર્થરૂપ અને અમર છે. જે અભેદનો મંત્ર સમજ્યાં છે તે કદાપિ અનાચારી હોયજ નહિ; એવી ઉત્તમોત્તમ ધર્મબુદ્ધિ અને નીચ અનાચાર એ બે તેજસ્તિમિરની પેઠે સાથે સંભવેજ નહિ. વ્યવહારકુશલ લોક તેને ગમે તેવાં નામ આપે અધર્મ, અનીતિ, અનાચાર, એવા, તેમના સંકોચભંડારમાંથી બહાર આવતા નાણા ભેગું તેને ગણી લેવા પ્રયાસ કરે—પણ તે વ્યર્થજ ! એને ચારિત્ર કહેવાયજ નહિ કે જે અભેદથી વિખુટું હોય.

કોઇ એમ શંકા કરે કે અહંમમત્વ તો આ સંસારમાં જે જે મહત્કાર્ય આ પુરૂષો સાધે છે તે તેનાં નિદાન છે, તો તે વાત હું માન્ય કરી શકતો નથી. જે જે મહાપુરૂષો, જે જે જગત્કલ્યાણુસાધકો, થઈ ગયા છેઃ—ક્રાઇસ્ટ, બુદ્ધ,—હાવર્ડ, વીલ્બરફોર્સ, ધર્મ, હરિશ્ચંદ્ર—થઈ ગયા છે તે અહંમમત્વથી નહિ, પણ અભેદથીજ જગતનું કલ્યાણ સાધી ગયા છે; દુઃખનું દર્શનજ તેમનાથી ખમાયું નથી, પ્રવૃત્તિમાં, ભેદમાં, પણ નિવૃત્તિ, અભેદ, અનુભવવાં એજ ખરૂં ધાર્મિકપણું ને ખરૂં ચારિત્ર છે. એજ ધર્મ છે—બીજો બધો અધર્મ છે. અહંમમત્વથી સ્ટીમએન્જીન દારૂગોળા અને ટેલીગ્રાફ થયાં છે ખરાં, પણ એજ જનસમૂહના એકત્ર ઉત્તમોત્તમ કલ્યાણનાં સાધનરૂપ નથી—ઉલટાં અનેક દુઃખ સંકોચમયવૃત્તિથી ઉજપતા અનંતાનંત પ્રતારણાપ્રકાર, તેનાં તે નિદાન નહિ તો સહકારી થયેલાં છે. તે નિરુપયોગી નથી, પણ અભેદભાનુના પ્રચંડ પ્રેમમય પ્રકાશમાં તે ઝાંખા છે, વ્યર્થપ્રાય છે. અભેદમય ચારિત્ર એજ શુદ્ધ ચારિત્ર છે, એનું બિંદુ વ્યક્તિ નથી, ગૃહ નથી, આખું વિશ્વ છે, હૃદયનો એકાકાર એકભાવ એજ તેનો મહામંત્ર છે.

॥ शुभमस्तु सर्व जगताम् ।

સમાપ્ત.

આ ગ્રંથ કર્તા કૃત અન્ય ગ્રંથો.

અંગરેજી.

૧—રાજયોગ—(ત્રીજી આવૃત્તિ—એનિબેસંટની પ્રસ્તાવના સહિત—(છપાય છે.)—રૂ. ૨—૦—૦.
૨—મોનિઝમઑરઅદ્વૈતિઝમ—આધુનિક સાયન્સના પ્રકાશદ્વારા અદ્વૈત ફીલસુફીમાં પ્રવેશ—રૂ. ૨—૦—૦.
૩—તર્કકૌમુદી—(નથી.)
૪—ઇમિટેશનઑફશંકર—કેવલદ્વૈત સંબંધી, ૭૦૦ ઉતારા—રૂ. ૩—૦—૦.
૫—યોગસૂત્ર—(તત્વવિવેચક પ્રેસ—મુંબાઇ)—રૂ. ૧—૮—૦.
૬—માંડુક્યોપનિષદ— (") —રૂ. ૬—૮—૦.
૭—જીવન્મુક્તિવિવેક— (") —રૂ. ૧—૮—૦.
૮—સમાધિશતક—(નથી.)
૯—સ્ટ્રેયૉટસ—(થાય છે.)
૧૦—સ્યાદ્વાદમંજરી— (ગવર્નમેન્ટ સીરીઝ માટે—મુંબાઇ.) આ કાર્ય—ગુજરાત કોલેજના પ્રોફેસર—આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એમ. એ. એલ. એલ. બીને સરકાર તરફથી પૂર્ણ થવા માટે સોંપવામાં આવ્યુ છે.

ગુજરાતી.

૧—કાન્તા (નાટક) મેટ્રીકમાં ગુજરાતીનો વિષય ફરજીયાત દાખલ થવાથી તથા કેટલાક હેડ માસ્તર સાહેબોની સ્કુલોમાં ચલાવવાની મરજી થવાથી—બીજી આવૃત્તિ—જલદી કાઢવામાં આવી છે—રૂ. ૦—૮—૦.
૨—માલતી માધવ નાટક (ભાષાંતર)—(બીજી આવૃત્તિ) રૂ. ૧—૮—૦
૩—ઉત્તરરામ ચરિત્ર નાટક (ભાષાંતર)—ત્રીજી આવૃત્તિ—રૂ. ૧—૮—૦.
૪—સિદ્ધાન્ત સાર—ઘણી માગણી હોવાથી—બીજી આવૃત્તિ—પાકા પુઠા સાથે. રૂ. ૩—૦—૦.
૫—નારી પ્રતિષ્ટા—ઘણી માગણી હોવાથી બીજી આવૃતી તૈયાર છે. રૂ. ૦—૮=૦.
૬—પ્રાણુવીનીમય—(બીજી આવૃત્તી)—રૂ. ૩—૦—૦.
૭—પંચશતી—(ઇમીટેશન ઑફશંકર ગજરાતીમાં) મુમુક્ષુઓને નિત્ય પાઠ કરવા યોગ્ય—રૂ. ૨—૦—૦.
૮—આત્મનિમજ્જન—(આવૃત્તિ બીજી)—આમાં અભેદોર્મી. પ્રેમજીવન તથા કેટલીક વિશેષ કાવ્યોનો સમાવેશ થાય છે. નીષ્પક્ષપાત વેદાન્તનું અભૂતપૂર્વ પુસ્તક સર્વ પાસા મનનીય થયું છે—રૂ. ૧—૦—૦,

૯—ચારીત્ર—(આવૃત્તી ચોથી)—આ પુસ્તક સરકારી કેળવણી ખાતા તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયુ છે તથા હાઇસ્કુલો માં મેત્રીકમાં ગુજરાતી ફરજીયાત થયાથી ચાલવા લાગ્યું છે—રૂ. ૧—૦—૦

૧૦—બાલ વીલાસ—(આવૃત્તી પાંચમી)—સરકારી કેળવણી ખાતા તરફથી ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયુ છે—હાઇસ્કુલોમાં ચાલવા લાગ્યું છે—તથા ધર્મ હીન કેળવણીના વર્તમાન દીનોમાં બાળકોના તથા યુવકોના હાથમાં હોંશે હોંશે વંચાવા લાગ્યું છે—રૂ. ૧—૦—૦.

૧૧ ગુલાબસિંહ—(આવૃત્તિ બીજી) આ વાર્તા સર્વ પાસા રસ, જ્ઞાન તથા મનન પૂર્વક વંચાય છે. રૂ ૨—૦—૦.

૧૨—શ્રીવૃત્તિ પ્રભાકર—મહાત્મા નીશ્ચલ દાસજીના મૂલ હીંદસ્થાનીનું ભાષાંતર રૂ. ૩—૮—૦.

૧૩—હનુંમાનાટક—છેલ્લો પ્રસાદી (છપાય છે)—રૂ. ૩—૦—૦

૧૪—પૂર્વ દર્શન. ૧૫—પ્રેમજીવન—૧૬—સદ્ધીમ સુવાક્ય. ૧૭—પરમાર્ગ દર્શન.

૧૮—અશ્રેદોર્મી. ૧૯—ગુજરાતના બ્રાહ્મણો. ૨૦—શીક્ષાશતક, ૨૧—અવલોકન (નીબંધ). આ પુસ્તકો હાલમા મળી શકતાં નથી.

૨૨—શ્રીમદ્ ભગવદ્‌ગીતા—ઘણી માગણી હોવાથી બહાર પડી છે (બીજી આવૃત્તી)—રૂ ૪—૦—૦.

૨૩—ચતુઃસત્રી—(થોડા સમયમાં બહાર પડશે) રૂ. ૧—૦—૦.

૨૪—યાય (પરમર્શખંડ)— (ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીમાથી મળશે) રૂ. ૦—૧૨—૦.

૨૫—શિક્ષણ અને ૨૬—શિક્ષણ—એક ખૂણે પડી રહેલો ગ્રંથ પ્રથમજ વાર પ્રસિદ્ધિમાં આવે છે. રૂ. ૦—૧૨—૦

આ ઉપરાંત તેમનાં અન્ય પુસ્તકો—ચેતનશાસ્ત્ર, વીવાડ તાંડવ, દ્વાશ્રય, ભોજ પ્રબંધ, ચતુર્વીશતી પ્રબંધ, સમાધિશતક, અનુભવ પ્રદીપિકા, બુદ્ધીસાગર, તર્કપરીભાષા શ્રુતીસાર સમુદ્ધરણ, પાટણ ભંડારની ફેરીસ્ત, યોગબીન્દુ વસ્તુંપાલ ચરીત—વીગેરે વીગેરે—શ્રીમન્‌મહારાજા સયાજીરાવના કેળવણી ખાતામાં તપાસ કરતાં ત્યાંથી મળી રહેશે.

માધવલાલ. ન. દ્વિવેદી કૃત કેટલાક ગ્રંથ.

૧—રાજયોગ—(મ. ન. દ્વિવેદીનો ગ્રંથ ગુજરાતીમાં) રૂ. ૧—૮—૦.
૨—યાજ્ઞવલ્ક્ય સહિતા („ „)—રૂ. ૦—૧૨—૦.
૩—આપણાં પુરાણો રૂ. ૦—૨—૦
૪—શીગાલવાદ સુત્ત રૂ. ૦—૨—૦

આ સર્વે ગ્રંથો—સુદર્શન ઓફિસ—નડિયાદથી મળશે.